Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



४१ग
५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શ્રી. ઉમેશ કવિનું

સાવધાન

[રાષ્ટ્રીય સમાલોચન]

કિંમત રૂ. ૧

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...म्
...क-संख्या ...४१ग/५
...का-संख्या ... १५६१३
... पुस्तक पर सर्व प्रकार की निशानियां
...। वर्जित है। कोई महाशय १५ दिन से
...क देर तक पुस्तक अपने पास नहीं रख
...। अधिक देर तक रखने के लिये पुनः
... प्राप्त करनी चाहिये।

★

લેખકનાં અન્ય પુસ્તકો

ઘરફૂકડી (પ્ર.આવૃત્તિ રૂ.૧|=)
(એક સ્થલાંકી. નાટક)
આચાર્ય રામનારાયણ વિ. પાઠકના પ્રવેશક સહિત

પસલી (રાસગીતો) રૂ. ૦|||

... ...

પ્રગટ થવામાં

વારસ ને બીજી વાતો
સ્વામીજી (ચરિત્ર)
વૃષલ (ચોઅંકી નાટક)
ઉદ્દયન (કાવ્યસંગ્રહ)

મુખ્ય વિક્રેતા
નવરંગ પ્રકાશન
ભાવનગર

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

१२६९२
१२-६-२०००

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવધાન!

[રાષ્ટ્રીય સમાલોચન]

લેખક : ઉમેશ કવિ

[પૂજ્ય સ્વામી શ્રી શંકરાનંદજી મહારાજનાં "આદિ-વચન" સહિત]

२८६१३
२८-६-2000

संगच्छध्वं संवदध्वं संवो मनांसि जानताम्।
देवा भागं यथापूर्वे संजानाना उपासते॥

ऋग्वेद अ, ८ व ४९ मं. २

નિષ્પક્ષ નિર્વૈરપણે સહુ ભળો,
હુલાસ ને હેતભર્યાં હળોમળો;
ઉપાસતાં સત્ય રળો રૂડાં ફળો,
પળો સદા પૂર્વજ-માર્ગ ઉજળો.

४१ ग
५

સંવત ૧૯૯

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક અને પ્રકાશક,
ઉમેશ કવિ
રામવાડી, ભાવનગર.

★

સર્વસ્વત્વ લેખક હસ્તક.
પ્રથમાવૃત્તિ ૧૦૦૦ પ્રત, શ્રાવણ ૧૯૯૭.
દ્વિતીય સંસ્કરણ ૧૦૦૦ પ્રત, જેઠ ૧૯૯૯.

★

કિશનસિંહ ચાવડાએ સાધના પ્રેસ વડોદરામાં શ્રી. ઉમેશ કવિ,
રામવાડી, ભાવનગર માટે છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ ર્પ ણ

આપત્તિ અને આવશ્યકતાની વેળાએ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનારી
જીવનનિષ્ઠાભર્યા થોડા સાચા ધનવાનો વગર કોઈ પ્રજા, ધર્મ,
જાતિ અને એમ રાષ્ટ્રની ઉન્નતિ કે ઉત્થાન જોગવાયાં
નથી. રાષ્ટ્રને હરયુગે એવા કુબેરો સાંપડતા રહ્યા
છે. એવા સાંપ્રત ધનરક્ષકો (Trusties)
બિરલા, બજાજ, પોદ્દાર, પીત્તિ શા

શ્રી. નાનજી કાળિદાસ શેઠને

બહુમાનપૂર્વક અર્પણ.

ગુણાનુરાગી

ઉમેશ કવિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવર્ષ

સંપત વિદ્યામાં વિલસાતું,
સંપ-સ્વસ્થ ને સુઘડ સુહાતું;
કૃષિ, હુન્નર સ્વાશ્રય સરસાતું,
ગુણ-ધર્મે ગરવું લહેરાતું.
નિસર્ગની પોષક-લીલાનું નંદનવન નવનીત હતું.-
મલયજ શીતલ ભરતવર્ષ 'મુક્તિ-પ્રીતિ'માં મુદિત હતું.

ઈશ્વરની અવતારી ભૂમિ,
તત્ત્વદર્શીઓનો અભ્યાસ;
ઋષિમુનિઓના જનહિતકારી-
પવિત્ર જીવનનો ચરિતાર્થ.
યોગીઓનું વહાલું આંગણ, વીરોનું મંગળ-નિર્વાણ;
શાશ્વતવાંછુની શાંતિ, શોધકનું વિશાળ સ્થાન.

નિગ્રહીઓનો નેકનિધિ 'ને
નિરંકુશ કવિઓનું ધ્યાન;
બ્રહ્મચારીઓનું પ્રેરકબળ,
ગૃહસ્થીઓનું સેવાધામ.
ચિત્ર, શિલ્પ, સંગીતકલાના ફાલ્યાફૂલ્યા જીવનભાવ,
જ્યોતિષ, વૈદક, વિજ્ઞાને મહોર્યા, મહેક્યા મનુવંશવિભાવ.

('પદ-સ્વીકાર' કાવ્યમાંથી.)

卐

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિશ્વાસ રાખો કે હિન્દુકોમ હજારો વર્ષ થયાં ચાલી આવે છે. સેંકડો રાજ્યપરિવર્તન થયાં પણ હિન્દુજાતિ એની એ છે. ઈશ્વરે તેને મરવા સરજી જ નથી. હિન્દુજાતિએ જ દુનિયાને બધાં જ્ઞાનવિજ્ઞાન (સાયન્સ) શીખવાડ્યાં છે.

એવો સમય નજીક છે કે જ્યારે હિન્દુઓ યુરોપના પશુત્વને દૂર કરી જગતને મનુષ્ય બનાવશે."

(શ્રી સ્વામી શંકરાનંદજી મહારાજના સન ૧૯૨૫ ના ગોંડળની એક સભાના ભાષણમાંથી.)

પ્રારંભે

એક ચિર કર્તવ્યની યાદ આપતું, સાદ દેતું પુસ્તિકાનું વસ્તુ જ અવિભાજ્ય અને સ્વતંત્ર રાષ્ટ્ર–ભાવનાના ઉપોદ્‌ઘાત સમું છે; એટલે પ્રસ્તાવ લેખે કશું જ ઉમેરવાપણું રહેતું નથી: સિવાય કે "ખતરેકા બિગુલ" કરીને એક હિન્દી પુસ્તિકાની પહેલી આવૃત્તિનો આધાર લીધાનો સાભાર સ્વીકાર.

એ કામની પ્રેરણા અને આદેશ સાથે "આદિ–વચન"નો સંદેશ એવાં કર્તવ્યક્ષેત્રે આજીવન કર્મરત રહેલા પૂજ્ય સ્વામીજી શ્રી શંકરાનંદજી મહારાજથી પામી તેને યથાશક્તિ–મતિ સાર્થ થઈ શકવા માટેના મારા પ્રયત્નમાં ગુજરાતને આજે અર્ધી સદીથી પોતાનું કરી રહેલા સ્વામીજી માટે ગૌરવ લેતા હજારો ગુજરાતીઓનો સાથ અનુભવું છું.

પૂરી થવા આવેલી વીસમી સદીના બૃહદ્ હિન્દુજગતના સાચા યુગ-વિધાયકો, દૂતાત્માઓ અને એવા આજીવન હિન્દુહિતરક્ષકોમાંના સ્વામીજી મહારાજ અત્યારે એકલા પડી ગયા છે: પંચોતેરી વટાવી બેઠા છે. વેદઘોષ્યાં ગરવાં કર્તવ્યના નિર્લેપ સત્ત્વોની વજ્રમાટીના એક સંન્યાસી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે વાડો જમાવી વાહવાહ કહેવડાવનારી યશકામના પ્રત્યે સહેજે ઉદાસીન હોય; છતાં જગતહિતૈષી માનવકલ્યાણની મંગળભાવનાથી વ્યક્તિત્વને મઢી લેનારું એમનું સન્યસ્તે પુણ્ય પાંગરતું છે; તેજસ્વી, પ્રોજ્જ્વલ, આશાન્વિત અને નિત્યયુવાન છે.

અલભ્ય એવી કૃતનિશ્ચલ, યુગભાવી, નિર્ભેળ, નિર્ભ્રમ બ્રહ્મવિદ્યા વરેલા એઓશ્રીના ઉન્નત આર્યજીવનને "શંકરાનંદ સંન્યાસી" નામી પુસ્તકમાં–રાષ્ટ્રભાષા હિન્દીમાં રાજકોટવાળા આર્યસંઘવી (Missionary) શ્રી. કૃષ્ણશર્માજી તથા "શંકરાનંદ સંદર્શન" નામી પુસ્તકમાં સ્વામી ભવાનીદયાળજીએ યથાયત્ન નિરુપ્યું છે. એવી પ્રાણવાન વિભૂતિઓના રસાયનસમાં ચરિત્રો ભાવિ પ્રજા માટે સિદ્ધ આદર્શ થઈ પડે છે, અને એવી સંજીવનીનો સંસર્ગ જીવનતત્ત્વો પૂરાં પાડે છે.

આજે અંગ્રેજીભાષી જગતને–ખાસ કરીને ઇંગ્લિશ પ્રજાને સર રાધાકૃષ્ણનન ઉપનિષદોમાંથી જે પૂરું પાડે છે તેવું સત્ત્વશુદ્ધ વૈદિક જીવનજ્ઞાન સ્વામીજી મહારાજ આફ્રિકા, ઇંગ્લંડમાં તેમના આજથી પાંત્રીસ વર્ષો પહેલાના પ્રવાસ દરમિયાન ઉદ્‌બોધી ચૂક્યા છે; એ અંગ્રેજી પ્રવચનો પણ હવે પ્રગટ થવામાં છે.

જે "હિન્દુ–મુસલમાન" એકતા વગર આજે સ્વરાજ બારણા બહાર રેહું પડયું લાગે છે, નાનામોટા બધા સમજદાર દેશપ્રેમીઓની માખી જે પ્રશ્નના તેલમાં ડૂબી જાય છે અને કિંકર્તવ્યમૂઢતામાં જે પ્રશ્ન હિન્દુઓને આતમઘાતી તથા મુસલમાનોને આકળાઈ તથા વહેમનો ભોગ બનાવી મૂકે છે તે વિષયક સ્વામીજી મહારાજના ઉદ્‌ગારો ભારે મર્મસ્ફુટ અને માર્ગદર્શક છે.

જે એઉ પક્ષે એકતા સ્થાપવાની છે એની જુદાઈ પહેલાં કબૂલવી જ રહી. એ જુદાપણું જડમૂળથી કાઢી નાખવાનું શક્ય નથી. માટે તો એકતાની જરૂરત ઊભી થઈ છે.

સ્વામીજી મહારાજના આફ્રિકાનિવાસપ્રવાસનાં પાંચ વર્ષના આર્યપ્રચાર દરમિયાન ત્યાંના હિન્દુઓનું સંગઠન સાધનારી, અહિન્દુઓ વચ્ચે આર્યધર્મનું બહુમાન સ્થાપનારી તેઓશ્રીની અભૂતપૂર્વ પ્રવૃત્તિથી, સભ્યતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલા ન સાચવી શકનારા મુસલમાનોમાંથી કોઈએ તેઓશ્રીને ડારતાં ફિશિયારી કરેલી કે, "સ્વામી, અમે તો લોઢાં છીએ અને તમારા હિન્દુઓ લાકડાં છે !" એમની એ ઉપમા સ્વીકારી એમાંની કટુતા તથા વિદ્વેષનું વિષ નિતારી નાખી, સમભાવી સ્વામીજીએ જવાબમાં કહેલું કે, "તમે તો લોઢાના ખીલાઓ છો, પણ તમારે એ ન ભૂલવું જોઈએ કે હિન્દુરૂપી લાકડામાં ખીલા બેસતા કરીને જ વહાણ બન્યું છે. જે દિવસે એ વહાણ ભાંગશે તે દિવસે લાકડાં તો ગમે તે ભોગે તરીને કાંઠે પહોંચી જશે પણ લોઢાના ખીલા તળીએ બેસી જશે, એ નિર્વિવાદ છે."

હિન્દુ–મુસ્લિમ વસવાટવાળાં હિન્દુસ્તાનને (કે આફ્રિકાને) વહાણ માનનારી એઓશ્રીની કલ્પના ઈશ્વરી સંકેત સાથે એકતા અને સહકારનો કેટલો ઊંચો ખ્યાલ ધરાવનારી હશે તે સમજવું સહેલું છે.

ડરબનની એક સભામાં મહાત્મા ગાંધી પણ હાજર હતા. (તે જ દિવસોમાં ગાંધીજી ત્યાં ખાતે હતા.) એમને ઉદ્દેશીને સ્વામીજીએ સભાને ઉદ્‌ઘોષ્યું હતું કે, " મારા ભાઈ મોહનદાસ મારી પાસે જ્યારે અને ત્યારે વલોપાત કર્યા કરે છે કે, " સ્વામીજી, આપ ક્યાંઈક હિન્દુસંગઠન અને હિન્દુહિતરક્ષાની આપની અહીંની પ્રવૃત્તિ આડે ' હિન્દુ મુસ્લિમ ઐક્ય ' જોખમાય તેવું ન કરી બેસતા!" મારો તેમને જવાબ છે કે, " મૈત્રી અને ઐક્ય સમાન ભૂમિકાનો સંબંધ છે. વાઘ–બકરી વચ્ચે એનો સંભવ ન હોય. જો હું હિન્દુ સિંહોને તેમની સુષુપ્તિમાંથી ઢંઢોળી બેઠા ન કરું, તેમને પોતાપણાનું ભાન ન કરાવું, આફ્રિકાના અલ્પસંખ્ય મુસલમાનો જેવું સ્વમાનભર્યું, સ્વધર્મનિષ્ઠ અને પોતાની જાતિના લાભ માટે સંગઠિત થવાનું ન બોધું તો હું દ્રોહી ઠરું, તો એ બન્ને હિન્દુ–મુસલમાન પડોશીઓની મેં કુસેવા કરી કહેવાય."

" ચાર જણાની મુસાફરીમાં ત્રણ હથિયારબંધ હોય તો ચોથાને પડાવની જગ્યોએ પેલા ત્રણ શસ્ત્રધારીઓની પાણીછાણીની ઊઠવેઠ વેંઢારવી પડે છે. એવી અસમાનતામાંથી–ગુલામીમાંથી એ ત્યારે જ છૂટે જ્યારે એ પણ તેમના જેવો બને. એટલે હિન્દુઓમાંથી મુસલમાનો પ્રત્યેનાં ભડક અને શત્રુભાવનો તો જ લોપ થાય જો એમને પોતાના બળની પ્રતીતિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાપ્તિ થાય. મુસલમાનો તો જ હિન્દુઓની કનડગત કરતા અટકે જો તેમને કનડગતનો પૂરતો જવાબ મળવાની સજ્જડ ખાતરી થાય."

આફ્રિકાના હિન્દુઓ દીપોત્સવી કે રામનવમીના પોતાના તહેવારો ઊજવે એમાં પણ સરકારી અટકાયતો ઊભી કરનારા વિઘ્નસંતોષી મુસલમાનોને તે જ ધોરણે પહોંચી વળેલા સ્વામીજી મહારાજની વાતમાં કેટલું તથ્ય હતું અને હજી યે છે, તેનો અનુભવ આફ્રિકાનિવાસી હિન્દુ–મુસ્લિમો આજે પણ કરે છે. ત્યાંના હિન્દુઓની નૈતિક શક્તિ અને સ્થિતિની આત્મનિર્ભરતાને પ્રગટાવનારું તેલ ક્યાંથી પુરાયું હતું અને એમના ચણતરના પાયામાં કોણ પુરાયું હતું તે ત્યાંના હિન્દુઓ સારી પેઠે સમજે છે. અને દક્ષિણ આફ્રિકાની એક ઇસ્લામી પેઢીની હિતરક્ષા સાધવા સાથે દરિયાપારના વસાહતી હિન્દીઓની સેવા દ્વારા બ્રિટિશ કૉમનવેલ્થ તથા હિન્દુસ્તાનીઓમાં વકીલ ઉપરાંત રાજદ્વારીનું સ્થાન પ્રાપ્ત કરી શકેલા અને ત્યાંના અનુભવે પોતાની માતૃભૂમિને આજે ખિલાફત પછી એકલે હાથે દોરવા પામેલા સાધુચરિત ગાંધીજી તેમની હિન્દુ–મુસ્લિમ ઐક્યની રીત કેટલે અંશે સફળ બનાવી શક્યા છે તે પણ અહીંના હિન્દુ–મુસલમાનો પૂરું સમજે છે.

પંગુ, ભીરુ, પરવશ અને આત્મઘાતી હિન્દુઓ સાચા હિન્દુઓ બની રહે તેટલું કહેવા કારવવામાં પેલી એકતા કેમ કરતાં જોખમાઈ જાય તે જ સમજાતું નથી. એવાં પોતીકાં, સ્વમાન અને આત્મરક્ષણના વિચાર–આચારને કોમીવાદી કહી અમારાથી ગાફલ રહી ન શકાય. કોમીવાદના બૂમબરાડા પાછળ ભીરુતા છુપાવી, જાત બચાવવાની નિર્વીર્યતા ધાર્યે ન જવાય. ઘર્ષણ થતું અટકાવવાને નામે નિષ્ક્રિય બેસી રહી, સામા પક્ષની પહેલનો ભોગ થઈ ન પડાય. ઘર બાળીને તીરથ કરવા જેવી એવી 'એકતા' કરતાં પેલા કોમીવાદી હોવામાં અમને કંઈ જ શરમ, આંચકો કે સંકોચ થતાં નથી. બીજાનાં માનમર્યાદા પ્રત્યે આદર કેળવવામાં અમને એ બધું ઊલટું ખાસ ખપનું લાગે છે.

કાયર રહી અમે જીવી ન શકીએ એ હવે અમારો અનુભવ ઠર્યો છે. ભાગતાં જો પીઠ ઉપર ઘા પડવાના જ હોય તો બહેતર છે કે છાતી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝીલવાની સહિષ્ણુતા અમારે કેળવવી રહી. ઊભી પૂંછડીએ ભાગી જવામાં વપરાતાં બળની તોલે સામે થવામાં ઓછું બળ વરે છે એટલું અમે સમજ્યા છીએ. ભાગતા, છુપાતા હિચકારાઓને ધર્મ કે જાતિ, ભાષા તો ઠીક પણ કોઈ દેશ હોતો નથી. એવા નામર્દોનાં મોઢાંમાંથી નીકળતી 'સ્વતંત્રતા'ની વાત પોપટના મોઢામાંથી ' બિલાડીથી ચેતતા ચાલવું ' જેવી ગરજ સારે છે. એવા બાયલાઓને તો શૂરવીર દુશ્મન પણ વડિયો ગણાતો નથી; ત્યાં ભાઈ કે મિત્ર થઈ રહેવાની આશા શી ! કે એવા નાદાન મિત્ર કે ભાઈને જો ચલાવી અને નભાવી લેવાનો જ હોય તો એની નાદાનિયત ઠેકાણે લાવવી જ રહી. ફરેબબાજો, બેવચનીઓ, ઝઘડાળુઓ અને નમાલાઓ વચ્ચે વસી રહેવાનું જો નક્ષ્ટકાનું હોય તો તેવાઓને માણસાઈ શીખવવી જ રહી; અને એમ ઘર સાજું રાખી "સ્વાતંત્ર્ય"ના લક્ષ્યની આરાધનામાં ઇશ્વિરી સહાનુભૂતિની આશા સાથે પુરુષાર્થ સાધવો રહ્યો.
अस्तु ૭–૧૧–૪૧

ઉમેશ કવિ

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं।
भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात्॥

અર્થ

હે! ઓમ્ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ જગતમાં વ્યાપક, જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ:અવસ્થાના સાક્ષી, હે! પરમાત્મા આપ અખિલ વિશ્વના પ્રાણાધાર છો, સકલ દુઃખનાશક અને સુખ આપનાર છો. આપ જગતના કર્તા અને સદૈવ ગ્રહણ કરવા યોગ્ય છો. આપનો પ્રકાશ અમારા હૃદયમાં પ્રકાશો અને આપ અમારી બુદ્ધિઓને સન્માર્ગમાં પ્રેરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



Photo :— Maharaja Studio, Gondal.

(સ્વામીજી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરાનંદજી

ઉમેશ કવિ

" કથે ખરે આકૃતિ સર્વદા ગુણો "
યથાર્થ એ સત્ય સુભાષિતે કથ્યું,
અનુભવ્યુ તેમ " વિમુક્ત આત્મમાં
વસે વિભુ–પ્રાણ " પ્રમાણ પારખ્યું;

નથી રહ્યું જ્યાં તમ–મોહ અંતરે
જિજીવિષાનું મમતા–મિષે મઢ્યું,
અભેદ–ના અંતર બ્હારની દ્વિધા
વિચાર કર્મે કૃત–નિષ્ઠ ઓળખ્યું:

સન્યાસી શંકરાનંદે પ્રમાણ્યું સત્ત્વ એ પૂરું,
શુદ્ધ–નિર્વ્યાજ નિર્ભેદી સત્ય તત્ત્વ સનાતન.

ગૌર દેહ કાષાયે–પ્રગટી ઉષા ધવલ કૈલાસે,
તેજસ્વી–મુખ શાંત સૌમ્ય'ને ધીર લલિત ઉલ્લાસે;
પ્રેમછલ્યાં મૃદુ મધુર વચન–મન નિર્ભય પ્રાણ પ્રકાશે,
સહસ્ત્ર સંસારી ભાંગી નિરમ્યો વિરક્ત અવિનાશે.

વણઢાંકયે સુરમે વિષાદ નયનો અમૃત નીતરતાં,
અસારતા જાણ્યા–સંસારીને ઓળખવા મથતાં;
ભદ્ર ભાવક્ષમ મૂર્તિમંત જીવનનિષ્ઠા તરવરતાં,
વિરલ આત્મસાક્ષીનો સાત્ત્વિક બ્રહ્મલક્ષ અનુસરતાં.

શંકરાનંદજી–જાણે પંજાબે ઋણ ચૂકવ્યું,
મહર્ષિ મૂળગા પેટે સૌરાષ્ટ્રી સૌજન્યનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ–વચન

લે. પૂજ્યપાદ સ્વામીજી શ્રી શંકરાનંદજી મહારાજ

જ્યારે હું નાનો હતો તે વખતે આભડછેટ એટલી બધી હતી કે મુસલમાનોનું કપડું અડકી જાય તો અમારા હાથ માંહેની વસ્તુ અભડાઈ જતી હતી; છતાં બે કોમમાં પરસ્પર પ્રેમ એટલો બધો હતો કે એક બીજાને ભાઈ-ભાઈ તરીકે ગણતાં. સુખદુઃખમાં ભાગ લેતા. ઘણી વખત તો લગ્નપ્રસંગે જાનમાં પણ જોડાતા. ત્યાં તેમના માટે જુદી ગોઠવણો કરવામાં આવતી. તે વખતે હિન્દુ–મુસલમાનો ઝાઝું અંગ્રેજી ભણ્યા ન હતા અને પાશ્ચાત્ય સંપર્કથી આજના જેટલા સુધરી ગયા પણ ન હતા. મને યાદ છે કે એક વખત કોઈ સુતારની સ્ત્રી તેના પતિને માટે ખાવાનું લઈને જતી હતી ત્યાં એક અટકચાળો મુસ્લિમ છોકરો તેને અડકી પડ્યો અને તે રોવા માંડેલી. શહેરના કાજી સાહેબે તે બાઈનું રડવાનું કારણ જાણી છોકરાને ઠપકો દઈ એ બાઈને પોતાના ધણીના ભોજન માટે બજારમાંથી ખરીદતાં જવા ચાર આનાના પૈસા આપ્યા હતા. તે સ્વર્ગીય દિવસો મને હજી સાંભરે છે અને વર્તમાનસ્થિતિથી દુઃખ ઊપજે છે.

સ્વરાજ્ય, કૉંગ્રેસ અને 'હિન્દીઓ'

સન ૧૮૮૫માં જ્યારે હ્યૂમ સાહેબે લૉર્ડ ડફરિનના કારભાર વખતે કૉંગ્રેસનું રમકડું હિન્દુસ્તાનના ભણેલા વર્ગને રમવા માટે આપ્યું તે વેળા મુસલમાનો પણ તે તરફ આકર્ષાયા. તે વખતે હિન્દુ–મુસલમાનના ખાનપાન, પહેરવેશ, રીતભાત લગભગ સરખાં જેવાં જ હતાં. તેટલામાં અલીગઢ કૉલેજનો પાયો નખાયો; જે તરફ સરકારે ખૂબ સહાનુભૂતિ દર્શાવી. સર સૈયદ અહમદે કૉલેજમાં તુર્કી ટોપી દાખલ કરી. અચકનનો ઘાટ ફેરવી નાખ્યો કે જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ–મુસલમાનો નોખા દેખાય. તેવી જ રીતે મુસલમાનોનાં હિતો હિન્દુઓથી જુદાં ઓળખાવવા અને તેની રક્ષા અર્થે સરકાર પાસેથી સહાય માગવાનાં પગલાં મંડાયાં. કોંગ્રેસમાં મુસલમાનોનું હિત નથી એ ભાવના તેમના વિચારમાં દાખલ કરવામાં આવી. જો કે ઉચ્ચ કોટિના મુસલમાનો તો તો ય કોંગ્રેસમાં ભાગ લેતા રહ્યા. પરંતુ જાતિનું દષ્ટિબિન્દુ બદલાઈ ગયું. તે કોલેજમાં ભણુતા વિદ્યાર્થીઓમાં એક જાતની કટ્ટરતાનું દિગ્દર્શન થવા માંડ્યું. કોંગ્રેસના નેતાઓએ આ આપત્તિને પહોંચી વળવા હિન્દુ–મુસલમાનોનો ભેદભાવ કાઢી નાખી દેશવાસીઓને હિન્દીઓ (Indians) તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. તોપણ મુસલમાનો તો મુસલમાન જ રહ્યા. માત્ર હિન્દુઓ જ હિન્દુ મટી હિન્દી થઈ ગયા.

પ્રતિષ્ઠિત અને સાક્ષર હિન્દીઓની એક એવી માન્યતા છે કે ‘ મોર્લી–મિન્ટો ’ સુધારાઓ દાખલ થતાં પહેલાં લોર્ડ મિન્ટોએ સર અલી ઇમામ તથા સર આગાખાન વગેરે મુસ્લિમ આગેવાનોને સમજાવી મુસલમાનોના હક્ક સુરક્ષિત કરવા માટેની એક અરજી તૈયાર કરાવી મોર્લી સાહેબ પાસે રજૂ કરેલી. હિન્દી સરકારે આવી રીતે હિન્દુ–મુસ્લિમોમાં તફાવત પડાવ્યાનું કહેવાય.

તેવી જ રીતે અત્યારે મિ. ઝીણા માટે પણ કહેવાય છે. એટલું જ નહિ ‘ સંદેશ,’ ‘ જન્મભૂમિ ’ વગેરે દૈનિક પત્રોમાં પ્રગટ પણ થઈ ચૂક્યું છે કે હિન્દી વજીર મિ. ઍમરી અને મિ. ઝીણા વચ્ચે સમજૂતી થઈ ચૂકી છે કે મિ. ઝીણાએ કોંગ્રેસ સાથે કોઈ પણ જાતની સુલેહ અંગ્રેજ:સરકારની અનુમતિ લીધા વગર ન કરવી.

જ્યારે ગોળમેજીની વખતે કોંગ્રેસ, મુસલમાનોને ત્રીસ ટકા બેઠકો દેવા વાટાઘાટો ચલાવતી હતી, ત્યારે તે વખતના હિન્દી વજીર મિ. સેમ્યુઅલ હોરે ૩૩ ટકા બેઠકો આપવાનું વચન આપી દીધાનું કહેવાય છે. ઉપરાંત એમ પણ કહેવાય છે કે બ્રિટિશ સરકારે મિ. ઝીણાને ખાતરી આપી છે કે મુસલમાનોને સંતોષ્યા વગર કોઈ પણ જાતનો સુધારો હિન્દુસ્તાનમાં દાખલ કરવામાં નહિ આવે; વળી સર ક્રિપ્સ જ્યારે સમાધાન માટે આવ્યા ત્યારે કદાચ કોઈ પ્રાંત હિન્દની મધ્યવર્તી સરકારથી જુદો રહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાહશે તો તેની સાથે નોખી સંધિ કરવામાં આવશે: એવી ખાતરી આપીને આડકતરી રીતે મુસલમાનોની પાકિસ્તાન માટેની માગણીને એક જાતનો ટેકો આપ્યો છતાં સરકાર જ્યારે એમ કહે કે હિન્દુસ્તાનીઓ પરસ્પરમાં સમજૂતી કરી સ્વરાજ માગવા આવે તો અમે દેવા તૈયાર છીએ અને આ વાત ઉપર આધાર રાખીને જો હિન્દુઓ મુસલમાનોને મનાવવા વાટાઘાટો કરવા મથે તો તેઓના જેવા અજ્ઞાન બીજા કોને ગણવા ? કદાચ સરકાર તરફથી વિદેશોમાં હિન્દુસ્તાનીઓ વિરુદ્ધ—કે તેઓ અંદરોઅંદર સંપીલા નથી તેવો જે પ્રચાર ચાલે છે તેના પ્રતિકારરુપે કદાચ રાજાજી એકસંપી સાધવા પ્રયત્ન કરતા હોય તો પણ તે તેમની ભૂલ છે. કારણ કે જે દેશોમાં પ્રચાર ચાલે છે તે લોકો આપણને સ્વરાજ મેળવી આપવામાં કોઈ પણ રીતે સહાયભૂત થઈ પડે તેમ નથી.

મુસલમાનોને ઉપર જણાવ્યા પ્રમાણેની ઉત્તેજના અપાયા પછી હિન્દુઓ સાથે વાટાઘાટો ચલાવવાની મિ. ઝીણાને જરૂર જ ક્યાં રહે છે. એટલા માટે તો મિ. ઝીણાએ ગાંધીજીને સ્પષ્ટ કહેલ કે તમે હિન્દુ કોમના નેતા તરીકે મને અખિલ મુસ્લિમ કોમના નેતા તરીકે મળવા ચાહો તો હું તમારી સાથે વાટાઘાટો ચલાવી શકું. એનો અભિપ્રાય માત્ર એટલો જ હોઈ શકે કે જેટલે દરજ્જે સ્વરાજભૂખ્યા કોંગ્રેસીઓ તરફથી તેમને છૂટછાટો મળી શકે તેટલી માટેનો પોતાનો દાવો તેઓ સ્વરાજ મળતી વખતે આગળ કરી તે વખતે પણ સ્વરાજના માર્ગમાં કાંટા વેરી શકે. એથી એટલું ઉઘાડું છે કે એવા લીગી મુસલમાનો હિન્દુસ્તાનને ન તો પોતાનો દેશ માને છે—જો તેમ માનતા હોય તો પછી દેશની બદસૂરતી જેવાં પાકિસ્તાન લેવાની માગણી શાની ?—અને નથી એ લોકોને સ્વરાજ્યની સાચી તમન્ના. જો તેમ હોય તો પોતાનો જુદો ચોતરો જમાવવાની જરૂર શી ? લઘુમતી અને બહુમતી તો આખી દુનિયામાં છે. તે કાંઈ નવી વાત નથી. છતાં બધા દેશોમાં સર્વે જાતના દેશવાસીઓ દેશની સ્વતંત્રતા ઝંખ્યા કરે છે, કે જે ભાવના મુસ્લિમ લીગના નેતામાં જોવા મળતી નથી એ જ દિલગીરી.

પણ મને તો આ બધામાં સરકારનો કોઈ પણ દોષ વસતો નથી. કોઈ પણ સરકાર જે પારકા દેશ ઉપર રાજ કરતી હોય અને તે ટકાવી રાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગતી હોય તો તે માટે સામ, દામ, દંડ, ભેદ કે ગમે તે પ્રકારની નીતિ તેણે આચરવી જ રહી. ખાસ કરીને આવા લડાઈના પ્રસંગમાં જ્યાં જીવન-મરણનો પ્રશ્ન હોય તે વખતે તો દેશવાસીઓનો વિશ્વાસ કરી જ કેમ શકાય? જ્યારે કે તે પ્રજા પોતાની અજ્ઞાનતા, કુસંપ નિર્ધનતા, ભૂખમરો અને અવનતિ વગેરે સર્વેની કારણભૂત રાજ્યકર્તા સરકારને જ માનતી હોય. તે લોકોને સ્વરાજ્ય આપ્યાથી દુશ્મનો પહેલાં તે જ લોકો સામે નહિ થાય એ વાતનો એક પરદેશી સરકાર ભરોસો જ કેમ રાખી શકે? જો કે હું તો તેમાં ય સરકારની ભૂલ જ માનું છું-કારણ કે જો દેશવાસીઓના હાથમાં રાજસત્તા હોય તો તે આખી જાતિને ફરજિયાત લડાઈમાં જોડી શકે અને લોકો પોતાના દેશની સ્વતંત્રતા જાળવવા માટેની લડાઈ સમજીને હોંસે હોંસે મરવા તૈયાર થઈ જાય; અને પ્રજાનાં ધન, માલ, મિલકત સર્વે વસ્તુઓ લોકોની સરકાર લડાઈમાં કામે લગાડી શકે તથા તેની સામે લોકો કોઈ પણ જાતનો વિરોધ દર્શાવ્યા વગર સ્વીકાર કરે: પણ જો તે જ પગલાં અત્યારની સરકાર ભરવા જાય તો અમારા પર જુલમ થાય છે, અત્યાચાર થાય છે એવી જાત જાતની ગુમરાણ દેશના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાઈ જાય.

પણ મંદભાગ્યે બ્રિટિશ સરકાર હિન્દુસ્તાનમાં આવી ત્યારથી જ રાજ-કર્તાઓએ પ્રજા સાથે કોઈ પણ જાતનો નિકટ સંપર્કમાં આવવાનો સંબંધ જ બાંધ્યો નહિ ને તેને લીધે પ્રજાનાં ખરાં હાર્દને સાચા રૂપમાં કદી સમજી જ શક્યા નહિ. એટલે જ આ પરસ્પરનાં અવિશ્વાસ રહેવાથી જ્યાં પ્રજાને આત્મરક્ષાનાં સાધનો પૂરાં પાડી શકાયાં નથી તેમ જ સ્વાવલંબી થવા અને દેશને ભૂખમરાથી બચાવવા માટે દેશનાં ઉદ્યોગો અને હુન્નર પણ ખીલવવામાં આવ્યા નથી ત્યાં સરકાર અમારી છે, અમારા હિતની છે, અમારે જ માટે છે એવા ખ્યાલો પ્રજાના હૃદયમાં કેવી રીતે ઉદ્ભવાવી શકાય? પ્રજાએ રાજકર્તાને સ્વાર્થી, શોષક અને સામ્રાજ્યખોર માન્યા અને રાજકર્તાઓએ પ્રજાને બંડખોર, નિર્બળ, અવિશ્વાસપાત્ર અને ગુલામી કરાવવા લાયક જ માની હોય તેનાં જ આ બધાં પરિણામો દષ્ટિગોચર થઈ રહ્યાં છે.

હું તો માત્ર આ દેશના મુસલમાન ભાઈઓની અજ્ઞાનતાથી દુઃખી થઉં છું, કે જેઓ આખા દેશના હિતમાં પોતાનું હિત રહેલું છે એમ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈજાણીને નક્કરું પોતાનું હિત જ સાધવા ધમપછાડા કરે છે: અને સમજી શકતા નથી કે જ્યારે દેશને જ સ્વતંત્રતા ન મળે ત્યારે એ દેશમાં વસતી કોઈ એક જાતિને સ્વતંત્રતા કેવી રીતે મળી શકશે?

સન ૧૯૦૬ની કોંગ્રેસબેઠક વેળા હું કલકત્તામાં હતો ત્યારે સર સુરેન્દ્રનાથ બેનરજીએ એક દિવસ મને કહ્યું હતું કે, "મારો વિચાર રાજકીય ધર્મ (Political Religion) ઊભો કરવાનો છે." મેં કહ્યું: "તમારા મગજને ઘડપણની અસર થઈ લાગે છે; ધર્મ તો રાજકારણને પાવન કરી શકે, રાજકારણ ધર્મ ન થઈ શકે!" તે કોંગ્રેસમાં મિયાં ફઝલૂલ હક, જ૦ ગઝનવી વગેરે કોઈ પ્રસ્તાવક તો કોઈ સમર્થક તરીકે હાજર હતા. ત્યારે મેં સર સુરેન્દ્રજીને કહેલું કે: "આવું ખોટું ધતિંગ કરવાથી શું લાભ?" ત્યારે ઉત્તર મળ્યો કે, "રાજકારણમાં તો એવું બધું ચાલે!" મેં કહ્યું કે, "ચડતીવાળાઓ તેમ કરે તો ચાલે કેમકે તેમની તો હવે પડતી થવાની; પણ જે લોકો ચડવા માગતા હોય તે લોકોએ તો નીતિ, ન્યાય અને પ્રમાણિકતાનો જ આશરો લેવો જોઈએ." પણ તે વખતના રાજકીય નેતાઓ આવી અર્થ વગરની (?) મારી વાત ઉપર ધ્યાન દેવા તૈયાર ન હતા અને દરેક ભણેલ યુવકમાં પોતાને 'હિન્દી' તરીકે ઓળખાવવાની ધૂન પ્રબળ રૂપમાં જોવામાં આવતી હતી.

જેમ જેમ હિન્દુસ્તાનમાં રાજનૈતિક સુધારાઓ દાખલ થતા ગયા તેમ તેમ હિન્દુઓ બહુસંખ્ય છે અને મુસલમાનોએ તેમને તાબે રહેવું પડશે એવા પ્રકારની ભાવનાઓ મુસલમાનોમાં પ્રચાર થતી ચાલી. હિન્દુ-મુસ્લિમોમાં એક તરફ અરસપરસ સાથે જમવા–જૂઠવાના સુધારાઓ થવા લાગ્યા તેમ બીજી તરફ અંતઃકરણમાં વૈમનસ્યની ભાવનાઓ વધવા માંડી. હિન્દુઓમાં જેમ 'હિન્દી' તરીકે ઓળખાવાની ધગશ વધતી ગઈ તેમ તેમ મુસલમાનો કટ્ટર મુસલમાન થવા લાગ્યા અને બીજાઓને વટલાવી મુસલમાન બનાવી પોતાની સંખ્યા વધારવાની તેમને પ્રબળ ઇચ્છા થવા લાગી. ઉદાહરણ તરીકે બંગાળના હિન્દુનેતાઓ 'હિન્દુ' તરીકે ઓળખાવા કે હિન્દુજાતિને ઉન્નત કરવાના કાર્યને રાજકારણમાં વિઘાતક માનતા હતા. ઈ. સન ૧૯૧૨ માં ટ્રાન્સવાલમાં શ્રી. ગોખલેએ વાતચીતમાં મને કહ્યું હતું કે, "સ્વામીજી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને જાણીને આઘાત થશે કે હું હિન્દુ નહિ પણ હિન્દી છું." ("Swami! I shall stagger you by saying that I am an Indian, not Hindoo.") ઉત્તરમાં મેં કહેલું કે, "ગોખલેજી! હું તમારા પિતાને તેમ જ તમારાં માતાને એઉને જાણું છું અને તમે તેમના જ દીકરા છો." ("Mr. Gokhale! don't take non- talk sense to me. I know your father, I know your mother and I know that you are their child.") તે વખતે ગાંધીજીએ પણ ગોખલેજી સાથે સૂર પૂરતાં કહેલું કે, "હું પણ હિન્દી જ છું!" ("I am also an Indian!") ઉત્તરમાં મેં તેમને પણ જણાવ્યું હતું કે, "તમે હિન્દુસ્તાન પાછા ફરશો ત્યારે હું તમને બતાવી આપીશ કે તમે કેવા છો!" (I shall show you what you are when you come back to India.") મને કહેતાં હર્ષ થાય છે કે સન ૧૯૧૫માં હરદ્વારના કુંભમેળા વખતે જ્યારે ગાંધીજી સૌ. કસ્તૂરબા સાથે ઉઘાડે પગે હરદ્વારની ભૂમિમાં ફરતા હતા અને "હું હિન્દુઓ માંહેનો હિન્દુ જ છું" (I am the Hindoo of Hindoos) એમ કહેતા હતા તે વખતે હિન્દુ મહાસભાની સ્થાપના સમયે તેમને તેમના ટ્રાન્સવાલના ઉદ્દગારોની યાદ આપવાની મને તક મળી હતી. દક્ષિણ આફ્રિકાની મારી મુસાફરીમાં જ સર આશુતોષ ચૌધરીનો મને પત્ર મળ્યો હતો. એમણે લખ્યું હતું કે, "સ્વામીજી, આપના ઉપદેશને હવે અમે અનુભવવા લાગ્યા છીએ; માટે કૃપા કરી પાછા આવી અને સહાય કરો કે જેથી અમે આપણા આર્યત્વને ઓળખી શકીએ!"

એવાં ભુલાએલાં આર્યત્વના પુનરુદ્ધાર અર્થે, કેવળ ઉદરનિર્વાહ કે ધનપ્રાપ્તિ માટે આવી વસેલા તથા ત્યાંની મુસલમાન અને ખ્રિસ્તી કોમોના ધાર્મિક સંસ્કારો સાથે ઘસડાતા રહેલા આફ્રિકાવાસી હિન્દુઓને પોતાની જાતિ તરીકેના ગૌરવથી પરિચિત કરી તેવી ફરજો પાળતા કરવા–આર્યત્વને અણિશુદ્ધ રાખતા જોવા જ્યારે મેં નાતાલમાં ભગવાન રામચંદ્રજીનો જન્મોત્સવ ઊજવવા રથયાત્રા કાઢી તે વખતે મુસલમાનોએ મસ્જિદ સામાં વાજાં વગડશે તો હુલ્લડ થશે એવી ધમકી દઈ પોલીસ મારફત યાત્રા બંધ કરવા પ્રયત્ન કરેલ પણ તેમાં તેઓ ફાવ્યા નહિ; કારણ કે ત્યાંની સરકારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ–મુસ્લિમ વૈમનસ્ય વધારવામાં કાંઈ રસ ન હતો: જ્યારે અહીંની સ્થિતિ એથી ઊલટી હતી.

હિન્દુ મહાસભાની સ્થાપના

એટલે ત્યાંનું કાર્ય સમેટી સન ૧૯૧૫ માં કુંભમેળા વખતે હિન્દુઓનાં રાજકીય હિતો સાચવવા માટે રાયબહાદુર સુખવીરસિંહજીના આગ્રહથી હિન્દુ મહાસભાની સ્થાપનામાં સહાય કરવા માટે રોકાવું પડ્યું અને તે વખતથી હું જોતો આવું છું કે મુસલમાનોમાં વધારે ઉત્તેજના થવા લાગી; કારણ કે હિન્દુઓ પોતાનું હિત સાચવવા સંગઠિત થાય તે મુસલમાનોને ગમતું ન હતું: તેથી ઊલટું તુર્કીના ખલીફાના પતન પછી પોતાના મુસલમાન ભાઈઓની ખિલાફત કાયમ કરવા ખાતર તે વખતે સરકાર સામે સત્યાગ્રહ માંડી હજારોની સંખ્યામાં હિન્દુઓ જેલમાં ગયા હતા. લોકોમાં એમ મનાય છે કે રામપુર નવાબ સાહેબે જ્યારે અલીભાઈઓની મિલકત જપ્ત કરી હતી તે વખતે જમનાલાલ બજાજને ખર્ચે તે ભાઈઓને પાળવા-પોષવામાં આવેલા હતા.

ટૂંકામાં ખિલાફત ચળવળ કાયમ રાખવામાં સહુથી વધારે ફાળો હિન્દુ જનતાનો જ હતો. હિન્દુ ધર્મગુરુ શંકરાચાર્ય પણ ખિલાફત ખાતર જેલ ગયા હતા. આ છે મુસ્લિમ અને હિન્દુ માનસનો ભેદ. મુસ્લિમ ખિલાફત પ્રત્યેનું હિન્દુઓનું વલણ આવું હતું તો હિન્દુઓની તેવી જ એક ધાર્મિક લડત પ્રત્યેનું મુસ્લિમોનું વલણ જોઈએ:–

શુદ્ધિ

જ્યારે સ્વામી શ્રદ્ધાનંદજીએ મલકાનાઓની ખાસ પ્રાર્થનાઓથી તેઓની શુદ્ધિ કરવા માંડી ત્યારે મુસલમાનોના રોષનો પાર રહ્યો નહિ. હકીમ અજમલખાં, ડા. અનસારી અને બીજા મુસલમાન નેતાઓ શુદ્ધિનો વિરોધ કરે તે તો સમજી શકાય પણ પંડિત મોતીલાલ નહેરુ, શ્રી. ટંડન કે ગાંધીજી અને તેમના હિન્દુ કોંગ્રેસી ચેલાઓ વિરોધ કરે તે સામાન્ય માણસની સમજમાં ય ન આવી શકે. ત્યાર પછી મુસલમાનોને મનાવી લેવા માટે હિન્દુ–મુસ્લિમ એકતાની સભાઓ ભરવા માંડી. કોહાટના અત્યાચારોથી તો ગાંધીજી પણ થડકી ગયા. સાચું નિવેદન બહાર પાડતાં કહેવાય છે કે અલી બિરાદરોએ તેમને પગે પડીને અટકાવ્યા. ગાંધીજીને તે સંબંધમાં દિલ્હીમાં ઉપવાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેંચવા પડ્યા. તેથી વિપરીત હસન નિઝામીએ હિન્દુઓને કેવી રીતે વટલાવવા અને મુસલમાનોની સંખ્યા વધારવી તે સંબંધી ચોપડીઓ છાપી દેશમાં પ્રચાર આરંભ્યો. સ્વામી શ્રદ્ધાનંદજીનું ખૂન થયું. રાજપાલનું ખૂન થયું. સ્વામી સત્યાનંદજી ઉપર હુમલો થયો. ગમે તેમ કરી હિન્દુઓને બિવરાવી અને દાબી દેવા પ્રયત્ન થવા માંડ્યા તથા આવા ઘાતક મુસલમાનોનો પક્ષ લઈ મુસલમાન નેતાઓએ ફંડો ઉઘરાવી કોર્ટોમાં તેવાઓનો બચાવ કર્યો; અને કોઈ પણ કહેવાતા દેશભક્ત મુસલમાન નેતા પોતાની કોમનાં આવાં કૃત્યોને વખોડી કે અટકાવી શક્યા નહિ. છતાં યે ગાંધીજી અને તેમના અનુયાયીઓ મુસલમાનોને હિન્દુઓના ભોગે મનાવવા શા માટે મથે છે એ એક રહસ્ય છે. એ રહસ્ય એ છે કે ગાંધીજી અંગ્રેજ સરકારને જેમ બને તેમ તરત હિન્દુસ્તાનમાંથી હાંકી કાઢવા આતુર છે અને તેની સાથે હિન્દુ-મુસ્લિમ એકતા વગર અંગ્રેજોને ન જ કાઢી શકાય એવું ભૂત તેમના મગજમાં ભરાયું છે. બહુ ખુશીની વાત છે કે હવે બેહદ ઠોકરો ખાધા પછી ગાંધીજી કાંઈક સમજવા માંડ્યા છે; પણ મુસલમાનોની રાજનીતિજ્ઞતા સામે ગાંધીજીની રાજનીતિની કશી ય કિંમત નથી.

મુસ્લિમ બાહુ

મુસલમાનોમાં એક પક્ષ કૉંગ્રેસમાં રહ્યે ભાર દે છે કે જો આમ કરવામાં નહિ આવે તો અમારી સ્થિતિ અમારા ભાઈઓમાં કફોડી થઈ જાય કે અમે તેઓને કૉંગ્રેસ તરફ વાળી શકીએ નહિ. ઉદાહરણ તરીકે કોમી ચુકાદો (Communal Award) સ્વીકારવા માટે મૌ. આઝાદ, ડા. અનસારી વગેરે કૉંગ્રેસી મુસલમાનોએ ભાર દઈને કહેલું કે જો તે કોમી ચુકાદો કૉંગ્રેસ કબૂલ ન રાખે તો અમારે કૉંગ્રેસ છોડવી પડશે. જો કે ગાંધીજીએ પોતે જ કોમી ચુકાદો વિલાયતમાં કબૂલ રાખ્યો હતો: તે તેમના જ લેખથી પાછળથી સિદ્ધ થયું છે. તેટલા માટે તો મહામના માલવિયા અને લોકનાયક અણે વગેરેને વડી ધારાસભામાં એક જુદો સ્વતંત્ર પક્ષ (ઈન્ડીપેન્ડન્ટ કૉંગ્રેસ પાર્ટી) ઊભો કરવો પડ્યો હતો. મુસલમાનોમાં સ્વરાજ્ય મેળવવાની કેટલી ધગશ છે તેની પરીક્ષા કરવાની એક સોનેરી તક આ ચુકાદો કબૂલ રાખ્યાથી ખોવામાં આવી. તે સિવાય મુસલમાનોની એક બીજી પાર્ટી છે જે કૉંગ્રેસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરાવોને મળતા ઠરાવો કરે છે અને કૉંગ્રેસની પ્રશંસા કરે છે; પણ કૉંગ્રેસમાં જોડાતા નથી: તેઓ પણ કૉંગ્રેસની પાસે તટસ્થ રીતે મુસ્લિમોનું ધ્યેય સાધવા પ્રયત્ન કરે છે. એક ત્રીજી મુસ્લિમ પાર્ટી છે કે જે કૉંગ્રેસને હિન્દુ સંસ્થા તરીકે જાહેર કરે છે; અને જ્યાં સુધી તે પાર્ટીને કુલ મુસલમાનોની એકલી પ્રતિનિધિ તરીકે કબૂલ ન કરાય ત્યાં સુધી હિન્દુસ્તાનને સ્વરાજ્ય ન મળે તે માટે દરેક પ્રકારનાં વિઘ્ન ઊભાં કરવા પ્રયત્ન કરે છે: તે એટલે સુધી કે આંતરવિગ્રહ ઊભો કરવાની માત્ર બીક જ બતાવે છે એટલું જ નહિ પણ દેશના નોખા નોખા ભાગોમાં ગુંડા મુસલમાનોને પડખું આપી વારંવાર હુલ્લડો કરાવી હિન્દુઓનાં જાનમાલની અનેકવાર અસંખ્ય ખુવારી કરાવી છે અને કરાવ્યે જાય છે.

સન '૪૦ની ઈદના પ્રસંગે મુંબઈ, ઢાકા વગેરે ઠેકાણે હુલ્લડો કરી મુસલમાનોએ હિન્દુઓ (કાફરો) નાં ખૂન કરી ઈદ મનાવેલ છે. જો પોતાના અનુયાયીઓનાં તે કૃત્યથી મિ. ઝીણા ખુશી થતા હોય તો મારે કહેવું જોઈએ કે તે ખુશી માટે તેમણે મહાત્મા ગાંધીજીના જ આભારી થવું ઘટે; કારણ કે જે દિવસ હિન્દુઓ ગાંધીજીની અહિંસાનું શિક્ષણ મૂકી દેશે અને મુસલમાનોની માફક મ્લેચ્છોના લોહીથી હોળી રમવાનું શીખશે તે દિવસે મિ. ઝીણાની ઈદની ખુશી દિલગીરીમાં પલટાઈ જશે. હું તો સાધુ તરીકે એમ જ ચાહું છું કે હિન્દુઓ આ પાઠ ન જ ભણે અને મુસલમાનો પણ આવી ગેરવ્યાજબી ખુશી મનાવવાનું પડતું મૂકે તો વધારે સારું છે નહિતર તો પરિણામ તો તે જ આવવાનું છે કે જેની મને બીક છે.

એક પાંચમી પાર્ટી છે જે હિન્દુઓનાં છોકરાં તથા બૈરાંઓનું અપહરણ કરીને પોતાની સંખ્યામાં વધારો કરે છે અને હિન્દુઓને મારી, લૂંટી તથા બિવરાવી હંમેશને માટે થોડાં નિર્વીર્ય હિન્દુઓ ઉપર ધાક બેસાડવા પ્રયત્ન કરે છે.

આ વાતોને મૂર્ખ કૉંગ્રેસી હિન્દુઓ—અંગ્રેજોને તુરત કાઢી મૂકી આવા મુસલમાનોની વચ્ચે રહી સ્વરાજ ભોગવવાની ઘેલછા સેવનારા ગાંધીજી અને તેમના ચેલાઓ સમજ્યા વગર આ બધાં ષડ્યંત્રો અને મુસલમાનોનાં અનાચાર, અત્યાચાર તથા દુરાચારના હિન્દુઓને ભોગ બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાનોને કોંગ્રેસની વિરુદ્ધ ઊભા રાખી કોંગ્રેસની માગણીઓને ન કબૂલવાનું જો હિન્દી સરકારનું ધ્યેય હોય તો તેમાં આશ્ચર્ય પામવાનું નથી; કારણ કે હિન્દુસ્તાન ઉપર રાજ્ય કરવાને લઈને જ ઇંગ્લંડનો રાજા 'બાદશાહ' (ઍમ્પરર) કહેવાય છે અને બ્રિટિશ રાજ્ય 'સામ્રાજ્ય' (ઍમ્પાયર) કહેવાય છે. હિન્દુસ્તાન તાબે ન રહે તો તે પહેલા નંબરની સત્તા પણ ન કહેવાય: તે ઉપરાંત હિન્દ સિવાયનું બ્રિટિશ સામ્રાજ્ય કે બ્રિટિશ પ્રજા સમૃદ્ધિવાન પણ ન રહી શકે અને હિન્દુ-મુસલમાનમાં ભેદ પડાવ્યા વગર હિન્દુસ્તાન ઉપર વર્ચસ્વ કાયમ રાખી શકાય નહિ. તે માટે અંગ્રેજોનો દોષ ગણવાનો નથી. તે તો અમારા મુસલમાન ભાઈઓની મૂર્ખતાનું પરિણામ છે; કે જે હિન્દુઓ સાથે વૈમનસ્ય કરી સદૈવ કાળની ગુલામી વહોરે છે.

એવા મુસલમાનો સાથે એકતા સ્થાપવા ખાતર કોંગ્રેસ સરકારોએ હિન્દુત્વ અને હિન્દુ સભ્યતાનો નાશ કરવામાં જે ભાગ ભજવ્યો છે તે એક સભ્ય જાતિને શરમ ઉપજાવે તેવો છે; પણ જેવી રીતે યુરોપની અક્કલ ઠેકાણે લાવવા માટે પ્રભુએ આ વિગ્રહ ઊભો કર્યો છે અને આટલા બધા વિદ્વાન, વિચારશીલ છતાં એ વિગ્રહને પતાવવાની વાત આખા યુરોપમાં કોઈને સૂઝતી નથી: તેવી જ રીતે આર્યજાતિની સભ્યતા અને આર્યત્વને પાદાક્રાંત થતાં બચાવવા માટે પ્રભુ પરમાત્માએ પ્રેરણા કરી કોંગ્રેસ સરકારોને હોદ્દાઓનાં રાજીનામાં આપવાની સ્થિતિ ઊભી કરી ફરજ પાડી છે. હવે પ્રશ્ન માત્ર એટલો જ છે કે આવી આપત્તિ સામે ટકી રહેવા આર્યજાતિએ શું કરવાનું રહે છે?

કર્તવ્યવિવેક

સહુ પહેલાં દરેક મનુષ્ય તથા જાતિએ સમજી લેવું જોઈએ કે જગતમાં સફલ અને સ્વતંત્ર જીવન જીવવા માટે શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉન્નતિ સંપાદન કરવી જોઈએ. આધ્યાત્મિકથી પ્રભુના ન્યાય અનુસાર પ્રત્યેક મનુષ્યે કે જાતિએ પોતાનાં કર્માનુસાર ફળ ભોગવવાં જ પડશે, તે નિર્ધારી લઈ પ્રભુ ઉપર સર્વોપરી આશ્રયદાતારૂપે વિશ્વાસ રાખી કર્મો સુધારવાની ચેષ્ટા કરવાની હોય છે. મુસલમાનોને પોતાનાં કર્મફલ

પુસ્તકાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યેની માન્યતા ન હોય તો ય ખુદા બધું કરનાર છે એવી શ્રદ્ધા તો સચોટ છે; તેમાં ના નહિ કહેવાય. તેટલા જ માટે તેઓ 'ખુદાની મરજી એમ હતી કે હશે' માનીને ભયંકરમાં ભયંકર કાર્યમાં ઝંપલાવે છે: જ્યારે હિન્દુઓ તો પ્રભુની ઇચ્છા હોવામાં પોતાનાં કર્મોને નિમિત્તભૂત માને છે તો તેઓ પ્રભુને દોષિત ન ઠરાવતાં પોતાનાં કર્મોને સુધારી શકે છે.

બૌદ્ધિક ઉન્નતિ વગર સારું-નરસું, લાભપ્રદ-હાનિકર, યોગ્ય-અયોગ્ય, છાજતું-અછાજતુંનો ભેદ સમજી, યોગ્ય કામ કરી શકાતું નથી. મુસલમાનોમાં બુદ્ધિ નથી અને અમારામાં છે એવા મૂર્ખતાના વિચારો પડતા મૂકી પોતાના અને પોતાની જાતિના હિત માટે કાર્યો કરવાના વિચાર હિન્દુઓમાં વધે તેવા ખાસ ઉપચારો કરવાની જરૂર છે. માનસિક શક્તિ કેળવ્યા વગર મિથ્યા ભય, શંકા, લજ્જા અને સમયોચિત કામ કરવામાં થતાં અજ્ઞાન, પ્રમાદ ઊભાં થાય છે. તો જેવી રીતે બુદ્ધિ, શાસ્ત્રઅધ્યયન અને સત્સંગથી ખીલે છે, તેવી જ રીતે મનની સ્થિરતા જપ, તપ અને ત્યાગથી ખીલે છે.

એક મુસલમાન માટીના પ્યાલામાં દૂધ પીએ છે ત્યારે એક હિન્દુ સોના-ચાંદીના ઠામમાં પાણી પીએ છે. એ લોભવૃત્તિને લઈને જ તેનું સર્વસ્વ લૂંટવા પેલો મુસલમાન સમર્થ થાય છે. હિન્દુ નબળા મનથી, પોતાનાં બાળબચ્ચાંનું શું થશે તે બીકે, કર્તવ્ય કાર્ય કરતાં અચકાય છે. ત્યારે મુસલમાન તે કાર્ય માટે નિઃશંકપણે ઝંપલાવે છે. હિન્દુ પોતાના ઉપર આવી પડનાર આપત્તિથી જાતિગૌરવ કે ધર્મભાઈની રક્ષાની વેળાએ દૂર નાસે છે ત્યારે મુસલમાન તેમ કરવા ઉત્સાહપૂર્વક આગળ ધપે છે. જોયું છે કે પ્લેગ અથવા મહામારીના રોગચાળા વખતે એક હિન્દુ પોતાનો જાન બચાવવા કુટુંબી તથા ધર્મભાઈઓને તજી ખસી જાય છે: ત્યારે એક મુસલમાન આખું કુટુંબ એ રોગમાં ભરખાઈને સાફ થઈ જાય તો પણ તેમને મૂકીને પોતાનો જીવ બચાવવાનો પ્રયત્ન તો ઠીક પણ વિચાર સુદ્ધાં કરતો નથી.

આમ એક હિન્દુમાં-હોવી-જોઈતી સંઘભાવનાને બદલે-વ્યક્તિત્વની અને તે ય જિજીવિષાની ગમે તેમ પણ જીવવાની ભાવના પ્રબળ છે. ત્યારે મુસલમાનોમાં પોતાના દીની ભાઈઓની-સમષ્ટિની ભાવના વ્યક્તિ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે પ્રબળ છે. એટલે જ્યાં સુધી હિન્દુઓ સંગઠિત નહિ થાય અને જાતિની રક્ષા માટે પોતાનાં જાન, માલ, ધન, દોલત ફના કરતાં નહિ સમજે ત્યાં સુધી તેમનો સર્વનાશ થવાનો જ. એ સત્યની અવહેલના કરનાર મૃત્યુનું જ આવાહન કરે છે: એ આપણે પ્રાચીન ઇતિહાસ તથા વર્તમાન પરિસ્થિતિ જોઈને સહેજે સમજી શકીએ તેવું છે.

શરીરમાં ગમે તેટલું બળ હોય પણ જ્યાં સુધી એ બળ વાપરવા માટેનો ઉત્સાહ મનમાં નહિ ઉદ્‌ભવે ત્યાં સુધી એ બળ નકામું જ નહિ પણ જાતિને ગુલામ બનાવવામાં નિમિત્તભૂત છે. તેવી જ રીતે લાખોકરોડોની ધન-સંપત્તિ છતાં જો તે જાતિની રક્ષામાં નહિ વપરાય તો છેવટે તે ધનલક્ષ્મી વિજાતીઓ લૂંટી, મઝામોજ માણી અને આપણને જ સદૈવના ગુલામ રાખવામાં વાપરશે તે સ્વાભાવિક છે; જે આપણે નિતપ્રતિ ઉઘાડી આંખે જોઈએ છીએ: છતાં જો હિન્દુજાતિ ન સમજે તો તેના મંદભાગ્ય! સિવાય બીજું શું કહી શકાય ?

શારીરિક બળ મનુષ્યનો જીવનઆધાર છે. કુદરતમાં સબળ માનવી નિર્બળને દબાવે એ વાસ્તવિક વાત છે અને નિર્બળ તેના પંજામાંથી છટકવા પ્રયત્ન કરે તે પણ સ્વાભાવિક છે; પણ શારીરિક બળ મેળવ્યા વગર બળવાનના પંજામાંથી છટકવાની સંભાવના અશક્ય છે. લાંબાં ભાષણો આપ્યાથી, ઠરાવો પસાર કરવાથી કે વિરોધો દર્શાવ્યાથી કે કરગરવાથી કોઈ પોતાનું સ્વત્વ તજી આપણને સુખી કરે તે તો આકાશકુસુમવત્ છે.

પ્રત્યક્ષ જોઈએ છીએ કે હિટલરના બળ સામે પોતાને નિર્બળ જોઈ બ્રિટન તથા ફ્રાંસે સુડેટન જર્મનનો સવાલ જતો કર્યો હતો. ઝેકોસ્લોવેકિયાની સહાયતા કરી શક્યા ન હતા. પોલેન્ડની રક્ષા થઈ શકી નહિ. ફિન્લેન્ડ બચાવી શકાયું નહિ. ડેન્માર્ક, નોર્વે, બેલ્જિયમ કે હોલેન્ડ ઉગારી શકાયાં નહિ અને છેવટે ફ્રાન્સનું પણ પતન થયું. તે બધો બળનો મહિમા છે.

તેવી જ રીતે અંગ્રેજ સરકાર કાયમ છે ત્યાં સુધી બકરી ને વાઘ એક આરે પાણી ભલે પીએ પણ જો કદાચ સરકારની નબળાઈ થઈ તો ખાકસાર સૈન્યની સહાયતાથી મુસલમાનો હિન્દુસ્તાનની ગાદી પર ચડી બેસવા મથે તેમાં કંઈ જ શંકા નથી. તે લોકોએ તો આસફજૈ ખાનદાન (વંશ)માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મેલ હૈદરાબાદના નવાબને પોતાના હિન્દુસ્તાનના બાદશાહ તથા ધર્મના ખલીફા તરીકે સ્વીકારવાનો નિશ્ચય કરી લીધો છે. તેવું તેઓનાં ખુલ્લેખુલ્લાં ભાષણો પરથી પુરવાર થાય છે. તો જો તે સમયે પોતાનું સ્વત્વ સાચવી રાખવાની આર્યજાતિને તમન્ના હોય તો તેમને માટે નવયુવકોને શારીરિક બળ તથા લડાયક તાલીમ સંપાદન કરાવવાની પરમ આવશ્યકતા છે અને તે માટે ધનદોલત છૂટે હાથે વાપરવાની જરૂર છે; અને પોતાના આંતરિક મતભેદો–ધર્મ, પંથ, વાડાના મતભેદો મટાડી એક આર્ય હિન્દુજાતિ તરીકે ઊભા રહેવા માટે હમણાંથી જ સાવચેત પગલાં ભરવાની અગત્ય છે. ઘર સળગ્યે કૂવો ખોદવા બેસવાથી ઘર ઓલવાય નહિ તે હું તો ખરા અંતઃકરણથી માનું છું.

મુસ્લિમ નેતાગીરી

મિ. ઝીણા જેવા મુસ્લિમ આગેવાનો અંગ્રેજોની સત્તા છતાં હિન્દુ–મુસ્લિમ ફિસાદ કરાવતા અચકાતા નથી તો સરકારની નબળાઈ વખતે હિન્દુ–મુસ્લિમ આંતર વિગ્રહ થાય જ તેમાં સંદેહ શો! ગાંધીજીની અહિંસા હિંસાવાદીઓથી હિન્દુ કોમને બચાવી નહિ શકે અને સત્યાગ્રહથી રાજકર્તા લોકો પોતાના ખાદ્યખોરાકને મૂકી પાછા ઘેર નહિ ચાલ્યા જાય; એટલે આ તો અવશ્યમ્ ભાવિ છે. અહિંસાની ગાંધીજીની વ્યાખ્યા વેદશાસ્ત્રોથી તદ્દન વિરુદ્ધ છે કારણ કે વેદશાસ્ત્રો ઈશ્વરીય નિયમથી વિરુદ્ધ ઉપદેશી ન જ શકે. હું પણ શાસ્ત્ર પ્રમાણે અહિંસાને માનનારો છું; પણ ગાંધીજી શાસ્ત્રથી અજાણ હોવાને લઈ 'અહિંસા' શબ્દનો જેવો અર્થ તથા પ્રચાર કરે છે તેથી હું સર્વથા વિરુદ્ધ છું. તેથી જ હું ગાંધીજીની માફક મહારાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંહજી અને શિવાજી મહારાજને પથભ્રષ્ટ દેશભક્ત માનતો નથી પણ મહાન શૂરવીર દેશોદ્ધારક તરીકે માનું છું. તેમના તેવા પ્રચારથી પરિણામ વિપરીત અને મહાન હાનિકારક આવ્યું છે. તેવી અહિંસાની અજ્ઞાનતામાં ફસાઈ હિન્દુ કોમ બાયલી બની છે. બાયલાઓ જગતમાં જીવવાના અધિકારી નથી જ. મનુ ભગવાને કહ્યું છે કે, "દાંત વગરના જીવોને દાંતવાળા ખાઈ જાય છે, હાથપગ વગરનાઓને હાથપગવાળા ખાઈ જાય છે; ન હાલતાચાલતાઓને હાલતાચાલતા ખાઈ જાય છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીકણોને બહાદુરો ખાઈ જાય છે." આવો સૃષ્ટિનિયમ છે. તે જ્યારે મહાત્મા બુદ્ધદેવના ઉપદેશથી પણ ન ફેરવાયો અને તેમના શિષ્યોને પણ યુદ્ધો કરવા પડ્યાં ત્યારે બિચારા ગાંધીજીને માટે ઇશ્વરી નિયમ ફરી નહિ શકે; અને જો તેઓ તેમનો દુરાગ્રહ નહિ મૂકે તો હજી યે પરિણામ વિશેષ ખરાબ આવશે. જો કદાચ દેશમાં હિન્દુ–મુસલમાનો વચ્ચે આંતરવિગ્રહ ફાટી નીકળશે તો હું તે માટે ગાંધીજીની જ જોખમદારી ગણીશ. એમના અખતરાઓ અનિષ્ટકારી છે. દુઃખ તો એ છે કે તેઓ પોતાને જ ઋષિ માની બેઠા છે; એટલે શાસ્ત્રોની તેમને પડી નથી. હિન્દુઓમાં તેમની આટલી લાગવગનું બળ ન હોત તો મુસલમાનો તેમને પણ ગાંઠત નહિ કે સરકાર પણ તેમને ગણુત નહિ; એ બળ તેમણે વેડફ્યું છે.

આર્યજાતિ જો વેળાસર જાગ્રત થાય, પરસ્પર પ્રેમ વધારે, વેર-ભાવની ભાવનાઓને દૂર કરે, બલદાયી ભોજન જમે, વ્યાયામ કરે, લડાઈની કેળવણી લે તો જ આતતાયીઓ તેમના ઉપર આક્રમણ કરતાં ડરે. સરખે-સરખામાં જ દોસ્તી હોઈ શકે. ગિરના જંગલમાં સાવજ સાવજ આપસમાં રમી શકે પણ સાવજ અને બકરાં એમ કોઈ દિવસ રમી શકે નહિ. જો જંગલમાં સ્વાતંત્ર્ય ભોગવવું હોય તો સાવજ બન્યા વગર છૂટકો જ નથી.

કોંગ્રેસના ઉપદેશથી મુસલમાનો હિન્દી થયા નહિ અને ગાંધીજીના ઉપદેશથી અહિંસક થયા નહિ; અને કદાચ અહિંસકતાનું રૂપ કરી બતાવે તો ય તે વેશ પંચતંત્રમાં લખ્યા જેમ ઘરડા થયેલા સાવજે ધર્માત્માનું રૂપ ધારણ કરી છળથી શિકાર કરેલ તેની માફક જ હશેઃ એમ જ ડાહ્યો માણસ માને. હિન્દુજાતિએ અત્યાર સુધી કરેલ આત્મવંચનાની ભૂલો ફરી ન કરવાનો નિશ્ચય કરી એ આત્મપ્રતારણાથી બચવાની પરમ આવશ્યકતા છે. એથી વધારે શું કહેવું ?

થોડું ઇસ્લામીઓને

મારા પ્રિય મુસલમાન ભાઈઓને કહેવાનું કે હાલના જમાનામાં ધર્મની એકતાને લઈને કોઈ દેશ બીજા દેશવાસીઓને પોતાના દેશમાં પોતાના સ્વાર્થ વગર દાખલ કરવા તૈયાર નથી. થોડાં વર્ષ પહેલાં જ્યારે મુસલમાન ભાઈઓ હિજરત કરીને અફઘાનિસ્તાન ગયા હતા ત્યારે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગ્યા ન મળવાથી પાછા હિન્દી સરકારને તાબે આવવું પડયું હતું. તે લોકોમાંથી જે કોઈ જીવતા હશે તે મારા કથનનું સત્ય અનુભવતા હશે. તેવી જ રીતે જે દેશના લોકો આવીને બીજા દેશ ઉપર સત્તા જમાવે છે તે દેશમાં વસતા પોતાના ધર્મભાઈઓની સહાનુભૂતિનો લાભ સત્તા જમાવવામાં તો લે જ, તેમ તે સહાયતાના બદલામાં અમુક આગેવાનોને ગામગરાસ કે નોકરીચાકરી બક્ષિસ કરે છે; પણ સત્તા તો પોતાના જ હાથમાં રાખે છે. તો તમારે સમજી લેવું જોઈએ કે અંગ્રેજો ગયા પછી, તમારી દેશદ્રોહસમી સહાયતાથી કોઈ મુસલમાની સત્તા હિન્દમાં રાજ કરે તો તમે તો હિન્દમાં વસતી અન્ય જાતિઓની માફક તે લોકોના તાબેદાર પ્રજાવર્ગ તરીકે જ ઓળખાવાના છો.

જ્યાં સુધી અંગ્રેજ સરકાર હિન્દુસ્તાનમાં રહેશે ત્યાં સુધી તમારી આડોડાઈ તથા અવળચંડાઈને લઈને કદાચ સ્વરાજ આપવામાં વિલંબ કરે અથવા તો પરિપૂર્ણ સત્તા ન આપે પણ તમારી પાકિસ્તાનની યોજના તો પાર પડવાની નથી જ. કારણ કે જ્યારે લઘુમતીને અન્યાય ન કરવાની ખાતર બહુમતીને સંપૂર્ણ સત્તા ન આપે તો પછી બહુમતીને અન્યાય ન કરવાની ખાતર લઘુમતીની પાકિસ્તાનની યોજનાને કેમ કબૂલ રાખી શકે? અને વળી હિન્દના ભાગલા પાડવાનું બ્રિટિશ સરકારને માટે લાભદાયક નથી પણ ઊલટું હાનિકારક છે. તે ઉપરાંત હિંદમાં વસતી દરેક કોમનો હરેક જાતનો સ્વાર્થ અખંડ હિન્દની સ્વતંત્રતામાં રહેલો છે. મુસલમાન પ્રજાના હૃદયમાં હિન્દુઓની વિરુદ્ધનું ઝેર રેડનારા તો માત્ર સત્તા, નામના અને પૈસાના લોભી અમુક પક્ષકારો જ છે. એટલે મુસ્લિમ ભાઈઓએ સમજી લેવું જોઈએ કે જ્યારે સરકાર તમારી અનુમતિ વગર હિન્દમાં નવા સુધારા દાખલ ન કરવાનું વચન આપે અને કૉંગ્રેસવાળાઓને તમને રાજી કર્યા સિવાય કાંઈપણ આપવામાં પોતાની લાચારી બતાવે તથા કૉંગ્રેસવાળા અને તમો પરસ્પર કોઈપણ જાતના નિકાલ ઉપર ન આવો ત્યારે હિન્દને સ્વતંત્રતા તો સરકારે ન જ આપવી રહી; અને હિન્દુસ્તાનીઓ રાજ કરવા લાયક જ નથી તેમ દુનિયાને બતાવવું જ રહ્યું: અને તમારી સહીસલામતી જાળવવા માટે જ તેઓ અહીં રહે છે તેમ પુરવાર કરવું જ રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાની રાજસત્તા વખતે હિન્દુ-મુસલમાન વચ્ચે કોમી વિરોધ તો હતો જ નહિ. અલબત મુસલમાની ધર્મના શિક્ષણ પ્રમાણે ઘણી વખત કટ્ટર રાજકર્તાઓએ ધર્માંધતાને કારણે, ધર્મવિદ્વેષને લઈને હિન્દુઓની પેટ-ભર સતામણી કરેલી. તેમ છતાં રાજવહીવટમાં તો યોગ્ય હિન્દુઓથી જ કામ લીધેલું. બલકે હિન્દુ-ક્ષત્રિય-વીર રાજાઓની સહાયતાથી જ પોતાનો રાજવિસ્તાર સાધેલો પણ જ્યારે ધર્માંધતા અતિશયતા પર પહોંચી ત્યારે વીર ક્ષત્રિયો અને મરાઠાઓને હાથે તેઓની સત્તા ભાંગી પડી.

અંગ્રેજી રાજ સ્થપાયા પછી સત્તાવનના બળવા સુધી પણ હિન્દુ-મુસલમાનો ભેળા થઈને સરકાર સામે ઝૂઝેલા. ઝાંસીની રાણી પાસે મુસલમાન તોપચીઓ અને બીજા લશ્કરીઓ હતા: તેઓ તેની સાથે ઘણી બહાદુરીથી લડ્યા હતા. મરાઠાઓ તથા મુસલમાનો વચ્ચે થયેલી લડાઈ વખતે પણ તોપખાનાના મુસલમાન ઉપરીએ પોતાના ધર્મની ખાતર પેશવાઓ સાથે દગો કરવાને ધર્મવિરુદ્ધ પાપ માનેલું. પણ અલીગઢ યુનિવર્સિટી સ્થપાયા પછી હિન્દુ-મુસલમાનોમાં ભેદ પાડવાની નીતિ તેના સંચાલકોએ આદરી. જે સ્થળોએ અલીગઢિયાં શિક્ષણ પામેલા હિન્દુના વિરોધી અને મુસ્લિમ-સત્તાના ઝંડાધારીઓ જ્યાં પહોંચ્યા નથી ત્યાં હજુસુધી પણ પરસ્પર પ્રીતિ છે. આપણે ભૂલી ન જવું જોઈએ કે આપણે આ દેશમાં જન્મ્યા છીએ, અને અહીં જ બળવાદફનાવાના છીએ. અહીંનાં જ અન્ન, પાણી અને હવાથી જીવીને મઝામોજ કરીએ છીએ અને એ જ દેશમાં કજિયાકંકાસ ફેલાવી, નિર્દોષ માણસોનું લોહી રેડાવી દેશને સદૈવને માટે પરતંત્ર રાખવા પ્રયત્ન કરીએ તો તે દેશદ્રોહ જ કહેવાય. આવી જાતનો ગુનો ખુદા માફ નહિ જ કરે.

તમારા સિવાય આ દેશમાં ખ્રિસ્તી, પારસી અને યહૂદી વગેરે અનેક કોમો વસે છે. તમારી વલણ તેઓ સહુનાં કરતાં નોખી જ છે. ધર્મ, રીતરિવાજ, સભ્યતા અને ભાષા વગેરેનું રક્ષણ તો દરેક કોમને મળવાનું અનિવાર્ય જ છે પણ સામાન્ય દેશનું હિત તો સર્વનું જ હિત ગણાય. રાજકારણની ઊંચામાં ઊંચી પદ્ધતિ આ સિવાય બીજી હોઈ જ ન શકે; માટે મારા મત પ્રમાણે નોખાપણાનું વલણ મૂકી દેવું: તે જ તમારા પોતાના અને આખા દેશને માટે હિતાવહ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાની ધર્મ સ્વીકારવાથી તમારા શરીરમાંનું આર્ય-લોહી ઓગળી જતું નથી. એટલે હિન્દુઓના એકલોહિયા ભાઈ તરીકે તમારા હૃદયમાં તેઓને માટે પ્રેમભાવ રાખી પરસ્પરની ઉન્નતિ કરવા માટે સર્વ પ્રકારના પ્રયત્નોમાં તેમની સાથે મળીને દેશોન્નતિ આદરવાનું જરૂરનું છે.

વિશેષમાં કહેવાનું કે હિન્દુસ્તાનમાં જે પ્રાંતોમાં હિન્દુઓની બહુમતી છે ત્યાં મુસલમાનોની લઘુમતીના પ્રમાણ કરતાં મુસલમાનોની બહુમતીના પ્રાંતોમાં હિંન્દુઓની લઘુમતી ઘણી જ વધારે છે. તો પછી મુસલમાનોને લઘુમતીમાં કહેવાય કે હિન્દુઓને લઘુમતીમાં કહેવાય? તે ન્યાયદષ્ટિએ જોવાથી ચોકખું સમજી શકાશે. બાકી દુનિયામાં કોઈ પણ એવા દેશ નથી જ્યાં લઘુમતી અને બહુમતીનો પ્રશ્ન ન હોય. તુર્કસ્તાનમાં આર્મીનિયન્સ-લઘુમતીમાં હોવા છતાં દેશસ્વાતંત્ર્ય માટે ભોગ દેવામાં તુર્કોથી પછાત રહ્યા ન હતા.

અત્યાર સુધી હિન્દુસ્તાનમાં તો હિન્દુ બહુમતીવાળા પ્રાંતોમાં મુસલમાનોના હક્કો હિન્દુઓના હક્કોને ભોગે સચવાયા છે પણ મુસલમાન બહુમતીવાળા પ્રાંતોમાં હિન્દુઓના હક્કો નાબૂદ કરવા જે પ્રયાસો થઈ રહ્યા છે તે એક સાચો ખુદાપરસ્ત મુસલમાન પણ ઈમાનદારીની દષ્ટિએ પસંદ નહિ જ કરે.

ભાષા સંબંધી ચકચારનો તો સહેલો ઉપાય છે. હિન્દી અથવા ઉર્દૂ ભણવી તે ભણનારાઓની મરજી ઉપર રહેવું જોઈએ પણ જે પ્રાંતમાં બેઉ ભાષાઓ વાપરનાર વસ્તી હોય ત્યાં બેઉ ભાષા જાણનારાઓને જ સરકારી નોકરીમાં દાખલ કરવાનો નિયમ હોવો જોઈએ.

હિન્દી સરકારને

છેવટમાં મારે હિન્દી સરકારને પણ ચેતવી દેવી જોઈએ કે જો કદાચ ઉત્તર હિન્દ તરફથી હિન્દુસ્તાન ઉપર હુમલો આવે તો પેશાવર જિલ્લામાં-જેની વસ્તી સાત લાખ માણસની છે તેમાં હિન્દુઓની વસ્તી માત્ર છેતાળીસ હજારની જ છે: તે પણ મુખ્યત્વે પેશાવર શહેરમાં જ. તો તે પ્રસંગે અફઘાનિસ્તાનના લોકોને ખાધાખોરાકી અને યુદ્ધસામગ્રી લઈ જવાના સાધનો તો તેમના જાતભાઈઓ તરફથી પેશાવર જિલ્લામાં જ મળી રહેશે. તે લોકોને તો માત્ર હથિયાર લઈને જ આવવું રહેશે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત તે જિલ્લાની મુસ્લિમ પ્રજામાંથી કેટલાક તેમના લશ્કરમાં જોડાઈ જશે. તે વખતે જો ત્યાં ખાતે લડાઈમાં સરકારને બે લાખ માણસ રોકવાં પડે તો પંજાબમાં વસતા મુસલમાનો ઉપર અંકુશ રાખવા માટે તેથી કદાચ વધારે લશ્કરની જરૂર પડશે. તે વખતે સરકારની સહીસલામતી તો માત્ર હિન્દુ સહાનુભૂતિ અને સહાય ઉપર જ અવલંબિત રહી શકશે: એ નિર્વિવાદ છે.

હિન્દુઓને

તેવી જ રીતે હિન્દુઓનાં આબરુ તથા જાનમાલની રક્ષાનો આધાર પોતાની સંગઠિત શક્તિ અને અંગ્રેજ સરકારની સહાયતા ઉપર જ અવલંબિત રહી શકશે; તો મારે હિન્દુ જનતાને ખાસ ભલામણ કરવાની કે હિન્દુ-મુસ્લિમ એકસંપી સાધવાના રાજાજી કે કોઈ બીજાના વિચારોને પડતા મૂકી પોતામાં સંપ અને બળ અને યોગ્ય વિચાર ઉત્પન્ન કરવા અને સંગઠન સાધવાના કામમાં લાગી જવું જોઈએ અને દરેક હિન્દુ યુવકે લડાઈના કોઈ પણ ખાતામાં અથવા તો લડાઈ સંબંધી કોઈ પણ ઉદ્યોગીકરણ ખાતામાં સવેળા જોડાઈ જવું જોઈએ: તેમાં જ હિન્દુજાતિનું કલ્યાણ રહેલું છે. જો હિન્દુઓ લડાઈમાં સરકારને સહાય કરશે તે હિન્દુઓનો ભોગ આપીને સરકાર મુસ્લિમોને રીઝવી શકશે નહિ. જે લોકો સરકાર માટે માથાં દેવા તૈયાર હશે તે લોકોના ભોગે આરામખુરસીએ બેસીને મુસ્લિમ લીગની બાંગો પાડનારા ઝીણા કે તેના થોડા સાગરીતોને ખુશી કરવાની સરકાર ભૂલ નહિ જ કરે.

જો મિ. ઝીણાએ સરકાર પાસેથી પાકિસ્તાનની બાંહેધરીની કબૂલાત લેવી હોય તો કોંગ્રેસની માફક સત્યાગ્રહ કરી પોતાના લીગવાદીઓથી જેલ કેમ ભરતા નથી? અને જો સરકારની મહેરબાની મેળવીને પાકિસ્તાન લેવું હોય તો દરેક મુસલમાનને સરકારની મદદે લડાઈમાં જોડાઈ જવા માટે કેમ અનુરોધ કરતા નથી? ઝીણાએ તો સ્વરાજના લોભિયાઓ પાસેથી દમદાટી દઈને મુસલમાનોનાં વધારેમાં વધારે હિતો માત્ર કબૂલ કરાવવાનો સંતોષ મેળવવો છે; અને સરકાર સામે પડીને યાતના વેઠનારાઓ અને સરકારને સહાય કરવામાં પોતાનાં જાનમાલની ખુવારી વેઠનારાઓના ભોગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સ્વરાજ પ્રાપ્ત થવાનું હોય તેમાં વધારેમાં વધારે લાભ મુસ્લિમ કોમ માટે મેળવી લેવો છે. સરકારને વગર સહાયે અને સ્વરાજપ્રાપ્તિ માટેનાં વગર કષ્ટે ઉપલી મલાઈ ખાઈ જવાનો એ વાંઝિયો મનોરથ છે; અને સરકારે મુસલમાનોની મરજી વગર અમે કાંઈ સુધારા ન આપી શકીએ એમ કહીને સ્વરાજભાવુકોને પાછા પાડચે રાખવા છે: એ સિવાય એમાં બીજું કશું નથી.

હા, હિન્દુસ્તાનને સ્વરાજ્ય અવશ્ય મળશે પણ તે લડાઈ પછી જ મળશે. હિન્દુસ્તાનની દરેક પ્રજા, રાજાઓ અને રાજસ્થાની પ્રજા દરેકને યોગ્ય રીતે સુખસગવડ પ્રાપ્ત થાય એવા પ્રકારનું એ સ્વરાજ હશે. માટે અત્યારની બેહૂદી વાતો, ભાંગફોડો અને દોડાદોડીમાં વખત વિતાવવા કરતાં લડાયક ખાતાઓમાં અને હિન્દુ મહાસભામાં જોડાઈ જવું, આપસઆપસમાં સંગઠિત થવું અને હિન્દુસ્તાનમાં વસતી હરેક કોમ સાથે ભાઈચારો સાધવો, સરકારને લડાઈમાં હરેક જાતની સહાય કરવાનાં કામોમાં લાગ્યાથી જ હિન્દુઓનું શ્રેય થશે એ પણ નિર્વિવાદ છે.

હાલમાં જ આપણા શહેનશાહે સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરી છે કે લડાઈ પૂરી થઈ રહ્યા પછી હિન્દુસ્તાનીઓ વડે ઘડાયેલી યોજના પ્રમાણે સંપૂર્ણ સ્વરાજ આપવામાં આવશે. તેમ જ તે યોજના ઘડનારા આખા હિન્દના સાચા આગેવાનો હશે. એકલા ઝીણા કે તેની ટોળકી જ નહિ. તો પછી અત્યારે મુસ્લિમ લીગ સાથેની વાટાઘાટો કરવાની શી જરૂર છે? મફતમાં વાંદરાને દારુ પાવા જેવી પ્રવૃત્તિઓથી હવે રાજાજીઓ અટકે તો સારું.

થોડું શ્રી ગાંધીજી સંબંધે

વખતોવખત મારી વિચારસરણીને સાંભળતાં કેટલાક અવિચારશીલ અલ્પ શિક્ષા પામેલ અનુભવશૂન્ય પુરુષોના મનમાં એવી શંકા ઉત્પન્ન થાય છે કે મારે ગાંધીજી સાથે કંઈક વૈમનસ્ય અથવા વિરોધ હશે. તેવા લોકોની જાણ માટે મારે લખવું પડે છે કે *જ્યારે ગાંધીજી પહેલવહેલા નાતાલમાં

*સને ૧૮૯૧ કે ૯૨ની સાલની આ વાત છે. એટલે આશરે પચાસ વર્ષ પૂર્વેની. જ્યારે ગાંધી મહાત્માજી ન હતા અને સ્વામીજી સન્યાસી ન હતા તે વખતની આ વાત છે: જ્યારે તેઓ બન્ને વચ્ચે કશો પરિચય પણ ન હતો. (લેખક).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા તે વખતે તેમના પરત્વેની ત્યાંના યુરોપિયનોની ગેરસમજણ અને અન્યાયના સંબંધમાં સહુથી પ્રથમ વિરોધ દર્શાવતો જે લેખ મેં તે વખતના મારા "સ્વદેશવસ્તુપ્રચારક" નામના પત્રમાં લખેલ તે વાંચકો માંહેના કોઈને યાદ હોય તો તેને ખબર પડે કે મારા હૃદયમાં ગાંધીજીની દેશભક્તિ માટે ક્યારથી અને કેટલું ઊંડું માન છે. ત્યારબાદ હું પોતે નાતાલમાં ગયો તે વખતે ગાંધીજીના સંપર્કમાં આવ્યાથી મારાં તેમના પ્રત્યેનાં માન અને પ્રેમની માત્રા એટલાં બધાં વધ્યાં કે મેં તેઓને મારા નાના ભાઈ તરીકે ગણ્યા ને હજી પણ તે જ ભાવના સેવું છું. ગાંધીજીમાં દેશદાઝ અને દુઃખિત વર્ગ માટે અગાધ લાગણી છે. તેમણે આ દેશના લોકોમાં સ્વરાજ્ય માટેની સક્રિય અભિલાષા ઉત્પન્ન કરવામાં અતિશય ઉપકારક ફાળો આપ્યો છે. લોકોના હૃદયમાંથી ગુલામીનો ભાવ નાબૂદ કરવામાં અને સાદામાં સાદું પવિત્ર જીવન બનાવવાની ધગશ ઉત્પન્ન કરવાનું પણ મહાન કાર્ય કર્યું છે. લોકોનાં હૃદયમાં જેલ અને બીજા પ્રકારની વિપત્તિઓ સહન કરવા માટેની ક્ષમતા ઉત્પન્ન કરવામાં પોતાની જાતનો આદર્શ ઊભો કરી પ્રોત્સાહન આપ્યું છે. એવા પ્રકારની તેમની સેવાઓનું ઋણ આ જાતિ આ જન્મમાં ચૂકવી શકે તેમ નથી, પણ મારા નાના ભાઈ તરીકે મારે એમની સાથે અમુક કાર્ય કરવાની પદ્ધતિમાં મતભેદ હોવાનો સંભવ હોઈ તે પ્રગટ કરવામાં મારો અધિકાર સમજું છું અને તે અધિકાર ગાંધીજી પણ તેમના સિદ્ધાંત પ્રમાણે સ્વીકારવાની આનાકાની ન જ કરી શકે: તો પછી તેમના અનુયાયીઓને તો તેનો ઇન્કાર કરવાનો અધિકાર જ કેમ હોઈ શકે?

ગાંધીજીનો જન્મ કાઠિયાવાડમાં તે વખતે થયો કે જ્યારે હિન્દુ-મુસ્લિમ પ્રશ્ન જ ન હતો અને ગાંધીજી પહેલવહેલાં દક્ષિણ આફ્રિકામાં મુસલમાન વ્યાપારીઓનો કેસ લડવા માટે જ તેઓની બંધણીમાં આવીને ગયેલા. ગાંધીજીના પિતાશ્રી પોરબંદર રાજ્યના એક વખતના દીવાન હોઈ ગાંધીજી પ્રત્યે એક સામાન્ય કરતાં વિશેષ મનુષ્ય તરીકે પોરબંદરના મુસલમાન વેપારીઓને—ખાસ કરીને જ્યારે કે તે તેમના કેસ માટે જ ત્યાં ગયેલ હોય—તેમના માટે જેટલો સદ્‌ભાવ હોઈ શકે તે અસ્થાને ન જ ગણાય; અને ગાંધીજીના હૃદય ઉપર તે લોકોના માટે જે પ્રીતિ અને ભાવ ઉત્પન્ન થયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે સામાન્ય માણસ પણ માનપૂર્વક સ્વીકારી શકે. ગાંધીજીનું શિક્ષણ કોમી મતભેદ વગરની દશામાં પ્રાપ્ત કરેલ અને કોમી મતભેદ વગરનાં ઇંગ્લિશસ્તાનની ભૂમિમાં વિશેષ જ્ઞાન મેળવેલ તથા ખ્રિસ્ત અને ટૉલસ્ટોય જેવા મહાનુભાવોના સાર્વજનિક હિતઉત્પાદક ઉપદેશો વાંચીને તેમના હૃદયમાં પ્રાણીમાત્ર માટે સમાનભાવ ઉત્પન્ન થાય તે સ્વાભાવિક જ છે. પણ તે જ ભાવનાથી ખેંચાઈ વર્તમાન સમયના કોમીવાદી લોકોને તે જ દૃષ્ટિએ જોવા અને તે પ્રકારે તેમની સાથે મળી કાર્ય કરવાની ભાવના તથા વિશ્વાસ રાખવામાં અનુભવ ન હોવાને કારણે તેમણે જે મહાન ભૂલો કરી છે અને દક્ષિણ આફ્રિકાની સરકાર તેમ જ હિન્દની સરકારના કાર્ય કરનાર મુત્સદ્દીઓને સામાન્ય માણસની કોટિના ગણી તેમનાથી સારમાણસાઈની આશા રાખવામાં જે ભૂલો કરી છે તેના પરિણામે નથી તો દક્ષિણ આફ્રિકાની હિન્દી પ્રજાને કંઈ લાભ થયો અને નથી તેમના વીસ વર્ષના પરિશ્રમના પરિણામે તેમના પુરોગામીઓ પેઠે હિન્દી પ્રજાને કંઈ લાભ થયો: અને તેવાઓથી ઇચ્છિત લાભ મળવાનો પણ સંભવ હોઈ શકે નહિ. કારણ કે કોમીવાદી લોકો વ્યક્તિત્વને ખોઈ નાખે છે તેવી જ રીતે રાજકીય મુત્સદ્દીઓ રાજ્યહક્કની નિષ્ઠામાં પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસે છે. તો કોમીવાદ અને સામ્રાજ્યવાદ ઠર્યા જડપદાર્થ. એ જડ વાદો ગાંધીજીની હાર્દિક ભાવનાઓને ઓળખી યે ન શકે અને એને સંતોષી યે ન શકે. ઓળખવું અને સંતોષવું એ તો ચૈતન્યનો ધર્મ છે. જડમાં એવા ધર્મો રહેલા હોતા નથી. એ જો ગાંધીજીએ કોઈ પણ મહાન પુરુષની સેવા કરી તત્ત્વ જાણ્યું હોત તો કદાચ એવી ભૂલ કરત નહિ; પણ મંદભાગ્યે એમનાં તપ અને ભોગના પ્રતાપે લોકોએ એમને મહાત્માની પદવી આપી અને પોતાના ગુરુ તરીકે માની તેમની આરતીઓ ઉતારવા તથા પૂજા કરવા માંડી. કોંગ્રેસે તેમને પોતાના ડિક્ટેટર (સરમુખત્યાર) બનાવ્યા. એટલે ગાંધીજીને પોતાથી કોઈ બીજો મોટો વિશેષ જ્ઞાની અને તપસ્વી પુરુષ ભાસ્યો જ નહિ. તો પછી કોને ગુરુ ગણી શિક્ષા મેળવે? તેમાં ગાંધીજીનો યે દોષ શો? એ તો એમના ભાવુક શિષ્યોએ ગાંધીજીને પરમ હાનિ પહોંચાડી અને મહાસભાવાદીઓએ એમની હામાં હા મેળવી, એ જે કાંઈ કહે કે કરે તે સત્ય જ છે, બીજા કોઈને વિચાર કરવાનો અધિકાર સરખો નથી, તેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાલ આવી જવાથી–ગાંધીજીને એમ લાગ્યું કે તેઓ માને છે, કહે છે અને કરે છે તે જ સર્વોપરી સત્ય છે. એમની માનેલી અહિંસાને કોઈ હિંસા કહી શકે નહિ, તેમનાં માનેલાં સત્યને અસત્ય કહી શકે નહિ; ત્યારે તેમની સ્થિતિ ફાસિસ્ટ મુસોલિની જેવી થઈ. એમનાથી વિરુદ્ધનો મત ધરાવે કે પ્રગટ કરે તો તે માણસ આખા હિન્દમાં પતિત, દેશદ્રોહી વગેરે વગેરે નામો પામે.

ગાંધીજીની નીતિથી સામાન્યતઃ અખિલ હિન્દી પ્રજાને અને ખાસ કરીને હિન્દુજનતાને જે અવર્ણનીય હાનિ વેઠવી પડી છે તેનો વિચાર કરતાં કોઈ પણ વિચારશીલ સ્વદેશપ્રેમીનું હૃદય કાંપી ઊઠે છે; એટલે મારાથી તો કોઈ વખતે તેમની નીતિ સામે બોલ્યા વગર રહ્યું જાતું નથી. આશા છે કે સુજ્ઞ પાઠક મારા આશયને સમજી લઈ, મારા કથનનો વિપરીત અર્થ કરી ગાંધીજી પ્રત્યે મને અણગમો કે દ્વેષ છે તેના દોષભાગી મને કહી તથા પોતે થઈ છેવટ ગાંધીજીની શિક્ષાને લજવતા અટકશે.

છેવટમાં હું મારા ભાઈ શ્રીમાન ગાંધીજીને પણ વીનવું છું કે જો એક વખત વેદ, શાસ્ત્રો, યથાસમય કોઈ યોગ્ય પુરુષ પાસે સમજી લેશે તો તેમને જણાઈ આવશે કે તેમનો ઉપદેશ જો કે દેખીતો હિન્દુધર્મ પ્રમાણે જણાય છે પણ ખરેખર વેદ, શાસ્ત્ર અને ઋષિઓનાં આદેશોથી તદ્દન વિપરીત છે. તેથી આર્યજાતિનું તો શું પણ સંસારના કોઈ પણ દેશ, વ્યક્તિ કે જાતિનું કલ્યાણ થઈ શકવું અસંભાવ્ય છે. ઋષિમુનિઓએ કરેલી શોધખોળો નૈસર્ગિક નિયમો ઉપર રચાયેલી છે કે જેમાં કોઈ પણ કાળ કે સ્થળને લઇને પરિવર્તન ન જ થઈ શકે.

ગાંધીજીને યાદ હશે કે દક્ષિણ આફ્રિકામાં મેં તેમને કહેલું કે તમે આ રાજદ્વારી મામલામાં માથું મારવા કરતાં જો લોકસેવા, નીતિ, ધર્મના પ્રચારમાં લાગો તો વધારે ઉપયોગી થઈ પડશો. જો કે તે દિવસો કરતાં આજે ગાંધીજીના વિચારોમાં હિન્દુસ્તાન અને વિલાયતની ગવર્નમેંટો અને મિ. ઝીણા જેવા મુસ્લિમ આગેવાનોના સંબંધમાં થયેલા અનુભવોથી ઘણો જ ફેર પડી ગયો છે; પણ મારો તો હજી પણ તેમના સંબંધમાં ત્યાં સૂચવેલો અભિપ્રાય બદલાયો નથી. મને તો લાગે છે કે એમનું રાજકીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ચસ્વ, એમની નૈતિક, સામાજિક તથા સ્વાદેશિક સેવાઓ તથા આત્મભોગોને જ આભારી છે. તેમના કૃત્રિમ સત્યાગ્રહની ચળવળને મેં કોઈ પણ દિવસે અનુમોદન આપ્યું નથી.

સાંપ્રત પરિસ્થિતિ

જ્યારે સરકાર સાથે સ્વરાજ મેળવવાની વાટાઘાટો કરતાં કોંગ્રેસે અહિંસાના સિદ્ધાંતને તજી, કોંગ્રેસ પ્રત્યેની જવાબદારીથી ગાંધીજીને મુક્ત કરેલા તે વખતે મને ઘણો સંતોષ થયેલો; પણ જ્યારે મંદભાગ્યે સરકારે કોંગ્રેસની ઇચ્છા સંતોષવાની ના પાડી ત્યારે કોંગ્રેસ ફરીવાર ગાંધીજીને શરણે ગઈ: અને જ્યારે ક્રિપ્સ સાથેની વાટાઘાટો તૂટી પડી ત્યારે ફરી ગાંધીજીને સર્વ સત્તા સોંપી બેઠી. જેના પરિણામમાં કોંગ્રેસની વર્કીંગ કમિટીનો ઠરાવ મહાસમિતિએ પસાર કર્યો કે સરકારે કોંગ્રેસના સર્વ કાર્યકરોને જેલમાં હડસેલી મૂક્યા. કોંગ્રેસની એ કાર્યવાહીના સંબંધમાં લોકોના ભિન્ન ભિન્ન મત છે. મારા પોતાના મત પ્રમાણે તો જ્યારે સરકારે ધારાસભાની સંમતિ લીધા વગર હિન્દુસ્તાનને લડાઈમાં જોડેલું તે વખતે કોંગ્રેસ સરકારોને રાજીનામાં દેવાની કાંઈ જ જરૂર ન હતી; કદાચ સરકાર લડાઈ માટે કામ કરવા ફરજ પાડત તો તે ફરજ ગવર્નરો પોતાની સત્તાથી બજાવી લે એમ કોંગ્રેસ સરકારો કહી શકત અને પોતાની રાજકીય કાર્યવાહીને વળગી રહી શકત. કારણ કે લડાયક કામકાજોમાં વિઘ્નરૂપ ન થવા માટે તો કોંગ્રેસ પોતાના ઠરાવથી બંધાયેલી હતી જ; પણ રાજીનામાં આપ્યાથી જ્યારે સરકારે એ લોકોને પુનઃ રાજકાર્યમાં જોડાવા માટેની વાટાઘાટો તરફ બેદરકારી કરી ત્યારે તો કોંગ્રેસની હસ્તી જ જોખમાઈ અને જ્યારે ક્રિપ્સ સાથેની વાટાઘાટો ભાંગી પડી ત્યારે તો કોંગ્રેસને પોતાની હયાતી કાયમ રાખવા માટે જેલ ભરવા સિવાય બીજો કોઈ મારગ ન હતો.

કેટલાક અણસમજુ લોકો અમેરિકા, રશિયા, ચાઈના અથવા બ્રિટિશ કોલોનીઓ મારફત સરકાર પર દબાણ લાવીને સ્વરાજ મેળવવાની અભિલાષા સેવે છે; પણ હિન્દુસ્તાનના અમુક ઉદ્યોગો જો અમેરિકાને ત્યાં ઘરેણે મુકાઈ ગયા હોય અને જો બીજાં સંસ્થાનોને હિન્દુસ્તાનમાં વ્યાપારિક છૂટછાટો અને લાભોનો સમાન હક અપાઈ ગયો હોય તો તેવાઓ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લાભો જતા કરી હિન્દના સ્વરાજને સહાયતા કેમ કરશે તે વિચાર કરવા જેવી વાત છે. રશિયા અને ચાઈના જે ઍંગ્લો-અમેરિકન સરકારોની સહાયતા ઉપર જીવે છે તેનાથી એવું દબાણ કેમ કરીને થઈ શકશે તે પણ વિચાર માગી લે છે. હમણાં જ જનરલ સ્મટ્સે ગાંધીજીની પ્રશંસા કરતાં સ્વરાજ માટે હિન્દુસ્તાનીઓને માથે જ આગળ વધવાની ફરજ દર્શાવેલી —ઢોળેલી છે.

રાજાજી જેવા મારા દેશવાસીઓ જે મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણીને કબૂલ રાખીને પણ જો સ્વરાજ લેવા માગતા હોય તો તેની સામે મારે હિન્દુઓને ચેતાવવાની ફરજ પડે છે કે ઇતિહાસ વાંચતાં મુસલમાનોએ રાજ મેળવવાની સાથે ગેર-મુસ્લિમો પર કેવા અત્યાચારો કરી, તેઓનાં ધર્મ, સંસ્કૃતિ તથા જ્ઞાનગ્રંથો અને ભાવનાઓનો નાશ કરેલો છે તે ઉપર વિચાર કરતાં અને હાલને તબક્કે તેમ જ અત્યારનાં હિન્દના મુસલમાની રાજ્યોમાં પણ હિન્દુ સંસ્કૃતિ, ભાષા, ધર્મ અને રીતરિવાજ કેવી ફરજિયાત રીતે કચડી નાખવામાં આવે છે તે દરરોજના બનતા બનાવો જોતાં હું તો સાચા મનથી માનું છું કે મુસલમાની હકૂમતને તાબે આવવા કરતાં કદાચ થોડી વધારે મુદ્દત માટે બ્રિટિશરોની હકૂમતને તાબે રહેવું પડે તો તે સહ્ય માનું છું. કારણ કે અંગ્રેજો તો માત્ર અર્થપ્રિય જ છે ત્યારે મુસલમાનો તો અમારી આર્યજાતિને જ સમૂળગી મિટાવી દેવા માગે છે.

હું મારા હિન્દુઓને ખાતરી આપું છું કે મુસલમાનોની સહાય વગર સ્વરાજ ન મળે એ માન્યતા જ ખોટી છે, અને આપણી કાયરતાની સૂચક છે. સ્વરાજપ્રાપ્તિ માટે જે લોકો ભોગ આપવા તૈયાર હશે તેઓ કોઈની પણ સહાયતા વગર તે મેળવવાના છે. જો દઢતાપૂર્વક સરકારને ખાતરી કરાવી દેવાય કે પાકિસ્તાનની યોજનાને તાબે એક પણ હિન્દુ રહેવા તૈયાર નથી તો સરકારનું ગજું નથી કે તે ફરજિયાત પાકિસ્તાન હિન્દુઓ ઉપર લાદી શકે. માત્ર ભાવનામય વિશ્વાસને દઢ કરવાની આવશ્યકતા છે અને પછી તો પ્રભુ પરમાત્મા ભેરે છે જ. માત્ર દુઃખની વાત એ છે કે કેટલાક હિન્દુઓ અજ્ઞાન, સ્વાર્થ અથવા તો ખોટી મોટપ મેળવવાની ખાતર મુસલમાનોની આત્મનિર્ણયની માગણી કબૂલ કરવાની ઉદારતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવતાં તેઓ રાષ્ટ્રની સાથે દગલબાજીની રમત રમે છે. હું તો તેવાઓને રાષ્ટ્રવિઘાતક માનું છું. ખરેખર તો તેઓ અમીચંદ અને જયચંદનો ભાગ ભજવી રહ્યા છે. હિન્દુ પ્રજાએ તે લોકોની વાતનો જરા ય વિશ્વાસ કરવાનો નથી. જો આ વખતે હિન્દુઓ અજ્ઞાનવશ આવી માગણીઓ કબૂલ કરવા લલચાશે તો તે લોકો વંશપરંપરા માટે રાષ્ટ્રની ઘોર ખોદવાનું કામ કરશે અને વંશવારસોને માટે ગુલામીની બેડીઓ તૈયાર કરી જશે. સદ્‌ભાગ્યે અત્યારે હિન્દુ પ્રજાને વીર સાવરકર જેવા નેતા મળી જવાથી તેઓ એવી મૂર્ખાઈ કરશે તો નહીં જ; છતાં ય તેઓને સાવધાન કરવાની ફરજ સમજી મારે આ શબ્દો કહેવાની જરૂર પડી છે. મારી લાંબી ઉંમરના અનુભવ પ્રમાણે પરમાત્માએ વીર સાવરકરરૂપી આગેવાન આપી હિન્દુજાતિનો ઉદ્ધાર કરવાનું નિર્માણ કર્યું છે. મારા હિન્દુ ભાઈઓને પરમાત્મા સદ્‌બુદ્ધિ અવશ્ય આપશે કારણ કે મારો નિશ્ચિત વિશ્વાસ છે કે આર્યજાતિ મરવા માટે સરજાયેલી નથી; અને નિકટના ભવિષ્યમાં તેનો પુનરોદ્ધાર થશે અને તે દ્વારા અખિલ વિશ્વમાં શાંતિ સ્થપાશે. મુસલમાની સંસ્કૃતિનો આધાર તલવાર છે. યુરોપીય સંસ્કૃતિનું પરિણામ તો અત્યારે બધા ય જોઈએ છીએ જ. માત્ર આર્યસંસ્કૃતિ જ એક માત્ર સાચી સંસ્કૃતિ છે કે જે દ્વારા દુઃખિત પ્રજાને નીતિ, ન્યાય–સમવેદના અને ભ્રાતૃભાવની પ્રાપ્તિ થઈ શકશે જ.

શંકરાનંદ સ્વામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

"'હિન્દુત્વ' એ તો શાશ્વત 'સત્ય'ની અદમ્ય આરાધના છે. એ આજે મૃતપ્રાય, અકર્મણ્ય કે અધોમુખ થઈ પડી છે તેનું કારણભૂત તો છે આપણું શૈથિલ્ય. જેવી એની મૂર્ચ્છા વળશે કે અગાઉ ન જોયેલા પ્રકાશ વડે હિન્દુત્વ જગતને ઝળહળતું કરી મૂકશે."

—ગાંધીજી

અમે હિન્દુ...! ?

ના. વાસ્તવમાં તો બ્રાહ્મણ, વાણિયા, ગરાસિયા, કણબીથી માંડીને કોળી, વાઘરી અને ઢેઢ–ભંગીની કોઈ ને કોઈ નાતના, તડના, ઊંચા ને ઊતરતા એવા શૈવ, શાક્ત, વૈષ્ણવ, સ્વામીનારાયણ, જૈન, શીખ, બ્રહ્મો કે આર્ય.

અખિલ હિન્દ બ્રાહ્મણસમાજથી માંડીને તળપદા સંમેલનો, સ્થાયી-ફંડો, યુવકસંસ્થાઓ, માસિકપત્રો અને ધારાધોરણો દ્વારા નાતના અભ્યુદય અર્થે સંગઠિત થવા મથનારા......અમે હિન્દુઓ હવે સીધા હિન્દી થવા, ગણાવા અને કહેવરાવવામાં માનીએ છીએ.

અમારી નાત સુધારક છે, પછાત છે, સાહસિક છે, શ્રીમંત છે, દલિત છે, શ્રમજીવી છે, નિઃસહાય છે, નાની છે, કુલીન છે, અને અજ્ઞાન છે. અમે રોટી, બેટી અને આભડછેટના સુધારા કરવા ઘણા મથીએ છીએ. વરવિક્રય, કન્યાવિક્રય અને વિધવાવિવાહની સામાજિક રૂઢિઓ પણ નિવારવા પ્રયત્ન કરીએ છીએ. અમારે આગળ આવવું છે. બીજાં વરણને પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડી છક કરી દેવાં છે. અમારા એ પ્રયત્નો ભલે ગોકળગાયની ગતિએ ચાલે કે અટકી ઊભા લાગે કે સ્વદેશી, હરિજન-સેવા, દારૂબંધી અને મંદિરપ્રવેશ જેવાં દેશનાં કામો આડે અટકી પડે. સ્વરાજનાં નાનાંમોટાં કામો માટે અમે...અરે અમારી વહુદીકરીઓએ સભાઓ ભરી છે, ગજવી છે. ફંડફાળા ભર્યા છે, એકઠા કર્યા છે. હોદ્દાઓ છોડ્યા છે, શિક્ષણ ત્યાગ્યું છે, દંડ ભર્યા છે, પિકેટિંગો કર્યાં છે, જાડી ખાદી અપનાવી છે, જેલો ભરી છે. હિન્દી તરીકેનાં અમારાં એ કાર્યો અમારી નાતનાં સુપુત્ર-સુપુત્રીઓને વ્યક્તિગત સત્યાગ્રહ માટે ગાંધીજી પસંદ કરે તો તેમને માનપત્ર આપી અભિમાન લીધાં છે. તેમના અને એમ નાતનાં બહુમાન કર્યાં છે.

અને વિલાયતગામીને પ્રાયશ્ચિત્ત કરાવ્યાં છે. નાત બહાર કર્યા છે. સાથે અમારાં સંતાનોને અહીં બેઠે વિલાયતી શિક્ષણનો લાભ અપાવ્યો છે. પરનાતીલાનું ઘર માંડતી નાતીલીને અમે ધિક્કારી છે, તેનાં માબાપ તથા સગાં-સાઈને છતાં કર્યાં છે. એક ઉપર બીજી આપનાર-કરનારને અમે વગોવ્યાં છે.....વગેરે વગેરે...એવું એવું તો અમે ઘણું કર્યું છે, કરીએ છીએ કેમકે હવે અમે હિન્દી છીએ.

“એક હિન્દુ તરીકે સમગ્ર જાતિના ધ્યેયના શ્રેય સાથે હરેક કોમે પોતાનું ભાગ્ય જોડ્યા વગર છૂટકો નથી” એ વિચાર અમને હડહડતો કોમી લાગે છે. હા, કોમી રમખાણો વેળા હુલ્લડોમાં ભોગ થતા અમે બચવા માગીએ છીએ. ભોગ થયેલા અમારી નાતવાળાઓને અમે રાહત આપીએ છીએ. નાતના ફંડફાળામાંથી છૂટે હાથે અમે તે વખતે મદદ કરીએ છીએ. નાતનાં વાડીવંડા ખુલ્લાં મૂકી દઈએ છીએ. પોળોનાં બારણાંની મજબૂતી તપાસીએ છીએ, પોળોના અખાડાઓને મદદ કરીએ છીએ...કેમકે અમે હિન્દી છીએ.

છતાં અમને હજુ હિન્દુ તરીકે જ હડધૂત કરવામાં આવે છે. અમે તો ઘણે બીજી બિનહિન્દુ કોમોને, પણ આપમેળે અમારા જેવી ‘હિન્દી’ ગણી તેનું અભિમાન લેતા રહીએ છીએ: પણ તેવા અહિન્દુઓ પોતાને અમારા જેમ ‘હિન્દી’ માનવા જેવા હજી તૈયાર નથી. સમજુ યે નથી. વાસ્તવમાં તો હિન્દુઓમાંથી હરિજનો, આદિવાસીઓ, દ્રાવિડીઓ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્રાહ્મણો જુદો ચોતરો જમાવી રહ્યા છે. ત્યારે પારસી, ખ્રિસ્તી અને મુસલમાનો તેના તે જ રહ્યા છે.

અમે ચોક્કસપણે માનીએ છીએ કે સાચા 'હિન્દી' થવાશે. 'હિન્દુ–મુસલમાન' મેળ સાધીને સાચા હિન્દી થવા પહેલાં સ્વરાજ હાંસલ કરવું પડશે. સંપીજંપી સાચવવું, જમાવવું અને જોગવવું પડશે. દેશની ચૂસાયેલી, ચૂંથાયેલી, રોગગ્રસ્ત કાયાના ઘા રૂઝવી નવું લોહી પૂરવું પડશે. પોતાને નકરા હિન્દી માન્યે જવાની એક અણઘટિત હવાઈ ભાવનાથી ગુજારો નહિ થાય.

તો હિન્દુઓએ હિન્દુ હોઈને કે બાકીનાએ મુસલમાન, ખ્રિસ્તી કે પારસી હોઈને શું કામ, કેમ કરતાં અને ક્યાં શરમાવા જેવું છે કે તેવા હોવામાં 'હિન્દી'પણું કેમ કરતાં સરી જાય છે તે જ સમજાતું નથી. એ તો ઉઘાડું છે કે હિન્દુસ્તાનમાં એ બધી કોમો હસ્તી ધરાવે છે જ. જેમાં સૌથી વિશેષ સંખ્યા હિન્દુઓની છે. અને આજે ભલે 'હિન્દુ' શબ્દનો એક કોમ પૂરતો અર્થ ઘટાવવામાં આવે પણ આજની ઘડી સુધી એ શબ્દમાં 'હિન્દી' જેટલું જ દેશવાસીપણું, કરોડો હિન્દુઓએ અનુભવ્યાં કર્યું છે: જે હજુ ઓસરી ગયું નથી.

'હિન્દી' એટલે તો હિન્દવાસી જ ને? "પ્રથમ હિન્દુસ્તાન." નાત નહિ, જાત નહિ, સહુથી પહેલાં દેશ. એમ જ ને? અને એ દેશ એટલે તો હિન્દુ, મુસ્લિમ, પારસી, ઈસાઈ આદિ કોમોથી વસેલો, અંગ્રેજ પ્રજાના તાબાનો એશિયાઈ વિભાગ જ ને? એ દેશની એક મુખ્ય અને મોટી હિન્દુ કોમમાંથી જ્યાં વર્ણ, ધર્મ અને સ્થાપિત હિતો–અધિકારોના ભેદો ઉકેલી કે મિટાવી શકાયા નથી ત્યાં હિન્દુઓ ઉપરાંતની બીજી કોમોને પણ સામાજિક, ધાર્મિક અને આર્થિક મતભેદો કે તફાવતોને દફનાવી સર્વતોગ્રાહી "હિન્દુસ્તાનવાસી–દેશી" તરીકેની ભાવનાભર્યાં ધારી લેનારી 'હિન્દી'ની નિરાધાર કલ્પના લડાવવાનો શું અર્થ છે?

હિન્દુઓને હિન્દુ હોવામાં શરમ આવે કે બીક લાગે છતાં હિન્દુના હિન્દુ રહેવું છે. અને હિન્દી થવાનો અભખરો રાખવો છે. હિન્દીપણાનો દંભ વેંઢારી મુસલમાનોને હિન્દુઓની નિષ્ઠા વિરુદ્ધ કુશંકા કરતા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવા છે. અને કરોડો મૂંગા, અજાણ, રાંક, પ્રભુભીરુ, શુભનિષ્ઠ અને રાજખટપટોથી વેગળાં એવાં કર્તવ્યપરાયણ હિન્દુઓની વિરુદ્ધ ઊભા કર્યે જવા છે. ભુલાઈ જવા આવેલાં વૈર અને વૈમનસ્ય તાજાં કરી ઉશ્કેરી મૂકવા છે. સાથોસાથ હિન્દુ–મુસ્લિમ એકતા માટે હિન્દુ ધર્મશાસ્ત્રો સમજવા–વાંચવાની ફુરસદ નથી, છતાં કુરાનનો અભ્યાસ કરી મુસલમાન ભાઈઓના ધર્મ પ્રત્યેનો સદ્‌ભાવ કેળવવો છે. અને હિન્દુ–મુસ્લિમ એકતાની બાંગો પાડ્યે જઈ હિન્દીપણાના અભિમાનની વાહિયાતો ચલાવવી છે.

આગે ભડભડતા હિન્દુલતાઓ, નીંગળતાં લોહિયાળ શબોથી છવાઈ ગયેલા અને ભડોભડ બારણાં વાસી ઘરમાં ભરાઈ ગયેલા કાયરોથી ઉજ્જડ બનેલાં રસ્તાઓ, શહેરો છાંડી નાસતા નિરાશ્રિતો, ભાંગતાં મંદિરો અને હિન્દુઓનું નિકંદન કરવા સજ્જ, નિયંત્રિત અને વ્યવસ્થિત થતી ગુંડાશાહી વચ્ચેથી જીવ બચાવી ભાગી છૂટવું છે કે તે વખતે નિર્ભય વિસ્તારોમાં "હિન્દુ–મુસ્લિમ એકતા"નું અરણ્યરુદન કરી હિન્દીપણાનો પરિચય આપવો છે. એ બધું વાસ્તવિક જ્ઞાન અને શીલવિહોણી નિર્વીર્યતા કે વંચકતાની પરાકાષ્ટાનું લક્ષણ છે.

પછી એવા હિન્દીપણાની પેદાશ જેવો 'હિન્દુ–મુસ્લિમ ઐક્ય'નો પ્રશ્ન હજી બળી કે દટાઈ ગયો નથી કહી લમણે હાથ મૂકી નિષ્ક્રિય બેસી રહેવું છે કે લાકડું લાકડાને ભારે ભાંગી જાય તેવા મીંઢા રસ્તા પકડી મુત્સદ્દીગીરી લડાવવી છે કે સામા આપમેળે થાકી જાય તેવી પોતાની સલામતી સાચવી લીધા પછીની ઠંડી ક્રૂરતા અજમાવ્યે જવી છે. જ્યારે એ પ્રશ્ન તો વણપત્યો, વીફરતો, વણસતો ઊભો જ છે તે જાણે જોવું નથી. એ પ્રશ્નને ઊગતો ડામવાને બદલે એને પોષણ આપવા જેવી નીતિ અખત્યાર કરવી છે. અને આજે હવે 'પાકિસ્તાન'ના પાયા ધરબી રહેલા તે પ્રશ્નની આપઘડી પેદાશથી, દેશની નબળી નાડનું નિદાન, દ્રોહીઓ હસ્તક સોંપવું છે. હિન્દનું અપમાન, અહિત અને અવનતિ કરનારાઓને હથિયાર પૂરાં પાડી રહેલો, હિન્દને સ્વતંત્રતા માટે નાલાયક સાબિત કરી રહેલો, અને થોડા ઘરઘાતકી દેશીઓને મોંઘી કિંમતે નેતાપણું બક્ષી રહેલો એ 'હિન્દુ–મુસ્લિમ ઐક્ય' પ્રશ્ન પોતાનાં દૂધસાકરચોખા સલામત રાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે વધાવવા ખાતર જ દેશસેવા સાધનારાઓને તેમની સેવાના બદલા તરીકે જ પ્રાપ્ત થયો છે.

પોતે જો હિન્દુ છે જ. નાછૂટકે પણ હિન્દુ છે જ, નાઇલાજ, નારાજ કે નાંચસાંચ પણ હિન્દુ છે જ તો પછી સાચા વિશુદ્ધ હિન્દુ બની રહેવામાં શું ખોટ પડે છે! કયો આંચકો આવે છે! કાગડાકૂતરાને નહિ પણ હિચકારાને મોતે મરવાની સ્થિતિમાં મુકાતા હિન્દુઓને જો મોત અફર લાગતું હોય તો પછી સાચા હિન્દુ થઈને મરવા તૈયાર થવાનું કેમ સૂઝતું નથી ? કે પછી છાજતા 'હિન્દી' માં ઘટતુંખૂટતું હિન્દુપણું ઉમેરી લેવામાં કોણ આડું આવે છે ! પોતે જે જાતિનો છે તે ભૂલી રહેવા, છુપાવવા કે અળસાવવાનું હવે આજે હિન્દુઓના હાથની વાત રહી નથી તો પછી એઉ બગાડવા કરતાં એક સુધારી લેવામાં શું નડે છે ?

એવા હિન્દીમાં જે હિન્દુત્વ સમાય છે કે તે જ્યાં ટકી રહ્યું હોય તેમને વર્તમાન રાષ્ટ્રીયતાની ઓથે કે પરદેશી રાજ્યરક્ષણની છાંયે જો સૂઝતું ન હોય તો દર્શાવવા અને તેમનામાંના હિન્દુત્વને સ્પર્શવાનો આ પ્રયાસ છે. તેમને–પોચી ભેખડે ઊભેલાને આંગળી ચીંધવાની આમાં નેમ છે.

બાકી ખરી રીતે હિન્દુઓ તો હિન્દુસ્તાનને પનારે પડ્યા છે એટલે 'હિન્દી' છે જ પણ બીજા અહિન્દુઓ જે હિન્દના આભધરતી પર ગદરી રહ્યા છે, જે હિન્દને નસીબે આવી પડેલા છે હિન્દે અપનાવેલા કે આશરો આપતાં હિન્દુસ્તાનીઓ બની ચૂક્યા છે, તેમને જ સાચા 'હિન્દી' થવાનું બાકી છે.

'સ્વતંત્ર હિન્દુસ્તાન'ની ઝંખનામાં ઘરઆંગણાના આગળિયાઓ ઉઘાડા મૂકી બેસવા જેવી એકમાર્ગી રાષ્ટ્રીયતાની ધૂનમાં, દેશની વાસ્તવિક દશા ભૂલી બેઠેલા આકળા સ્વરાજભાવુકો માટે થોડી નગ્નસત્ય હકીકતો, આંકડાઓ અને વિગતોનાં સારણ રજૂ કરી લઈએ. અને સાચી રાષ્ટ્રીયતાને યોગ્ય બની શકવામાં, માનવતાનાં–શાશ્વત મંગળની કલ્યાણ કામનાની વિચારવાટ સંકોરી, સત્યાન્વેષણનું થોડું ઘી પૂરી 'વસુધૈવ કુટુંબકમ્'નું અજવાળું પ્રગટાવવાની વેદઆજ્ઞા બજાવી લઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષયરોગગ્રસ્ત હિન્દુજાતિ

ઘણા હિન્દુઓને હૈયે હિન્દુધર્મ કે જાતિનું કંઈ જ હીણું વસતું નથી. તેમને હિન્દુઓને વિષે કંઈએ ઊંચો જીવ કરવા જેવું જણાતું નથી. પણ જે હિન્દુને આ વિશાળ સૃષ્ટિમાં આ દેશ પોતાના—હિન્દુઓના એકમાત્ર નિવાસ-સ્થાન તરીકે લગીરે પ્યારો હશે, પોતાના પૂર્વજોના ગૌરવભર્યા આદિવાસકાળે જે દેશ એક અખંડ, વ્યાપક યજ્ઞમય સદ્કર્મધામ હતું એનું કંઈએ જ્ઞાન જે હિન્દુના હૈયાંને સ્પર્શતું હશે, સમગ્ર પૃથ્વી પર જેણે આર્યજીવનનો ત્રિકાલાબાધિત કલ્યાણ-સંદેશ પહોંચાડી માનવ-સંસ્કૃતિનાં પીઠ સ્થાપ્યાં હતાં, માનવ માત્રનાં સુખશાંતિ, શ્રેયસૌભાગ્ય અર્થે જ્યાં લાંબી અંતરખોજને અંતે તપ તપીને સનાતન સત્ય સાર્વ્યું હતું, તે પૃથ્વીના નાભિસ્થાન આર્યાવર્તના અમર્ત્ય સંસ્કારની સરવાણી જે હિન્દુના હૃદયમાં હજુ યે આવતી હશે, તેને પોતાનાં પ્યારા વતનને—એક નિરાધાર* પુણ્યતીર્થભૂમિને માથે ઘેરાતા અમંગળ શ્યામ ઓળા ચીંધવા નહિ પડે. એવા જાગ્રત હિન્દુને પોતાનાં ધર્મ, જાતિ કે દેશનાં 'દારિદ્ર' 'પરચક્રિતા' 'વિઘ્નસંતોષી પરધર્મપ્રવેશ' નાં છીંડાં બૂરવામાં હિસ્સે પડતો ફાળો આપવા સાદ દેવો નહિ પડે. એવાઓને બહુ બહુ તો એમનાં મનોમંથનનું એક વધુ વખત પારાયણ કરવામાં, એમણે દોરેલા માર્ગની સરખામણી નક્કી કરવા કે ઘટતી માહિતીઓથી પરિચિત કરવા અને એમ એમનાથી સંસર્ગ સાધવાનું થશે.

અનેકદેશી આંધળાં અનુસરણમાં પોતાનું વર્ચસ્વ ગુમાવતી, પોતાપણું પરવારતી રહેતી આ દેશની હતપ્રભ, ગૌરવવિસ્મૃતપ્રજાનો મોટો ભાગ અને મુખ્યત્વે હિન્દુઓના યુગભાવી મહાનુભાવોએ યથાસમય, યથાશક્તિમતિ દોરેલી; સ્વશાસન માટેનાં આવલાં અને ધમપછાડાનાં પ્રતિક જેવી હિન્દી મહાસભા (કોંગ્રેસ) માં જેમને વિશ્વાસ છે તેઓની, પાછલા અર્ધા સૈકાની સ્વરાજમથામણમાં જેમનાં હાથ, હક્ક, હિસ્સો અને શ્રદ્ધા છે તેવા હિન્દુઓને, તેમની પોતાની જાતિની પરિસ્થિતિનું સાચું મૂલ્યાંકન કરાવવા—ઢાલની બીજી બાજુ દેખાડવાની આ કોશિશ છે.

---

* કારણ કે મોટા ભાગનાં હિન્દુતીર્થો સુડેટન પ્રદેશમાંની ઝેકોસ્લોવેક કિલ્લે-બંધીઓ જેમ પાકિસ્તાનને હવાલે જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુઓ જે બીજી અનેક દિશા અને ક્ષેત્રમાં પછાત પડતા, ઘસાતા રહે છે, ઘરબોળ લૂંટાતા, બાન પકડાતા, દીકરીવહુઓ ગુમાવતા, એકલા કે આખા પરિવાર સહિત વટલાતા દહાડેરાત ઓછા થતા રહે છે એ એક હકીકત છે. છાપાં, પુસ્તકોમાં છૂટાછવાયા એવા કિસ્સાઓ વાંચી "કર્યાં તેવા ભોગવે" કહી છૂટતા કે ખજૂરાનો એક ટાંગો ઓછો થયો માની એવી ઘાતક હિલચાલો પ્રત્યે ઉદાસીન રહેતા હિન્દુઓને પાછળ કેટલા ટાંગા રહ્યા છે કે પોતાને કોઈનાં કર્યાં ભોગવવાનું ક્યારે આવશે તેનું ભાન જ રહેતું નથી.

વટાળ પ્રવૃત્તિ

સન ૧૯૩૭ની સાલમાં આખી દુનિયાની વસ્તી બે અબજ, તેર કરોડ, ચાલીસ લાખ હતી. એમાં અડસઠ કરોડ ખ્રિસ્તીઓ, ઓગણપચાસ કરોડ બૌદ્ધો, ઓગણત્રીસ કરોડ મુસલમાનો અને સત્યાવીસ કરોડ હિન્દુઓ હતા. એ સંખ્યામાં હિન્દુઓ કેવા અને કેમ ઘટતા રહ્યા તે જોઈએ :–

સન ૧૮૮૧ની સાલમાં હિન્દમાં હિન્દુઓની સંખ્યા સેંકડે ૭૪·૮ ટકા હતી. સન ૧૮૯૧ માં સેંકડે ૭૧·૬ ટકા, ૧૯૦૧ માં ૭૧·૪ ટકા, ૧૯૧૧ માં ૬૯·૬ ટકા અને ૧૯૨૧ ૬૮·૭ થઈને ૧૯૩૧ માં હિન્દુઓની વસ્તી ૬૭·૭ ટકામાં ઘટતી જ ગઈ છે. જેને જન્મઘટાડો કે મરણવધારો તથા મહામારી સાથે કશો જ સંબંધ નથી. એ જો એમને એમ ઘટતી રહે તો ચાળીસમી વસ્તીગણત્રી વેળા હિન્દુસ્તાનમાંથી પછી એકાદ નમૂના દાખલ પણ હિન્દુ હાથ ન આવે.

ન સૂઝતું, ન ફાવતું, ન ગમતું, ન થઈ શકતું બધું ભગવાનને માથે ઢોળતા હિન્દુઓનો અફસોસ કરવો છોડી આ ભીષણ હ્રાસનાં કારણોમાં ઊતરીએ. એ કારણ સમજી ગયેલા એક મુસ્લિમ શાયરની ખુશાલી પૂરી પાડીએ :–

"કાફીરોં કા ખાતમા અબ જલ્દ હોને જા રહા,
દીન કા બસ દોર દૌરા હે જહાં મેં આ રહા."

પોતાના જ ધર્મકોમની ચઢતી–બઢતી ચાહતા એ ઉત્સાહી કવિની વધાઈનું રહસ્ય સમજદાર હિન્દુઓ અને હિન્દુઓ પ્રત્યે જેમને સમભાવ છે તેવા એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિના જાતભાઈઓની મમતા તથા સહાનુભૂતિ માથે ચઢાવી એમને ખાતરી આપીએ કે આ ઘટાડો ફક્ત હિન્દુઓ–કાફરો પૂરતો જ છે. સન ૧૯૧૧ ની હિન્દુજનસંખ્યા એકવીસ કરોડ પંચોતેર લાખની હતી તે ૧૯૨૧ માં એકવીસ કરોડ સત્તર લાખની થઈ ગઈ. અઠ્ઠાવન લાખ હિન્દુઓ ઓછા થયા. તે જ વર્ષોમાં છ કરોડ છપ્પન લાખ મુસલમાનો વધીને છ કરોડ એકાશી લાખ બન્યા. અને ૧૯૩૧ માં સાત કરોડની સંખ્યાએ પહોંચ્યા. તેવા જ ખ્રિસ્તીઓ ૧૯૧૧ માં ફક્ત આડત્રીસ લાખ હતા તે ૧૯૨૧ માં સાડાસત્યાસી લાખે પહોંચ્યા. કેવળ પંજાબ કે જ્યાં સન ૧૮૮૧ માં ત્રણસો સત્યાસી ખ્રિસ્તીઓ હતા તેનો પરિવાર ૧૯૨૧ માં જોતો ત્રણ લાખ સત્યાસી હજારમાં ઊમટી પડ્યો. આમ સરકારી અહેવાલોને હિસાબે આ દેશમાં **દર ચોવીસ કલાકે ત્રણસો હિન્દુઓ હિન્દુ મટી ખ્રિસ્તી બની બેસે છે.**

આ પુરુષાર્થને સફળ બનાવવામાં હિન્દુસ્તાનના ૧૩૭ મિશનરી સંઘો ફાળો આપે છે; જેમાં ૧૮૭૭૬ પાદરીઓ તથા ૫૦૦ દાક્તરો કામે લાગ્યા રહે છે: એમને ૪૦૩ તો ઇસ્પિતાલો છે, અને ૪૩ છાપખાનાંઓ છે. જેમાંથી ભગવાન ઈસુની છાયા પાથરતાં જુદી જુદી ભાષાઓમાં ૯૯ છાપાંઓ બહાર પડયે જાય છે. એમની વટાળ પ્રવૃત્તિને વેગ આપતાં બીજાં સાધનોમાં ૫૧ કૉલેજો, ૬૧૦ મિશન નિશાળો અને ૬૧ ટ્રેનિંગ કૉલેજો છે. જેમાં સાઠ હજારથી વિશેષ વિદ્યાર્થીઓ પવિત્ર બાઇબલની બ્રહ્મવાણીનું અહોનિશ પાન કરે છે. ખ્રિસ્તીઓની મુક્તિસેના (Salvation Army)નું જોરદાર કામ વળી લટકામાં. જેમાં ૩૦૮ યુરોપીઅન અધિકારીઓ, ૩૮૮૬ હિન્દુસ્તાની પ્રચારકો, ૫૦૭ પ્રાથમિક શાળાઓ, ૧૮૬૭૫ નિશાળિયાઓ, ૨૨૦ છાત્રાલયો, ૯૦૦૦ દાસદાસીઓ, ૧૧ માસિકો જેના વાંચનાર એકવીસ હજારથી વધારે છે. એમની સાર્વજનિક ૫૬૭ સંસ્થાઓ તો વળી ઉપરિયામણમાં, જેમાં ૩૨૮૦૩ આશ્રિતોનું પોષણ કરવામાં આવે છે.

આ કાફલો દિનરાત જે કમાણી કરે છે એનાં હિન્દુઓને હિસાબે તથા જોખમે થતાં પરિણામોથી ગાફેલ રહેવા જેવું નથી. હજુ હમણાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજકોટની આર્ટ્સ કોલેજ ખંડી હતી ત્યારે આ રસાલાની રીતો બહાર આવી હતી.

મતલબ, એમાં ભગવાનની લીલા ભણવાનો કોઈ જ અર્થ નથી. વટાળવેડા કે શુદ્ધિની પ્રગતિ આડે ભગવાન નથી આવતો. સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટી કે ભીલ સેવામંડળ દ્વારા ઠક્કર બાપા કે ફાધર એલ્વિન અને આર્યસમાજોની પછાત કોમો માટેની સેવા અલેખે ગઈ નથી, તે સુવિદિત છે. બાકી મુસલમાનો કે ઇસાઈઓથી વટાળવામાં આવતા હિન્દુઓની શુદ્ધિ કરવાની અગત્ય જેને સમજાઈ હતી એવા અમર આર્ય શ્રદ્ધાનંદજીની શુદ્ધિની જડીબુટ્ટીની કિંમત તો તેઓ જ બૂઝશે અને બૂઝે છે જેઓ પતિતપાવન પ્રભુની માર્ગભૂલેલા, ફોસલાયેલા, દીન-હીન, પીડિત, ત્રસ્ત અને દુભાયેલા, દુઃખિયા ધર્મભાઈઓથી ભરેલી હિન્દુજાતિનો ક્ષયને પંજેથી ઉગારો ચાહતા હશે; તેઓ સ્વધર્મ ફગવવા તૈયાર થઈ જતા નિઃસહાય અને અજ્ઞાન હિન્દુભાઈઓની પીડ-નાડ પારખશે. સમાનતા અને આત્મીયતાની હૂંફ દઈ વિધર્મી થઈ સદાના વૈરી બની બેસતા એવા વખાના માર્યા હિન્દુભાઈઓને અળગા થતા અટકાવવાનું પ્રાયશ્ચિત્ત કરશે. ખોળે લઈ નવાજશે. પ્રીતિ અને મુક્તિ બોધતા હિન્દુધર્મની વિશાળ ઉદાર નીતિના હાર્દ જેવી શુદ્ધિ તો હવે સિદ્ધ થઈ ચૂકેલી હકીકત છે. હિન્દુઓ માટે શાશ્વત ઉપકારક થઈ પડે તેવો એ રામબાણ જેવો ઉપાય જેણે સોચ્યો, અજમાવ્યો અને પાર પાડ્યો એવા શ્રદ્ધાનંદજીઓ સર્જતો હિન્દુધર્મ જાણે હજી ઇશ્વરની રખેવાળી પામતો લાગે છે.

પરધર્મ વેંઢારી રહેલા, થોડી પેઢીઓથી અહિન્દુઓ થઈ પડેલા હિન્દુઓને પાછા નોતરવાનું તો થતું થશે પણ હવે જે છે તેમાંથી ઓછા થતા અટકાવવાનું બિરદ ધારવું પડશે. પૈસે ટકે ખાલી, શીલસમજણ અને સાચાં ધર્મજ્ઞાન વગરનાં જીવન જોગવતાં, કૂતરાં, ઘોડાં કરતાં યે નપાવટ જીવન જીવતાં છતાં સ્વધર્મને વળગી રહેતાં કરોડો હિન્દુકુટુંબોના રામ ટકાવી રાખવા એ કહેવાતા ઉજળિયાત ઊંચા—ખરી રીતે તો સુખી અને સમજુ હિન્દુઓ માટે કેટલું ધર્મ્ય છે, માથેનું લાંછન ધોઈ નાખવાપણું છે તે જાણવું પડશે. તેટલું જ તેમના પોતાનાં સુખસ્વાર્થને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકાવી રાખવામાં મદદકર્તા છે તે જોવું પડશે. જો હિન્દુત્વનો એવો અને એટલો જ અર્થ કરીએ તો બહુમતી લઘુમતીમાં સંખ્યાનું મહત્ત્વ મુસલમાનોને જેમ સમજાણું છે તેટલું છેવટે હિન્દુઓને સમજાય તો ય ઘણું છે.

કોઈ ખાતલ–પીતલ હિન્દુ સીધી રીતે તો વટલાતો ઓછો જોવામાં આવે છે. પણ આડકતરું તેનું પતન કેટલે સુધી પહોંચી ચૂક્યું છે તે જોઈએ. યુરોપના એક વિદ્વાને બરાબર કહ્યું છે કે, " If you wish to destroy a nation, destroy its history and the nation will be abolished of its own accord. " અર્થાત્ કોઈ જાતિનું નામોનિશાન મિટાવી દેવું હોય તો સહુથી પહેલાં એનો ઇતિહાસ ભૂંસી મારો. બસ, એ જાતિનું ઠામઠેકાણું નહિ રહે. કોઈ ઉર્દૂ કવિએ પણ એ જ મતલબનું કહ્યું છે કે:—

" કૌમ કી તવારીખસેં જો બેખબર હો જાયગા,
રફ્તા રફ્તા આદમિયત ખો કે ખર હો જાયગા. "

આ જ કૂંચી પશ્ચિમવાળાઓએ પણ લાગુ કરી છે. એ જ ધોરણ એમણે એમના ગ્રંથો તથા લેખોમાં સાચવ્યું છે. પોતાથી બધી રીતે ચડિયાતા માની હિન્દીઓએ ગોરાઓને તેમ કરવાની ફરજ પાડી છે, એમ કહેવું વધુ સાચું છે. હિન્દીઓને–ખાસ કરીને હિન્દુઓને પોતાના ઉજ્જવળ પ્રાચીન ઇતિહાસથી વંચિત રાખી ઊલટું તે પ્રત્યે અખખો, શરમ અને માનહાની પેદા કરી આપ્યાં છે. હિન્દુઓના હૃદયમાંથી આજસુધીમાં જે આત્મગૌરવ ખસતું રહ્યું છે તે એમના પેલા કીમિયાથી. એવાઓની દેખાદેખીમાં આજ દેશના થોડા હૈયાદુબળાઓએ પોતાનાં સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મની નાલેશી આદરી દઈ એ પ્રાચીન ઇતિહાસ પર ધૂળ લીંપવા માંડી છે. હિન્દુઇતિહાસ અને ધર્મસંસ્કૃતિ ઉપર બેઉ બાજુથી ફેરવતા આ કરવતિયાઓને ચાર ભાગે વહેંચી શકાય:—

આંતર–બાહ્ય આક્રમણો

(૧) પાશ્ચાત્ય વિદ્વાનો અને એમના ભારતીય ચેલાઓ. જેઓ વૈદિક સાહિત્યના અધ્યયનને નામે આંતરરાષ્ટ્રીય વિદ્વદ્‌મંડળને પોતાનાં સંશોધન અને શ્રમનાં એવાં ફળ ચખાડચે જઈ ભણેલાઓનું બજાર હાથ કરી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) અંગ્રેજી અને ભારતીય ઇતિહાસકારો જેઓ આ દેશનાં શિક્ષણ-ખાતાંની નીતિના પાગિયાઓ હોય છે. જેઓ હિન્દુઓના પ્રાચીન ગૌરવની અદ્વિતીય, જવલંત, સર્વોચ્ચ ઉન્નત હકીકતોને મારી-મચડીને વિકૃત કરી મૂકી મનગમતો ઇતિહાસ ઊભો કર્યે જાય છે.

(૩) યુરોપ અમેરિકાના પક્ષપાતી ધંધાદારી લેખકો તથા ફિલ્મ-મંડળીઓ-જેઓ કોઈ ને કોઈ રાજકારણીય ઉદ્દેશસર હિન્દુસંસ્કૃતિને બદનામ કર્યા વગર પોતાની ઈસાઈ સંસ્કૃતિની શ્રેષ્ટતા સાબિત કરી શકતા નથી.

(૪) છેલ્લાં છેલ્લાં હિન્દી મહાસભા અને તેની પ્રાંતિક સરકારી નીતિ કે જેણે રાષ્ટ્રીયતાને નામે એકલાં હિન્દુસંસ્કૃતિ અને ઇતિહાસનો " હિન્દુ-મુસ્લિમ ઐક્ય " ને ભોગ ચડાવી સત્તાસ્થાનેથી હાલ તુરતને માટે તો રુખસદ લીધી છે.

આ ચારમાંના પ્રત્યેકની વિસ્તૃત સાધાર સમાલોચના કરીએ :—

(૧) પુરાતત્ત્વ સંશોધનને નામે

અલબત યુરોપઅમેરિકાના અનેક વિદ્વાનોએ વૈદિક સાહિત્યનું ખૂબ નિષ્ઠાપૂર્વક પઠનપાઠન કર્યું છે, હજુ પણ કર્યા કરે છે; તે નિઃસંદેહ ઉલ્લેખનીય છે. એટલે સુધી કે એમાંના ઘણાઓએ પોતાનું સારું યે જીવન વેદ અને તેનાં અંગઉપાંગના અભ્યાસ પાછળ હોમી દીધું છે. પણ એમાં જે ખટકે છે તે તો એમણે ભારતીય ભાવનાઓનું તારતમ્ય સમજ્યા વગર વૈદિક સાહિત્યમાંથી જે ઉટપટાંગ અર્થો ઉપજાવી કે ઘુસાડવાનું કર્યું છે, તે છે. ' अज एक पाद ' નો અર્થ અજન્મા ઈશ્વરને બદલે ' એકપગો બકરો ' ઠરાવ્યો છે. તો કોઈએ વેદોનો નિર્માણ સમય માત્ર ચારપાંચ હજાર વર્ષોનો જ બતાવ્યો-માન્યો છે. કોઈને વેદોમાં માલ વગરનાં જાદુ જંતરમંતર દેખાયાં છે. તો કોઈને માનવીઇતિહાસ સિદ્ધ કરવાનું સૂઝ્યું છે. તો કોઈએ વૈદિક અને સંસ્કૃત સાહિત્યને આજકાલનું, તાજેતરનું અને હીણું ચીતરી ઉતારી પાડવાની કોશિશ કરી છે. કોઈએ રામાયણ મહાભારતનાં પાત્રો રામ, સીતા, દશરથ, યુધિષ્ઠિર આદિ પાંડવકૌરવોને ઐતિહાસિક ચરિત્રો ન માનતાં કવિની કલ્પનાનાં ખોટાં ઓઠાં સમજી તેની હયાતીને જ કાપવાનું કર્યું છે. તેમ આ લેખકો કોઈ સાધારણ અલેલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટપ્પુઓ હોત તો એનો ધોખો ન થાત પણ એમાં તો અમેરિકાના કોલમ્બિયા મહાવિદ્યાલયના આચાર્ય બ્લૂમફિલ્ડ, એડિનબરો મહાવિદ્યાલયના અધ્યાપક કીથ, લંડન વિદ્યાપીઠના પ્રાધ્યાપક મૅકનોલ્ડ અને જર્મનીના શ્લીગલ વગેરે છાપેલ કાટલાંઓ પણ ભળ્યાં છે.

આજની આપડાહી દુનિયાની નજરે પ્રાચીન આર્યોને હલકા ગણાવતા એવા વિદ્વાનોમાંના એકે, ઇન્ડિયા ગૅઝેટિયર વોલ્યુમ ૨ પાને ૨૫૧–૫૨ ઉપર વર્ણવતાં લખ્યું છે કેઃ—" There (at bride's House) They entertained with beaf " અથવા વિવાહ સમયે કન્યાપક્ષ તરફથી જાનૈયાઓને ગાયના માંસની વાનીઓ પીરસાતી હતી. પુત્રકામના માટે દિલીપ જેવા સૂર્યવંશી સમ્રાટોનું ઋષિકુલોમાં જઈને પુત્રેષ્ઠિયજ્ઞની ભાવના જેવી ગાયોનાં પાલનનું અનુષ્ઠાન ક્યાં અને ક્યાં ઉપલાં દોષારોપણની કુત્સિતતા. યોગેશ્વર કૃષ્ણને ગોપાલ કહેનારા અને ગાયો વાળનારાઓને શત્રુ ગણનારા આર્યોનું આથી મોટું હીણું બીજું શું થઈ શકે–શું હોઈ શકે?

આવા પાશ્ચાત્ય વિદ્વાનોનો પ્રભાવ ભારતીય વિદ્વાનો ઉપર પડ્યા વગર કેમ રહે? ચશ્મા તો એ જ રહ્યાં! લોકમાન્ય તિલક મહારાજ તથા કલકત્તા વિદ્યાપીઠના અધ્યાપક આર. સી. દત્ત આદિ વિદ્વાનોએ પણ વેદોની ઉત્પત્તિનો સમય થોડાં હજાર વર્ષોના ગાળા પૂરતો જ માની લીધો હતો; જે ભ્રમ મહર્ષિ દયાનંદ, ગંગાપ્રસાદ ઉપાધ્યાય, પં૦ સાતવળેકરજી અને રઘુનન્દન શર્મા આદિ આર્ય વિદ્વાનોએ ભાંગી સાચાં અર્થ અને સમયમર્યાદા કાઢવાની રીતો સૂચવી છે પણ દુઃખ તો એ પાંતીનું છે કે પાશ્ચાત્ય દેશોમાં દર વરસે સરાસરી છેતાલીસ પુસ્તકો તો એકલાં વેદ સંબંધે પ્રગટ થતાં રહે છેઃ જેમાં વૈદિક ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય તથા આર્યજાતિ પર અનેક દોષારોપણો ખડકાતાં જાય છે. આવા આંધળાઓનાં હાથી–પરીક્ષણનો યથોચ્ચ જવાબ માગવો તો સ્વરાજ મળે ત્યારે રહ્યો પણ આપણને એવાં પુસ્તકોનાં નામ પણ જાણવા મળતાં નથી.

આ રીતે આજના યુગમાં ઉચ્ચ શિક્ષિત થઈ પડેલા સમાજ અને એવા એકદેશી વિદ્વાનમંડળમાં વૈદિક ધર્મ તથા આર્યજાતિનું ગૌરવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દફનાવાઈ રહ્યું છે; જે સૂર્ય અને ચંદ્રના વંશના આર્યાવર્તનાં પ્રખ્યાત રાજવંશો હજુ પણ અખંડ રહ્યા છે: જેનું હિન્દનાં નાનાંમોટાં અનેક રજવાડાંઓ દૃષ્ટાંત છે. જેની કોઈ ને કોઈ શાખાપ્રશાખાઓથી અમુક પેઢીએ રામ કે કૃષ્ણની વંશાવલિઓ હજુ ય બારોટોના ચોપડાઓમાં રહી સાક્ષી પૂરી રહી છે. જે બલિષ્ઠ સૂર્યવંશી રાજાઓનું પ્રતાપી રાજ્ય સિંધુથી ઊપડેલું અને ગંગાથી નીકળેલું, પૃથ્વીની પરિક્રમા કરતું અખિલ સૃષ્ટિને આવરી શકેલું, તેને કવિની કલ્પનાનાં ઓઠાં તરીકે વર્ણવવા કે માનવા લાગી જવું એ આંગ્લશિક્ષણના પરિપાકનું ફળ છે. રામ–સિતવનો ઉત્સવ અમેરિકન આદિવાસીઓ હજુ આજે પણ ઊજવી રહ્યા છે. યોગેશ્વર કૃષ્ણના મોટાભાઈ બલદેવને ગ્રીસના હરક્યુલસ (હરિકુલેશ) તરીકે આજે ઇતિહાસજ્ઞો ઓળખી કાઢે છે. સૂર્ય, ગણેશ કે ઇન્દ્રની પૂજા; ચાર યુગની પંચાંગ માન્યતા, યજ્ઞના પવિત્ર અગ્નિની રક્ષા આદિ–આર્ય-સંસ્કારો–આજે પેરૂ અને મેંકિસકોમાં હજી પણ જોવા મળે છે. સૂર્યવંશી* રાજાઓએ રોપેલી, આજથી દસ હજાર વર્ષો જૂની ગણાતી–માયા એંરટેક અને પેરૂવિયન સંસ્કૃતિ હજી પણ હિન્દુઓને અભિમાન લેવા જેવી ટકી રહી છે.

ગાંધાર (કંદહાર) અહિગણસ્થાન (અફઘાનિસ્તાન) સીરિયા (સૂર્ય) ઇરાક (અર્ક–સૂર્ય) પ્રશિયા (પરશુરામ ઉપરથી) પેંલેસ્ટાઈન (પાલિસ્તાન) જાવા, સુમાત્રા, બાલી (બલિ) બલૂચિસ્તાન (બલોચ્ચસ્થાન) મેંકિસકો (માક્ષિક) આદિ–આર્ય સૂર્યવંશી રાજાઓએ વસાવેલાં, જમાવેલાં અને ભોગવેલાં–સંસ્થાનો ધરાવતું એક વખતનું આર્યાવર્ત આજે પોતાના પ્રાચીન ગૌરવની ઉષ્મા પણ ગુમાવતું જાય છે. એની સંસ્કૃતિ અને નીતિ પરનું વિદેશીઓનું એ કેવું અઘોર આત્મવંચક આક્રમણ છે, એ તેમને કોણ સમજાવે ? કદાચ પોતાની જ્ઞાન–મર્યાદાની પ્રમાણિક માન્યતાઓમાં તેઓ એવું માનતા–મનાવતા હોય તો પણ એ ભયંકર અને દારુણ અજ્ઞાન કોણ ફિટાડે ?

* "And those, who first arrived on the continent later to be known as America, were groups of men driven by that mighty current that set out from India towards the East." —Hewitt Page 832 Primitive Traditional History.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમના વૈદિક વિદ્વાનો વિષે લખ્યું તે બીજા લેખકોને પણ તેટલું જ લાગુ પડે છે. પોતાના રાજકારણીય કે ધાર્મિક ઉદ્દેશોને અંગે હરકોઈ રાખધૂડ રસ્તે હિન્દને હડધૂત કરતા એવાઓને ફાળવીએ:—

(अ) એ લેખકો કે લેખિકાઓ પોતાના કોઈ રાજકીય કે ધાર્મિક હેતુઓને પાર પાડવા, હિન્દુસ્તાનમાં જાતમાહિતી મેળવવાનો ડોળ ઘાલતા ઘૂમે છે અને ભારતવાસીઓની નબળાઈઓ પર જ બણબણે છે. જેમ થોડાં વર્ષ પહેલાં પેલી ગટરમુકાદમ મેયોએ 'મધર–ઇન્ડિયા' લખીને ભારતવાસીઓની ખાસ કરીને હિન્દુઓની નાલેશી–ફજેતી...બદનક્ષી કરી હતી.

(ब) એવું જ મર્હૂમ અંગ્રેજ રાજકવિ રૂડયાર્ડ કિપ્લિંગ કે અત્યારના ભારતમંત્રી એમરી જેવા આ જ દેશમાં જન્મ, પ્રેરણા અને પ્રતિષ્ઠા પામેલા અંગ્રેજો તથા બીજા ભાડૂતીઓ આવી ચેષ્ટાઓ કર્યા કરે છે. હજી હમણાં જ કોઈ મિસ રેથબોનનો જેલનિવાસી પં. જવાહરલાલજીને ઉદ્દેશીને લખાયેલો છતાં સદ્‌ગત કવિગુરુ રવિન્દ્ર ઠાકુરે માંદગીને બિછાનેથી જવાબ વાળેલો કાગળ પ્રકાશ પામ્યો હતો. જ્યારે બ્રિટન પોતાના હસ્તીનાસ્તિની લડાઈમાં તણાયું છે ત્યારે હિન્દીઓની સ્વરાજની ભાવનાને ચેતતી રાખતો સત્યાગ્રહ અને અહિંસાને બહાને તેમની 'માનવતા અને સંસ્કૃતિરક્ષા'ની લડત પ્રત્યેની ઉપેક્ષાથી અકળાઈ એ સ્વદેશપ્રેમી બાઈ હિન્દીઓને કૃતઘ્ન ગણીને ફિટકારે છે. એ એના કાગળની અસર છે. જાણે હિન્દીઓ આજ માણસ તરીકે જીવી જાણતા થયા હોય તે અંગ્રેજરાજની મહેરબાનીનું ફળ હોય અને તેના બદલામાં એ પોતાના શેહના કૉફીનમાં જીવતા દટાય તોપણ એ ઋણ ન પતે...અરે હિન્દીઓ પોતાની ચામડીના જોડા સિવડાવી રણક્ષેત્રે ઝૂઝતા અને હિન્દની શાંતિ રક્ષતા અંગ્રેજ સિપાઈઓને પહેરવા આપે તો પણ ઓછું પડે તેવું જાણે એ બાઈ માનતી હોય નહિ !

મૃત્યુ પહેલાં પોતાનું હૃદય ખોલી શકેલા ગુરુદેવનો એ કાગળ સાચે જ કીમતી છે. એમાં પશ્ચિમનાં આવાં પેટભરાંઓને એમણે સભ્યતાની મર્યાદામાં રહી ઘણું ઘણું કહી લીધું છે. એ પત્ર જ વાંચવા જેવો છે:–

"....આપણી અપકારવશતાથી આ બાઈને ખૂબ જ લાગી આવ્યું છે અને અંગ્રેજ વિચાર–જલનું ખૂબ જ પાન કર્યા પછી આપણે હજી યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ગરીબ દેશનો વિચાર કરીએ છીએ તેનાથી આ બાઈને ઉત્પાત થયો છે. મારે ઉમેરવું જોઈએ કે આપણા જે જે દેશભાઈઓને અંગ્રેજી વિચારથી લાભ થયો છે તે આપણને અવકચરું શિક્ષણ આપવાના સત્તાવાર બ્રિટિશ પ્રયત્નો હોવા છતાં થયો છે. બીજી કોઈપણ યુરોપીય ભાષાથી આપણે પશ્ચિમી જ્ઞાનની ઓળખ મેળવી હોત. જ્ઞાનપ્રકાશ માટે દુનિયાની બીજી કોઈ પ્રજાઓએ બ્રિટનની સેવા ઉઠાવી છે ખરી? આપણા કહેવાતા અંગ્રેજ મિત્રોએ આપણને શિક્ષણ ન આપ્યું હોત તો આપણે અંધકાર યુગમાં અટવાતા હોત એમ માની લેવું એ તેઓને માટે નર્યો બેઅદબ આત્મસંતોષ છે. હિન્દમાં સત્તાવાળાઓએ જે શિક્ષણ આપ્યું છે તેનાથી હિન્દી બાળકોને અંગ્રેજી વિચારનો સર્વોત્તમ અંશ નથી મળ્યો. પણ એનો કચરો જ હાથ લાગ્યો છે અને એનાથી અમારી પોતાની સંસ્કૃતિના આરોગ્યપ્રદ ભોજનને પણ છીનવી લેવામાં આવ્યું છે; પણ આ કહેવાતી સંસ્કૃતિ કરતાં વધુ જરૂરી તો હસ્તીની પ્રાથમિક જરૂરિયાતો છે જેના ઉપર જ જ્ઞાનપ્રકાશની ઇમારત નભે છે. અને બ્રિટિશ લોકો જેમણે બસો વર્ષ સુધી આ દેશને પોતાના સકંજામાં રાખ્યો છે અને એનાં સાધનોનું શોષણ કર્યું છે, તેમણે અમારી ગરીબ પ્રજા માટે શું કર્યું છે? હું આસપાસ નજર નાખું છું અને મારી નજરે દુકાળિયાં હાડપિંજરો રોટી માટે પોકાર કરતાં માલૂમ પડે છે.

ગામડાઓમાં પીવાના પાણીના ઘૂંટડા માટે મેં સ્ત્રીઓને કાદવ ખોદતી જોઈ છે, કારણ કે હિન્દી ગામડાંઓમાં નિશાળો કરતાં યે પાણીની અછત વધારે હોય છે.

હું જાણું છું કે ઇંગ્લંડની પ્રજા પોતે જ આજે ભૂખમરાની આફતમાં આવી પડી છે. અને તેમની તરફ મારી સહાનુભૂતિ છે પણ જે વખતે હું બ્રિટિશ નૌકાકાફલાનું સમગ્ર બળ ખોરાકનાં જહાજોને અંગ્રેજકિનારે પહોંચાડવા માટેના કામે લાગી ગયેલું જોઉં છું ત્યારે મને એ પણ યાદ આવે છે કે મેં આપણા લોકોને ભૂખથી મરી જતાં જોયાં છે અને પાસેના પ્રદેશમાંથી તેઓનાં ઘરમાં ચોખાનાં ગાડાં લાવવામાં નથી આવ્યાં.

ઘરઆંગણાના બ્રિટિશ લોકો અને હિન્દમાંના બ્રિટિશ લોકોને સરખાવ્યા સિવાય હું રહી શકતો નથી. અને હવે બ્રિટિશ પ્રજાના અમારે આભારવશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવું? અમને ખાવાનું આપવા માટે નહિ તો કાયદો તથા વ્યવસ્થા જાળવવા માટે પણ અમે તે પ્રજાના ઓશિંગણ રહી શકીએ તેમ છીએ? હું આસપાસ નજર નાખું છું અને દેશભરમાં હુલ્લડો ફાટી નીકળેલાં જોઉં છું, જેમાં કોડીબંધ હિન્દીઓનાં મરણ થાય છે, આપણી માલમતા લૂંટાય છે, આપણી સ્ત્રીઓને બેઆબરૂ બનાવાય છે અને છતાં બળવાન બ્રિટિશ શસ્ત્રોની કોઈ પ્રવૃત્તિ જણાતી નથી. માત્ર દરિયાપારથી બ્રિટિશ અવાજ આપણને ઠપકો આપતો સંભળાય છે કે તમે તમારા ઘરને વ્યવસ્થિત રાખો.

બ્રિટિશ, ફ્રેન્ચ અને ગ્રીક સૈનિકોમાં યે સૌથી વધુ બહાદુર મનાતા સરંજામ આગળ યુરોપની યુદ્ધભૂમિ ખાલી કરવી પડે છે, એવા ય દાખલા ઓછા નથી. પણ અમારા ગરીબ, નિઃશસ્ત્ર અને અસહાય ગામડિયાઓને રડતાં બાળકોને તેડીને ગુંડાઓથી પોતાનું રક્ષણ કરી ન શકવાથી ઘરબાર છોડી નાસી જવું પડે છે; અને તે વખતે બ્રિટિશ અફસરો આપણી કાયરતા પ્રત્યે તિરસ્કારપૂર્વક હસતા હોય છે. ઇંગ્લંડમાં પ્રત્યેક નાગરિક પોતાના ઘરબારને દુશ્મનથી રક્ષણ કરવા માટે સુસજ્જ છે પણ હિન્દમાં લાકડીની તાલીમની પણ મનાઈ કરવામાં આવી છે. અમારી પ્રજા કાયમને માટે દબાતી રહે એટલા માટે એને ઇરાદાપૂર્વક નિઃશસ્ત્ર અને નપુંસક બનાવી દેવામાં આવી છે.

મેં એમ જ માન્યું હતું કે બ્રિટિશરો આ અત્યાચારો પ્રત્યે મૌન જાળવશે અને અમારી નિષ્ક્રિયતા બદલ અમારો આભાર માનશે. પણ જ્યારે એ લોકો પણ ઉપર પાટુ મારે છે અને બળતામાં ઘી હોમે છે ત્યારે તેઓ સભ્યતાની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે."

(૨) ઇતિહાસને નામે

સર સુરેન્દ્રનાથ બેનરજીએ એક વખત વ્યાખ્યાન વેળા કહેલું કે, "The nations live on their past in their present and for their future" અથવા રાષ્ટ્ર વા જાતિ પોતાના ભૂતકાળને લક્ષીને ભવિષ્ય જોગવતા જઈને વર્તમાનને વિષે જીવે છે. આગળ જણાવ્યા પ્રમાણે કોઈ જાતિને નષ્ટભ્રષ્ટ કરવાની સહેલી રીત એના ઇતિહાસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલટાવી, ભુલાવી કે ભૂંસી નાખવામાં જ છે. એવાં ધીમાં છતાં કાતિલ ઝેરને ઉવેખવાનું પરિણામ આપણી સમક્ષ ખુલ્લું છે.

ભારતવર્ષમાં પોતાનું સ્વામીત્વ "યાવદ્ચંદ્રદિવાકરૌ" કરવા, વિદેશી શાસકોએ પેદા કરેલા અર્થાત્ શાહીવાદે પોષેલા પશ્ચિમી ઇતિહાસકારોએ સાચા ભારતીય ઇતિહાસ સાથે એ જ ધોરણે કામ લીધું છે. જેથી પ્રાચીન આર્યધર્મ કે આર્યજાતિ માટે વિદ્યાર્થીઓનાં હૃદયોમાં કશી ચેતના જ ન જન્મે. એ તો ઠીક પરંતુ જે બે ભયંકર ઉલ્લેખો એમણે કર્યા છે તે ન માફ થઈ શકે તેવા છે. જાતિ ઉદ્ધારકોએ એ જાણવું જ રહ્યું કે જો આવાં નરાતાળ જૂઠાણાં થોડો પગદંડો જમાવી બેસે છે તો પછી એવાં વિકૃત વિધાનો હટાડવાનું પાછળથી કવેળાનું કે છેવટ મુશ્કેલ તો બની બેસે છે જ. હિન્દુશાસ્ત્રો, મહાભારત અને રામાયણ વગેરેમાં જે અનાર્ય ભાવનાઓ અને વામી બનાવો ઘુસાડવામાં આવ્યાં છે તે એનું દૃષ્ટાંત છે. જર્મન પ્રજાના પિતા તરીકે પૂજાતા અને એવાં જૂઠાણાં વહેતાં મૂકનાર ગોએલ્સોની જરૂરત આજે બધાં લડનારાં રાષ્ટ્રોને સમજાવનાર હેર હિટલરે એક ઠેકાણે એ મતલબનું બોધ્યું છે: "સાચનો ઢોળ ચડાવીને વહેતું મૂકેલું જૂઠાણું યથાકાળે આપોઆપ સત્યનું રૂપ પકડી લે છે." શાશ્વત મનુષ્યસ્વભાવની સૂક્ષ્મતાના જાણકાર તરીકે હિટલરના કથન પ્રત્યે દુર્લક્ષ કરવા જેવું નથી!

આ રહ્યાં એ બે રોગજંતુઓ :–

(૧) જે ઇતિહાસ આપણાં બાળકોને શાળા–કોલેજોમાં શીખડાવાય છે તેમાં આર્યોના પ્રાચીન ચક્રવર્તિ સામ્રાજ્ય વિષે કશી માહિતી અપાતી નથી: × પણ હિન્દુસ્તાન ઉપર ચડી આવનારાઓ–સિકંદર, જંગીઝખાન, મહમદ ગિઝની, મહમદ ઘોરી, તૈમુર લંગ, બાબર, નાદીરશાહ અને અહમદશાહ

× "હિન્દનો ઇતિહાસ યુરોપીય વિદ્વાનોએ લખવો શરૂ કર્યો. તેમને મન હિન્દ એક જંગલી દેશ હતો. એના પર તેઓ રાજ્ય કરતા હતા. આને લીધે આપણા ઇતિહાસમાં એક ભયંકર વિકારદૃષ્ટિ પેસી ગઈ. પરિણામે હિન્દનો ઇતિહાસ પરદેશી આક્રમણોની કીર્તિ–ગાથા બની ગયો."

(ક. મા. મુનશી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્દાલીનાં યુદ્ધો તથા વિજયો * નું લાંબુંચોડું પીંજણ જ કરવામાં આવે છે. ઉપરિયામણુમાં ભારતવર્ષના પરાજયનાં કારણોમાં ગણાવાય છે કે, "ભારતવર્ષ એક ગરમ પ્રદેશ છે. એ ગરમીને લીધે અહીંના વતનીઓ સુસ્ત તથા નમાલા છે." (કદાચ એટલે જ અંગ્રેજોએ અહીં હિન્દુઓએ જમાવી દીધેલી મુસ્લિમ બાદશાહીને ગરમીની અસર લાગી ગયેલી તે ખૂંચવી શક્યા હશે; અને પોતાને એ દોષ ચોંટી ન જાય તે માટે ઘેરબેઠાં રાજ કરતા હશે. પણ આજની આ બીજી ભયંકર લડાઈ નજરમાં લેતાં તો લાગે છે કે અહીંની ગરમી તેમને ત્યાં બેઠાં ચોંટી ગઈ છે; અને ગઈ લડાઈ જેમ આ વખતે પણ ઇરાક–સિરિયાથી માંડીને સિંગાપુર સુધીના જુદે જુદે મોરચે ઝૂઝતા નમાલા અને સુસ્ત હિન્દી લશ્કરીઓની મદદ વગર તેમને તેમનું સામ્રાજ્ય વહેલું સંકેલવું પડે તેમ હતું. મુસ્લિમ બાદશાહી તો ૭૦૦ વર્ષ ટકી હતી પણ તેમનું સામ્રાજ્ય આ દેશના સુસ્ત અને નમાલા હિન્દીઓની ગરમી વગરનું–સાચા સહકાર વગરનું તેમના પડોશીઓને આકડા પરના મધ જેવું અને તેમને આંખનાં કણાં જેવું થઈ પડયું છે. પચ્ચીસ વર્ષમાં બબ્બે વખત તો કદાચ એટલા ખાતર તેમના ઠંડા લોહીનું ખાતર માગી રહ્યું છે !)

આવી આવી વાતો કોમળ બાળકો શીખે, સાચી માની લે અને પોતાને વંશપરંપરાગતના ગુલામ ટેવી બેસે; બળશાળી રાજકર્તાની પોતાનામાં ત્રેવડ ન ભાળે એ વાત સંસ્કાર વડે ઘડાતા માનવસ્વભાવને બંધબેસતી હોઈ સંભવિત છે. એવી નિર્વીર્ય ભાવના સાથે એવા અધકચરાઓ એમ પણ માનતા થઈ જાય કે પ્રાચીન આર્યો તો નર્યા જંગલી હતા. સૂર્ય, વાદળો અને ઝાડપાન પૂજનારા તથા થોડી બકરીઓ ચારનારા ભરવાડો હતા, તો એમાં આશ્ચર્ય પામવાનું ન રહે.

(૨) આ ઇતિહાસનવેશોએ હિન્દુજાતિની જડ ઉખેડી નાખવા સહુથી મોટી જે ડિંગ ચલાવી છે કે ભારતના આદિનિવાસીઓ તો ભીલ,

* એ ચડાઈખોરો માંહેના મોટા ભાગનાને એ 'વિજયો' કેવા મોંઘા પડ્યા હતા અને પોતાનાં અફાટ લશ્કરોની ખાનાખરાબી વચ્ચે પોતાની જાતને બચાવીને પડતાઆખડતા રાનરાન ને પાનપાન થઈ આ દેશમાંથી કેવી રીતે પરાજય પામી નાસી છૂટયા હતા એ સર્વવિદિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલ, ગોંડ, ચોલ અને સંથાલ આદિ અત્યારની પછાત જાતિઓ છે; આર્યો તો મધ્ય એશિયામાંથી આ દેશમાં આવીને તે તે જાતિઓને દબાવીને વસ્યા હતા. લોકમાન્ય તિલક મહારાજ જેવાએ પણ "આર્યોના ઉત્તર ધ્રુવ નિવાસ" પુસ્તક દ્વારા એવા મતનું સમર્થન કરી માર્યું હતું. પુખ્ત શોધ–તપાસ વગર કેવળ કપોલકલ્પનાને આધારે બુદ્ધિ લડાવતા એવા મતમતાંતરોની નિરાધારતા તો છેવટ નાપાયાદાર પુરવાર થતી ચાલી છે: જે સદ્‌ગત તિલક મહારાજ પણ માનતા થયા હતા. પણ એવી વાતો જલદી ભૂંસાઈ જતી નથી; ઊલટું એવી પોપ માન્યતાઓ વિરોધીઓને કામ આવી જાય છે. લાહોર લીગની બેઠક વેળા પાકિસ્તાનનો ઠરાવ પેશ કરતા પોતાના પ્રમુખના ભાષણમાં મિ. ઝીન્નાએ તથા સમર્થકોએ તેનો છૂટથી ઉપયોગ કર્યો છે. એથી વધારે તો છેલ્લી રામગઢ કોંગ્રેસ વખતે સ્વાગત પ્રમુખનાં પોતાનાં ભાષણમાં શ્રી. રાજેન્દ્રબાબુએ વિદ્વત્તા રેલાવી મૂકી, પોતાને માત્ર એક રાજનૈતિક નેતા જ નહિ પણ એક સારા વિદ્વાન તરીકે રજૂ કરતાં, બિહાર પ્રાંતનો ઇતિહાસ ગાઈ, બિહારના મૂળ વસાહતીઓ તરીકે આદિવાસીઓને અંજલિ આપી હતી.

એવું જ શ્રી. મુનશીજીનું. ૧૯૪૦ના ઑગસ્ટની ૨૮મીએ "હિન્દનું ઇતિહાસ સાહિત્ય—એક દૃષ્ટિ" ના તેમના વ્યાખ્યાનમાં તેઓ કહે છે, "આર્યોનું જૂનામાં જૂનું શાસ્ત્ર ભલે હિન્દમાં રચાયું હોય, ભલે ઋગ્વેદ-સંહિતામાં આર્યો પરદેશી છે એવું નામનિશાન પણ ન હોય, ભલે પુરાણોમાં સંઘરેલાં સ્મરણો પ્રમાણે આર્યો અહીંયાં વસતા હોય પણ આર્યોના મૂળ વસવાટ અહીંયાં સંભવે જ નહિ." "પરિણામે પહેલાં સરસ્વતીને તીરે અસલી આર્યાવર્ત હતું તે ઑક્સસને કિનારે ગયું; પછી તિગ્રીસ અને યુક્રેતિસને કિનારે પહોંચી ગયું: મોનિયર વિલિયમ્સ તેને પામીરમાં લઈ ગયો. ૧૮૫૧માં લેથામ આર્યાવર્તને યુરોપમાં ખેંચી ગયો અને ગેગર તેને જર્મનીમાં લઈ ગયો. પેન્કા તેને સ્વીડનમાં ધકેલી ગયો અને વળી લોકમાન્ય તિલક ઉત્તર ધ્રુવ સુધી પહોંચી ગયા. પરદેશથી ન આવ્યા હોત તો હિન્દમાં આર્યો વિજય કેમ કરત?" એમની દૃષ્ટિ દૂર સુધી લંબાતી જ નથી કે આગળ ચાલતાં એમની એવી પોપ માન્યતાઓ પ્રત્યેની ઉદાસિનતા મૌન કે આવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્થનનાં કેવાં વિષમ અને વિઘાતક પરિણામો આવી શકે છે. હમણાં જ એનાં બે તાજાં પરિણામો ઝળકી ઊઠ્યાં છે :—

(૧) થોડાં વરસોથી ભારત સરકારે દેશના અસ્પર્શ્યોને અલગ મતાધિકાર બાંટવાનું કર્યું છે. એટલે અછૂતોએ આદિહિન્દુસભાઓ રચીને કાનપુર અને પ્રયાગ ખાતે ભરેલાં તેમનાં અધિવેશનોમાં એવી જાહેરાત કરી દીધી છે કે, " ભારતના આદિ-નિવાસી-સાચા ભારતીઓ અમે છીએ; એનો ઇતિહાસ પણ સાક્ષી છે: ઊંચી જાતના હિન્દુઓ જેઓ પ્રાચીન આર્યોના વંશજો છે. તેઓ તો બહારથી આવ્યા છે અને એમને ભારતમાં રહેવાનો કોઈ હક નથી. "

ચાલો થયું. આ ઇતિહાસનવેશોની મહેરબાનીમાં હિન્દુ-હિન્દુઓમાં હજી ઓછી છે તે વધારે પડનારી ફાટફૂટમાં થોડા કરોડ હિન્દુઓને પોતાની પિતૃભૂમિ છોડવી પડશે. પછી લંકા, બ્રહ્મદેશ કે દુનિયાના બીજા કોઈ પણ ભાગમાં જઈ વસેલા હિન્દીઓ ત્યાં હડધૂત થાય એમાં નવાઈ પણ શી જ્યાં ઘરમાં જ આવાં તૂત ઘૂસ્યાં હોય !

૧૮૬૫ સુધી સહુ હિન્દીઓને અપાયેલા સમાન મતાધિકારનું પરિણામ હિન્દુસ્તાન વહેલું ખાલી કરવું પડે તેવું જોઈ આ દેશની વિદેશી સરકારે મતાધિકારનું ધોરણ કોમી કર્યું. યેન કેન પ્રકારેણ રાજઅધિકારો-ફક્ત સરકારી નોકરીઓ, પદવીઓ, માનઅકરામો પ્રાપ્ત કરવાની ઘોડદોડમાં લાગેલા હિન્દીઓને પોતાના શાસકોની દાનત જે છાશવારે બદલાતી તેની નીતિમાં પ્રતિબિંબિત થાય છે, તે સૂઝતી નથી. ગરજુ આદમીની ભાંતિ તેઓ તો તેમને નચાવવામાં આવે તેમ નાચી જાણે છે એટલે કોમી મતાધિકારોમાં પોતાની કોમ પ્રત્યે સરકારની મીઠી નજર માની બેઠેલા મુસલમાનો પોતાનું ગજું ભૂલી આદિવાસીઓ સાથે સૂર પુરાવી રહ્યા છે, તેનું બીજું દૃષ્ટાંત લઈએ:—

(૨) મુસલમાનોમાંના થોડા બટકબોલાઓ પણ એ જ કક્કામાં કહેતા થયા છે. મુસ્લિમ લીગનાં મુખપત્ર " અલ અમાને " દિલ્હી તા. ૧-૮-૩૯ ના અંકમાં લખવાની ધૃષ્ટતા કરી હતી કે, " સાચી વાત તો એ છે કે હિન્દુઓનું યહૂદીઓની પેઠે (કે જેને છેલ્લી શોધોને આધારે ભારતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુબેરના યક્ષો માનવામાં આવે છે) દુનિયામાં કોઈ વતન જ નથી. એમણે જે રસ્તેથી તેઓ આ દેશમાં આવ્યા હતા તે મધ્ય એશિયા તરફ હવે પાછા જવું. હિન્દુસ્તાન તો અમારું છે. જેમ અમે દરેક ઇસ્લામી સભાઓમાં ગૂંજીએ છીએ:—

" સીનો અરબ હમારા, હિન્દોસ્તાં હમારા,
મુસ્લિમ હૈં હમ વતન હૈ, સારા જહાં હમારા. "

એવા મુસલમાનોમાં આ દેશ માટે છેવટે એ રીતે પણ પ્રેમ જન્મ્યો એટલો સંતોષ લઈ એના ઉપરની આર્યગેઝેટ તા. ૧૩–૮–૩૯ના અંકની તંત્રી-ટીકા લઈએ:–" અત્યાર સુધી તો હિન્દુઓનાં ધર્મ, સંસ્કૃતિ અને સિદ્ધાંતો પૂરતી જ વાત હતી. પરંતુ હવે તો અમારાં પ્યારાં વતન–અમારી પુણ્ય-તીર્થભૂમિ ઉપરથી પણ અમારે હાથ ઉઠાવી લેવો રહ્યો. "

આ છે ઇતિહાસની કૃપાનું વિપક્ષ. અંગ્રેજશાસનની ગાજતી નોબતો વચ્ચે જે મુસલમાનો, જેઓ કેવળ હજારઅગિયારસો વર્ષથી આ દેશમાં વસતા થયા છે અને તિલક મહારાજના ' ઓરાયન 'ને પ્રમાણ માનીએ તો દસ હજાર વર્ષથી આ દેશને પોતાનો કરી રહેલા–આર્યોને પરદેશી કહી ચાલ્યા જવા ફરમાવી પોતાને આ દેશના વતની તરીકે ઓળખાવે છે, તે ઇતિહાસે, કોમી મતાધિકારવાળી સરકારી નીતિએ કે હિન્દુ–મુસ્લિમ–એકતાની પ્રવૃત્તિઓએ–જેણે ઊભું કર્યું હોય તેણે–પણ એથી હિન્દ કે હિન્દીઓની નરી કુસેવા થઈ રહી છે: એ ચોક્કસ વાત છે. તેમની આવી અસૂયા અંગ્રેજરાજની ગેરહાજરીમાં કેવું રૂપ પકડે તે કલ્પવું સાવ સહેલું છે. જો કે આર્યોની માફક (ઘડીભર માની લઈએ) વિજેતા થઈ આવી વસેલા અને હવે આર્યોની જેમ ગુલામીમાં સરસાઈ ભોગવતા મુસલમાનોની એવી ધમકીઓ તેમની શક્તિનું નહિ પણ અશક્તિનું પ્રદર્શન છે. પણ એમને બહેકાવી રહેલા રાષ્ટ્રવાદીઓ એટલું જ જો સ્વીકારવા તૈયાર હોય કે હિન્દુઓને હિન્દવાસી–હિન્દી તરીકે જીવવા દેવા તો એમની ફરજ એમણે ધારવી રહી.

આપણા થોડા હિન્દુ ઇતિહાસલેખકો પણ એવું અંધકારછાયું ભવિષ્ય સર્જતા પેલા હિન્દુદ્રોહી ઇતિહાસોનું પરિશીલન તથા સંમાર્જન કર્યાં કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળતામાં લાકડાં સંકોરવાનું કરે છે તેમને શું સાચે જ આવું આવું સૂઝતું નથી ? કે પછી :—

" દિલ કે ફફોલે જલ ઉઠે સીને કે દાગ સે,
ઇસ ઘર કો આગ લગ ગઈ ઘર કે ચિરાગ સે. " માનવું ?

અલબત એવા થોડા અલેલટપ્પુઓના લવારાથી કશું વળવાનું નથી તે ઠીક છે. પણ હિન્દી–હિન્દીઓમાં–આપસ આપસમાં જે એકરાગની પાર્શ્વભૂમિકા તથા હમવતની તરીકેના એખલાસનાં તત્ત્વો રક્ષાવાં ઘટે તે તેથી માર્યાં જાય છે, જે ભાવિના આંતરવિગ્રહને નોતરી શકે છે તે ખરે જ એઓને સૂઝતું નથી ?

અને આદિવાસીઓ તરીકે જુદા પાડવામાં આવતા એ હિન્દીઓનું આદિકરણ તો એક સરિયામ ભ્રમ છે; જેમ હિન્દના અત્યારના હિન્દુઓમાંથી વટલાયેલા મુસલમાનો પોતાને મુસલમાન માને છે. ગ્રામ અને નગરની વિભિન્નતાએ પોષેલો એ ભેદ છે. સંભાળ પામી ન શકે તેટલે દરજ્જે આ વિશાળ દેશમાં કાળક્રમે ઊપજતી રહેલી અરાજકતામાં એકલા પડી ગયેલા છતાં એથી દરિદ્રતા અને તેને લીધે ખમવા પડતા તિરસ્કારમાં પણ ટકી રહેલા વિશાળ મનના એ આર્યો જ છે. ઉચ્ચનીચના ઘમંડે ભાંગી નાખેલાં આર્યસમાજતંત્ર જેવાં વર્ણાશ્રમને પડકારી બેઠેલી કેટલીક બળવાખોર, સ્વમાનશીલ વ્યક્તિઓની આસપાસ વીંટળાઈ વળીને જીવતાં રહેલાં એ આર્યકુળો જ છે. વર્ણાશ્રમ જ્યારથી સંસ્કારને બદલે જન્મને વળગતું થયું અને રાષ્ટ્રને સાચા ગુણકર્મી બ્રાહ્મણોથી માંડીને વૈશ્યોની ખોટે શિસ્તની શિથિલતા સાલતી થઈ, દેશના સંસ્કારબળ અને વાણિજ્ય એ સ્થાપિત હિતો–વારસાની (નહિ કે લાયકાતની) ચીજ બની બેઠી ત્યારે જન્મેલી સમાજક્રાંતિની એ આજે કહેવાતાં આદિવાસી કુલો પેદાશ છે. કોઈ શંબૂકને તપ કરતો જ્યારે બ્રાહ્મણો સાંખી શક્યા નહિ ત્યારે બ્રાહ્મણ વર્ચસ્વે ફરજ પાડીને રામચંદ્રોને હાથે વધેરેલા એવા શૂદ્રોનાં મનુદુઃખોએ જન્માવેલા સામાજિક અન્યાયને નિવારી શકવાની અશક્તિએ શૂદ્ર શબ્દને ઘૃણાજનક ઉપજાવી દીધો. સેવા ગુલામીમાં પરિણમી અને બુદ્ધિ (બ્રાહ્મણત્વ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા બળ (ક્ષાત્રત્વ) નાં તત્ત્વો બહેકી ઉઠ્યાં ત્યારે પેટ અને પગમાં ઊપડેલી એ વૈશ્ય અને શૂદ્રકુળોની પીડ હતી.

નાની ને નજીવી ભૂલો-ક્ષતિઓ માટે શિસ્તને નામે-રાષ્ટ્રવ્યવસ્થા જેવાં વર્ણાશ્રમને નામે, સંઘબહિષ્કૃત થયેલા, દેશપાર ધકેલાયેલાઓ, વધતી જતી જનસંખ્યાથી આર્યાવર્તની સંકડાશમાંથી નજીક અને તેની નજદીકનાં અરણ્યો કાપીકૂપી યજ્ઞ વડે તે ભૂમિ વસવાટને લાયક બનાવીને ત્યાં વસેલા, વતનથી ઘરોઓ જાળવી રાખવાને તે તે પ્રદેશમાં આર્યાવર્તે અનુશાસન અર્થે મોકલેલા, અને ત્યાં પણ પેલી વર્ણની વેવલાઈના વમળમાં અલ્પસંખ્ય હોઈ માર ખાઈ, વતન પાછા ફરી, અસ્પર્શ્ય થઈ, અમાનિત રહી, આજીવિકા અર્થે દાસત્વ કરતા થઈ ગયેલા કે વતનીઓની તેવી તુંડમિજાજીને બળ વડે વારી માટીમાર થઈ આવી વસેલા, કે તે તે પ્રદેશમાંથી વળી થોડા દૂર દરિયો વટાવી જ્યાં જમીન જોઈ ત્યાં વસી ગયેલા આર્યોની ચડતીપડતીનો ઇતિહાસ થોડાં હજારો વર્ષની વાત નથી બલ્કે લાખો વર્ષોની કથા છે. દુનિયા આજના ઇતિહાસડાહ્યાઓ ઉચ્ચરે છે તેટલી તાજી ઘડાયેલી નથી. માનવવંશ થોડાં હજારો વર્ષની જ વાત નથી. અને જાતિઓમાં અને ભૌગોલિક જુદાઈમાં વહેંચાઈ ગયેલી આર્યપ્રજાની ચડતીપડતી પણ ઇતિહાસનાં થોડાં પાનાંઓમાં સંઘરાઈ શકે તેટલી છીછરી નથી.

આજે પાંચ પાંચ ખંડો પર ચક્રવર્તિ રાજ ભોગવતી અંગ્રેજ પ્રજા ચાલુ છેલ્લી લડાઈમાં કેવળ ધારવા ખાતર ધારીએ કે હારે, અને (અગર મોંઘો પડશે તેવો વિજય મેળવે તો પણ) બીજા ખંડો સાથેનો સંબંધ ગુમાવી બેસે અને પછી ત્યાં ત્યાં વસેલી એ અંગ્રેજ પ્રજા કાંતો બીજી બહુમતી પ્રજામાં ભળી જાય કે પોતાનું સંગઠન કરી ભારતના ઇરાની પારસીઓ જેમ જીવતી રહે અને કાળક્રમે તે તે પ્રદેશમાં કોઈ મહાન લોકકલ્યાણી પુરુષના પ્રાદુર્ભાવે એકીકરણ થતાં લુપ્તપ્રાય થઈ જાય તે જો કલ્પનામાં ઊતરતું હોય તો આ આર્યકુલોની લગભગ તેવી જ થયેલી લાગતી દશાનો ખ્યાલ મળી રહેશે; અને એમ હિન્દુઓની બધી નાતોના મૂળ સુધી-ખોજા લુહાણામાંથી, વોરા બ્રાહ્મણોમાંથી અને મેમણ જેમ ભાટિયાભટ્ટી-ક્ષત્રિઓમાંથી મુસ્લિમ બની ગયેલી છતાં હિન્દુરિવાજો ધારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલી કોમો છે તેમ નાગરો, મેર, કાઠી, જાડેજાઓ, ચિતપાવનો કે કાયસ્થોનાં મૂળ તપાસતાં બૃહદ્આર્યોની વાત સહેજે સમજાય તેવી છે. અને એમ પેલા આદિવાસીઓની સ્થિતિનો કંઈક ખ્યાલ આવે તેમ છે.*

'વર્ણાશ્રમની ઠેકડી કરતી આ નાનીમોટી હજારો નાતો, પેટા નાતોમાં–અંદર અંદરની કાયમી કલહ–કુસંપ અને વૈર–વૈમનસ્યે ભરેલી હિન્દુજાતિનું ક્યાં ઈશ્વરપરાયણતા જેવી 'મુક્તિ' તથા સર્વસમાનભાવ જેવી 'પ્રીતિ' ને ધોરણે ઘડેલી સમાજરચનાથી વણાયેલા ધર્મની સામે નજર રાખીને–ધર્મને કેન્દ્ર બનાવીને સ્થાપેલું વર્ણાશ્રમ! ક્યાં ઈશ્વરીય સૃષ્ટિની–પ્રકૃતિની સાથે તાલ દેતું કુદરતી સંબંધે ઉજમાળું એવું આર્યોનું માનવજીવન! ક્યાં આયુ, બુદ્ધિ તથા બળની ત્રિવિધ માનુષી શક્તિને દીર્ઘાયુ અને કલ્યાણકામી બનાવનારાં એનાં બ્રહ્મચર્યથી માંડીને સન્યસ્તાશ્રમોના જીવન-તબક્કાઓ અને ક્યાં ધંધાહુન્નર તથા ઉદ્યોગોની ઉપજીવિકાને ચોંટી પડેલી જ્ઞાતિટોળકીઓ! પૈસા, પદ તથા ઊંચનીચના ઘમંડે ભાંગીને ભૂકો કરેલી તડ તથા પેટા નાતો. ભૌગોલિક વ્યવહાર–સરળતા અને સમધંધાર્થી તરીકે ઊભાં થયેલાં અને હજી ટકી રહેલાં–એકલાં પડી ગયેલાં એનાં નાત-જૂથો કે જેને સમગ્ર હિન્દુજાતિ સાથે સાંધનારા કોઈ પણ સૂત્રના અભાવે 'હિન્દુ' ને બદલે કોઈ 'ફલાણી' નાત તરીકે ઓળખાઈને જીવવા સિવાય આરો નથી અને છૂટાંછવાયાં મંદિરો, તીર્થસ્થાનો, મઠો, સુધારક ધર્માચાર્યોની સંસ્થાઓ કે ચોપડીઓ કે કોઈ કથાકિર્તનકારોને હાથે પડેલો હિન્દુધર્મ કોઈ મધ્યસ્થ સૂત્રસંચાલકોના અભાવે–સ્વરાજના અભાવે ક્યાં સુધી પરધર્મીઓની ભીંસ ઝીલી શકશે?'

દેશનાં કૃષિ, હુન્નર, ઉદ્યોગો અને વાણિજ્ય હજી સુધી હિન્દુઓના હાથમાં હોવા છતાં પોતાનાં રાજ વગર તે તે ધંધામાં પડેલી સોસાયટીઓ જેવી

* મૂળે આર્યો અસલ આર્યાવર્તના જ છે તથા માનવજાતિના મૂળ પુરુષો આર્યો જ હતા અને આદિસૃષ્ટિ તિબેટ–કૈલાસ અને એમ એશિયામાઈનરની આસપાસ જ હતી–વગેરે પ્રશ્નો "વૈદિક સંપત્તિ" ગ્રંથમાં સાધાર, વિસ્તૃત અને તદ્વિષયક વિદેશી લખાણોની તુલના સાથે કરેલાં છે. પ્રસ્તુત પુસ્તિકાના કદ તથા હેતુ સાથે એવી શાસ્ત્રીય છણાવટ અસ્થાને છે. શ્રીમાન શૂરજી વલ્લભદાસ, કચ્છ કેસલ, મુંબઈથી એ ગ્રંથ મેળવીને વસાવવા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાતોને એકસૂત્રે કોણ સાંધે, કાબૂમાં કોણ રાખે? તેવા ધંધાઓમાં થતી અપ્રમાણિકતા અને દેશદ્રોહ કોણ રોકે? તેવા ધંધાઓને નામે વિદેશી રાજ મજબૂત કરતી અર્થવ્યવસ્થાનું કોણ નિયમન કરે? દેશના કારોબારના સીધા સકંજામાં વિદેશી રાજના પાયામાં પુરાતા કેટલાક ઉદ્યોગો અને વ્યવહારો દ્વારા રોટલો રળતા વર્ગના હિન્દુઓ ઉપર એથી હિન્દુસમાજનું કે પ્રાંત-પ્રાંતના અભણ પંડા, ગોર કે બાવાસાધુઓના હાથમાં પડેલા ધર્મનું–બન્નેનું જોડાણ ન થાય ત્યાં સુધી હિન્દુઓની અત્યારની વિપરીત સ્થિતિમાં ફેરફાર શક્ય છે?

ચક્રવર્તી સામ્રાજ્ય–સારા યે દેશના એકહથ્થુ રાજઅમલ વગર લૂલી થઈ પડતી હિન્દુસમાજરચના અને કેન્દ્રસ્થ ધર્માધિકારી વગર પાંગળો બની બેસતો હિન્દુધર્મ, હિન્દુઓને નવણિયાતી સ્થિતિમાંથી ઊંચે લાવી ન શકે તે તો ઠીક પણ વિદ્વેષી પરધર્મીઓની દયા ઉપર છોડી દે છે. હિન્દુ મહાસભાના પ્રમુખ બિચારા નેપાલ કે બીજાં દેશી રજવાડાંઓની સહાયની આશા કરે ત્યારે તેને આ અર્થમાં જોવાની જરૂર છે. પણ હિન્દુ જાતિના અગ્રણીઓ કોંગ્રેસ કે હિન્દુ મહાસભા માંહેના–પોતાનામાં વાડા ફિરકા તથા તડનાતનાં ખાબોચિયાં નિવારવાનું ન કરતાં, પહેલાં સ્વરાજને બાધે તે સ્વરાજ મળ્યે સાચવી અને જોગવી શકવા માટે તેમને પ્રાથમિક ભૂમિકાની અગત્ય સમજાતી નથી કે પછી નવાં તાજાં પાણીની આવ્ય વગરનાં તડનાતનાં ખાબોચિયાંનાં વાસી પાણીની બદબોના માર્યાં કોઈ મોટા સરોવરનો આશરો લેવાનો એ ખાબોચિયાંનાં જીવોને જીવન–મોહ જન્મે તે વેળા પંચતંત્રના પેલા બગલા જેવા પરધર્મીઓ નજીક મોટું પાકિસ્તાન સરોવર હોવાની વાતે ભોળવી જેમને માટે સ્વરાજ મેળવવાનું છે તેમનામાં ફાટફૂટ પડાવી ન જાય તેવી બીક તેમને લાગતી નથી?

હિન્દુ સમાજે ગુમાવેલા પોતાના ધર્મભાઈઓના પરધર્મપ્રવેશનાં કારણો એટલા માટે જાણવાં અપ્રસ્તુત નથી. પરદેશી તથા પરધર્મીઓની આંખે જોયા વગર હિન્દુઓને "પોતાપણાનું" સાચું દર્શન થવું શક્ય નથી. એવા બે દાખલાઓ લઈએ: પ્રખ્યાત ઇતિહાસજ્ઞ ટી. ડબલ્યુ. આર્નોલ્ડ લખે છે કે:–

૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હિન્દુઓની જ્ઞાતિઓ ઉપર તેઓના જ ધર્મવાળાઓએ ધિક્કાર અને અપમાનભરી વર્તણૂક રાખી અને એ જ્ઞાતિઓમાંથી કોઈએ જો પોતાની સ્થિતિ સુધારવા ચાહી તો તેમના માર્ગમાં અયોગ્ય રુકાવટો મૂકવામાં આવી. આવી આવી વાતો ધાર્મિક વ્યવસ્થાની વિરોધી હતી. જે ધર્મમાં કોઈ અછૂત નથી, જેમાં હરેકની આશાઓ ફળીભૂત થવાને સંપૂર્ણ અવકાશ છે તેવા ઇસ્લામ તરફ આવાં અપમાનભર્યાં જીવન ગાળનારાઓ સ્વાભાવિક દોરાય જ. બંગાળામાં સુતરાઉ કાપડના હિન્દુ વણકરો—જેઓને તેમના ધાર્મિક ભાઈઓ હલકટ જ્ઞાતિના ગણતા હતા અને તુચ્છકારની દૃષ્ટિએ લેખતા હતા. તેઓ મોટા પ્રમાણમાં એ જ કારણને લીધે મુસલમાન થઈ ગયા હતા. કારણ કે તેઓ એવું તુચ્છ તિરસ્કરણીય જીવન ગાળવું પસંદ કરતા ન હતા. એ જ હિન્દુસ્તાનના દરેકેદરેક ઇલાકાઓમાં ઇસ્લામના પ્રચારનાં મુખ્ય સાધનો હતાં. એ જ કારણે આજે મોટી મોટી સંખ્યામાં હિન્દુઓ મુસલમાન થઈ રહ્યા છે, એ સિવાય બંગાળની બીજી હલકી અને જંગલી જ્ઞાતિના લોકો કે જેમના પ્રત્યે અભિમાની ઉચ્ચ વર્ણના લોકો ધિક્કારભરી નજરે નિહાળતા હતા—વર્તતા હતા; તેઓએ મુસ્લિમ ઉપદેશકોનો હસ્તે સુખે સ્વીકાર કર્યો. એ ગરીબ હલકી જ્ઞાતિના કિસાનો, ધાડપાડુઓ, શિકારીઓ, મચ્છીમારો વગેરે માટે ઇસ્લામ સ્વર્ગના સંદેશારૂપે આવ્યું. બંગાળના બે કરોડ મુસલમાનોમાં માત્ર પચીસ હજાર મુસલમાનો જ ઊંચા તબક્કાના ગણાય છે. બાકીના બધા હિન્દુઓ જ છે. જેમાંથી અડધો ભાગ વણકર લોકોનો છે. ઇસ્લામે બંગાળની હલકી જ્ઞાતિઓના કરોડો માણસો જે ઉચ્ચનીચ જ્ઞાતિના ભેદભાવથી, ઝેરીલા વિખવાદથી ધર્મને છેડે બેઠેલા હતા તેમને ખુશીથી ઇસ્લામમાં દાખલ થવાનો પ્રસંગ આપ્યો."

હિન્દુવ્યવહાર (ધર્મ નહિ જ કેમ કે હિન્દુધર્મ જે બોધે છે તે આચારમાં હોત તો આવી સરખામણીના દિવસો ઊગે જ નહિ) તથા મુસલમાન ધર્મ અને સમાજધોરણની સરખામણી કરતાં અલ્લાહબાદવાળા પંડિત સુંદરલાલજી લખે છે:—"એક તરફ એક અલ્લા, એક રસૂલ, ન કોઈ દેવી ન કોઈ દેવતા. સીધાં સાદાં ધોરણોને નામે મનુષ્યજાતમાં સંપૂર્ણ સમાનતા. ન કોઈ ઉચ્ચ ન કોઈ નીચ. ન ખુદા અને તેના પૂજારીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે કોઈ વલી કે મુરશિદની જરૂરત. ધર્મની નજરે અમીર–ગરીબ, બાદશાહ–ફકીર, વિદ્વાન–અભણ સહુ સરખાં. બીજી તરફ અસંખ્ય દેવ–દેવીઓ, ઘણાં શાસ્ત્રો, ધાર્મિક કઠણ કાનૂનો, જાત પેટાજાત, ઉચ્ચનીચ ઇત્યાદિ ભેદભાવો, બ્રાહ્મણ વગર જન્મમરણ તથા લગ્ન ઇત્યાદિ ધર્મક્રિયાઓ ન થઈ શકે; વધારામાં અંદર અંદર–પોતપોતામાં એવો વર્તાવ કે જે ઉપર હું કાંઈ વધુ કહેવા માગતો નથી......ઉપલાં કારણોને લીધે ઇસ્લામનો પ્રચાર જલદી થયો તે સર્વને સૂર્યની જેમ સ્પષ્ટ જણાઈ આવશે."

દેશકાળ, પ્રકૃતિજન્યતા તથા સાથે વસવાને લીધે–સંગદોષના ન્યાયે હિન્દુઓ જેવી કેટલી ય નબળાઈઓ અને ભેદો મુસલમાનોમાં પણ છે. જોવા બેસનારને હિન્દુઓમાં જે કાંઈ પંડિતજીએ ગણાવ્યું તેવું બધું મુસલમાનોમાં પણ મળી આવવા સંભવ છે, પણ આદિવાસીઓની સ્થિતિ સમજવામાં આવા કાળપ્રવાહો તથા સામાજિક ભેદો ભાગ ભજવી ગયા છે એટલું આથી ફલિત થાય છે. પછી એવી નાતોવાળા હિન્દુ-જગતના ઇતિહાસને નામે જે ભણાવવામાં કે ફેલાવવામાં આવે છે તેનાં પરિણામ વિષે શંકા રહે તેવું નથી. જગતને પોતાની ફૂટપટ્ટીએ માપતા વિદેશીઓ એકલો ઇતિહાસ જ નહિ માનવતાના મોટા ભાગનાં જ્ઞાનાંગો વિષેની તેમની માન્યતાઓ પણ પોતાની પરિમિત સમજણ વચ્ચે રહીને જ મૂલવી શકે. એટલે કોળિયે કોળિયે બિસમિલ્લા કરતા એવાઓ આજનું માનેલું કાલે ખોટું કબૂલવા જેવા પાછા ધૃષ્ટ કે પ્રમાણિક થઈ શકે છે ત્યારે એમનું થૂંકેલું આરોગવા માંડનારાઓની શી સ્થિતિ? બબ્બે ત્રણ ત્રણ પેઢીઓ જે ઇતિહાસ શીખી તે આજે બદલાઈ ગયા છે અને આજના નહિ બદલાય તેની કોઈ ખાતરી નથી. એટલે આ દેશના સાચા ઇતિહાસનું શિક્ષણકામ જ્યાં સુધી સ્વદેશગૌરવી અને સત્યપ્રેમી ન બને ત્યાં સુધી આ ગોલમાલ વિષે બળાપા જ કરવા રહે છે.

બાકી 'હિન્દી' તરીકે દેશના અભિમાનનું પ્રદર્શન કર્યા વગર જેમનાથી હિન્દીપણાનો પરિચય આપી શકાતો નથી તેવા હિન્દીઓને પોતાની જમાતનાઓ બાદ કરતા બાકીના દેશભાઈઓ નખશિખ અસભ્ય દેખાય છે. પશ્ચિમી સભ્યતાના ચાડિયા થઈ પડતા એવા થોડા ઉફાંદખોર અંગ્રેજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણેલાઓ પહેલું કામ પોતાના પ્રાચીન હિન્દુધર્મના સિદ્ધાંતોની મશ્કરી કરવાથી આરંભે છે; પોતાના પૂર્વજોને old fools ઢેમફૂલના પિંડ મૂકે છે. એમને હિસાબે દુનિયામાં જે કંઈ ગણવા જેવું છે તે બધું યુરોપનું. એમની વિધાતાએ દાર્શનિકો પેદા કર્યા હોય તો પ્લેટો, એરિસ્ટોટલ અને કેન્ટ, સ્પેન્સર! અગર કોઈ કવિઓ, નાટ્યકારો પાક્યા હોય તો મિલ્ટન, વર્ડ્ઝવર્થ કે શેકસપીયર જ! અગર કોઈ શૂરવીર જન્મ્યા હોય તો સિકન્દર, હેનિબાલ, સીઝર, નેપોલીઅન, નેલ્સન કે વેલિંગ્ટન! કોઈ રાજપુરુષો થયા હોય તો બિસ્માર્ક, પિટ્ટ કે ગ્લેડસ્ટન! અગર કોઈ ધર્મસુધારકો થયા હોય તો ઇસુ, મહમદ કે લ્યૂથર જ!

પરાધીન, પતિત અને પદદલિત હિન્દુસ્તાનના આ સપૂતોને શી રીતે કહેવું? કે જે કાળે એ યુરોપિયનો જંગલી, દિશાહીન જિંદગી ગુજારી રહ્યા હતા ત્યારે આ દેશ જાહોજલાલીના શિખરે હતો. વેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ અને છંદ જેવાં શાસ્ત્રો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, શ્રુતિ, સ્મૃતિ, વૈદક, ચિત્ર, શિલ્પ અને એવી લલિતકલાની સજીવ સંસ્કૃતિમાં આ દેશ સુજલા સુફલા પુણ્યભૂમિ હતો.

આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, સ્કુન્જિધ્વજ અને ભાસ્કરાચાર્ય જેવા ખગોળવેત્તાઓ—જ્યોતિષીઓ; મનુ, યાજ્ઞવલ્ક્ય, નારદ, પરાશર, શુક્ર-કામંદક, ચાણક્ય કે રામદાસ જેવા રાજપુરુષો; પાણિનિ, કાત્યાયન, પતંજલિ, સારસ્વત, હેમચંદ્ર જેવા વૈયાકરણીઓ; અશ્વિનીકુમાર, માધવ, વાગ્ભટ્ટ, સુશ્રુત, ચરક અને ધન્વન્તરી (વિક્રમરત્ન) જેવા વૈદ્યો; વાલ્મિકિ, ગણેશ, વ્યાસ, નાગાર્જુન, અશ્વઘોષ, કુમારાજિવ, બિલ્હણ જેવા ઇતિહાસ-કારો; ભાસ, ભારવી, કાલિદાસ, ભવભૂતિ, દંડી, ભર્તૃહરી, શાંતિદેવાચાર્ય, જયદેવ, જગન્નાથ જેવા કવિવરો; રઘુ, દિલીપ, રામ, કૃષ્ણ, વિક્રમ, ભોજ, અશોક, ચંદ્રગુપ્ત, સ્કંદગુપ્ત, પૃથ્વીરાજ જેવા સમ્રાટો; અને મહાદેવ, ભરતાચાર્ય, વિશ્વકર્માની લલિતકલાઓને અનુસરેલા હજારો અનામી કલાકારો પેદા કરતી આર્યસંસ્કૃતિની પૂર્વસ્થિતિને ભૂલી જઈ કેવળ પોતાના જમાનાને જ સુવર્ણકાળ માની બેઠેલા યુરોપિયન-પ્રેમીઓને શી રીતે સમજાવવું કે માનવી-ઓને વાંદરાની પેદાશ સ્થાપતી ડાર્વિનની ઉટપટાંગ વિકાસવાદી કપોલકલ્પિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતાઓને માથે ચડાવી લેતા અને એવી ઈશ્વરના અનસ્તિત્વની સામ્યવાદી વિચારશ્રેણિઓને અપનાવી લેતા–એવી અધોમુખી તથા કુત્સિત પરબુદ્ધિમાં જેમનું બધું ય જ્ઞાન સમાઈ જાય છે તેવા અક્કલનું અજીર્ણ અનુભવતા ભૌતિકવાદીઓ હજુ આર્યવિજ્ઞાનની તુલનામાં પારણે પોઢ્યાં દૂધપીતાં બચ્ચાંઓ કરતાં યે બેજ છે!

નકરાં બકરીનાં લોળિયાં જેવા જ્ઞાનને જો સુખસંપત્તિ અને શીલ-સ્વાતંત્ર્ય સાથે સંબંધ હોત તો આજે આ દેશ આવી બેહાલિયત ભોગવતો ન હોત. યુરોપિયનોની બેડોળ, બેહૂદી–બુડથલ આવૃત્તિ થઈ જન્મેલાં એવાં ખોતડાંઓને શી રીતે સમજાવવું કે તેમનો એ પાક તો ૧૮૩૫ના મેકોલેના વાવેતરનું પરિણામ છે. આમ અંગ્રેજી ભણેલાઓ માંહેના એવા સદ્‌ગૃહસ્થો હિન્દુસંસ્કૃતિના એટલા જ ઘોરખોદુઓ છે જેટલા એમના કાળાઓનો કાળો ઇતિહાસ ઊભો કરનાર ગોરા ગુરુઓ છે.

(૩) વિદેશી–સાહિત્ય, કલાકોવિદતાને નામે

"પશ્ચિમના સાહિત્યમાં અનિષ્ટ અંશો બહુ ઘૂસી ગયાં છે. અને ત્યાંની પ્રજાની સ્થૂલ વિલાસિતાને પોષવા અને તેમાંથી આર્થિક લાભ ઉઠાવવા ત્યાંના ઘણા લેખકોએ માનવીના અધમ ભાવોને, વિકારોને અને વિચારોને વાસ્તવવાદ, પ્રગતિવાદ, જિન્સી જ્ઞાન, માનસશાસ્ત્ર આદિને નામે પ્રગટ કરીને શિષ્ટ સાહિત્યને કલુષિત કીધેલું છે. 'કલા ખાતર કલા'ને નામે સાહિત્યમાં ને કલામાં બહુ અશિષ્ટ અને અનિષ્ટતા પ્રવેશ પામી છે. આ બધું અશિષ્ટ સાહિત્ય ઊગતી પ્રજાના વાંચવામાં આવે અને તેવા અધમ વિચારોથી તેનું મગજ ભરવામાં આવે તો એ પ્રજાની તેમ જ એ લેખકોની કૃતિઓનું અનુકરણ કરતી પ્રજાની ગતિ ધર્મ્ય થાય કે અધર્મ્ય? એવા પાશ્ચાત્ય સાહિત્યનું અનુકરણ આપણી પ્રજાને કઈ રીતે ઉપકારક છે?"

મુંબઈ ખાતે તાજેતરમાં ભરાયેલા ગુજરાતી સાહિત્યસંમેલનના પ્રમુખશ્રી ખબરદારના ભાષણની એ કંડિકા છે; એમાં બધું સમાઈ જાય છે. અને રશિયાના સામ્યવાદ તથા યુરોપના ભૌતિક વિજ્ઞાનવાદ કે સમાજવાદ આદિ નિતનવા વાદોને પારણે હીંચોળાતી અવિકસિત, અશાસ્ત્રીય સંસ્કૃતિના અસ્થિર અને બાલિશ ઉપાયોની વાતો–ચર્ચાઓની હવા પણ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખુલ્લા રેઢા દેશના ભલાભોળા અને પોપટિયા લોકો તથા કાચા વિદ્યાર્થીઓને નાસ્તિક બનાવતી ચાલી છે. એવાં થોકબંધ સાહિત્યની આયાત થતી રહી છે. અને આડકતરાં આ દેશનાં–મોટે ભાગે પઢતમૂર્ખ હિન્દુઓના ઘરઘાતકીપણાને ભેટ પીરસાતી રહી છે. એવાં સાહિત્યસંપર્કથી જ હિન્દુઓની સાચી સ્વધર્મનિષ્ટા ઓસરતી ચાલી છે. પછી એમનાથી બીજી રીતે જોઈ કે સમજી શકાતું નથી. ગાંધીજીની રાષ્ટ્રીયતા કે સ્વદેશીની શિક્ષાને ય તેઓ ‘ગાંધીવાદ’ને નામે ઓળખી શકે છે કે લેનિન, હિટલર અને મુસોલિનિની સરખામણીમાં ગાંધીજીને માપી શકે છે. પછી એમને દેશનું, પોતાના ધર્મ, સાહિત્ય કે સંસ્કૃતિમાંનું કંઈ જ ગમતું નથી. અરે કૂતરાંઓ પણ વિલાયતી પાળવાં ગમે છે. કૂતરાંઓનાં નામો પણ વિલાયતી રાખ્યા સિવાય પાળી શકાતાં નથી. ગગો, બટુક, બેટો, બચુ કે દીકરો કહેવા કે સાંભળવાથી તેમનું વાત્સલ્ય પણ ઓસરી જાય છે. બેબી, બાબા અને તેમનાં માવીતરોની સંસ્કૃતિ ઉપરની આ પરદેશી તવાઈ–સવારી માત્ર પોતાની કાળી ચામડી ને જ બદલી શકતી નથી. એનું તેમને ભારે લાગી આવે છે.

લોકશાહી અને માનવતાને નામે જે બીજું પિશાચ યુદ્ધ આજે પશ્ચિમ લડી રહ્યું છે. તેમાં તેમના બધાં સાહિત્ય અને વાદો ધોવાઈ જતાં નથી શું? એમની સંસ્કૃતિ, ધર્મ, સાહિત્ય અને કલાનું દેવાળું કાઢતાં આ યુદ્ધનું સરવૈયું નીકળશે ત્યારે નૂતન દુનિયાનાં સોનેરી ઘડતરમાં હિન્દનું સ્થાન કેવું હશે તેના આંકડા પાડવા મથનારાઓથી ઇશ્વિર ભારતને બચાવે! મહાભારત જેવું યુદ્ધ લડેલાં હિન્દુસ્તાનને તેમનાં આવાં યુદ્ધ પછી એ યુદ્ધથી જે કંઈ ગુમાવ્યું કે મેળવ્યું હશે તેનો હરખધોખો નથી થવાનો. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ, હુન્નરીઓ, આજારો અને દેશના અનેકવિધ ઉત્પાદનોને બચાવી એક જ ઠેકાણે–કુરુક્ષેત્રમાં–લડી લેવાયેલું, જેનાં યુદ્ધક્ષેત્રને પણ ધર્મક્ષેત્ર તરીકે ઓળખાવતા હિન્દના વ્યાસો કે સંજયોની તુલનામાં તેમના ડફ્ફૂપરો, ગોબેલ્સો કે લોઝાવ્સ્કીઓથી હિન્દીઓને પ્રભુ બચાવે! આમ લોકશાહીને નામે ગોઝારા સામ્રાજ્યવાદની રક્ષાની ચિંતા ચોળતા તેમના એવા વાદો અને એનાં શાસ્ત્ર તરીકે ઓળખાવાતાં સાહિત્યો હવે ખૂબ ઉઘાડાં પડી ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદેશી ફિલ્મ–કંપનીઓ પણ એવી જ ફિલ્મો તૈયાર કરી બળતામાં ઘાસલેટ છાંટતી રહે છે. ભારતવાસીઓ અને ખાસ કરીને એકલા હિન્દુ ધર્મના રૂઢ, વિકૃત અને મૂળે અહિન્દુ છતાં હિન્દુઓને નામે ચડેલા સિદ્ધાંતોની બેલગામ ઠેકડીઓથી ભરેલી એવી ફિલ્મો દ્વારા ત્યાંના લોકોને વિનોદ પૂરો પાડવામાં આવે છે. આ દેશના તેવી ફિલ્મો જોનારાઓને પોતાની એવી નાલેશી કોઠે પડી જાય તેવું વાતાવરણ તો પહેલેથી જ બેઠી રાખ્યું છે.

જે પ્રજાને પરધર્મી રાજની પરદેશી ગુલામી કોઠે પડી ગઈ છે તે પ્રજાને પછી પોતાની ભાષામાં "ઓનર" જેવો શબ્દ ન હોવાની ગાળ દેનારા બેડન પૉવેલો (ચીફ સ્કાઉટ) નું અજ્ઞાન પછી શી રીતે સાલે! પોતાની જાતિને એવાઓ અસભ્ય, નિકૃષ્ટ અને જંગલી માનવા માંડે છે. અને પેલાઓની શ્રેષ્ઠતા આગળ શિર ઝુકાવાય છે. એવા દેશોની ફિલ્મો જોનારાઓમાં પછી "ગૌરવ"ની ભાવના ક્યાં ખોળવી?

'India Speaks,' 'Bengali Lancer,' જેવી હિન્દ વિરોધી ફિલ્મો ઊતર્યે જ જાય છે. હવે અમેરિકામાં બતાવવા માટે બિશપ લ્હાંડેએ 'Sacred India' ફિલ્મ તૈયાર કરાવી છે. એ 'પુનિત–ભારત'માં હિન્દુધર્મને વગોવનારાં બર્બર દશ્યો લીધાં છે:–

૧ નવસ્ત્રો–દિગંબર સાધુ

૨ રીંછ માફક પગ સુધી વધેલી જટાવાળો સાધુ

૩ બબ્બે ઈંચ લાંબા વધારેલા નખવાળા સાધુ

૪ કુંભકોનમનાં વાસી, બદબો મારતાં–સાંકડા કુંડના પાણીમાં દસ દસ લાખ સ્ત્રીપુરુષોનું સહસ્નાન

૫ બબ્બે ત્રણત્રણ વર્ષની બાલવિધવાઓ

૬ એવી બાલવિધવાઓના શરીરને ગરમ લોઢાના ધગધગતા સળિયાથી ડામ દેવા

૭ હિન્દુ દેવમૂર્તિઓ (કાલિદેવી આદિ) સામે સેંકડો બકરાંઓ તથા પાડાઓનાં બલિદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાં આવાં બીભત્સ દશ્યો ઊભાં કરી યુરોપ–અમેરિકાના પાદરીઓ એવું સિદ્ધ કરી રહ્યા છે કે હિન્દુઓ જંગલી, ઘાતકી અને પિશાચો છે. જેથી એમને ભગવાન ઈસુની છાયામાં લેવામાં તેમનો માર્ગ સરલ બને. એ રીતે એક જ વર્ષમાં એ પાદરીઓએ છપ્પન લાખ રૂપિયા ઉસરડી લીધા હતા. અને હિન્દુઓએ એમના એ પવિત્ર કાર્યમાં–ફિલ્મ જોઈને જે ફાળો દીધો હશે તે વધારામાં!

એ માંહેનું થોડું સાચું હોય તો પણ એને જ હિન્દુધર્મ, સંસ્કૃતિ કે સમાજનિયમો તરીકે વગોવનારું દોષદર્શન એવા માનસનું સૂચક છે જે સમભાવ કે દયાને બદલે ઈર્ષ્યા અને વૈરનું પરિણામ હોય. એથી એ ઉઘાડું પડી જાય છે કે વટાળનીતિમાં એમને યુરોપ–અમેરિકાની પ્રજાનાં મત, પક્ષ અને પૈસો જોઈએ છે. એવા પછાત, અસભ્ય હિન્દુસ્તાનનો (?) ઈસુને ખાતર ઉદ્ધાર કરવા હજુ અંગ્રેજ રાજાધિપત્ય ટકાવી રાખવામાં ટેકો જોઈએ છે. સાથોસાથ હિન્દુઓ કરતાં તેઓ ચડિયાતી, આગળ વધેલી માનવશ્રેષ્ઠ પ્રજા છે, તેનું હિન્દુસ્તાનીઓને હરપળે સ્મરણ કરાવતા રહી પોતામાં આંજ્યા રાખવા છે અને સ્વરાજ્યથી વંચિત પણ.

એલિફન્ટ બોય, ડ્રમ્સ, ફોર ફીધર્સ પછી હવે એવા સામ્રાજ્યવાદના એમના પ્રચારમાં ઉમેરો કરતી "ધી જંગલ બૂક" નામની ફિલ્મ મર્હૂમ અંગ્રેજ રાજકવિ કિપલિંગની લખેલી, તૈયાર થઈ રહી છે. અમેરિકાના હોલિવૂડને પ્રચારકેન્દ્ર કરી રહેલી એ મૂડીદાર સામ્રાજ્યલોલુપ લોકશાહીની કલામાન્યતાઓને કલા સર્વસ્વ ગણી ઝીલનારાં હિન્દનાં સિનેમાકેન્દ્રો અમેરિકાનું ઉપલી ફિલ્મોથી હિન્દ પ્રત્યે પ્રગટ થતું વલણ સમજવા કોશિશ કરે તો ય ઘણું છે.

"જેને પોતાની જાતિનું ગૌરવ નથી, જે પોતાનાં કલા અને સંસ્કૃતિને પૂરાં જાણતા નથી, તેણે બીજા પાસેથી પોતાનાં કલા સંસ્કૃતિ કે જાતિ અને દેશ માટે સન્માનની આશા છોડવી જોઈએ. કલાના પ્રાચીન ભારતીય ધોરણોને મૂલવી ન શકનારાઓને હાથે પડેલી હિન્દી કલા તો એવી શાસ્ત્રીય કલા વિષે સમૂળું ન જાણનારા ગરીબ ગામડિયાઓની ઝૂંપડીમાં જળવાતી પડી છે, કે જેનાં માટીનાં વાસણો, પૂજાનાં પાત્રો વગેરે આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંડન અને પેરિસના ગૃહસ્થોના ઓરડાઓ શોભાવે છે. સાચી કલા–સંસ્કૃતિના ઉદ્ધાર વગર દેશની ઉન્નતિ સ્વતંત્રતા કે સમૃદ્ધિ અસંભાવ્ય છે.'' શ્રીમતી રુક્મિણીદેવી એરૂંડેલના ઉદ્‌ગારોનો એ સાર ભાગ છે જે ટીકાથી પર છે.

(૪) સ્વરાજ્યને નામે

(પાર્શ્વભૂમિકા)

જ્યારે હિન્દી રજવાડાંઓ અંગ્રેજ વેપારીઓનાં–કંપની સરકારની ઊંચી તાલીમ તથા નવાં શસ્ત્રોવાળાં ભાડે મળતાં લશ્કરોથી આસપાસનાં રજવાડાંઓને જેર કરવાની ગણતરીમાં પડ્યાં હતાં; કે જામતી જતી કંપની સરકારનું આ દેશ પરનું ભાવિ પરિબળ કલ્પી તેની સાથે સુમેળ સાધવા સિવાય પોતાની હસ્તી વિષે (નહિ કે દેશની અભંગ સ્વતંત્રતા માટે) બીજું તેમને સૂઝતું નહોતું કે લાકડેલાકડું ભાંગવાની રાહમાં અને તેવે વખતે મોકો સાધી લેવા તલપી રહેલાં છતાં કંપની સરકાર સાથે સારાસારી રાખી રહી ઘર સાચવી લેવાની વેતરણમાં પડેલાં ત્યારે પરદેશી તંત્રને ઉથલાવી પાડવા ૧૮૫૭માં વિપ્લવી બળો એઠાં થઈ પડ્યાં. ટૂંકબુદ્ધિ, દગડાં, બીકણ, એકલપેટાં અને દૂરંદેશીના ખ્યાલ વગરનાં એવાં આત્મઘાતી લડાયક તત્ત્વોના સહકાર વગર ભાંગી પડેલા બળવાખોરોની મૂર્ખાઈથી સમસમી રહેલી–છોભીલી પડેલી નાઇલાજ હિન્દી પ્રજાને ત્યારે કંપની સરકારે બ્રિટિશ સરકારને હવાલે કરી: ત્યારે એમાં મહારાણીના ઢંઢેરાથી કાંઈક આશ્વાસન મળ્યું. આખા દેશના એકરંગી વહીવટી તંત્રની વ્યવસ્થા આણી અંગ્રેજોએ કાયદાપ્રેમી હિન્દી પ્રજાને મનાવી લીધી. ખરી રીતે તો એ અંગ્રેજી નૂતન વ્યવસ્થા બીજા કોઈ પણ બળવાને પહોંચી વળવાની પૂર્વતૈયારી હતી.

આગગાડી, ટપાલ, તાર, ન્યાય આદિ નવીન અને વિવિધ અંગો વડે રાજ કરતી ગોરી–રૂપાળી તરવરિયા રાજકર્તાપ્રજાની શેહમાં સાદા, સંતોષી અને ધર્માભિમાની હિન્દીઓ એવા તો મંત્રમુગ્ધ બનતા ચાલ્યા કે ફૂંકીફૂંકીને ઠોલતા ઉંદરની ભાંતિ પરદેશી કૂટનીતિનું હિન્દુઓને એથી ભાન પણ ન રહ્યું. હિટલરની પરિભાષામાં લખીએ તો જ્ઞાનતંતુની લડાઈમાં હિન્દીઓ ત્યારના હારી બેઠા. પોતાનાં રૂપ, ગુણ, કુળગૌરવ; પોતાનાં ભાષા, પોશાક;

૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાં ધર્મ, સાહિત્ય, પોતાનાં કલા–હુન્નર–સહુમાં ગોરાઓ એમને ચડિયાતા લાગ્યા. એમ લઘુતાગ્રંથી (Inferiority) ની અસરમાં આવી ગયેલા હિન્દીઓને પછી પોતાના હરેક જીવન–ક્ષેત્રમાં ગ્રામીણુતા એટલે જંગાલિયત ભાસવા માંડી. હિન્દીઓના એવા પરપરીક્ષણને " વાગોળતાં ગાડરને પૂંછડેથી દીપડો બરાબર એવી રીતે આખું ને આખું ખાઈ જાય છે તો ય ઓગાળતું મોઢું બાકી રહે ત્યાં સુધી ગાડરને ખબર પડતી નથી " એ દૃષ્ટાંત વગર ઘટાવી નહિ શકાય. હિન્દની એવી સ્થિતિ હતી.

ત્યારે અંગ્રેજી રાજ–અમલે થોડા પ્રાથમિક યુરોપીય સંસર્ગે જન્માવેલા ગણ્યાગાંઠ્યા હિન્દીઓનું ઘેન ઊતરતું લાગ્યું. સત્તાના એઠવાડ જેવી થોડી નોકરીઓ માટે પેદા થયેલા એ હિન્દીઓને રાજકર્તાઓની નિયત પ્રત્યે શંકા ઘર કરતી ગઈ. કલાઈવો તથા હેસ્ટિંગ્ઝોના ઘરઆંગણે ઊઠેલા વરઝોળાની ગંધ આવતી થઈ અને એ રાજરીત પ્રત્યે વહેમ, બીક અને દેશપ્રેમની ત્રિવિધ લાગણીએ જન્માવેલી, થોડા ઠરીઠામ થયેલાં અંગ્રેજ-રાજકારોબારની લાપરવાઈના આંખમીંચામણાં અને થોડું હિન્દુઓની અંગ્રેજ-ભક્તિથી પ્રસન્ન થયેલી તે પ્રજાના સજ્જનોની ભલમનસાઈએ માર્ગ કરી દોરી આપેલી જે નવી ભૂમિકા બંધાઈ તે આપણી કોંગ્રેસ.

એવી સહુથી પહેલી અને એકમાત્ર રાજનૈતિક સંસ્થા તરીકે રાષ્ટ્રીય મહાસભા માંહે અને આસપાસ રહી દેશનાં દુ:ખદારિદ્રય પ્રગટ કરવાનું પહેલાં તો એ હિન્દી પ્લેટફૉર્મ થયું. એમ દેશની સ્વતંત્રતા માટે ઊહાપોહ, આંદોલન ' ને પ્રચાર વડે થોડા આઝાદપ્રેમીઓ ભેગા મળી વિચારોની આપ–લે કરી એમાંની થોડી રાવદાદ સરકારને કાને નાખતા થયા. એકંદરે મહારાણીના ઢંઢેરાને ખોટાં ઠરાવતી બ્રિટિશ નીતિથી ચોંકી ઊઠેલો એ **સુરાજ્ય**પ્રેમી હિન્દીઓનો દેશપ્રેમ જ હતો.

રાજકર્તા પ્રજાની ઘરની રાજનીતિ જાણ્યા પછી તેમની જ શૈલીએ પોતાના દેશમાં રાજઅમલ દાખલ કરવાની હિન્દી માગણીમાં એવું નૈતિક દબાણ હતું જે અંગ્રેજોથી નકાર્યું ન જાય. બસ એટલે વધુ રજવાડાંઓ ખાલસા કરવાની કર્ઝનનીતિ અટકી પડી. જો હિન્દને રાજશાસન આપવામાં આવે તો લોકશાહીમાં બહુમતીના હાથમાં રાજસૂત્રોનું સુકાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતું હોઈ હિન્દુઓ તે મેળવવા આ બધું કરી રહ્યા છે એવું આ દેશના મુસ્લિમદળોને ભરમાવી અને બહેંકાવીને આ બહાને ૧૮૬૫ની સાલમાં અલગ મતાધિકારની ફાચર મારીને ત્યાં સુધીની ' હિન્દુ–મુસ્લિમ–એકતા 'માં કુસંપનાં બીજ ઓયાં: એટલે આવી મુસ્લિમ લીગ. એની સામે હિન્દુજાતિના હક્કહિતોનું એક કોમ તરીકેનું પ્રતિનિધિત્વ જાળવવા, દેશના કેટલાક હિન્દુ-નેતાઓની અગમચેતીએ જરૂરની માનેલી અને તત્કાલિન સ્થપાયેલી દક્ષિણ આફ્રિકાની પ્રગતિશીલ હિન્દુસભાની પ્રેરણા પામી, હિન્દુમહાસભા જન્મી.

આમ દેશની બે મુખ્ય જાતિઓ અને ધર્મોનાં પ્રતિનિધિત્વ ધરાવતી બે અલગ અલગ સંસ્થાઓને પોતાની રખેવાળી નીચે લેવાને બદલે કોંગ્રેસ તો તેની અદેખાઈ કરતી થઈ ગઈ. જાણે રખે પોતાની નેતાગિરીને આંચ આવે! આનું પરિણામ એ આવ્યું કે તે બેઉ સંસ્થાઓ રાષ્ટ્રીયતાના રંગ વગરની નકરી કોમી હુંસાતુંસીની અખાડાગિરી કરતી રહી. એમાં ય સહન કરવું પડ્યું હિન્દુઓને; કેમકે મોટાભાગના હિન્દુનેતાઓ ' હિન્દી ' થઈને કોંગ્રેસના ઝંડા નીચે જ રહ્યા અને હિન્દુમહાસભાને એમ ઉવેખતા ગયા. ત્યારે કોંગ્રેસમાંના મુસલમાનો ત્યાં બેઠાં લીગનું ઉપરાણું તાણતા રહ્યા: એથી તો હિન્દુમહાસભાના નેતાઓ દેશમાં અળખામણા બનતા ગયા.

આ બધું હજુ તિલક મહારાજના દેવ થયા સુધી કંઈક ઠીક હતું પણ પછી ગાંધીજી ગાદીનશીન થયા અને કોંગ્રેસનો કાયાપલટો થયો. દેશમાં અને બહાર એની શાખ બંધાઈ ગઈ: અને સાથોસાથ મહાત્માની જડીબુટ્ટી પણ બનતી ગઈ. પોતાની સાદાઈ, પ્રમાણિકતા, સત્ય, પ્રેમ અને અહિંસક નીતિ જેવી ઉમદા ભાવનાઓ અને તપલક્ષણે મહાત્માજીએ દેશજનોનાં માનપ્રેમ જીતી લીધાં. એક વ્યક્તિ તરીકેના તેમના વિકાસની મહાસભા જાણે નોંધવહી બની ગઈ. મહાત્માજીએ મહાસભા અને દેશજનોનાં અંતરને સ્વરાજની સાચી ભાવના વડે સિંચ્યાં. સાથોસાથ સ્વરાજ માટેની હર હિન્દીની ઊંચી લાયકાતની જરૂરતને ખ્યાલે સહુને બાંધી તો દીધાં પણ એમ હિન્દી રાજકારણમાં વ્યક્તિપૂજાની પાર્શ્વભૂમિકા ઊભી થઈ ગઈ. અલબત નેતાગિરીની વ્યાખ્યા બદલી નાખી. દેશની સેવા કેવળ પદ મેળવવા કે પ્રતિષ્ઠા હાંસલ કરવાની મોટાઈનું રમકડું થઈ પડેલી તેનો ચીલો બદલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધો. તો એથી દેશના મુસલમાનો માંહેના થોડાઓને કુશંકા કરવાનું અને હિન્દુઓની નિષ્ઠા વિષે અવિશ્વાસ લઈ જવાનું કારણ મળ્યું: તેમ હિન્દી રાજકારણમાં ઉપવાસ અનશનની હિન્દુતપભાવનાથી તેઓને દેશમાં હિન્દુ-ધર્મનો પ્રચાર થતો લાગ્યો. એટલે અલિ બિરાદરોથી માંડીને ઝીણા સુધીના રાષ્ટ્રભાવી મુસ્લિમો મહાસભાને ગુમાવવા પડ્યા. થોડા રહ્યા તે મહાત્માજીની નિષ્ઠાની સચ્ચાઈના ઉદાહરણ જેવા. તેમ તેમ તેવા મુસ્લિમોને પોતાની–મહાસભાની રાષ્ટ્રીય નીતિની ખાતરી આપી પોતાના કરી રાખવા ગાંધીજીને સ્વરાજ કે રાજકર્તાઓને બદલે મુસ્લિમો પ્રત્યે ધ્યાન દેવું પડયું. માલવિયા, અણે આદિને અલગ પાર્ટી બનાવવી પડી.

હિન્દને મુક્તિ અપાવવા કોઈ લેનિન, કમાલ, રેઝાશાહ, મસારિક કે વૅલેરા થવાને બદલે હિન્દુધર્મના કોઈ ઋષિમુનિ થવા માંડેલા બૅરિસ્ટર ગાંધીના કૉંગ્રેસમાંના રચનાત્મક પ્રયોગો પણ અસહકાર, સત્યાગ્રહ કે રેંટિયો વગેરે હિન્દુધર્મને રંગે રંગાયેલા રહેતા ચાલ્યા અને એમ એમ મહાસભાને હિન્દુસંસ્થા તરીકે ઓળખાવનારાં તત્ત્વોએ ઇસ્લામીઓની આંખે ચઢઉતરનાં ચશ્માં ચડાવ્યે રાખ્યાં.

પરદેશી લોકશાસન ભોગવતા દેશોમાં હોય છે તેમ મહાસભામાં પણ પક્ષો હતા. મહાત્માજીની નીતિ પ્રત્યે ટીકાખોરી જન્માવતા એવા ફાંટાબાજોના સમાજવાદી પક્ષના પંડિત જવાહરલાલ લાડીલા હતા. લગભગ પોતા જેવી અને જેટલી પ્રતિષ્ઠા અને દેશપ્રેમ વરેલા પંડિતજીની તથા બંગાળમાં અને દેશપરદેશમાં તેવી પ્રતિષ્ઠા પામેલા સુભાષચંદ્ર બોઝની દેશમાંની લાગવગ જોઈને તેમને એક ઉત્તરાધિકારીની અદાથી પડખે લેવામાં આવ્યા. મહાસભામાં એકરાગ જન્માવવા ગાંધીજીએ તેઓની પરદેશી સંસ્કારોએ જન્માવેલી સ્વદેશીની ભાવનાઓને 'હિન્દી પુટ' આપવામાં ત્રણ વર્ષોની સામટી પ્રમુખપદાંની તાલીમે જવાહર પૂરતા તો સફળ થયા. પણ શિસ્તની શિથિલતામાં સુભાષને ગુમાવવા પડ્યા.

ફ્રેંન્ચ રેંવોલ્યૂશન (બળવા)ની પ્રેરણા અને યુરોપના ગયા વિગ્રહ પછીની નૂતન વ્યવસ્થા દરમિયાન (કે પહેલાં પણ) સ્વતંત્ર થયેલી આઝાદ પ્રજાઓના ઇતિહાસના પઠનપાઠન ભરેલે ભેજે, તેવા ધોરણે હિન્દને સ્વતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાની ધગશવાળા એ છાપના નવયુવાનોને ગાંધીજી ખરેખાત દીક્ષા આપી શક્યા. જલિયાનવાલાથી રાઉન્ડ ટેબલ અને પ્રધાનપદાં છોડ્યાં ત્યાં સુધીનો ગાળો ગાંધીજીની એકહથ્થુ નીતિનો ઇતિહાસ છે. એક જ વાક્યમાં એને ખતવીએ તો મુસલમાનોનો વિશ્વાસ ગુમાવવાનો ઉત્તરોત્તર દહાડોરાત એમાં પુરુષાર્થ થયો છે અને એમ મુસલમાનો પણ પોતાના સાચા રૂપમાં આવતા રહ્યા છે. છતાં મૉંટેગ્યુ સુધારાથી માંડીને '૩૫ નો પ્રાંતિક અમલ સ્વીકારીને મહાસભાએ તો મુસલમાનોને જીતી લેવા એના એ જ ધોરણે કામ લીધા કર્યું છે. એ છેવટ શુક્રગુજારી દિન કે પાકિસ્તાનમાં લણવાનું બન્યું ત્યારે જ એની આંખ ઊઘડી છે.

રાષ્ટ્રીય મહાસભાએ–એક રાજનૈતિક સંસ્થાએ દેશના બધા ધર્મો તથા કોમોને સ્વરાજભાવે લેખવા જોઈએ. કૉંગ્રેસ પણ એ જ ધ્યેય ધરાવે છે પરંતુ ખેદપૂર્વક સ્વીકારવું રહ્યું કે કૉંગ્રેસી નેતાઓ તથા કાર્યકર્તાઓ 'હિન્દુ-મુસ્લિમ એકતા' કરવાની ધાંધી બાવરાઈમાં પાણીપોચા પડી જઈ મુસ્લિમોની મોટું ફાડતી માગણીઓથી હેબતાઈ રહ્યા છે. હરકોઈ બહાને હિન્દુજાતિના જ હક્કો, હિતો લૂંટાવતા પોતાની નિષ્પક્ષતા લોપતા એઓ મુસલમાનોની કાગારોળને શમાવવા અને એ રીતે મહાસભાના કારોબારની આંતરરાષ્ટ્રીયતા કે સરકારમાંની શાખ જાળવવાનું કરતા, છેવટ પોતાની જાતનાં પ્રતિષ્ઠાપદ અને સ્થિતિને ચીટકી રહેવા, શોભાવવા તેમ જ સાચવવા જેવી બાયલાઈ, ખૂટલાઈ અને જાતિદ્રોહ આચરી રહ્યા છે તે અસહ્ય છે.

આ કથનના સમર્થનમાં ઢાકા, બિદર, સિંધ, સરહદ, હૈદ્રાબાદ, કાનપુર, લખનૌ, ભાવનગર અને મુંબઈનાં રમખાણો વેળાની મહાસભાની નેતાગિરીની નિષ્ક્રિય–નિર્વીર્યતા સાક્ષી તરીકે પૂરતી છે. મહાત્માજીના પોતાના શબ્દોમાં ટાંકીએ :– "ઢાકા, અમદાવાદ અને મુંબઈ એ ત્રણ સ્થળોએ મહાસભા-વાદીઓ કામ કહી રહ્યા હોવા છતાં રમખાણો શા માટે થાય છે? એ ખરો પ્રશ્ન છે. મુંબઈ કરતાં અમદાવાદમાં મહાસભાની લાગવગ વધારે છે તો પછી આટલા હજારો માણસો પોતાનાં ઘરોનું પણ રક્ષણ ન કરી શક્યા એવા અસહાય કેમ બની ગયા? તેઓ હિંસક કે અહિંસક રીતે એ રક્ષણ કરી શક્યા હોત."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મહાસભાવાદીઓ પણ હિન્દુ ખરાને! મુસલમાન ગુંડાને તો બધા હિન્દુઓ સરખા હતા. છાપાનો અહેવાલ સાચો હોય તો એવા અમદાવાદના પ્રાંતિક સમિતિના પ્રમુખ તે દિવસોમાં મુંબઈ પહોંચી જઈ પોતે જાતે તો રક્ષણ પ્રાપ્ત કરી શક્યા હતા.)

લાગે છે કે હિન્દુજીવનમાં છેલ્લાં ચાર હજાર વર્ષોના 'પરચક્રસંપર્ક' દરમિયાન આવા ટાઢા ડામ જેવો અત્યાચાર, આવી કરવતકાપુ ઘરફૂટ, આવી નર્યા ધાનના જીવોની પેદાશ, આવા હિચકારા અગ્રણીઓના હાથે પડેલી હિન્દુહિતરક્ષા, આવો ગામ–સીમ વચ્ચેની તાણાતાણીવાળો દુમેળ, આવો છાનો કલહ, આવો છેતરામણો સુખાભાસ અને આવી 'ધર્મ'ને નામે થતી અથડામણ; સામાજિક સંકડામણો તથા આજની જીવન-સંગ્રામની દુવિધાઓનો એકસામટો સાક્ષાત્કાર કરવાનું ઇતિહાસે કદી નોંધ્યું નથી. જયચંદ કે અમીચંદોની ખૂટલાઈને વટાવી જતું સ્વરક્ષણ પ્રત્યેની જડએકામીથી ઘેરાઈ ગયેલું આજનું હિન્દુ–માનસ અને ઔરંગઝેબ કે કર્ઝનોની ઉઘાડેછોગ પક્ષભેળ કરનારી નાગડદાઈ તથા દોંગાઈને સારું કહેવડાવતું અત્યારનું બન્ને બાજુનું હિન્દુ વિરોધી વલણ અજોડ છે.

એમાં યે મહાસભાએ હોદ્દા સ્વીકારી મુસ્લિમો પ્રત્યે લળતી, ઢળતી જીલબ્બે નીતિ આચરીને પરદેશી સરકારનું ઓરમાનપણું ભુલાવી દીધું છે અને એમ એમ મુસ્લિમ–અસંતોષ માઝા મૂકતો ચાલ્યો છે. ૧૯૧૬નો લખનૌ પૅક્ટ, સી. આર. દાસનો બૅંગાલ પૅક્ટ, ગાંધીજીના અપવાસે પ્રાપ્ત થયેલો મૅકનોલ્ડ–ચુકાદો અનેક કૉન્ફરન્સો તથા સમજૂતિઓ ઘોળાને પી જતી મુસ્લિમ–ભૂખ ઊઘડતી જ ગઈ. કૉંગ્રેસે જેટલું એ માગણીઓને મોંમોઢું દીધું તેટલું જ એણે કાઠું કાઢ્યા કર્યું છે :--

" મર્ઝ બઢતા ગયા જ્યોં જ્યોં દવા કી
આગ મેં શોલે ઊઠે જ્યોં જ્યોં હવા કી."

પહેલાં તો ફક્ત મસ્જિદ અને વાજાંનો સવાલ હતો. શહેરોનાં ધમાલિયાં વાતાવરણના ઘોંઘાટથી મસ્જિદની શાંતિ જળવાતી હતી. સાલવેશન આર્મી કે લશ્કરના ઢોલપડઘમોથી કે તાજિયાના દેકારાઓથી મસ્જિદની શાંતિને કંઈ જ વાંધો આવતો ન હતો. માત્ર હિન્દુઓના ધાર્મિક કે સામાજિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરઘસોનાં પવિત્ર, મંગળમય, આનંદકર વાદ્યો કે ગાનોથી જ મસ્જિદનું વાતાવરણ બંદગીને ડહોળતું થતું હતું. પોતાના દેશની જ એક મુખ્ય જાતિના એવા પરાપૂર્વના વ્યવહારો પ્રત્યેની સમભાવનાની પછી મુસલમાનો પાસેથી શી આશા કરવી? ઇલાહાબાદી બિસ્મિલે કહ્યું હતું :—

" આયેં ન ક્યોં હંસી હમે, ઈસ ઈદ કે સામને,
બાજા બજે ન ભૂલકર, મસ્જિદ કે સામને. "

સદ્ગત બિસ્મિલને એ હસી કેટલે સુધી ખસી બેઠી છે તે હવે ક્યાં જોવા કે દેખવાનું છે. પણ સરદાર વલ્લભભાઈએ તો ભાવનગર ખાતે તે અનુભવી લીધી છે. એ પછી સરકારી નોકરીઓમાં વરાડે પડતી નહિ, લાયકાતને ધોરણે નહિ પણ લઘુમતી અને પછાત કોમ તરીકે થોડી વધારાની ભરતીનો સવાલ ઊભો થયો. હિન્દુઓની જાગૃતિ ડામવા સરકારની એ નીતિ યોગ્યતાને અભરાઈએ ચડાવી નકરા મુસલમાનોની ભરતી કરતી થઈ. પછી આવ્યું શિક્ષણક્રમોમાં મુસ્લિમ–સંસ્કૃતિને જગ્યા કરી આપવાનું. ત્યાર પછી આવ્યો ઉર્દૂ ભાષાનો વારો. પછી ઘૂસ્યાં 'વંદેમાતરમ્'નું બુતપરસ્ત રાષ્ટ્રગીત અને રાષ્ટ્રભાષાનું અપમાન; અને છેલ્લે વિદ્યામંદિર યોજના ઉપર ઠેકડો મારીને પાકિસ્તાન.

આવાં નિતનવાં તૂતો મુસલમાનો ઉઠાવતા ગયા. એમનો વિરોધ શમાવવા, એમને રાજી રાખવા, કોંગ્રેસ ખમાખમા કરતી રહી. હિન્દુજગતના અભિપ્રાય કે પ્રતિનિધિત્વની દરકાર કર્યા વિના કે એ અધિકાર પોતાનો માની લઈ પંડિત જવાહરને તથા શ્રી. સુભાષને અને ખુદ મહાત્માજીને મિ. ઝીણાના ઉમરા છોલવા મોકલતી થઈ અને લીગને આંગણું વાંકું લાગતું રહ્યું. હિન્દુ મહાસભા કે પ્રતિનિધિ આર્યસભા, કે સનાતન મંડળોની પરવા કર્યા સિવાય હિન્દુઓના અધિકારો અને પોતાની નીતિનું બલિદાન પીરસતી ગઈ.

એમાં ૧૯૩૫નો હિન્દી સમવાયી કાનૂન સ્વીકારી મહાસભાએ પોતાની સરકારો રચી, પ્રાંતિક અમલ શરૂ કર્યો. હિન્દના હિન્દુવસ્તીવાળા પ્રાંતોમાં મહાસભા બહુમતીમાં ચૂંટાઈ હતી. અને તે તે પ્રાંતોમાં થોડો વખત વચગાળાનાં પ્રધાનમંડળો રચાયાં. ગવર્નરો પોતાની સત્તાનો ઉપયોગ ન કરે તેવી મહાસભાની વતી ગાંધીજીએ મૂકેલી શરતોને પેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂતળાં પ્રધાનમંડળો ટકી ન શકવાનું જોઈ સરકારે કોકું આપ્યું અને મહાસભાના કારોબારને અધિયારો મળ્યો. મહાસભા આમ બંધારણવાદી બને તે જો કે એના ઉદ્દામવાદી, સમાજવાદી કે સામ્યવાદી પક્ષોને ખટકતું હતું પણ એવા ગણ્યાગાંઠ્યાઓની પિપૂડી કેટલોક અવાજ કાઢે. "હિન્દીઓને વહીવટ કરતાં આવડતું નથી" એવાં મહેણાંને ધોઈ નાખવા ખાતર પણ સહુએ મહાસભાની સત્તાને આવકારી. મહાસભા પાંજરામાં પુરાઈ કે તેને બ્રિટનના નટખટ રાજપુરુષોએ વાંસો થાબડવા માંડી ચડાઉ ધનેડાં કરવા માંડ્યાં. એમને તો મહાસભા જેવી હિન્દી દુઃશ્મનાવટ થાળે પડતી જોઈ પણ મહાસભાને એમની પ્રશંસા તથા પ્રમાણપત્ર મેળવવાની મોંઘી કિંમત ચૂકવવી પડતી હતી. તેમ છતાં અંતરાયો ઊભા જ હતા. એટલે મુસ્લિમ–લીગ જેવા કાંટા કાઢી નાખવા જે જે પ્રાંતોમાં મહાસભા અધિકાર ઉપર ન હતી ત્યાં સત્તા મેળવવા અને હિંદુસ્તાનના બધા પ્રાંતોમાં મહાસભાનો ડંકો બજાવવાનો ચસકો લાગ્યો પણ તે તે પ્રાંતોમાં હૈયાફૂટાં હિન્દુ મતદારોનાં આંધળુકિયાં હાથ ચડે એમ ન હતાં. આસામમાં તો ચાલ્યું. સિંધમાં યે મારગ થતો હતો પણ બાકીના પ્રાંતોની કટ્ટર મુસ્લિમ સત્તાઓને ખસેડવાનું દોહ્યલું હતું. કોંગ્રેસની એ હરીફાઈનું પરિણામ લીગની માગણી વગર, લીગને સૂઝ્યા પહેલાં હિન્દુસ્તાનના ચાર મુસ્લિમપ્રાંતોમાં 'પાકિસ્તાન' અને બીજા પ્રાંતોમાં 'મુસ્લિમ–હિન્દુસ્તાન'માં આવ્યું.

એ તો જાણે જરૂરનું હતું કે સમગ્ર દેશમાં એકરાગી કારોબાર સ્થપાય, એ દેશના મૂળભૂત હિતને અનુરૂપ હતું. રાષ્ટ્રીયતાની સર્વસામાન્ય ભૂમિકા વગર અભેદ અને અખંડ હિન્દુસ્તાનના મહાસભાના ધ્યેયની સિદ્ધિ શક્ય નથી પણ એવી રાષ્ટ્રીયતા જમાવવામાં મહાસભાના મોવડીઓ તેમના એરખાંઓને ખોટું લગાડી શકે તેમ ન હતા એટલે 'ગાંધીવાદ' લાદવા બેઠા અને ગાંધીજીને પણ જાણે પોતે રહી ગયા એવું ખટકતું હતું. રાષ્ટ્રમૂર્તિ ગાંધીજીને સત્તાના અભાવે અટકી પડેલી કેટલી ય પ્રવૃત્તિઓ આગળ ધપાવવી હતી. એટલે તેમણે સત્તાનો હવાલો લઈ લીધો. મહાસભામાં પ્રગટપણે ભાગ ન લેતા લાગતા છતાં કારોબારીની ચોટલી હાથમાં રાખી રહેલા–ગાંધીજી એમ પાછા ટપકી પડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વાજું વણસ્યું; હરિજન–મંદિરપ્રવેશ કે દારૂબંધી પછવાડે સરકારો અટવાઈ પડી: રાષ્ટ્રધ્વજ અને વંદેમાતરમના ઝઘડા ઊભા કરતી ગઈ. વર્ધાયોજનાને નામે શિક્ષણની ઘોર ખોદતી થઈ અને વિઘ્નસંતોષીઓની જમાતોને તેમનાં સાચાં કારણો પ્રત્યે સહાનુભૂતિને બદલે ૧૪૪મી કલમોને જોરે દબાવવાનું થતું રહ્યું. બહુમતીને જોરે વિરોધીઓને ટાળવાનું કર્યા કર્યું. મહાસભાવાદી પ્રધાનોની તુમાખી વિષે ડૉ. એમ. આર. જયકરે '૪૧ના સપ્ટેંબરની આખરમાં કરેલા એક નિવેદનમાં જણાવેલું છે કે, "વિરોધપક્ષની દલીલો સાંભળવા કે તેનો જવાબ વાળવાની સભ્યતા દાખવવાને બદલે તે પ્રધાનો સભાગ્રહ છોડી ચાલ્યા જતા અને એકાદ રડ્યોખડ્યો પ્રધાન કદાચ પેલાઓની ચર્ચાઓને સમેટી તેના સાચાખોટા રદિયા વાળતો."

રાષ્ટ્રીયતાને બંધબેસતાં શિક્ષણ વગર એક સ્વરાજ્ય ભોગવવા માગતા દેશનો રાજવહીવટ ઉદ્યોગીકરણ, એકભાષા, એકલિપિ અને એવી એકરંગી રચના વગર ન ચાલે એ બરાબર છે. હિન્દુસ્તાનને પોતાનું પ્રજાતંત્ર ચલાવવામાં પરદેશી ભાષા, લિપિ કે શિક્ષણ ઉપર આધાર રાખ્યે જઈ એવી સાંસ્કૃતિક પરાધીનતા નભાવ્યે જવાય નહિ પણ એ માટે એવા રાખધૂડ રસ્તાઓ, થાબડભાણાંનીતિ કે નકામી ઉશ્કેરનારી આકળાઈ કર્યે દહાડો વળે નહિ તે અમાનુલ્લાહ જેમ મહાસભાએ અનુભવ્યું.

મહાસભાકીય સરકારોએ રાજીનામાં આપ્યાં ત્યારે છાતી ઉપરનો પથ્થર ખસી ગયા જેવા હળવા હૈયે મુસ્લિમ–લીગે સવા બે વરસની હિન્દુ બાદશાહી-માંથી ખુદાતાલાએ ઉગાર્યા સબબ જે 'શુક્ર ગુજારી દિન' ઊજવ્યો એમાં મહાસભાની સરકારોએ તેમને કેવા લૂંટી લીધા તે તો ઉઘાડું છે પણ સામે પક્ષે હિન્દુઓને શું લાભ લૂંટાવી દીધો છે તે જો હિન્દુઓ યથાતથ્ય જાણવા પામ્યા હોત તો મુસલમાનોને બદલે હિન્દુઓએ જ 'પ્રાર્થના દિન' ઊજવવાનું કર્યું હોત.

પ્રાંતીય કૉંગ્રેસી સરકારોનું સૂત્રસંચાલન તેની પાર્લમેન્ટરી કમિટી હસ્તક હતું અને એ ધારાસભાકીય સમિતિ મહાત્માજીની પ્રેરણા પામતી હતી. મહાત્માજી એમની ઉપર અમર્યાદ સત્તા ભોગવતા એક અબંધારણીય રાજા જેવા હતા. કુહાડાના હાથા કે લોઢાં કાપતી છીણીના દૃષ્ટાંત વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન ઘટાવી શકાય તેવો મહાત્માજીના ઘ્રોંચપરોણે ચાલેલો કૉંગ્રેસી રાજઅમલ હિન્દુઓને જે અન્યાય કરી ગયો છે તેના કરતાં ગાંધીજીની વગરરાજ-અમલે થયેલી હિન્દુજાતિની સેવા સારી હતી.

કોઈ પણ નિર્દિષ્ટ યોજના કે ધ્યેય પાર પાડવાની અચળ નિર્ણય-બળસૂની કૉંગ્રેસ દ્વારા આચરેલી ગાંધીનીતિ નકરી પીછેહઠ અને વિદ્વેષીઓ, વિધર્મીઓ તથા પરદેશી શાસકોના હાથમાં રમી જતી હૈયાફૂટી અને આત્મઘાતી પળોજણ નીવડી છે. એ હિન્દુઓને થયેલા અન્યાયોને પાંચ ક્ષેત્રમાં વહેંચીને તપાસીએ :—

(૧) રાષ્ટ્રીય શિક્ષણ

અંગ્રેજ આધિપત્યે હિન્દના લડાયક–બળ, હુન્નર–ઉદ્યોગો ને પૈસો તો ઠીક પણ ભારતની ધર્મભાવનાને છૂંદી નાખી છે. ધર્મભાવના તેના સાચા અર્થમાં તો છે આ દેશના હરેક નાગરિકને છાજતી તાલીમ આપનારું સંસ્કાર–બળ. શારીરિક નીરોગીપણું, માનસિક પુણ્યમયતા અને આત્માની સંતુષ્ટતાના ત્રિવેણીસંગમે ઘડાતી વ્યક્તિને સમાજ અને રાષ્ટ્રસંબંધની દીક્ષા આપતી એ અમર્ત્ય ધર્મભાવના–રાષ્ટ્રીયતા આજે પણ એની કૂબડી દશામાં એ જ માર્ગે પળી રહી છે. ત્યારે પશ્ચિમનાં ભાષા–શિક્ષણ, ખોરાક, પોશાક, ગૃહાચાર તથા આર્થિક, સામાજિક વ્યવહારો, ધંધા અને વાણિજ્યમાં–બધાંમાં આજનું હિન્દુસ્તાન પશ્ચિમની નકલ કરી રહ્યું છે. અલબત તે તે તત્ત્વો કેટલાંક મર્યાં વાંકે જીવતાં હતાં. કેટલાંક સડી ગયાં હતાં. કેટલાંક ધરમૂળથી ફેરફારને લાયક હતાં. એવાં વિકૃત તત્ત્વોની અવેજીમાં કોઈ નૂતન વ્યવસ્થા જરૂરની હતી, અને છે જ. પણ તે કોઈ અરબસ્તાન કે ઇંગ્લિશસ્તાનમાં જ જન્મેલા ભૌગોલિકથી માંડીને સાંસ્કૃતિક નિયમો હિન્દમાં અમલી બનાવવાની મૂર્ખાઈ દળીદળીને ઢાંકણીમાં ઉધરાવવા બરાબર છે.

હર દેશને તેની પોતાની ખાસિયત અથવા તાસીર હોય છે. હિન્દુસ્તાનના માનવ અને પ્રકૃતિ સંબંધોને લક્ષીને–હવામાન, ભૌગોલિક રચના અને ઉત્પન્ન, પશુધન અને ગૃહોદ્યોગો આજીવિકાનાં મુખ્ય બારાંઓ સાથે જેને ઘનિષ્ઠ સંબંધ છે તેવી તેની સંસ્કૃતિને ઉથલાવી તેને ઠેકાણે હજારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાઉને ફાંસલે આવેલા દેશોની સામાન્ય, અર્ધવિકસિત રીતરસમો માથે ચડાવી હિન્દને ૧૩૬૦ કે ૧૯૪૧ વર્ષો પાછળ લઈ જવાથી કયો ફાયદો થવાનો છે ?

મુસ્લિમ બાદશાહીનાં ૭૦૦ વર્ષનો હિન્દી કારભાર કે એ પહેલાંનાં હિન્દી સામ્રાજ્યોનાં હજારો વર્ષોના વહીવટમાંથી કશું શીખવાની વૃત્તિ વગરના આપણા દેશપ્રેમીઓ, રાષ્ટ્રનાં રાજવહીવટ, શિક્ષણક્રમ, આર્થિક-રચના, ઉદ્યોગીકરણ, યુદ્ધપદ્ધતિ અને ગૃહજીવનમાં હાથે કરીને પરદેશી તત્ત્વો (Foreign Elements) ઘુસાડી સાચી રાષ્ટ્રીયતા શી રીતે જન્માવી શકશે ?

છતાં અંગ્રેજી કારોબારની ભીંસ તથા ભરડામાંથી કચરાઈ દેશની સ્વતંત્રતા માટે અર્ધા સૈકાથી ઝૂઝતી મહાસભાનો છેલ્લાં વીસ વર્ષનો ઇતિહાસ જરૂર આશાસ્પદ છે. જે કરે છે તેની ભૂલો સામે નહિ પણ તેના ઉત્સાહ અને પહેલ સામે જોવાનું હોય છે. તેમ જે કરવા માગે છે તેણે પ્રશંસા સામે નહિ પણ ભૂલો સામે નજર નાખવાની હોય છે. એ ન્યાયે એનામાં પણ જે પરદેશી પરાવલંબન ભાર્યું પડ્યું છે તેટલું એને હજુ પણ નડે છે. ઊંધી શરૂઆત કરી બેઠેલી મહાસભા આગલી ભૂલો સુધારી લેવા જેટલી જાગ્રત રહી છે, તે સાચું. જેવું કે હરિજનપ્રવૃત્તિ જેવી દેશના બહુસંખ્ય હિન્દુઓની સામાજિક અન્યાયી રસમને જેમ ભૂંસવાનું એને ન છૂટકાનું લાગ્યું તેમ કેટલીક બાબતોમાં એણે કે એને ઠેકાણે આવનારાં હરકોઈ બીજા બળે ફરીથી એકડો ઘૂંટ્યા વગર છૂટકો નથી.

સત્તા ઉપર આવીને મહાસભાએ પ્રમાણિકપણે વહેલા કે મોડા દાખલ કરવા પડશે તેવા સુધારાઓની શરૂઆત કરી દીધી હતી, તે પણ સાચું. ગણોતબિલ, દારૂબંધી, નહેરો આદિ પગલાં તેની કાર્યપદ્ધતિ બાદ રાખીએ તો સ્તુત્ય છે પણ સ્વાવલંબી શિક્ષણની મહાત્માજીએ પ્રેરેલી પ્રણાલી જે વર્ધાયોજનાને નામે પ્રખ્યાત થઈ છે તે આ દેશમાં અમલી કરવા માંડવા પહેલાં મહાત્માજી—આ દુઃખી દેશની દરિદ્રતા ફિટાડવા આકળા બનેલા—ગાંધીજી—ખાદી, ગ્રામોદ્યોગ આદિ હિન્દનાં લાખો ગામડાંઓને ઉત્તેજતી પ્રવૃત્તિઓ સાથે શિક્ષણને પણ જોડતા ગાંધીજી શિક્ષણ મેળવતા વર્ગવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દીઓની સ્થિતિ ભૂલી જાય છે. મફત ફરજિયાત કે ઉત્તેજિત શિક્ષણ શુદ્ધ–હિન્દી સરકારને પાલવે ત્યાંસુધી જે કરોડો હિન્દીઓ માટે તેઓ સુરાજ્ય સ્થાપવા મથે છે, તેઓને ભૂખ્યે પેટે ભણાવી નહિ શકે. ભણવાની સોં કે સ્વપ્નું પણ જેમને આવતાં નથી તેવા અભણ હિન્દીઓ સાથે ભણીગણી શકતા વર્ગોવાળા હિન્દીઓ પોતાનું નસીબ જોડીને દેશની સ્વતંત્રતા માટે એક થાય એવી કેળવણી સામે જ નજર રાખીને વર્ધા-યોજના ઘડાયેલી છે. જે તરત ફેરફારીને પાત્ર થઈ પડે. કે નકરા કારીગરો–વણકરો જ પૂરા પાડે તેવી શિક્ષણરચના એક સ્વરાજ્ય ભોગવવા માગતા દેશને માટે નકામી છે. દેશને એકલા વણકરોથી પૂરું પડે તેમ નથી હોતું.

જે હિન્દમાંનાં શિક્ષણકેન્દ્રોમાં અભ્યાસ અર્થે ઠેઠ ચીન, જપાન જેટલે છેટેથી આવતા વિદ્યાપ્રેમીઓનું આ દેશ આકર્ષણ હતું તે આજે કેમ્બ્રિજ ઑકસફર્ડની વિદ્યાપીઠો કે જર્મની જપાનનાં ઉદ્યોગકેંદ્રોની તાલીમ કેવળ રાજકર્તાકોમની ઊંચામાં ઊંચી પાયરીની પદવી કે નોકરી માટે પામે છે. હિન્દનાં નાલંદા, તક્ષશિલા કે વારાણસીનાં ગુરુકુલોને માટે તેવું ન હતું. દેશના અને માનવના જીવનને ચાર ભાગે વહેંચીને તદનુરૂપ અપાતાં હિન્દનાં પ્રાચીન શિક્ષણની રાષ્ટ્રીયતાને અને આજના તાબેદારો ઘડતાં શિક્ષણને સરખાવવું નકામું છે. આજે પણ નોકરી મેળવવા જ નહિ પણ ઊંચું શિક્ષણ પામવા માટે કાંગડી, શાંતિનિકેતન કે બનારસની હિન્દુ વિદ્યાપીઠોનો આશરો લેવાય છે.

બર્નાર્ડ શૉ જેવા યુરોપી સમાજશાસ્ત્રીએ એવાં શિક્ષણનો આગ્રહ રાખ્યો છે કે જે ગ્રામ અથવા નગરથી દૂર રહી અપાતું હોય. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેવે જ સ્થળે રાખવાનો અભિપ્રાય ધરાવતાં ગુરુકુલ જેવી શિક્ષણભાવનાનો આ પડઘો છે. બીજી બાજુ થોડા હાથઉદ્યોગોની તાલીમ સાથે ગાંધીવાદી શિક્ષણ આપતી વર્ધાયોજનાને સરખાવીએ, એટલે ગાંધીજીની નૂતન શિક્ષણયોજનામાં કે છેલ્લે રાષ્ટ્રભાષાને આશરે ચાલતી ‘સાક્ષરતા પ્રવૃત્તિ’માં સાધારણ પ્રાથમિક વાચન સિવાય બીજો કોઈ ઉદ્દેશ દૃષ્ટિગોચર કે ફલિત થતો નહિ લાગે! તેવાં વિદ્યાર્થી અક્ષરઓળખ પામે પછી કશુંક રાખધૂડ વાંચે, શું વાંચે? જે હાથ ચડ્યું તે! કે સારું ગણાતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશુંક વાંચીને એની તાત્કાલીન સ્થિતિમાં શું ફેર પડી જાય? એના કરતાં વગર વાંચ્યે કોઈ કથાકીર્તન સાંભળવાથી તેવાં કરોડો અભણોએ તેમની શાશ્વત કંગાલિયતને ભુલાવનારા ધર્મભાવો ઝીલી જીવનતૃપ્તિની સુખનિદ્રા માણી છે. જ્યારે તેઓ આજે એવું વાંચવા પામશે કે જેથી તેમને તેમની સ્થિતિ પ્રત્યે અસંતોષ પેદા થશે. ભલે થાય. સાચો અસંતોષ જો તેમને કર્તવ્યમાર્ગે દોરી શકે તો! પણ તેવાં સાધનની અપેક્ષાએ તેઓ બીજા વર્ગોની ઈર્ષ્યા કરવા સિવાય તેમાંથી કશું જ પામવાના ન હોય કે તેવાં શિક્ષણે જન્માવેલી જીવનની જરુરતોનાં સાધનો તેમને આપી શકાય તેમ ન હોય તો વર્ગવિગ્રહ જગાડતી સાક્ષરતા કરતાં તેમની અસાક્ષરી સંતોષ ભાવના શું ખોટી? તેવાં દુઃખદર્દો ઓછાં કરવા મથનારાઓને કેમ કહેવું કે દુઃખ એ શાશ્વત વસ્તુ છે અને એ એનું ઓસડ નથી. સુખલોલુપ માણસજાતને પડછાયો થઈ વળગેલાં દુઃખના ભારથી મુક્ત કરવા દુનિયાને તો કેટલા ય પરદુઃખભંજકો મળી ગયા. છતાં એવા બુદ્ધો, ઈસુઓ કે મહમદ, જરથુષ્ટ્રોનો બોધ વાંચવા માટે, ઝઘડવા માટે અને એમ નવા દુઃખો ઉપજાવવા બાકી રાખી દુનિયા તો જીવતી હતી તેમ જ જીવ્યે જાય છે.

બાકી હિન્દુ–મુસ્લિમ સમાધાનને નજર સામે રાખીને ઉપજાવાયેલી વર્ધાયોજનાની વિદ્યામંદિર પ્રવૃત્તિ સામે સત્યાગ્રહ કરવાની મુસલમાનોને ધમકી આપવી પડી તે જો એ યોજનાના ઇતિહાસના પાઠ્યક્રમની પહેલેથી સાત સુધીની શ્રેણિઓનું તારતમ્ય હિન્દુઓને સમજાયું હોત તો મુસ્લિમ ભાઈઓનો સત્યાગ્રહનો બોજો હિન્દુઓ જ ઊંચકી લેત. એમાં હિન્દુધર્મ અને ઇતિહાસની પૂરી અવહેલના થઈ છે. એકે ઠેકાણે રામાયણ અને મહાભારતનો સગવડપૂર્વક ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

મર્યાદાપુરુષોત્તમરામચંદ્રજી, યોગેશ્વર કૃષ્ણચન્દ્રજી, અહિંસાકાર મહાવીરનાં પ્રાતઃસ્મરણીય નામોનો નિર્દેશ સરખો નથી. હિન્દવાં–સૂર્ય મહારાણા પ્રતાપસિંહજી કે છત્રપતિ શિવાજી મહારાજ તથા ગુરુ ગોવિન્દસિંહનો તો પડછાયો સરખો પડવા દીધો નથી. રખે "હિન્દુ–મુસ્લિમ એકતા" અભડાઈ જાય. આ વિડંબક પાઠ્યક્રમની સમાલોચના કરતાં હિન્દુ યુવક નેતા શ્રી. ચન્દ્રગુપ્ત વેદાલંકારે તા. ૨૮–૮–૩૯ ના 'હિન્દુ' પત્રમાં જે એક લેખ લખ્યો છે તેનો સારભાગ અહીં મહારીએઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગાંધીજીની જ મૌલિક શિક્ષણભાવનાના પરિપાક જેવો, એઓશ્રીની કાચી રૂપરેખાના ખોખામાં ઝીણવટ તથા વિગત ભરાઈ, મૌ. ઝાકિરહુસેન વગેરે પાસે તૈયાર કરાવેલો આ પાઠ્યક્રમ કોંગ્રેસ સરકારોએ સુપ્રદ થયો તેવો શિક્ષણખાતાંઓને સોંપાઈ વહેતો મૂકવામાં આવ્યો છે; જેનું તેઓ ગાંધીજીના શબ્દોમાં અભિમાન લે છે તે 'અહિંસક–ક્રાંતિ' ખરી રીતે ભારતીય સંસ્કૃતિનો વિકાસ નહિ પણ વિનાશ નોતરનારી અહિંસક ડાયનામેટ નીવડે તેવો છે. સાતસો વર્ષનું મુસ્લિમશાસન જે સર્વોત્કૃષ્ટ સંસ્કૃતિ-પરંપરાને નષ્ટ કરવા અસમર્થ નીવડયું હતું; જેને ટૂંપો દેવા અલ્લાઉદ્દીન, ફિરોઝ તઘલખ, સિકંદર, લોદી, અને ઔરંગઝેબના હાથ હેઠા પડ્યા હતા: એને જમીનદોસ્ત કરવા આજે થોડા રાષ્ટ્રપ્રેમીઓ અને તેના મળતિયાઓની 'દેશસેવા' પૂરતી થઈ પડી છે. જે કામ મુસ્લિમશાસકોની લોહીતરસી તલવારોથી બની શક્યું ન હતું તે કોંગ્રેસી સરકારો કલમને ઝાટકે કરી રહી છે. જે સંસ્કૃતિને નિર્જીવ કરવા પહેલાં કરોડો ભારતીઓનું તાજું ઊનું લોહી, જોગણીઓના ખપ્પર ભરતું, ધરતીની પ્યાસ છિપાવતું વહેવું જોઈએ તે રક્તના એક પણ ટીપા વગર આ "અહિંસક ક્રાંતિ"એ સાધવા માંડયું છે. સાચે જ એ અહિંસક ક્રાંતિ છે એ નિઃસંદેહ છે."

ગાંધીજીનો પણ એમાં મુખ્ય ફાળો છે. પોતાનાં જગતવ્યાપી ધ્યેયને સિદ્ધ કરનારી પ્રવૃત્તિઓમાં ગળાબૂડ ખૂંપ્યા રહેતા, સમગ્ર દેશની ઉપકારક હિત–સાધનામાં વિરાટ આંદોલનોને વાળતા–ઉપજાવતા ગાંધીજીના પ્રબળ પુરુષાર્થનો પ્રવાહ ઉન્મત્તવેગી નદી માફક વહ્યો જાય છે પણ એ પાણી હજુ આછર્યાં નથી. એ ઝંઝાવાત હજી શમ્યો નથી. એ યજ્ઞનો અગ્નિ હજી નિર્ધૂમ થયો નથી. એ અદમ્ય પ્રવાહ આડે આવતાં કાંઠા, વૃક્ષો, ગામડાંઓ તૂટતાં ઊખડતાં અને રેલાતાં જાય છે. લીલા ભેગું સૂકું બાળતા એ અગ્નિની જ્વાળાઓની રક્ષા (આસકા) લેવા જતાં ભક્તોનાં યે આંગળાં દાઝે છે; એ જરૂર ઉલ્લેખનીય છે.

ભર્યાંભાદર્યાં ઘર કે દેશને સ્મશાન બનાવી મૂકતી, સમૃદ્ધિ, કલાકૌશલ્યને કચરતી, બળને હરી લેતી હિંસાની તોલે એ ભલે ઓછું નુકસાનકારક લાગે પણ હેતુની સિદ્ધિને અર્થે આગળ ન ધપતું એવું ઉત્થાન પોદળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ધૂળ તો માગે છે જ. પોતાનાં વ્યક્તિત્વનાં વિકાસ અને પ્રકાશનું પ્રયોગક્ષેત્ર બની ગયેલ હિન્દુસ્તાન, ગાંધીજીની રાહબરીમાં તેમની સિદ્ધિઓ કે ભૂલોથી ન બચી શકે તેવી સ્થિતિ વચ્ચે મુકાયેલું છે. ગાંધીજી પાસે કોઈ સિદ્ધ યોજના નથી; કોઈ તૈયાર ભૂમિકા નથી. તેઓને તો સત્યાગ્રહ ઉપાડી બેસે ત્યાં સુધી આવતી કાલની ચિંતા નથી. એમના શબ્દોમાં એમને માટે એક પગલું બસ છે. પછીના પગલાં માટે તેમને પ્રકાશની રાહ જોવાની રહી. હિન્દુ–મુસલમાન સમાધાનની તેમને આશા છે. હિન્દુ–મુસ્લિમ સમાધાન માટે તેઓ સદૈવ પ્રાર્થના કરે છે. જ્યારે મુસલમાનો હવે તેવું સમાધાન 'પાકિસ્તાન'માં આવતું હોય તો વાત કરવા તૈયાર છે. બાકી તો તેઓ પણ પાકિસ્તાનનો સદૈવ જાપ કરે છે. ઝીન્નાના ૧૪ મુદ્દાથી ઊપડેલો એ પ્રશ્ન પાકિસ્તાન સુધી આવ્યો ત્યાં સુધી ગાંધીજીની આશા ટકી રહી છે; કોરો ચેક હજી ઊભો છે. સરકાર, મુસલમાનો કે દલિતો જેવા પ્રશ્નો ઉઠાવતા જાય તે તે પ્રશ્નોની મર્યાદા પૂરતું વિચારી તેમાંથી સમાધાન ખોળી કાઢનારી ગાંધીજીની આશા 'સમાધાન'ની કોઈ નક્કર ભૂમિકા વગરની નથી લાગતી? જેમ જેમ ગાંધીજી નમતું મૂકતા જાય તેમ નાચ્યે જતાં તેવાં પ્રત્યાઘાતી બળોને ફોસલાઈ જવાની કુશંકા જન્માવનારી તેમની આશા કોઈ નિશ્ચલ, અણનમ, ધ્યેયસૂની નથી દેખાતી?

તેથી ઊલટું જર્મનત્રાતા હિટલરે તો ૧૯૨૩માં જર્મન પ્રજાને 'મીનકેમ્ફ'–ના પોતાના રાહની જાણ કરી '૩૩માં સત્તા ઉપર આવી '૪૧ના પૂરા થતા વર્ષની આખર સુધીમાં તેની કેટલીક સિદ્ધિઓની ખાતરી કરાવી આપી છે. તેની તોલે ગાંધીજીના 'હિન્દસ્વરાજ'ની ભાવના બર આવી ગણાય? જો કે અર્ધી સદીની તેમની જાહેરસેવા દરમિયાન એમણે જેવું અને જેટલું જોયું જાણ્યું છે તે બીજાને માટે શક્ય ન હતું અને એવી મોંઘામૂલી અનુભવમૂડી દેશને ગુમાવવી પાલવે પણ નહિ.

એક હિન્દુ તરીકે ગાંધીજીને હિન્દુઓની અધોગતિનો મર્મવેધી ખ્યાલ છે. અસ્તવ્યસ્ત, દ્વેષકુસંપગ્રસ્ત હિન્દુસમાજના દોષો, ત્રુટિઓ જાણી જેઓ ખૂબ જ કોચવાઈ પડતાં ક્યારેક શાપવાણી જેવું કહી લે છે કે જો હિન્દુજાતિનું પતન આમનું આમ જારી રહેશે તો એની હસ્તી જ નાબૂદ થઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહર્ષિ દયાનંદ અને શિવાજી મહારાજનાં અધૂરાં, અણખેડ્યાં, વણજોયાં અને અણવિકસ્યાં ક્ષેત્રો જોવા મળ્યાં છે તો ય તે પતન અટકાવવાનું તેમને તેમની શક્તિ બહારનું લાગે છે કે તે વખતે કોઈ ત્રાહિત જેમ અભિપ્રાય ઉચ્ચરી છૂટવો છે. દેશ ઉપરની લગભગ અપૂર્વ લાગવગ છતાં તેમને તેમની અશક્તિ સાલે છે; અને તો ય હિન્દુસ્તાન હિન્દુ-મુસ્લિમ બન્નેને ભાઈચારાથી વસવા યોગ્ય બનાવતાં જવાના પોતાના શુભ કૃત્યમાં તેમને વિશ્વાસ છે!

સાચા મુસલમાનોની શુભનિષ્ઠા પ્રત્યે તેમને શ્રદ્ધા છે; પરંતુ તેમની એ શ્રદ્ધા મુસ્લિમોમાંનાં બીજાં ગુન્ડાતત્ત્વોને લક્ષમાં લેતી નથી પણ હિન્દુઓ માંહેનું તેવું તરત પકડી પાડે છે. પેલાં નિષ્ઠાવાન મુસલમાનોની ખુદની, તેમનામાંનાં હિન્દુદ્રોહી તત્ત્વો સામેની નાઇલાજી તેઓ ભૂલી જઈ શકે છે. જુએ છે તો ત્યાં અસહાયતા ઊચરી છૂટે છે, કે પોતાની ફૂટપટ્ટીએ માપી તેવાઓને અહિંસા, ત્યાગ, સહિષ્ણુતા, ધૈર્ય, ઔદાર્ય આદિ સાત્ત્વિક પ્રકૃતિના જીવો ધારી લે છે. જે પ્રકારના લોકો આ હિણભાગી ભારતવર્ષની ૩૮ કરોડની વસ્તીમાંથી કદાચ ગીતાની વ્યાખ્યા પ્રમાણે જોઈ તપાસીને શોધીએ તો થોડા હજારની સંખ્યા પૂરતા માંડ હાથ આવે તેમ છે.

સરહદ, સિંધ, ઢાકા કે બિહારના હિન્દુઓ તે તે પ્રદેશ ખાલી કરી જાય તેવી સલાહ આપી દે છે પણ એમ એમ ક્યાં ક્યાંથી ખાલી કરતા જવું પડશે તે વાત પ્રત્યે જાણે આંખ મીંચી જાય છે. એવાં ખાલી કરી આવેલાંઓની જોગવાઈનું શું? ખાલી કરી જવાનું તો તેમને પણ સૂઝતું હોય છે પણ ગાંધીજી પાસે તેઓ કેવળ આવી લૂખી સલાહ માટે નહિ પણ સહાય અર્થે આવતાં હોય છે. જ્યારે ફ્રાન્સમાં જર્મનો જીવ પર આવીને લડતા હતા ત્યારે જર્મન ઇજનેરો બાલ્ટિક રાજ્યોમાંથી બહાર કરેલા જર્મન ભાગેડુઓ માટે પોલેન્ડમાં મકાનો બાંધતા હતા. મહાસભાના ફંડોમાંથી તેવી કોઈ રાહત અપાવવાની મા મૂઈ: ગાંધીજી તો ઊલટી એટલી સલાહના બદલામાં પોતાની ઝોળીમાં કંઈક મુકાવીને ચાલતા થાય છે. અલબત ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિઓની મારફત એ ઝોળીનાણું તેવાંઓની રાહતમાં જ વરે છે છતાં એકાદ સરકારીખાતા કે પરદેશી પેઢીને ધોરણે ચાલતી એ પ્રવૃત્તિઓ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીવાદીઓને રોટલો પૂરો પાડવા સિવાય પેલી ભયંકર ગરીબી કે આવા અસહાયોને જ્યાંના ત્યાં જ રાખી રહે છે.

તેમની અહિંસા સબળની છે તેમ તેઓ પોકારી પોકારીને કહે છે પણ દુનિયા સબળની છેડતી કરતી નથી એ તેઓ વીસરી જાય છે. સમર્થને તો દોષો યે નડતા નથી.* મરો જ બિચારાં નબળાંઓનો હોય છે. આશ્રયની, રક્ષણની, સેવાની, મદદની જરૂર જ એવાંઓને પડે છે. એ વાતની એમની મહાત્મીયતાને કે તેમના અનુયાયીઓને ગમ પડતી નથી. ૧૯૨૬થી ૧૯૩૧ની વચ્ચે એકલા બંગાળમાંથી ૩૪૯૯ હિન્દુ–સ્ત્રીઓને વટલાવી કે ભગાડી દેવાઈ હતી. કેટલીક હિન્દુ જ્ઞાતિઓની ટૂંકી સ્ત્રી-સંખ્યાને એવી શાસ્ત્રીય રીતે તોડી પાડી, જન્મપ્રમાણ ઉપર કાપ મૂકવા તથા તેટલી સ્ત્રીઓને પોતાનામાં ભેળવી એટલું ઉત્પન્ન વધારવા જેવી, વર્ષાંતે સરાસરી ૭૦૦ હિન્દુ સ્ત્રીઓની તેવી વટાળ પ્રવૃત્તિ શીખોમાં ચાલી શકે? બેશક નહિ. એ તો તેઓ પણ કબૂલશે.

ગાંધીજી ચુસ્ત હિન્દુ છે પણ એઓ આખર હિન્દુ ધર્મે બોધેલા નિર્લેપ, નિષ્કામ અને નિષ્પક્ષ મહાત્મામાંજ્ઞુલા છે. ચંદ્રગુપ્તને રાજ અપાવવાનો નિર્ધાર કર્યો ત્યારે આર્ય ચાણક્યે શિખા છોડી નાખી હતી એટલે નિત્યકર્માદિ બ્રાહ્મણકર્તવ્યો અભરાઈએ ચડાવ્યાં હતાં. રાજકારણમાં પડીને તેમણે ધ્યેય પાર પાડ્યા પછી પુનઃ ચોટલી બાંધી હતી. પણ મહાત્માજીને રાજકારણ અને જીવનક્ષેત્ર વચ્ચે ભેદ ભાસતો જ નથી. હિન્દુઓનાં હિત માટે તેમનાથી ખુલ્લંખુલ્લા જનાબ ઝીન્ના માગે છે તેવા 'હિન્દુ' થઈ શકાય તેમ નથી; છતાં ય હિન્દુઓ વતી મહાસભાના એક સલાહકાર તરીકે મુસ્લિમ–લીગ સાથે વાટાઘાટો તેઓ ચલાવી શકે છે અને તેવી વાટાઘાટોમાં ભળવા છતાં પોતે 'હિન્દુ' તરીકે કદી યે વર્તન ચલાવ્યું નથી એવું તેઓ જાહેર નિવેદન દ્વારા જનાબ ઝીન્નાને દર્શાવી શકે છે. એટલે એમણે એમનું મહાત્માનું બિરદ રક્ષવું રહ્યું. એમની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ જાળવવી રહી: અને એમ હિન્દ તથા બહાર તેઓ હિન્દુસ્તાનના એકલા પ્રતિનિધિ–મુસોલિનિ, હિટલર કે સ્ટેલિન જેવા સરમુખત્યાર છે તેવું

* "સમરથકું નહિ દોષ ગુંસાઈ." (તુલસી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ ચેતતું રાખવું રહ્યું. પૂજ્ય, અભિવંદ્ય અને પરમ ઐશ્વર્યવાન યુગપુરુષ થઈ રહેવાની એમની મંગળકામનાને વળગી રહેવું રહ્યું.

વિરોધીના એ તમાચા સાંખીને ય ખ્રિસ્તીઓને પોતાનામાં વસેલા ઈસુ-હૃદયની પ્રતીતિ કરાવવી. બૌદ્ધોને બુદ્ધનાં દર્શન કરાવવાં. મુસ્લિમોને ઉમર અને અબુબકરની ઝાંખી કરાવવી અને એમ દુનિયા આખીના હરેક ધર્મોના અનુયાયીઓને પોતપોતાની માન્યતાઓ અને મહાપુરુષોનું પોતાનામાં વિરાટ દર્શન કરાવવું છે. એ બધું મહાત્મીય છે પણ અહીં તો બાયડી છોકરાં ભગાડાતાં બચાવવા, ઘરબાર કે માલમિલકત લૂંટાતી અટકાવવા, રોટલો, કપડાં કે ઝૂંપડી જતી જાળવવા કે વસાવવા અને એમ છેવટે પોતાની પિતૃભૂમિમાંથી રુખસદ લેવી ન પડે તેની ચિંતા ચોળવાની તળેટીમાં જ ગાડી અટકી ઊભી છે. કપટ, વેર, અભિમાન, આડંબર અને ઉપદ્રવથી ખદબદતા અધોમુખ જનસમાજની દીનહીન હાલત સુધારવી છે.

'હિન્દુઓ મોટાભાઈ છે: તેમનાથી નાનાને અન્યાય ન થાય' એ ઉદારતાથી ગાંધીજી છલકાતા રહે છે. (મોટાનું ઘર ભાંગીને મોટાથી મોટો થતો જતો નાનો હવે નાનો નથી—તે બાજુએ રાખીએ) મુસલમાનોને હિન્દુઓ વિરુદ્ધ ફરિયાદ કરવાની ન રહે તે ગાંધીજી તપાસતા રહે છે. હિન્દુઓએ આવનારા સ્વરાજ્યમાં બહુમતીને લીધે પોતાના હાથ માંહેની સત્તા અત્યારથી જ ન્યાયપૂર્ણ કરી નાખવાની એમને ચિંતા અને ચીવટ છે; અને એ બધા ઉપરાંત ખરું તો પોતાની હયાતી દરમિયાન અનેક વખત મુદતો બાંધ્યા પછી હિન્દને અંગ્રેજોના દાસત્વથી મુક્ત કરતાં જઈ, ભાવિ સ્વતંત્ર હિન્દી ઇતિહાસના રાષ્ટ્રીય પ્રકરણના નાયક લેખે થોડું અમરત્વ હાંસલ કરી છૂટવું છે. એટલે રામચંદ્રથી માંડીને મેલડી સુધીનાં દેવડેરાં ઓછાં છે તેમાં એક વધારો કરી દેવો છે.

આ બધામાં એમનાથી પોતાના ધર્મભાઈઓની રખેવાળીનું કામ સાથોસાથ ન પણ બની શકે, તો હિન્દુજાતિએ તેમના મોઢા સામું તાકી રહી, તેમની ઉપાધિઓમાં ઉમેરો કરતા રહેવાની પાંગળાઈ હવે છોડવી જોઈએ અને બહુ તો એમના આશીર્વાદ માની લઈ પોતે પોતાનું ફોડી તો લેવું જ જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચે પંદરે પણ મહાત્મા વગર ચલાવતાં–રોડવતાં થવું પડશે જ. એક વ્યક્તિ કરોડો માણસોની વેઠ કરવા બેસતી નથી જ. એવી વિભૂતિનું માર્ગદર્શન જ સહુને સાંપડે અને તેવું માર્ગદર્શન ઝીલનારું તત્ત્વ તો સહુના અંતરમાં વસેલું છે. એની બારી બંધ કરીને પેલાની આસપાસ ટોળે વળી તેને ગૂંગળાવી મારતા કે તેને ફુલાવીને ફટવી મૂકનારાઓથી પોતાનું કે દેશનું સાચું શાશ્વત કલ્યાણ તો કદી સાધી શકાયું નથી પણ લોકશાહીની ભાવનાનું હાર્દ પણ પચાવી શકાયું નથી.

૧૯૩૮માં હિન્દી સાહિત્યસંમેલન સાથે ઇતિહાસપરિષદ પણ મળી હતી. પ્રમુખસ્થાને પ્રસિદ્ધ ઇતિહાસકાર પં. જયચંદ્ર હતા. એઓ પણ એક મહાસભાવાદી છે. પોતાના ભાષણમાં વર્ધાયોજનાના શિક્ષણક્રમ વિષયક બોલતાં એમણે કહ્યું હતું કે, " આ શિક્ષણ જોતાંવેંત વાંચનારને પહેલી જે છાપ પડે છે તે તો એમના ઘડનારાઓ માટે ' ભરથરીને જેમ સ્ત્રીઓ માટે થઈ આવ્યો હતો તેવો ' એમને પ્રાચીન ભારત પ્રત્યે જાણે વૈરાગ્ય થઈ આવ્યો લાગે."

એમના ભાષણ પછી કાકાસાહેબ (કાલેલકર) બોલવા ઊઠ્યા હતા. તેમણે કબૂલ્યું હતું કે, " જે કાંઈ મારા ભાઈ જયચંદ્રજી કહે છે તેમાં હું સંપૂર્ણપણે સહમત છું; પણ હું શું કરું? બાપુજી (ગાંધીજી)ની એવી આજ્ઞા હતી." વાંચનારાઓને ખ્યાલ હશે જ કે કાકાસાહેબ પણ એ શિક્ષણક્રમ નક્કી કરનારાઓ માંહેના એક હતા. એથી એટલું તો સ્પષ્ટ થાય છે કે શિક્ષણક્રમની રચનામાં રાષ્ટ્રને બદલે ગાંધીજીની જ ચિંતા કરવામાં આવી છે. એથી વિશેષ એટલું યે કબૂલી લેવાયું કે રાષ્ટ્રીય નેતાઓ, રાષ્ટ્રને બદલે ગાંધીજીની ઇચ્છાઓનું જ વિશેષપણે અનુષ્ઠાન કરતા રહે છે અને પોતાના પ્રમાણિક મતભેદો ગળી જઈ, છેવટ દોષનો ટોપલો ગાંધીજીને માટે રાખે છે; કે પોતાનો સાચો વિરોધ ગાંધીજીને જાહેર કરી શકતા નથી. કરે તો ગાંધીજીની અપ્રીતિ વહોરવી પડે અને એમ જાહેર તખ્તા ઉપરથી કદાચ ઊતરી જવું પડે !

જ્યારે ગાંધીજીને તો વિરોધીઓના ખોળામાં માથું મૂકીને સૂવાની મર્દાની આદત છે. વિરોધીઓને માપવા એઓ તો પોતાનું સર્વ કાંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપવા તૈયાર થઈ જાય છે. જો એમને એવી ગડ વળે કે પેલાના હૃદય-પલટાનો પ્રકાશ તેમના અંતરમાં રેલે. વિરોધીઓનાં ગુણ જોવાની અને એ પણ સૂક્ષ્મદર્શક કાચથી જોવાની એમને સંજયદૃષ્ટિ છે. વિરોધીઓનું પ્રેમભીનાં બની સ્વાગત કરવાનું જેમને લભ્ય છે તેમની શી વાત! માત્ર તેમના કાકાસાહેબોને શ્રદ્ધાનંદ કે લેખરામ જેવું હૃદય નથી કે વિરોધીઓનો પ્રગટપણે સામનો કરવા જતાં ખાવી પડતી છૂરીથી લોહી ન નીકળે! કે તેઓનું, પોતાનો વિરોધ જાણ્યા પછી ગાંધીજીએ કંઈક સમાધાન કરી આપ્યું હોય તો તેવી વાતો કદાચ જાહેરમાં મૂકવા જેવી ન પણ હોઈ શકે!

સન ૧૯૩૭ની ૧૭મી જુલાઈના હરિજનના અંકમાં વિરોધીઓને જીતવાની મહાત્માજીની વિરોચિતતા જોઈએ. વર્ધા કેળવણી–યોજના પ્રેરનારના માનસ ઉપર અજવાળું પાથરતા એ લેખની મતલબ એવી હતી કે, “મને અબુબકર તથા ઉમરસિદ્દીકીની વાર્તાઓ કહી લેવા દો! રામ અને કૃષ્ણની સાદાઈ સર્વમાન્ય હતી. તેમ એ એવા જમાનાની વાતો છે કે જેની ઐતિહાસિક સચ્ચાઈની આપણને ખાતરી નથી. પરંતુ જો એવી કોઈ વ્યક્તિઓ હોય જેમને માટે કોઈને પણ બેમત ન હોય એ તો અબુબકર અને ઉમર જ છે. એમને તો હું સાદાઈના અનુકરણીય, ઊજળાં દૃષ્ટાંત તરીકે નિઃસંકોચપણે સૂચવી શકું છું.”

આ અવતરણ આપવાની મતલબ એટલી જ છે કે વર્ધાશિક્ષણમાં રામ અને કૃષ્ણને સ્થાન મળ્યું નથી તેના કારણનું એ ઊગમસ્થાન છે. ગાંધીજીને મન રામ અને કૃષ્ણ આ દેશમાં કોઈ જમાનામાં થઈ ગયા હોય તેવી વિભૂતિઓ નથી; કે થયા હોય તો છેવટ ઉમર અને અબુબકર સાથે સરખાવવા જેવા માનતા નથી. ગાંધીજીએ ભેગાભેગું એટલું ઉમેરી દીધું હોત કે હજરત ઉમર અને અબુબકર, દીનબંધુ એન્ડ્રૂઝ કે સત્સંગી મશરુવાળાની કક્ષાના હોઈ શકે કે બહુ તો પોતે જેવા દક્ષિણ આફ્રિકામાં ટોલસ્ટૉય આશ્રમના એક દીક્ષાધારી હતા એ કક્ષાના હોઈ શકે તો એનો કંઈક ખ્યાલ આવત. ન તો એમણે એવું–ન મુસા, અબ્રહામ કે જરથુસ્ટ્રની એક વેળાની હયાતીની “ઐતિહાસિક–સચ્ચાઈ” સાથે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ કરતાં સંમત થયા અને રામ અને કૃષ્ણની ઇતિહાસની સચ્ચાઈ સામે ક્યાં કારણો કે આધારો ઉપર સંદેહ આવ્યો–એ કહ્યું.

જે પુરુષે સારું ય રાજ્ય જમાવી–જીતી પોતાના ગુરુ રામદાસજીના ચરણમાં સમર્પણ કરી દઈ ગુરુની પુણ્ય સ્મૃતિને રાજધ્વજના ભગવે રંગે ઉજાળી; એ સાદાઈનું દષ્ટાંત ભલે નજરમાં ન આવ્યું. જેની બધી પાછલી અવસ્થા જંગલમાં ઘાસ સુદ્ધાં ઉકાળીને ખાવામાં વીતી એ રાણા પ્રતાપે કેવળ રાજવૈભવનાં સુખ મેળવવા જ સહ્યું હશે? રાજમહેલમાં પણ જે પુરુષ ઝૂંપડું ઊભું કરી જીવતા હતા તે રાણો પ્રતાપ……પણ નહિ: ‘હિન્દુ–મુસ્લિમ ઐક્ય’ની અકબરની રાષ્ટ્રભાવનાને ખોટા ક્ષત્રીવટના ખ્યાલે પાર પાડવા ન દીધી. તેમ શિવાજી મહારાજે ઔરંગઝેબની સુન્નતશાહીને ફાલવા ન દીધી; અને દેશનો એકરાગ વણસાડી મૂક્યો.

પણ જગત–આવર્યાં દુઃખથી દુભાઈ જેણે વૈભવનાં ઘર જેવાં રાજપાટને લાત મારી ભિક્ષાવ્રત લીધું એવા ભગવાન બુદ્ધે તો પ્રાણી-માત્રના કલ્યાણઅર્થે અઘોર તપ, અમર્યાદ સાધના સાધી હતી. રાજેન્દ્ર અશોકના ધર્મ અને સંઘને અર્થે સર્વસ્વ ત્યાગમાં સંઘમિત્રા અને મહેન્દ્ર જેવાં રાજકુમાર–કુમારીની, અકિંચન દશામાં નીકળી પડવામાં…… નહિ એ ત્યાગની વાતો છે. ત્યારે મહાત્માજી પાસે હશે એના કરતાં ક્યાં ય ઓછી (દર્ભાસનો, પંચપાત્રો અને કાગળ–શાહી લેખણ) સંપત્તિવાળા મૌર્ય સમ્રાટના મહામંત્રી બની પ્રજા–સેવા સાધતાં અને એમ રાજાશાહીનો પાપભાર ઓછો કરી પાછી ચોટલી બાંધી ચાલી નીકળેલા ભગવાન ચાણક્યમાં, સારા સંસારમાં જેણે લંગોટી સિવાય બીજું કોઈ સાધન સંઘર્યું–પરિગ્રહ્યું નથી તેવા મહર્ષિ દયાનંદમાં, રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય મહાપ્રભુ કે મહર્ષિ રમણમાં મહાત્માજીને સાદાઈ નજર ન આવી એ હિન્દુ–સંસ્કૃતિના દુર્ભાગ્યની વાત છે.

બાકી તો ‘કલ્યાણ’ માસિકના સંતાંક, ભક્તાંક, કે સાધકાંકમાંથી પાર વગરનાં દષ્ટાંતો મળી રહે તેમ છે. યશકામનાજીત એવા કેટલા ય નિષ્કામ, અનામી પ્રભુભક્તો આ દેશે જન્માવ્યા છે પણ……ઉમર અને અબુબકર સાથે સરખાવવા જેવી બે એવી વિભૂતિઓ તો સ્મરીએ:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તો અપરિગ્રહી કણાદ મુનિ. છ ભારતીય દર્શનશાસ્ત્રનો માંહેના એક. જેમનું કણાદ નામ ખેતરમાં પડી રહેલા અનાજના દાણાઓ વીણી વીણીને ખાવા ઉપરથી પડ્યું હતું. બીજા મુનિ જડભરત. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમછલ્યા અરણ્યવાસી એ મુનિ, ભીલની અવેજીમાં વેઠે પકડાતાં, રાજાની પાલખી ખેંચતા, પગનીચેની કીડીઓ ન છૂંદાઈ જાય તેની ચિંતામાં ઠેકતા ચાલવાને કારણે હડદોલાયેલા રાજાને હાથે માર ખાતાં સુધી મૌન જાળવી નછૂટકે છેવટ સ્વમાનપૂર્વક રાજાને ઉપદેશે છે પણ એ બન્ને માટે 'વૈશેષિક દર્શન' અને 'ભાગવત'નાં બે પુસ્તકો સિવાય મારી પાસે બીજી કોઈ ઐતિહાસિક સચ્ચાઈ નથી.

યુક્ત પ્રાંતના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન શ્રી. સંપૂર્ણાનંદજી ચંપા અગ્રવાલ કૉલેજ, મથુરાની મુલાકાતે ગયેલા. તેમના સ્વાગતમાં ત્યાંના મારવાડીઓએ 'મેવાડ ગૌરવ રાણા પ્રતાપ'નું નાટક ભજવ્યું હતું. ત્યારે એક સંભાવિત સંસ્કારી અધિકારીએ જણાવ્યા પ્રમાણે એ પ્રધાન મહાશયે મમરો મૂક્યો હતો કે, "તમને જમાનાના પ્રવાહ સાથે ભળતાં આવડતું નથી: હજુ એની એ જરીપુરાણી વાતો? એ પણ સૂઝતું નથી કે અહીં કોણ બેઠું છે? કેવો જમાનો છે? વગેરે..." આજે એમને રાણા પ્રતાપના નામ સામે પણ હિંસાની દ્યોતક એવી 'ચીડ' થઈ આવે છે. એથી જ વર્ધાશિક્ષણમાં રાણા પ્રતાપનું પાથરણું પડ્યું નથી. અગર રાણા પ્રતાપ નૂરુલ્લાના ગૃહમંદિરે અવતાર સાર્થક્ય કરી 'નવશેરઅલી'નું શુભ નામ પામ્યો હોત તો બાબુ સાહેબને જમાનો ન નડત. ઊલટું એ નાટકમાં પાઠ લેવા સુદ્ધાં ઉત્સાહ થઈ આવત; કે પ્રતાપ ભૂખનું દુઃખ સહન થઈ ન શકવાથી, અકબરને શરણે જઈ પોતાની પુત્રીનું શહેનશાહને પાણિગ્રહણ કરાવે તેવો એ નાટકનો અંત આવતો હોત તો પણ હરકત ન નડત.

રાણા પ્રતાપના નામના સુગાળવા એ મહાસભાવાદી પ્રધાનને હજારો ગાઉ દૂરના, પર મુલકના હજાર વર્ષ પહેલાં થયેલા પ. મહમદ સાહેબને માટે ગમે તે ઘડીએ ભક્તિભાવ જન્મે છે અને 'પ્રૉફેટ્સ ડે' (પયગંબર દિન) ઊજવવાના કોડ જાગે છે; જેમાં શ્રી. રાજગોપાલાચાર્ય જેવા યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગર્વ ભાગ લઈ શકે છે. તલવારોની ખણુખણાટીમાં સ્વર્ગ દેખાડનારા (ખરી રીતે તો શાંતિચાહક પણ દેશકાળ તથા સંજોગોને લીધે જ હિંસાનો આશ્રય લેનારા. ફક્ત રાણા પ્રતાપને જ તલવારબાજી કરી ભૂખે આથડવાનો શોખ હતો!) મહમદ સા.ના જીવનમાંથી અહિંસાના અધ્વર્યું જેવા આ છોટા મહાત્મા કોણ જાણે કેવો અહિંસક સંદેશો પામતા હશે!

આવા શિક્ષણપ્રધાનોને સોંપાયલી વર્ધાયોજનામાં, રામ અને કૃષ્ણ ન લેવાય તેથી તેમની—'હિન્દુ ઐતિહાસિક સચ્ચાઈની પ્રણાલિકા જેવી'—પૂજા અને મંદિરો અટકી—પડી જવાના નથી પણ ઈસા, જરથુષ્ટ્ર, મુસા, અબ્રહામ અને મહમદ બધાને શોધી શોધી મૂકવામાં આવ્યા છે; જ્યારે દાદુ, કબીર, દારાશિકોહ અને અકબરના પંથોનો ઉલ્લેખ છે: ત્યારે નથી એટલું જ સમજાતું કે પ્રસિદ્ધ ધર્માચાર્યો—મહાવીર, શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, ચૈતન્ય, દયાનંદ, વસવેશ્વર અને સહજાનંદને શું કામ નહિ ગણાવ્યા હોય?

એની—વર્ધા શિક્ષણયોજના પુસ્તકની—ભૂમિકાના ૨૮મે પાને લખ્યું છે કે, "આ શિક્ષણક્રમનો ઉદ્દેશ બધા ધર્મો પ્રત્યે આદર પેદા કરવાનો છે." ભલા, એક ધર્મની જ્યાં સમૂળગી ઉપેક્ષા અને આવગી સાફસૂફી થતી હોય ત્યાં તે આદરભાવ શી રીતે જન્મશે—જળવાશે?

ભારતવર્ષના પાંચદસ હજાર વર્ષના ઇતિહાસને માત્ર પાંચ સાત વ્યક્તિ-ઓની ક્ષુદ્ર વાર્તાઓમાં પૂરો કરી દેવામાં આવે—એમાં યે રાજપૂતોનું તો બિલકુલ પાનિયું કાઢી નાખવામાં આવે અને પાછું એ જ રાજપૂતયુગના ઇસ્લામી વિજેતાઓની આકંઠ બિરદાવળી ગાવામાં આવે અને એવા ઇસ્લામની દુનિયા કેટલી દેણામાં છે તે દર્શાવવા કઈ સાલમાં કયા મુસલમાને કેટલું રાજ કર્યું તેની સાલવારી પણ આપવામાં આવે—ટૂંકામાં સંપૂર્ણ વિસ્તૃત મુસ્લિમ ઇતિહાસ હિન્દુઓના ઇતિહાસની પીઠ ઉપર ચડાવી તાબૂત પેઠે શણગારી દુનિયાના ચોક વચ્ચે ઊભો રાખવામાં આવે ત્યારે આદરભાવ કેવી રીતે ટકાવી રાખવો?

એ જ પુસ્તિકાને ૫૩મે પાને હિન્દુસ્તાનના પ્રાંતોમાં દેવનાગરી લિપિ સાથે ફારસી લિપિ ફરજિયાત કરવાની ભલામણ કરવામાં આવે છે અર્થાત્ નહિ જેવી મુસ્લિમ સંખ્યાવાળા પ્રાંતોમાં હિન્દુ—બાળકોને મુસ્લિમોને ખુશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવા ખાતર જ ફારસી લિપિ શીખવી પડશે. તેટલા જ નહિ તો પોતાના દેશની એક ભાઈબંધ કોમની સાથે કદમ મિલાવવા ભણવી પડશે. અને હિન્દુ કોમ સાથે કદમ મિલાવવા ઇસ્લામીઓના કોઈ પણ પ્રાંતમાં નાગરી લિપિ ભણવાની ફરજ નહિ હોય–આટલું છતાં નવાઈની વાત તો એ છે કે મુસ્લિમો એ શિક્ષણક્રમનો સ્વીકાર કરવા ખુશી નથી; એવા બહાના હેઠળ કે તેમની સંસ્કૃતિને એમાં લગીરે સ્થાન નથી. માટે, જો એનો ફરજિયાત અમલ કરવામાં આવશે તો સત્યાગ્રહ કરીશું. જ્યારે મદ્રાસ પ્રાંતમાં કૉંગ્રેસી સરકારે તે અમલ કર્યો ત્યારે મુસલમાનો સત્યાગ્રહ કરી જેલમાં પણ ગયા. કહો! કૂકડીનો જીવ ગયો અને ખાનારને સ્વાદ ન આવ્યો! નથી એટલું સમજાતું કે તો પછી મુસલમાનો શું ચાહે છે?

વિકલ્પો તો ઘણા સૂઝે છે કે દેવનાગરી લિપિ સદંતર રદ થઈ નક્કી ઉર્દૂ લિપિ જ ફરજિયાત કરવામાં આવે. કુરાનનું શિક્ષણ અપાય અને હિન્દુઓ આપમેળે ઇસ્લામની મહત્તા સમજી તેનો પુનઃ અંગીકાર કરે કે છેવટ એક વખતનું તેમનું મુસ્લિમ શાસન પુનઃ સ્થપાય. લાગે છે કે થોડા હિન્દુઓની માફક એવા ઇસ્લામીઓ પણ ભ્રમથી પીડાય છે. જે ગયું તે એના એ દોરદમામથી પાછું બેઠું થતું નથી. અત્યારે તો પદદલિત હિન્દુઓની સાથોસાથ એમનો ય પાટલો પડ્યો છે. એ દિવસોને ફરી દેખવાની મુરાદ બર આવે તો અંગ્રેજી સત્તાનું ઉઠમણું કરવા જેટલી પહોંચે આવવી જોઈ શે. હિન્દુઓને સતાવીને એ દિવસો ઊભા કરી શકતા હોત તો એ દિવસો રોળાઈ શેના જાત! હિન્દુઓનું પડખું ગુમાવવાનું ઇસ્લામી સત્તાને મોટું મૂલ્ય ચૂકવવું પડ્યું છે. એ ભરપાઈ થયા પહેલાં ઇતિહાસનો, કર્મગતિનો અને ન્યાયનો ક્રમ છે કે ન જ આવે અને કાળે કરીને આવે તો એ લાંબું જીરવી શકાય નહિ. છતાં એવી આશ્વાસક આગાહીઓ ઉપર આધાર રાખી હિન્દુઓએ બેસી રહેવાય નહિ કે મુસલમાનોથી પ્રયત્ન છોડાય નહિ. ઊજળા ઇતિહાસના સુખ–મધુર દિવસો એમ ભૂલવા બેસાય નહિ અને તક ગુમાવવાની ભૂલો બેવડાવાય નહિ.

એટલે તો વર્ધાશિક્ષણમાં ઘૂંટીઘૂંટીને તાજમહાલ, ફતેહપુરસિક્રી અને કુતુબમિનાર પ્રત્યે ઇશારા–આંગળીઓ થયાં છે; એનાં ધ્યાન અપાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુરસદે દર્શન કરી આવવાની ભલામણો થઈ છે. માત્ર અજંતા, ઇલોરા, એલીફન્ટા, કાશી, આબુ, ભુવનેશ્વર, કોનાર્ક, તાંજોર, મદુરા, રામેશ્વરમ્, ચામુન્ડા, શેત્રુંજો આદિ હિન્દુ સ્થાપત્યોમાં જ બુતપરસ્તી (મૂર્તિપૂજા) ભરી છે.

મોગલ બાદશાહીની સનંદો અને ફરમાનપત્રોનો જ અભ્યાસ કરો; ભોજ, તાડ કે તામ્રપત્ર અને શિલાલેખોની જંગાલિયતમાં આંખનાં તેજ ગુમાવવાની શી જરૂર છે? સોનેરી લીટીઓવાળું મોગલ ચિત્રકળાનું હાર્દ તપાસવાની સલાહ અપાઈ છે; સાંચી, બર્હુત, નાલંદા, સારનાથ અને હડપ્પામાં કે રાજપૂત કલમમાં સોનેરી લીંટીઓ વગર શું જોશો? ભારતીય સંગીત તો તાનસેનના ઘરાણાનું શીખો; એ પહેલાંના અહોબાલ કે ઋષભદૈવત વગેરે સંગીતકારોમાં ક્યાં ઠેકાણું હતું! વીરતા સલ્લાઉદ્દીનના અખાડામાંથી કસો; જયમલ, ફત્તા, દુર્ગાદાસ, છત્રસાલ કે બાજીપ્રભુ મૂળા–ગાજર કાપતા હતા! ચૌદ માનવ-જાતિના ઉદ્ધારકોની નામમાળા ગોખો; ભારતમાં ગાંધી સિવાય બીજો ઉદ્ધારક પાક્યો જ નથી! દર્શનશાસ્ત્ર શીખો સુકરાત તથા અલીનાં; ભારતીય દર્શનકારોને ઇતિહાસની સાક્ષી નથી! કન્યાઓને વીરસેવા નાઇટિન્ગેલના નમૂનાની શીખવો; લક્ષ્મીબાઈ, તારામતી કે અહલ્યાબાઈને અને વીરસેવાને શું લાગે વળગે! ઇશ્વરચિંતન કબીર અને મઈનુદ્દીન ચિસ્તીનાં કરો; રામકૃષ્ણ, રામતીર્થ, ચૈતન્ય કે એકનાથના માળાતંબૂરાનો મેળ નથી!

મુસ્લિમ સામ્રાજ્યના નકશા ચીતરતાં શીખો, હિન્દુ સામ્રાજ્યના નકશા તો મુસ્લિમ સમ્રાટો અને વિજેતાઓએ હતા ન હતા કરી મૂકયા હતા અને આમ કરતાં કરતાં સાથે કહેતા જાવ કે કૂવો તો એક જ છે પછી હિન્દુ–મુસ્લિમ ગોળાગાગરનો ભેદ શાને?

કૉંગ્રેસે કેવો સુગમ માર્ગ કરી આપ્યો છે, સળેખમ થયું હોય તો નાક કપાવી મારો! ન સળેખમ રહેશે ન નાક. રોગ થયો હોય તો રોગીને જ રહેંસી નાખો! ન રોગી રહેશે ન રોગ. ભારતીય હિન્દુઓનો ઇતિહાસ જ ભૂંસી નાખો! ન હિન્દુ રહેશે ન ઇતિહાસ.

આખા પાઠ્યક્રમમાં આવો જ ધ્વનિ સ્પષ્ટપણે તરવરી રહે છે. એના ઘડનારાઓની ખોપરીમાં ભારતનું નામ તથા સ્થાન સહુથી પાછળ મુકાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. નાનાં બાળકો—જેનાં હૃદયો પોતાના રાષ્ટ્ર પ્રત્યેના પ્રેમથી ઊભરાઈ ઊઠવાં જોઈએ, પોતાના દેશના પરાક્રમ, સમૃદ્ધિ, ઐશ્વર્યની અદ્વિતીયતાને પ્રભાવે ઉન્નત અને અણુનમ ભાવનાથી છલબલતાં હોવાં જોઈએ, એને બચપણથી પિરામિડ અને પિકીપીડસ, એડોઇનિ આદિનો પરિચય આપી, કઈ રાષ્ટ્રીયતા ઉપજાવવા ધારી હશે? એના વિધાતાઓનો એ જ વિચાર પ્રતીત થાય છે કે ભારતીય બાળકોને રાષ્ટ્રીય બનાવવા માટે વિદેશી ઇન્જેકશનો દેવાં જરૂરનાં છે; જેના વગર જાણે 'રાષ્ટ્રીયતા' આવવાની જ ન હોય! કે એશિયાવાસી કે વિશ્વસમગ્રવાસી બનાવી મૂકી ભારતને સાંકડું કરી મૂકી, એવાં વિશાળ મનવાળાં નાગરિકોથી અહિંસાનો સંદેશો લઈ વિશ્વની દશે દિશા ભરી મૂકવી ન હોય!

વિશ્વ સમસ્તનો ભાર વેંઢારતી—વહોરતી એ શિક્ષા * અત્યારે તો "ભેંશ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ"ની ગતિ પામી છે. પણ ભૂતકાળમાં ગણુરાજ્યો તરીકે આ દેશે જન્માવેલી, પચાવેલી એવી અત્યારે રાષ્ટ્રીય

* આસામ સરકારને કેળવણીની પ્રગતિ વિષે આખરી અહેવાલ રજૂ કરવા નીમેલા મિ. સ્મૉલ કરીને એક નિષ્ણાત, મધ્યપ્રાંતો, યુક્તપ્રાંત તેમ જ બિહારની મુલાકાત પછી મહાત્મા ગાંધી જેની હિમાયત કરે છે અને મૌ. ઝાકીરહુસેન અહેવાલમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવી ઔદ્યોગિક—કેળવણી મુજબ ચાલતી પ્રાથમિક શાળાઓ ચલાવવા માટે પૈસા અને સ્ટાફ મેળવવાનું કાર્ય હિન્દમાં અશક્ય છે તેમ કહે છે.

આ બારામાં ગાંધીજીની મુલાકાત વેળા મહાત્માજીએ પ્રશ્નનો જવાબ વાળવાની પોતાની અશક્તિ જણાવી પોતાના કેળવણી—નિષ્ણાતને પૂછવાનું કહ્યું હતું. ઑસ્ટ્રેલિયાની ભૂગોળ સાથે ચરખાનો મેળ કેવી રીતે સાધવો એવા પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ નિખાલસપણે જણાવ્યું હતું કે, "આ વિષય હિન્દી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાંથી કાઢી નાખી શકાય તેમ છે." બિહાર આશ્રમની મુલાકાતમાં પણ અમે જેની મુલાકાત લીધી છે, તેવી ઘણી નિશાળોમાં ચરખા અને રાષ્ટ્રગીતો સિવાય બીજું કશું થતું ન હતું.

"મારા પર એવી છાપ પડી છે કે હું સંખ્યાબંધ કાપડનાં કારખાનાંની મુલાકાતે ગયો હતો; જેમાં ડઝનેક બટુક ગુલામોને નોકરીમાં રાખવામાં આવ્યા હોય અને જેને કારખાનાના ઇન્સ્પેકટરની અગર તો ચરખાસંઘના પ્રતિનિધિની મુલાકાતની જાણે જરૂર રહેતી ન હોય." (ગુજ. સમાચાર તા. ૪-૯-'૪૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાતી–"દેશ સમસ્તનું સાચું પ્રતિનિધિત્વ ધરાવતી મધ્યસ્થ શાસન-પ્રણાલી"–આ જમાનામાં યુરોપીય સંસર્ગ પછી જ જાણે સાંભળવા મળી ન હોય! અને વિશ્વ સમસ્તની વિચારવેણુ જાણે પહેલવહેલાં જ આ દેશની અત્યારની એવી રાષ્ટ્રીય–જનેતાઓને જ ન આવી હોય!

(૨) અધિકારો

કૉંગ્રેસની મુસ્લિમ ભક્તિનું ઉપર વર્ણવ્યું દિગ્દર્શન થયું તે જે જે પ્રાંતોમાં અધિકાર પદે હતી, ત્યાં નકરી હિન્દુ સંસ્કૃતિ કે એકલા હિન્દુ ઇતિહાસનો જ દાળોવાટો કરતી રહી છે એટલું જ નથી, પરંતુ આગળ ચાલી હિન્દુઓને રાજનૈતિક ક્ષેત્રમાં તથા સરકારી નોકરીઓમાં પણ કેટલો અન્યાય રોપી ગઈ છે, એની ખાતરી અલગ અલગ પ્રાંતોની કૉંગ્રેસ સરકારોના પોતાના આપવડાઈઓના પડઘા જેવાં પ્રચારયંત્રોમાંથી મળી રહે છે. યુ. પી. કૉંગ્રેસ સરકારની "મુસલમાન અકલિયત ઓર સુબે જાત મુતહદા" નામની રાષ્ટ્રભાષા 'હિન્દી'માં નહિ પણ સાફ ઉર્દૂમાં પંત સરકારે છપાવેલી એ ચોપડી ફક્ત મુસલમાનોમાં જ વહેંચી હતી; પરંતુ બહુચરાના કૂકડા મિસાલ, એમાંથી હિન્દુઓ ઉપર ગુજરેલા અન્યાયો અને અત્યાચારો આપોઆપ જાહેરમાં આવી ગયા છે. ચોપડીને બીજે પાને લખ્યા મુજબ "જો કે મુસલમાન વસ્તી આ પ્રાંતમાં માત્ર ચૌદ ટકા જેટલી જ છે અને હિન્દુઓની ૮૫ ટકા છે; છતાં યે કૉંગ્રેસી સરકારે પોતાના હાથમાંની સરકારી નોકરી-ઓમાંથી ઘણી જ વધારે–મુસલમાનોને તેની વસ્તીના વરાડ કરતાં યે અનેક-ગણી આપી છે." ત્યાં સુધી કે ઘણા ય દાખલામાં સેંકડે ૫૦ ટકાથી પણ વધારે લૂંટાવી છે. હા, ગ્રામસુધારણાના કામોમાં હિન્દુઓને મુસલમાનો કરતાં અધિક નોકરીઓ મળી છે. એ પણ એટલા માટે નહિ કે કૉંગ્રેસ હિન્દુઓને ન્યાય કરવા માગતી હતી. એ તો એવી નાની ક્ષુદ્ર નોકરીઓ મુસલમાનોને પસંદ ન પડી; સરકાર પણ તે કબૂલે છે. "રહી ગયા પ્રચારકો (organisers) જેનો મહિને ફક્ત વીસ રૂપિયાનો જ પગાર છે અને કામ એવું સખત છે કે મુસલમાનો એ જગ્યાઓ પસંદ કરતા નથી. આમ છતાં મુસલમાનોને ત્યાં પણ ૧૭ ટકા જેટલી નોકરીઓ આપી છે." સારું છે કે આવા ટૂંકા પગાર તથા ગામડાની દોડધામ કરવાના કામવાળી નોકરીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બડેભાઈ ઓને પસંદ નથી. નહીંતર હિન્દુઓને સરકારી નોકરીઓમાં ક્યાં ય ટેટો બાઝત નહિ.

બિહાર સરકારે પણ ૮૮ ટકા હિન્દુએ અને ૧૨ ટકા મુસલમાન વસ્તીવાળા પોતાના પ્રાંતમાં સરકારી નોકરીઓની લહાણી અને બીજી રીતે એવા લાભો કરી આપ્યાનું બ્યાન તેવી જ "વજારતકે કારનામે" કરીને એક ચોપડી દ્વારા પૂરું પાડયું છે. એ વાંચ્યા સિવાય કોંગ્રેસની હિન્દુહિતો લિલામ કરનારી મુસ્લિમભક્તિની પિછાન થવી દોહ્યલી છે.

મુસ્લિમ હિતોને બહેકાવી મૂકનારાં લાડ લડાવતી બિહારની કોંગ્રેસ સરકારે એ 'વજારતકે કારનામે'માં મુસ્લિમ સંસ્કૃતિની રક્ષાનું પણ ડિંડિમ વગાડયું છે. "સરકારે મુસ્લિમોને તાલીમ આપવાથી જ પોતાની ફરજ પૂરી થઈ માની નથી પણ વિશેષમાં મુસલમાનોની સ્થિતિ સુધારવી, તેના ઉત્સાહને બઢાવવાને પણ પોતાની નૈતિક ફરજ ગણી છે. એટલા માટે તો સરકારે બે હજારથી વધારે રુપિયા જેમની પાસે ઉર્દૂ ગ્રંથો લખ્યા પડ્યા હતા તેમને આપ્યા છે અને એમ ગ્રંથોનો ઉદ્ધાર કર્યો છે."

રિપોર્ટમાં ૫૮૯૦૨૧ રૂપિયાની એક નાદર રકમનો પણ ઉલ્લેખ છે. એ રકમ પણ મુસ્લિમોને પોતાની સંસ્કૃતિના પ્રચાર માટે ખરચવા આપી છે. અર્થાત્ જનસંખ્યાને ધોરણે સને ૧૯૩૭–૩૮માં પ્રાંતભરમાં કુલ્લે ૭૫૮૪૩૫૫ની રકમ શિક્ષણ પછવાડે વરી; એમાં મુસલમાનોના લાભમાં ૧૧૭૦૫૮ રૂપિયા--વધારે ખર્ચાયા. બીજી તરફ હિન્દુઓનાં શિક્ષણ અને સંસ્કૃતિ તો બિહાર કોંગ્રેસ સરકારને મન 'સર્વસામાન્ય શિક્ષણ' છે. એટલે એનો ખરખરો કેવો? હિન્દુ વિદ્વાનો પાસે હિન્દી ગ્રંથો લખ્યા પડ્યા રહે તેમાં કોંગ્રેસ શું કરે?

જે સરકાર આમ દરવરસે પચાસ હજાર રુપિયા વાપરે, ભલા એને રાષ્ટ્રીય સરકાર કેમ કરતાં માનવી? જે દાક્તર મહમદને રાષ્ટ્રવાદી ઓળખવામાં આવે છે તેઓ સાહેબ જ, મુસ્લિમ સભ્યતાના ઊંડા ખીલા ધરબતી મુસ્લિમ સંસ્થાઓનાં પોષણ માટે પોતાનાં પ્રધાનપદાંને 'કોની ગુજરાત' ગણી સામટો ઉપયોગ કરવામાં બિલકુલ પાછા પડ્યા ન હતા. માત્ર હિન્દુ સંસ્થાની માગણીઓ વખતે તેમને તેમનું વાટકીનું શિરામણ–પ્રાંતિક સત્તાના મર્યાદિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકારો–ખૂટી પડતું હતું. ઊલટું એમની ઘોર ખોદવા પાવડા–કોદાળી જ પેદા કર્યે રાખ્યાં. એમણે ખુદાબક્ષ લાયબ્રેરી જેવી કટ્ટર અને સરિયામ-કોમી સંસ્થાને ત્રણ વર્ષ સુધી એંશી એંશી હજાર રુપિયા પહોંચાડ્યે રાખ્યા છે. શું કરવા? ભારતીય ઇતિહાસની રાષ્ટ્રીયતાના ધોરણે–તે પણ ખાસ કરીને પહેલવહેલાં મુસ્લિમશાસનવારીના ઇતિહાસની રચના કરી આપવા!

અલબત્ત એ મર્દાની પગલું છે. વિઘ્નસંતોષી પાસેથી ન્યાય મેળવવાનું કે દુશ્મનોથી હક નક્કી કરાવવાનું પગલું બહુ ઊંચી કોટિની માનવતા છે. પણ એટલી દાનાઈની સામેથી ખાતરી રહે ત્યાં. ખેદ તો માત્ર એ પાંતીનો થાય છે કે બે લાખ ચાલીસ હજારની રકમ મુસલમાનોને એ શરતે સોંપવામાં આવી છે કે તેઓ બૌદ્ધકાલીન હિન્દુ સંસ્કૃતિના કેન્દ્ર જેવા બિહારના સ્વર્ણકાલીન ઇતિહાસ સમયના ગુપ્તવંશ, મૌર્યકાલ અને નાલંદાયુગની વિલુપ્ત વિભૂતિઓની થોડી વધુ નાલેશી કરે. સાથોસાથ ગત મુસ્લિમ સત્તાની વિશેષ મહત્તા વધારવા માટે હિન્દુપ્રજાનું ધન કોંગ્રેસ પ્રધાનોએ મુસ્લિમોને ધર્યું છે કે મુસ્લિમોને સર્વપ્રથમ તેમનો ઇતિહાસ તૈયાર કરવા દઈ બેઠા છે, તે સાથે ભેગાભેગું જો હિન્દી, બિહારી કે સંસ્કૃત ભાષાના અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથોનું પ્રતિપાદન, પરિશીલન કે પ્રતિષ્ઠા–પ્રકાશન માટે થોડું કે ધ્યાન અપાયું હોત તો એવી થોડા લાખોની રકમ માટે ધોખો ધરવાનો ન રહેત. એવા તો અબજો–અગણિત રુપિયા, અમૂલ્ય જરઝવેરાત અને અલભ્ય–અપ્રાપ્ય ચીજ–વસ્તુઓ આ ગુલામ દેશમાંથી ઊપડી ગયાં છે અને ઊપડ્યે જાય છે; એટલે થોડા લાખ રુપિયાની અદેખાઈ કરવાનું હવે હિન્દુ પ્રજાને નથી સાલવાનું. જે પાંતીનું દુઃખ થાય છે તે તો ભેદ છે: એકને ગોળ અને બીજાને ખોળ ધરનારાનું પરાયાપણું.

પોતાનું ખૂન કરવા જેઓ સામાને છરી સજી દઈ શકે છે એવાઓનું તેવું પગલું પાવનકારી–પાપવિમોચક છે. પણ બસ. હિન્દુજનતા હમણાં તો પોતાના એવા પ્રતિનિધિઓથી સદ્ભાગ્યે બચી ગઈ છે; છતાં ટૂંકમાં કદાચ એવાને પનારે પાછી પડે તો તેમને એવા ભેદ ખેલવાની ફુરસદ નહિ હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ગૌરક્ષા

બિહારના ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી. કૃષ્ણસિંહજી વ્યક્તિગતપણે ગૌવધને બૂરો માનતા નથી. તેવું યુ. પી. ના વડા પ્રધાન પંતજીની રાષ્ટ્રીયતાનું. એઓ તો ધીમી જબાને એટલું જ કહી લે છે કે, " એક ગાયના જીવનથી મનુષ્યનું જીવન શ્રેષ્ઠ છે: ગાયની રક્ષા માટે એક માણસનો જીવ લેવાનો ન હોય." એક ગાયને બદલે લાખો ગાયોની વાત અને એક માણસના જીવની પાછળ કરોડો હિન્દુઓની લાગણીને તેઓ સિફતથી ગૌણ બનાવી પોતાની પંડિતાઈનો પરિચય કરાવી શકે છે.

એ બિહારમંત્રીના વહીવટકાળમાં એવી જગ્યાએ પોલીસ પાસે ગોળી-બાર ચલાવી ઉપર રહીને ગાય કપાવા દીધી હતી—જ્યાં તે ઘડી સુધી કદી પણ ગૌહત્યા થઈ ન હતી. હર મુસ્લિમ માગણીને સામે ચાલીને સંતોષતી આ કૉંગ્રેસ સરકારોએ ૭૦૦ વર્ષની ઇસ્લામી સત્તા અને તે પછીના અંગ્રેજ—શાસનથી જે ઉઘાડેછોગે ન થઈ શકેલું તે આ રીતે શક્ય કરી બતાવ્યું છે.

એક માણસ નહિ પણ કરોડો હિન્દુઓનાં હૃદયને જેની હત્યાની વાત વલોવી નાખે છે અને એક સાધારણ ગાયની કતલ દરેક હિન્દુને મનુષ્ય-જીવનની—હિન્દીની તો ખાસ—શ્રેષ્ઠતાનું દેવાળું કાઢતી લાગે છે; અને પારાવાર મનોવ્યથાની લોહીઉકાળ મનોદશા વચ્ચે લાવી મૂકે છે; એવું હૃદય જ જાણે પ્રધાન બનવાથી પલટી જતું હશે?

લગભગ ૫૮–૬૦ વર્ષ પહેલાં યુરોપની મુસાફરીએથી પાછા ફરતાં, કેવળ ૧૮ વર્ષની કિશોર ઉમ્મરે માતૃભૂમિના સુખસ્વાતંત્ર્ય વિષયક પોતાના ઉદ્-ગારોથી તે દિવસોનાં હિન્દી નેતૃત્વને સાચી દિશા સૂચવી ગયેલા ગોંડલ મહારાજાના વિચારો આજે પણ તેટલી જ અગત્ય ધરાવે છે. ગોપાલન વિષેની તેઓ નામદારની ટીકા લઈએ :—" અંગ્રેજી રાજ હિન્દના ધાર્મિક વલણોને માન આપે છે તેથી જ તે લોકપ્રિય છે. ધર્મને લગતી અંગ્રેજ રાજસત્તા સામે એક જ ફરિયાદ છે જે દૂર કરવામાં અંગ્રેજ રાજકર્તાઓની માત્ર ફરજ જ નહિ પણ સ્વાર્થ છે. હિન્દુસ્તાનના રાજકર્તાઓએ સર્વ-સામાન્યપણે ' ગૌરક્ષક 'નું બિરદ મેળવ્યું છે. કેમકે ગાયોનું સ્થાન હિન્દમાં સર્વથી પવિત્ર પશુમાંનું છે. અને તેથી ગાયની હત્યા કદી કોઈએ સાંખી લીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. ગાયની હત્યા એ અત્યંત અમાનુષી કૃત્ય છે; તેથી એમાં આશ્ચર્ય પામવા જેવું નથી કે કેવળ ખાદ્ય–ખોરાક માટે હજારો ગાયો કાપવાનું કરી હિન્દુઓનાં હૃદયમાં અતિ ઊંડો જખમ કરવામાં આવે છે. આ બાબે અંગ્રેજ રાજસત્તાના મનમાં ગમે તે હો પરંતુ હિન્દમાં રાજનૈતિક દૃષ્ટિએ ગાય મારવા દેવી એ ભૂલ છે. મને જાણતાં દિલગીરી થાય છે કે જે લાગણી સહેલાઈથી દૂર કરી શકાઈ હોત તેને અંગ્રેજ રાજકર્તાઓ હાથે કરીને વહોરે તથા ફેલાવે છે.

"ગાય આપણને ખોરાક પૂરો પાડતું ઘણું ઉપયોગનું પ્રાણી છે; તેનું છાણ પણ પવિત્ર છે અને જુદા જુદા ઉપયોગમાં આવે છે. મરેલી ગાય કરતાં જીવતી ગાય માણસોને લાંબો વખત ખોરાક પૂરો પાડી રહે છે; તેથી સોનાનાં ઈંડાં મૂકતી મરઘી મારવામાં કશું ડહાપણ નથી. આમ આર્થિક દૃષ્ટિએ પણ ગાયની હત્યા અયોગ્ય છે. કૃષિની દૃષ્ટિએ વિચાર કરતાં પણ તે એટલું જ અયોગ્ય છે. હિન્દમાં ખેતીકામ માત્ર બળદો ઉપર જ છે. તે તો કૃષિકારોની દોલત છે. ગાયની હત્યામાં બળદની ઓલાદ ઘટતી જાય છે: અને આમ જ બને છે. હમણાં હમણાં બળદોની કિંમત ખૂબ જ વધી ગઈ છે. તે તેમની માંગ વધી છે એટલા માટે નહિ પણ તેમની સંખ્યા ઘટતી ચાલી છે તેથી જ છે. આ રીતે ખેતીને તેથી સખત નુકસાન પહોંચાડાય છે અને હિન્દ જેવા ખેતીપ્રધાન દેશમાં આ ઘણો જ મોટો અનર્થ છે."

"મને જે લાગે છે તે અહીં આગળ કહેવાને બદલે કોઈ બીજા પ્રસંગ માટે રાખી આ તકે મારે ભારપૂર્વક જણાવવાનું તો એ છે કે માત્ર નિર્દોષ જ નહિ પણ ગરીબ ઉપયોગી અને લોકદૃષ્ટિએ પૂજ્ય એવી ગાયોને મારવાની છૂટ આપવાથી તેઓ પ્રજાની ધાર્મિક લાગણીઓને દૂભવવાની રાજદ્વારી ભૂલ કરે છે. હિન્દમાં ગૌવધ અટકાવવાનું કામ ઝાઝો ભોગ નહિ માગે. તેના માંસ ખાનારને થોડી અડચણ થશે એટલું જ. પરંતુ એક જ સપાટે મોટા ભાગની પ્રજાનું હૃદય જીતી લેવાનો લાભ પણ એટલો જ મોટો છે. હું આ બાબત યોગ્ય ધ્યાન દેવાશે તેમ આતુરતાપૂર્વક ધારું છું."

હવે દરભંગા જિલ્લાની એ દુર્ઘટના લઈએ. જ્યાં કોંગ્રેસ સરકારે હથિયારબંધ પોલીસ–રક્ષણ હેઠળ–હિન્દુઓની આંખ સામે ગાય કાપવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંદોબસ્ત કરી આપ્યો હતો. વીસ હજાર હિન્દુઓએ એકત્ર થઈને એનો વિરોધ કર્યો, તો એ નીરવ શાંત જનતા ઉપર–પોતાનાં પ્રધાનપદાંના પાયા જેવાં મતદારમંડળ ઉપર મૂક પશુઓની માફક, અશાંતિ ફેલાવવાના ઓઠાં તળે ગોળીઓની ઝડી વરસાવી જલિયાનવાલાની ખોટ પૂરી પાડી હતી. અને મુસ્લિમ ઘાતક તોફાનીઓને ખુલ્લંખુલ્લા માફ કરી દેવામાં આવ્યા. ગોળીબારમાં મૃત્યુ પામેલાઓની ત્યાં સુધીની ઉપેક્ષા કરવામાં આવી કે તેમનામાંના એક હિન્દુ દેહુસિંહનું શબ અછૂતોને અવલમંજલ માટે હવાલે કરી દેવાયું અને મરનારના સંબંધીઓને માગવા છતાં પાછું સોંપવામાં ન આવ્યું. નનામીની સાથે હિન્દુઓને શબસરઘસની ધાર્મિક ક્રિયામાં પણ રહેવા દેવામાં ન આવ્યા; તેથી બરાબર ઊલટું સીતામઢીના રમખાણમાં માર્યા ગયેલા મુસલમાનોને સરકારે બદલો ચૂકવી આપ્યો.

આ ગૌવધ સંબંધી ગોળીબારની ચર્ચા જ્યારે પ્રાંતિક ધારાસભામાં પૂછવામાં આવી ત્યારે સરકારે ગોળીબારને વાજબી ઠરાવ્યો અને કોંગ્રેસે પણ તપાસસમિતિ બેસાડવા નનૈયો ભણ્યો. તેમનાં પ્રધાનોની ન્યાયકારિતાને પુષ્ટિ આપી. મુસલમાનોને પૂજનારી અને હિન્દુઓનાં હક્કહિતોને આવી રીતે કચડનારી કોંગ્રેસની એ શિસ્ત હતી. બહુમતીશાસનનું એ નિષ્પક્ષપાતીપણું હતું; જેને વેગ આપવા આંચ આવતી રોકવા મહાસભાવાદી છાપાંઓએ એ બનાવને અપાવું જોઈતું મહત્ત્વ પણ ન આપ્યું પણ બિહારના હિન્દુઓ તો એ સમજી ચૂક્યા છે.

એક ગાય કરતાં શ્રેષ્ઠ મનુષ્યજીવનની કિંમત દરેક હિન્દુ સમજે છે પણ એવા શ્રેષ્ઠ મનુષ્યજીવનની પશુદયાથી જેનાં હૃદય ભીનાં છે તેવાં પશુ અને વનસ્પતિની કુદરતે માનવીઓ માટે સર્જેલી પોતાનાં સુખસ્વાસ્થ્યની નક્કર સ્વાર્થની વાતથી જેમનાં હૃદય કૃતજ્ઞતાભર્યાં છે, તેવા હિન્દુઓ આ ખેતીપ્રધાન મુલકમાં ગાયના જીવનની રાષ્ટ્રીય ઉપકારકતા પણ સમજે છે. રાજકર્તા પ્રજાને ખેતીનાં યાંત્રિક ઓજારોનું હિન્દનું બજાર ગાયોની રક્ષાથી ગુમાવવું નથી કે પોતાનાં તેવા ખોરાક વગર તેમને ચાલતું નથી, તે હિન્દુઓ જાણે છે; તેમ હિન્દુઓ સાથે એમ પણ જાણે છે કે દિવસ ઊગ્યે પોતાના દેશમાં હજારો ગાયો કપાય છે. એટલે એકાદ રડીખડી ગાય બચાવવાની ગાંગલાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી વૃથા છે. એ તો સૈન્યની આગલી હરોળોમાં તે પ્રદેશનાં પ્રજાજનો રાખીને આગળ વધવાનું જર્મન લશ્કર માટે આરોપાયું હતું તેવી રીતે સો બસો ગાયો રાખીને હિન્દુ લશ્કરનાં હથિયાર છોડાવી હિન્દુ પ્રદેશો હાથ કરી બેઠા હતા અને એવી સો કે બસો ગાયોને બચાવવા જતાં આજે લાખો ગાયોની કતલ નોતરી બેઠા હતા તેવા દિવસો કે તેવા અંધશ્રદ્ધાળુ હિન્દુઓ હવે નથી રહ્યા.

એ જમાનામાં મહાશય શ્રીકૃષ્ણજીથી પોતાના અંગત વિચારો રજૂ થઈ શકત કે કેમ તે શંકા છે. આજે ગાય કે મંદિર પાછળ ફના થઈ જાય તેવા હિન્દુઓ ધર્માંધ કે ધર્મવીર રહ્યા નથી. આજના હિન્દુઓ ધર્મનું સાચું રહસ્ય સમજતા થયા છે: એટલે એટલા જ ખાતર વીસ વીસ હજારની સંખ્યામાં એકઠા થતા નથી પણ હિન્દુ તરીકે તેમના હૃદયમાં હજી સ્વમાનની માત્રા ટકી રહી છે તેને ઉશ્કેરતાં મુસ્લિમ–અપમાનો સામે એકઠા થાય છે. ચાલી–ચલાવીને હિન્દુઓની લાગણી દૂભવવાના એક માત્ર આશયથી થતી ગૌહત્યામાં જોખમાતાં સ્વમાન પ્રત્યેનો એ વિરોધ છે. ગોપાલનમાં હિન્દુઓ જેમ મુસલમાનોને પણ સ્વાર્થ છે. તે સ્વીકારવું બાજુએ રહ્યું પણ પોતાનું ખુદનું સન્માન સાચવવાનું, પોતાની માન–મર્યાદા જાળવવાનું તેઓ ચાહતા હોય તો તેમણે હિન્દુઓને પણ એવું એવું કંઈક હોય છે તે ન ભૂલવું જોઈએ અને એ પ્રેમથી, સદ્‌ભાવથી અને સહાનુભૂતિથી ધારવું રહ્યું. જો આ દેશને વતન ગણીને સુખશાંતિથી એ કોમે વસી રહેવું હોય તો વતનની મુખ્ય અને મોટી, અસલ અને સાલસ હિન્દુજાતિનો દ્રોહ કર્યા કર્યે ક્યાં સુધી ચાલશે ? કેમ નભશે ?

રેંટિયામાં ભારતની મુક્તિ બોધતા ગાંધીવાદી કોંગ્રેસીઓ કેમ ભૂલી જતા હશે કે રેંટિયાની સ્વદેશીની ભાવનાને રૂ પૂરું પાડતી કૃષિ, ગોપાલન વગર બાંડી થઈ પડશે અને અહિંસાની ભાવનાને દૂધ વગર નહિ ચાલે. હિન્દુઓએ તો પોતાનું સંગઠન કોઈ કોમને કચરવા માટે નહિ પણ પોતાની સાંગોપાંગ સ્વતંત્રતા સાચવવા, રાષ્ટ્રીય બળ વધારવા સિવાય બીજો કોઈ આરો નથી. આવાં અનુચિત આક્રમણોને ભેદવા એ જ માત્ર એક રાહ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) હિન્દુ ધર્મ

ધાર્મિક છૂટાપણાંની લડતને લઈને હૈદરાબાદ જેવાં ઇસ્લામી રાજ્યને પણ કેટલીક છૂટછાટો આપવી પડી હતી; જેની રક્ષા દુનિયાની કોઈ પણ લોકશાહીએ પોતાની લઘુમતી પ્રજાની તેવી ધાર્મિક પ્રણાલીઓ માટે કાયદા દ્વારા બાંહેધરી આપી હોય છે. ત્યાં તો અહીં બહુમતી પ્રજાની ચૂંટાયેલી યુક્તપ્રાંતની કોંગ્રેસ સરકાર તેના એ અધિકારો કચડીને તે પરાક્રમ-ગાથાથી ફુલાય છે. પેલી "મુસલમાન અકલિયત" ચોપડીના ૧૫મા પાનામાંથી ઉદાહરણ લઈએ :--

"કેટલીક જગ્યાઓ એવી પણ મળી આવશે કે જ્યાં વર્તમાન કોંગ્રેસ સરકારે હિન્દુઓનાં મંદિરોમાં પૂજા, આરતી કે શંખ વગાડવાની બંધી કરી છે. તેમનાં સરઘસો ઉપર અનેક પ્રકારે પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. જેમકે બારાબંકીમાં મોહરમના દિવસોમાં અમલદારોએ ઘણી જગ્યાઓમાં શંખ ફૂંકવા, કથા વાંચવા અને હોળીના દિવસોમાં પોતાના હિન્દુઓમાં પણ રંગ છાંટવાની મનાઈ કરી છે. જહાંગીરાબાદમાં એક મંદિર ઘણા દિવસો સુધી બંધ રખાવવામાં આવ્યું હતું: બાંદામાં મોહરમના દિવસોમાં હિન્દુઓને લગ્નના વરઘોડા કાઢવાની પરવાનગી જ આપવામાં આવી ન હતી. સીતાપુરમાં હિન્દુઓનો ઉત્સવ બંધ રખાવવામાં આવ્યો હતો. બરેલી જિલ્લામાં આંબલા મુકામે હિન્દુ સ્ત્રીઓને લગ્નપ્રસંગે ઢોલક વગાડવાની બંધી ફરમાવી હતી અને ફરૂખાબાદમાં તાજિયાઓને ખાતર વીજળીના તારો કાપી આપવામાં આવ્યા હતા. એટલું જ નહિ પણ ગોરખપુરમાં હિન્દુઓનાં એક પ્રસિદ્ધ મંદિર ગોરખનાથમાં જ્યાં હજી સુધી કોઈ દિવસ કુરબાની (?) થઈ જ નથી પણ મુસલમાનોને એમના મહોલ્લામાં તેમ કરવાની રજા આપવામાં આવી છે: એ શરતે કે તેઓ ગાયની કુરબાની સાથે કોઈ હુલ્લડ ન મચાવે."

તે જ ચોપડીના દસમા પાના પર લખ્યું છે કે, "છાપાંઓ અને માસિકોમાં જો કોઈ પણ લેખ ઇસ્લામ કે તેના પયગંબર વિરુદ્ધ ભૂલથી પણ છપાશે તો સરકાર તેની તાબડતોબ ખબર લઈ નાખશે. જેવી રીતે આગ્રાના એક હિન્દુ લેખક તથા ઇલાહાબાદના હિન્દી પત્રની વિરુદ્ધમાં પગલાં ભરવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડચાં હતાં. હિન્દુ કારકુન પં. કેદારનાથને મુસ્લિમોની વિરુદ્ધનું ભાષણ આપવા માટે એક વરસની સખ્ત કેદની સજા કરવામાં આવી હતી."

જ્યારે મુસલમાનો તરફથી એવાં ઢગલાબંધ ચોપાનિયાંઓ પ્રગટ કરવામાં આવ્યાં છે–આવે છે–જેમાં ખુદ કૉંગ્રેસ સરકાર અને હિન્દુઓની વિરુદ્ધ ઘણી જ બેદિલી ફેલાવનારા લેખો લખ્યે જવાય છે. વ્યક્તિગત અણછાજતા અસભ્ય હુમલાઓ કરવામાં આવે છે. પાયા વગરનાં દોષારોપણો ઓઢાડવામાં આવે છે. ધાર્મિક મહાપુરુષોને પેટ ભરીને ભાંડવામાં આવે છે અને હિન્દુઓ સામે ઇસ્લામને ઊભું કરવાની પૂર્વતૈયારીઓ રચવામાં આવે છે; પણ આજ દિવસ સુધી એવાં ચોપાનિયાં, છાપાં કે પુસ્તકો લખનાર–છાપનાર સામે કોઈ પણ જાતનું કામ ચલાવવામાં આવ્યું નથી. ઊલટું લેખન–સ્વાતંત્ર્યને નામે તેવી સગવડો કરી આપવામાં આવી છે. તેમ જ બીજા પ્રાંતોમાં તેવી જ બલકે તેથી વધારે ખરાબ દશા છે.

મુસલમાનોનાં પીર–પયગંબર, મોહરમ–તાજિયા કે કુરબાનીને હિન્દુઓનાં મંદિર–દેવપૂજા, લગ્નોત્સવો, કથાકીર્તનો કે ગૌરક્ષાને ભોગે રક્ષવાની (?) નીતિ ધારી બેઠેલી એ કૉંગ્રેસ સરકારોએ પોતાની–હિન્દુઓ અને મુસલમાનો પ્રત્યેની દ્વિધા રાજનીતિની પ્રતીતિ આપમેળે કરાવી હિન્દુઓ પ્રત્યેના અત્યાચારોનો અહિંસક સ્વીકાર કર્યો છે; જેવું આજદિન સુધી બ્રિટિશ સરકારે પણ છડેચોક કર્યું નથી તે આજે હિન્દુઓના જ મત મેળવીને કૉંગ્રેસ સરકારો ઉઘાડેછોગ કરી શકે છે: એનું કારણ મોટા ભાગની હિન્દુપ્રજાની હાડશ્રદ્ધા, કાયરતા અને નિર્વીર્યતા છે. બીજાઓ પાસેથી કે પોતા માંહેના એકાદ બે ઉપર ભાર ઢલવી દઈ અને ન્યાય, સત્ય તથા સેવાની આશા કરી બેસી રહેતી હિન્દુ–પ્રજાની નિષ્ક્રિયતાના મૂળમાં પરાવલંબન જ ભર્યું પડ્યું છે. હિન્દુઓમાં એની એ સ્થિતિમાં જે પ્રત્યાશા, સ્વાર્થાંધતા ટક્યાં છે ત્યાં સુધી એણે માર ખાધા કર્યે છૂટકો; અને એનો દોષ કોઈ વ્યક્તિ કે સંસ્થા ઉપર ન ઢોળતાં પોતે જ સ્વીકારી લેવો રહ્યો.

હિન્દુ ધર્મને નામે ચાલતાં પાખંડો, અનાચારો કે મૂર્ખાઈઓથી હિન્દુ સંસ્કૃતિને સોસવું પડ્યું છે અને પડશે. પણ કોઈ પણ કોમની ગમે તેવી અને તેટલી સંકુચિત, પ્રત્યાઘાતી કે આત્મઘાતી ધર્મભાવના પણ રુઢ સ્વભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની ચૂકી હોય કે નિષ્ઠાભરી હોય તે બળજબરીથી અટકાવવાનો કોંગ્રેસ સરકારોને તો અધિકાર ન હતો. એમ તો હિન્દુઓમાં છે તેટલી જ ધાર્મિક તથા સામાજિક કુરુઢિઓ વગેરે મુસલમાનોમાં પણ છે; તેમને કોરે રાખી નકરા હિન્દુઓ માટે જ જ્યારે તેઓ સુધારાઓ નોતરવા માટે સત્તા વાપરતા થાય તો તેઓએ મુસલમાનોને પ્રસન્ન કરવા હિન્દુઓના અધિકારો નાબૂદ કરી તેના ઉપર જુલમ કર્યો કહેવાય.

હિન્દુઓને પોતાની સંસ્કૃતિ જો શ્રેષ્ઠ લાગતી હોય અને તેને વળગી રહેવું હોય તો તેમાં પેઠેલો સડો જે તેમને ભરખી રહ્યો છે તે નિવારવા કટિબદ્ધ થવું જ પડશે: એ માટે સ્વેચ્છાથી ભોગો આપવા, દુઃખો સહેવાનું નૈતિક બળ તે નહિ દાખવે તો સત્તા ઉપરની કોંગ્રેસ, હિન્દુસભા કે હરકોઈ હિન્દુસુધારક તત્ત્વની સખ્તાઈને તેઓ પાત્ર ઠરશે કે તેમની પ્રિય સંસ્કૃતિ રોળી બેસશે.

ખોટકાઈ ગયેલાં, નિષ્પ્રાણ બનેલાં હિન્દુજીવનને પોતાનાં કર્તવ્યકર્મથી ભ્રષ્ટ બનેલી, સાચા ધર્મને ચીલેથી ઊતરી ગયેલી વાસ્તવિક સ્થિતિનું નગ્ન સત્ય પિછાન્યે જ છૂટકો છે.

કુટુંબથી આઘે જેની દૃષ્ટિ પહોંચતી નથી તેવા હિન્દુને બહુ તો પોતાનાં કુટુંબની આબાદી તથા જાહોજલાલી જમાવતાં આગળ વધી જવું છે. સગાંસ્નેહીઓને છક કરી મૂકવાં છે. રાજસમાજમાં ડાહ્યા, શાણા અને ખાનદાનમાં ખપી સન્માન ખાટતાં રહેવું છે; પણ એ બધું કુટુંબની બહારના જગત સાથે તેના કુટુંબને જોડનારું તત્ત્વ છે અને પેલી આબાદી અને જાહોજલાલીની સર ત્યાંથી આવે છે અને એ આવ્ય ક્યારે અટકી ઊભશે તે એને સૂઝતું નથી. એ પાંચ ગરીબ નિરાધારને પાળી કે પાઈપૈસો ફેંકી દાનપુણ્યનો સંતોષ માણવો છે કે વધારામાં મરવા પહેલાં એકાદ વખત તીર્થસ્થાનોની ઝડપી ગાડીઓની ટૂંકી યાત્રા કરી લઈ પરલોકનો રસ્તો સાફ રાખવો છે. મરતી વખતે ભાનમાં હોય તો વીલ જેમ એકાદ ગાય અથવા તેટલા પૈસા કોઈ બ્રાહ્મણ સાધુને આપી જવામાં સમાઈ જતું હિન્દુ-જીવન, નથી લાગતું કે કેટલું પાંગળું, આંધળું, મલિન, પાપી, દ્રોહી અને પરવશ બની બેઠું છે? પોતાની કમાણી વારસોને આપી જવામાં ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બજાવતો લાગતો હિન્દુ એ કમાણી જેના આધારે, સહકારે અને મહેનતે ફૂટી કાઢે છે, તેના પ્રત્યેની પોતાની ફરજ ભૂલી જતો નથી શું? જેવું પોતે કમાય તેવું સહુ દેશજનોને જરુરનું હોવું એને લાગ્યું છે? તો પછી તેવા વગર-કમાણીવાળા કે છતી મહેનતે પૂરું વળતર ન પામનારા કે કોઈની મહેનતનું ફળ વગર પરિશ્રમે મેળવનારા દુઃખી દરિદ્રીઓ કે બેઠાડુઓવાળી અસમાન સમાજનું પોતે પણ એક અંગ છે અને સંસાર છોડી દેશભ્રમણ કરતા સાધુ જેવા જ્ઞાનદાતાનો, તથા બીજા વ્યવસાયોને બદલે કેવળ ભણાવવા અને યજ્ઞ કરાવવાની ફાળે પડતી કામગરી બજાવતા બ્રાહ્મણનો પોતાની કમાણીમાં ભાગ હોવાનું એ જૂનવાણી 'દાન' ભાવમાં એને કદી લાગ્યું છે? દાનને નામે ચડેલો એ હિન્દુ વ્યવહાર એક ઉત્તમ સામાજિક ફરજ તરીકે પાળવાની તો ઠીક પણ સમજવાની પણ આજે કેટલા હિન્દુઓ દૃષ્ટિ ધરાવે છે? અને આજે હવે એ દાનમાર્ગથી યે આર્થિક સમાનતા જળવાઈ શકે તેમ નથી. જ્યાં સામાજિક ધોરણ જ બદલાઈ ગયું છે ત્યાં અશિષ્ટ થઈ પડેલાં દાનને થીંગડે હિન્દુઓનું આભ નથી સંધાવાનું! દાનનાં મૂઠી ધાને હિન્દુ ગરીબોનું દળદર ફીટવાનું નથી જ.

દેશ-દર્શનની સુંદર આર્યભાવના ક્યાં, અને ક્યાં આજની તીર્થયાત્રા! નિરક્ષર પંડાઓ, લબાડ ભોમિયાઓ અને દુકાનોને ધોરણે ચાલતાં તીર્થક્ષેત્રો! અને ક્યાં પરલોકમાં વૈતરણી ઉતરતાં પૂછડું પકડવા અપાતી લાખોને આંકડે મરતી અનાથ પશુજાતિની એક ગાય!

ભાગી ગયેલી કે ભગાડી જવાયેલી બાયડી-જે બિચારી અનેક યાતનાઓનો છૂટકારો પામી હોય કે સંજોગવશાત્ ઉપાડી જવાતાં જાત સાચવી અનેક કષ્ટોનો સામનો કરી પાછી આવી હોય તેને પાછી સંઘરવા તૈયાર ન હોય તેવા હિચકારા દર્શનાભિલાષીઓ ક્યાં! અને ક્યાં રાવણનું માથું ભાંગી સહધર્મચારિણીને પાછી સંઘરનાર રામચંદ્રજીની પુણ્યસ્મૃતિ જેવી તેવાઓની પ્રતિમા પ્રીતિ! લોકોક્તિને માથે ચડાવી સગર્ભા સીતાનો ત્યાગ કરી પ્રજાના આદર્શને નમતું આપનાર-પોતાનાં દામ્પત્યજીવનનો ભોગ ચડાવનાર છતાં નિર્ભયપણે લોકમત સામે પોતાની સચ્ચાઇને વળગી રહી બીજી પત્ની ન કરતાં સુવર્ણમૂર્તિ દ્વારા સીતાનું બહુમાન કરનાર આર્ય રામચંદ્ર ક્યાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ક્યાં ચિતા ચડેલી પત્નીનાં ભસ્માવશેષો સન્મુખ બીજી કરનાર કર્મ-ચાંડાલોની રામચંદ્ર–પૂજા!

શંખ ફૂંકીને માણસો ભેગાં કરવામાં કે પૂજા આરતીથી મૂર્તિ તથા મકાનની સફાઈ રાખવામાં સમાઈ જતી રામભક્તિ અને લબાડ પૂજારીઓ કે સગા બાપને ન પાળનારા એના ભાવિકો–દર્શકો ક્યાં ! અને ક્યાં વૃદ્ધ બાપના એક વચન ખાતર રાજપાટ અને મહેલમહેલાતો ત્યજી ચાલી નીકળેલા નરપુંગવ રામચંદ્રજી ! કોઈ વ્યભિચારે પેદા કરેલાં ભયંકર દર્દ, જુગારે કે ઉડાઉપણાથી ઉડાવેલી સંપત્તિ કે કરજ ભરી દેવાની એવા-ઓની પ્રાર્થના પૂરતું જ જો એ મંદિરોનું અને તેમાંની મૂર્તિઓનું કામ હોય તો આત્મા–પરમાત્માના સંબંધે માનવીને સાંધતા ધર્મનું નહિ પણ એ કોઈ દાક્તર કે વ્યાજખોર વેપારીનું કામ છે.

મર્યાદાપુરુષોત્તમ રામચંદ્રજી તથા યોગેશ્વર કૃષ્ણચંદ્રજીનાં પ્રાતઃસ્મરણીય નામોને લજવતાં, કલુષિત કરતાં મંદિરોને બદલે દુકાનો થઈ પડેલાં એવાં પાકાં મકાનો અને તેના ઉપર તાનામાના કરતા તુચ્છ પાશવી કે અજ્ઞાન જીવોની ન સાંભળી જાય તેવી પિશાચ–લીલાઓ અને વેવલાઈઓને ધર્મ ગણવા કે તેમની તેવી લીલાઓને ધર્મને નામે રક્ષવાની કોઈ પણ સુધરેલી સરકાર માટે આ જમાનો નથી.

જેમાં રાષ્ટ્રોનાં રાષ્ટ્રો પોતાની સ્વતંત્રતા અને આબાદી ગુમાવતાં ચાલ્યાં છે તેવા આ દિવસોમાં પ્રજાઓનો ધર્મ દેશની રક્ષા અર્થે એક થઈ ઊભા રહેવાનો છે; તેવા દિવસોમાં હોળીના રંગ છાંટતી બીભત્સતાઓને પોષવાની અને તેવી રીતે પૈસા–ટકાનો ધુમાડો તથા દેખાડો કરવા થતા લગ્નને નામે સોદા, આતશબાજી કે બૅન્ડબાજી કરવા દેવાનું ખરી રીતે તો હિન્દુઓને જ આજે પોસાણ નથી.

રામ અને કૃષ્ણનાં ચરિત્રોનું સ્મરણ કે હનુમાનનાં સ્વામીભક્તિ તથા બળની ભાવના યથાશક્તિમતિ ધારવા અર્થે ન હોય, તેમની માન્ય મૂર્તિઓનાં દર્શનમાં આવી કશી જીવન સાથે સંબંધ ધરાવતી પ્રેરણા મળતી ન હોય, સુખને અર્થે ફળની પરવા વગર ઝૂઝયે જવાની કૃષ્ણ–આજ્ઞા ગીતા વાંચનારને છબતી ન હોય તો તેવાં મંદિરોએ રોકેલી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશની લાખો વીઘાં જમીન ખેડ્યા વગરની, દેશની વધતી જતી માનવસંખ્યા માટે ખપની છે; અથવા તેવાં પાકાં મકાનો લાખો ઘરબાર વગરનાંઓને વસાવવા માટે જરુરનાં છે. તેવા ધર્મ (?) વગર એ પૂજાતા આર્યોને પણ ચાલ્યું હતું–ચાલશે.

થોડા રંક, અજ્ઞાન, નારકીય, એહાકુ–ખૂઝવા જીવોને ગંદરાવતો ધર્મ હિન્દુઓને ભારે પડ્યો છે. માથે પડ્યો છે. જાણે એવા નામધર્મ માટે હિન્દુજાતિએ જીવવાનું ન હોય! ઈશ્વર તો નિરંજન નિરાકાર છે; તેના અંશ તરીકે હિન્દુધર્મે માનેલા મહાપુરુષો માણસ તરીકે જન્મીને માણસની માફક જ જીવી ગયા છે પણ મનુષ્યજાતનાં દુઃખો દૂર કરતા જઈને; નિવારતા રહીને અને એ માટે પોતીકાં સુખો હોમી જાતે દુઃખી થઈને. એવા લોકસંગ્રહી, લોકકલ્યાણી મહાનુભાવો પોતાના જમાનાનાં સંયોગો અને પરિસ્થિતિને પહોંચી વળવા ઝૂઝ્યા હતા. સાડાબાર લાખ વર્ષો પહેલાંના રામ તથા પાંચ હજાર વર્ષો પહેલાંના કૃષ્ણની પૂજા કરવામાં પોતાનો જમાનો ભૂલી જતા હિન્દુઓ એ મહાનુભાવોનો વારસો લજવે છે. હિન્દુઓની એ વીરપૂજા છે. હિન્દુજાતિને રક્ષનારાઓ પ્રત્યેની એ પૂજા તો કૃતજ્ઞભાવના છે. દસ્યુ, આતતાયીઓ સામે દેશની મુક્તિ સાચવનારાઓ પ્રત્યેનો હિન્દુઓનો એ જાગ્રત ધર્મ્યભાવ છે. અસુરોથી યજ્ઞને રક્ષવા રામચંદ્ર તથા પોતાના મામાની અનાર્યતાને ભંડારતા કૃષ્ણચંદ્રને ભજનારાઓ જો પોતાનાં જમાનાનાં અસુર તત્ત્વોને લક્ષમાં લઈ ન શકે અને તેમની માફક પોતાનો ધર્મ ન ધારે તો તેવા હિન્દુઓની રામ–કૃષ્ણની પૂજા ફોક છે.

પણ એ તો સુખી, પહોંચતાં, પૈસેટકે માતબર હિન્દુવર્ગની વાત થઈ.

જેમને તેમના ધર્મ વિષેનું જ્ઞાન બાંધી મુદતમાં ધાર્યો દુન્યવી લાભ પાર પડે તો સત્યનારાયણ કે તાજિયા, પીરપીરાત કે પંથાચાર્યો, દોરાધાગા કે સાધુમહંતોની માનતા માનવામાં ભેદ દેખાતો નથી. તેમને સાધુ સન્યાસી સાથે કીમિયાની માહિતી, આંકફરકના આંકડા, ધનદોલતનાં માદળિયાં કે છોકરાં મેળવવા સિવાય બીજી નિસ્બત નથી. પોતાનાં ધર્મપ્રેમનું પ્રદર્શન કરવા કથાકીર્તનોમાં જઈ બેસવું છે. ત્યાંની દેખાદેખીએ, શરમેભરમે કે વળગાડવહેમમાંથી છૂટવા હોમ–હવનનાં ફાળા ભરી પડારા કે શેખી કરવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઘરશેરીની ગલીચીમાંથી કે અવસ્થાએ પહોંચવાથી કે અનેક નાનાંમોટાં કારણે ઉત્તરાવસ્થામાં ગૃહજીવન ગુમાવી બેસતાં છતાં રોટલો બગાડતાં જીવતાં ખુલ્લી હવાનો લાભ લેવા દેવમંદિર સુધી પગ છૂટો કરી આવવો છે.

એ માંહેના થોડાઓને એ બધા ઢોંગધતૂરા લાગે છે. સ્વદેશી કે રાષ્ટ્રોત્થાનનો યુગ દીસે છે. પેલાઓ જેમ ભગવાનને તેમ હર વાતમાં સીધાં દેશને વળગતા, હર ત્રુટિનું મૂળ 'દેશ'માં શોધી કાઢતા એવાઓને હિન્દને સ્વાશ્રય અને ત્યાગની જરુરની ખાતરી કરાવી આપવા જબાંદરાજી કર્યે રાખવી છે. ખાદી, રેંટિયો તથા ગ્રામોદ્યોગ અપનાવ્યા સિવાય છૂટકો નથી. સ્વદેશી એ જ રામબાણ, એ જ સુદર્શનચક્ર લાગે છે. તેવાં પ્રદર્શનોમાં ગાંધીજીની છબીની પેલા અંધશ્રદ્ધાળુ જેટલી અદાથી–દીપ, ફૂલ, સુગંધ આદિ વડે–પૂજા કરવી છે અને મુસલમાનોને તેવી ધર્મઘેલડાઈ કર્યે જઈ દેશનાં તેવાં કામો અને સમારંભોથી અસ્પર્શ્ય રહેવાની ફરજ પાડયે જઈ 'સમાધાન' ઝંખવું છે. હિન્દનાં કરોડો ગરીબોની પ્રાથમિક અન્ન અને વસ્ત્રની જરુરત એ વગર પૂરી થઈ શકવાની નથી કહી એ માટે ગાંધીજયંતીનું પખવાડિયું ખાદી-હૂંડીઓ ખપાવવા પછવાડે ગાળી છૂટવું છે; કે શરમાવીને વળગાડી જતા સ્વયંસેવકો પાસેથી થોડી થોડી રકમની હૂંડીઓ લઈ તેટલા રુપિયા કડવા કરી નાખી જેલ બહારનાઓને માથેનો રચનાત્મક કાર્યક્રમ પાર પાડવાનો સંતોષ માણવો છે.

તો કોઈને એ અર્થશાસ્ત્ર નપાવટ લાગે છે અને મિલનાં કે પરદેશી પટકૂળો પહેરી મહાલવું છે. કેટલાકને સટ્ટા–જુગાર, રેસ કે લૉટરી અને ધંધાધાપાનાં કાવાદાવા કે ફરેબ ગોટાળા આડે એવી મગજમારીની ફુરસદ કે દરકાર નથી. કેટલાક નવરા કે ટ્રામના ઘોડા જેવા સંસારથી પરવારી બેઠેલાઓને મરણપરણનાં વરાખરા કે નાતજાતનાં વહેવારની ચાડી–ચુગલી કે નિંદા–કૂથલીની ધાડ માર્યાં વગર અનાજ પચતું નથી. કોઈ, હું, ફોઈ અને રતનિયા જેવાને જૂના ઉકરડા ફંફોળી હિન્દુઓને નામે, યુગધર્મને નામે અરધા થઈ જતા હોય તેમ, આંખને આંજી નાખે તેવાં નામ–કામવાળી પ્રવૃત્તિઓને બહાને ફંડફાળાને પૈસે ઇધરતિધર હરવાં ફરવાં છે, ઓળખાણ–પિછાણ વધારવી છે અને એનો લાભ કેવી રીતે લેવો તેની ગતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમ્યે જવું છે; કે પછી મૂગાંછાનાં તેવી સેવા પછવાડે આપસૂઝયું કરી છૂટવું છે.

તો થોડા ગાંધીજીની આસપાસ વીંટળાતા–ફરતા રહે છે. ગાંધીજીની અનેકવિધ દેશવ્યાપી પ્રવૃત્તિઓનાં પુણ્યભાગી બનતા કે તેવી પ્રવૃત્તિઓ દ્વારા પોતાનાંઓનું શ્રેય સાધી છૂટતા કે વેદિયા માફક ગાંધીજીનાં કોઈ પણ બાબત ઉપરના લખાણોને બાબાવાક્ય ગણી તેમની પ્રવૃત્તિઓને હાસ્યાસ્પદ બનાવતાં જવું છે. બધાંને સુખી થવું છે. એમની સુખની વ્યાખ્યા તરેહતરેહવારની હોય છે. હિન્દુધર્મે બોધેલી, બાંધેલી સુખની વ્યાખ્યાની કાં તો એમને ખબર નથી, કાં તો પોસાતી નથી કે કાં તો દુઃખકર્તા લાગે છે. એમનું સુખ બીજાઓને દુઃખકર્તા થયા વિના હાંસલ ન થાય તેવું જ મોટે ભાગે હોય છે. એવું બધું પામવા બીજાને ચૂસી–પીસી નાખવા છે અને ઉતારી પાડવા છે તથા ઉપદેસ્યે જવા છે; અને એવી અહિન્દુતા વચ્ચે જીવતાં છતાં પોતાને હિન્દુ માનવા છે.

આમાં તો લાગે છે કે હિન્દુઓનાં સુખનો ખ્યાલ ખાવા–પીવા, ઓઢવા–પહેરવા અને વરવા–પરણવામાં જ સમાઈ જાય છે; જેને માટે પૈસો જ મુખ્ય સાધન છે. એટલે પૈસામાં–પેદા કરવા, બચાવવા અને મૂકતા જવામાં જ બધું હિન્દુત્વ સમાઈ જતું લાગે છે. જે પૈસો તેમનાં ઘર, રાચ પડયાં મૂકી, બાયડીછોકરાં સહિત કે નકરી જાતને બચાવી ભાગી છૂટવાના પરિણામમાં તેમને લાવી બેઠો છે. એટલે હવે પૈસા પછી આગળ કશુંક વિચારતા કરી બેઠેલ એવા પૈસાપ્રેમી હિન્દુઓને સત્યદષ્ટિનું દાન કરાવનાર પ્રભુનો પાડ માનીએ:

પણ આતો મધ્યમવર્ગની હિન્દુ જનતાની વાત થઈ.

રાજા–મહારાજાઓ, મિલ માલેકો, શેઠ સોદાગરો, જમીન–જાગીરદારો અથવા પરંપરા કે બાંધી ઉપજ ઉપર નભતા હિન્દુવર્ગમાં હિન્દુત્વ શોધવાનું વૃથા છે. તેઓ હિન્દુઓ હોવામાં શરમાય છે. તેમનામાં વિલાયતીપણા સિવાય બીજું શોધ્યું જડે તેમ નથી. એમને દેશ, ધર્મ કે જાતિની પડી નથી. એમને સંસ્કૃતિ કે કલાકૌશલ્યની પડી નથી. ગાદી, બેંક અને ગરાસને ધણીખમા માનતા આ વર્ગમાં થોડો અપવાદ બાદ

૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં હિન્દુ સંસ્કૃતિને દફન કરનારી દ્રોહની તૈયારી સિવાય બીજું કાંઈ દેખાય તેમ નથી. એમને ઈશ્વરની પડી નથી. બહુ બહુ તો મહામારીઓ, ક્રાંતિઓ, રાજ્યપલટાઓનો તેમને ડર હોય છે પણ એ માટે એમનાં ચક્રો ગતિમાન જ રહે છે. એમની દોલત, એમની કુનેહ, એમનો અધિકાર બધું એ માટે જ વપરાય છે.

અને ગરીબ, ખેડુ, મજૂર, અંત્યજ કે શ્રમજીવી કારીગર વર્ગ... રહેવા દો! ત્યાં નિશ્વાસપરંપરા, આંસુ અને અઘોર નિરાશા ભર્યાં છે. સાધન-સગવડો, જરુરતો-હાજતો કે હક્ક-દાવાઓનું ત્યાં અવસાન થયું છે. જીવનની હસ્તીના તરફડાટમાં મોંઘા માનવઅવતારની માત્ર આકૃતિ ધરાવતી એ વિરાટ અફાટ શક્તિ જાણે સુખ-લોલુપોનાં કારસામાં-કોલુમાં પિસાતી શેરડીની જેમ મૂકવેદનાનાં રુદન વચ્ચે દહાડા ટૂંકાવી રહી છે. સવારસાંજના પેટના ખાડા ભરતાં રોટલાના ટુકડાઓ, ઐબ ઢાંકતાં-ગંધાતા ચીંથરાઓ અને ઋતુની તાસીરનો ભોગ થતી કંગાલ ઝૂંપડીઓ વચ્ચેના એ દરિદ્રનારાયણોને ઈસાઈઓ-મુસલમાનોની વટાળપ્રવૃતિને ખોળે મૂકી કે એવા હિન્દુત્વ-જેની સાથે તેમને તત્ત્વતઃ લાગતુંવળગતું નથી છતાં જેનું તેઓ અભિમાન લેતા જીવે છે તેના ઉપર કે એમના ભગવાન ઉપર છોડી આજની સમગ્ર હિન્દુજાતિ પર તોળાઈ રહેલી આફતને જ રોઈએ :—

આજના સમજદાર હિન્દુઓ, પોતાને હિન્દી માની રહેલા છતા પડોશી પ્રત્યે પણ-બેદરકાર રહેતા એવા હિન્દુઓ, સભા, સરઘસો કે છાપાંઓ અને પછી સીધાં ઘરમાં જેમનું હિન્દ સમાઈ જાય છે તેવા હિન્દી હિન્દુઓ, કોઈ મત, પંથ કે નાત, તડ, સમાજસંસ્થા કે મંડળની વાડમાં અટકી રહેલા હિન્દુઓને શી રીતે સમજાવવું? કયે મોઢે જણાવવું કે જેઓ હિન્દુધર્મ અને જાતિને જ દફનાવવા માગે છે તેને ગરીબ, તવંગર કે બ્રાહ્મણશૂદ્રનાં ભેદ હોતા નથી? તે વેળા તો સહુનું તે વહુનું થાય છે. એટલું નગ્ન સત્ય આ ઊંટનાં લીંડા જેવા વેરવિખેર હિન્દુઓને કોણ સમજાવે? હિન્દુ સમાજની નબળી કડી ઓળખી બેઠેલા, એના સામાજિક તથા ધાર્મિક કુરિવાજોને ઉખેડી નાખવાને બહાને પોતાનું જ ઘર લૂંટવા માંડેલા, એને મુક્તિ કે મોક્ષનો રસ્તો ચીંધવા કૂટણખાનાઓ જમાવી બેઠેલા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની જ લૂણહરામી કરતા છતાં એના જ તારણહારો થઈ પડેલાઓને કોણ કહે કે એ બધી પોતાના જ પગ ઉપર કુહાડો ફટકાવનારી કુમતિ છે? લાગે છે હિન્દુજાતિને ઊલટા પવનમાં નાવ ચલાવવાની છે. વસમી છે આ હિન્દુવટની સફર! દોહ્યલા છે આ હિન્દુત્વના દહાડા!

(૫) રાષ્ટ્રભાષા અને લિપિ

કોંગ્રેસની આવી બીકણનીતિને પ્રતાપે, રાષ્ટ્રભાષાની પણ દુર્દશા થઈ રહી છે. હિન્દી–ભાષાની સુન્નત કરીને–ખરું કહીએ તો ઉર્દૂ સાથે એનો બળાત્કાર સાધીને 'હિન્દી'ની વર્ણસંકર 'હિન્દુસ્તાની' ઓલાદ લેવામાં આવી રહી છે. એ પણ કોંગ્રેસી નેતાઓનાં કાળજાં કોરી ખાતા થોડા મુસલમાનોની છડેચોક પેશકદમીનું કુફળ છે.

જોધપુરના મીરજા અઝીમબેગે ૧૯૩૫ના જુલાઈમાં "ઉર્દૂ–હિન્દીકા કઝીયહ" કરીને એક લેખમાં લખ્યું છે, કે:–"ભૂલો બન્ને પક્ષોની છે પણ વધારે ગુનેગાર ઉર્દૂના પક્ષકારો અમારા મોલવી સાહેબો છે. પાછલાં વીસ વરસ દરમિયાન ઉર્દૂના પક્ષકારો–ખાસ કરીને મુસલમાનોએ ઉર્દૂમાં એટલા બધા નવા અરબી શબ્દોનો સમાવેશ કર્યો છે કે હિન્દુઓ તો કોરે રહ્યા, પણ ખુદ મુસલમાનો માટે પણ ઉર્દૂનું સમજવું આફતસમાન થઈ પડયું છે."

'હિન્દુસ્તાની'નો રેડિયો દ્વારા મળતો નમૂનો ચાખનારાઓને આ વાત માટે વિકલ્પ નહિ થાય. લોકો એ 'હિન્દુસ્તાની'ને બદલે અંગ્રેજીથી રોડવી લે છે. કે હમણાં હમણાં થોડી મિનિટો બોલાતી પ્રાંતીય ભાષાઓથી મન વાળે છે. પણ દહાડોરાત હિન્દુસ્તાનનાં રેડિયો મથકો હાથ કરી રહેલાં ઇસ્લામી બળોએ વાપરવા માંડેલી અરબી અને ફારસીનું નરદમ રુપ બની બેઠેલી એ 'હિન્દુસ્તાની' તો તુંબડીમાં કાંકરા થઈ પડે છે. પહેલાં તો રેડિયોના શરુ શરુના દિવસોમાં હજી કંઈકે ઠીક હતું. રેડિયાનો મુખપત્ર 'અવાજ'ને બદલે 'સારંગ' રાખી તે વખતે ફાટી નીકળેલા રેડિયો શ્રોતાઓનાં પ્રારંભશૂરા ઊભરાટને સાચવી લેવાયો હતો પણ પછીથી એ આખા પખવાડિક કાર્યક્રમનાં એ ચોપાનિયામાં બે શબ્દો 'સારંગ' અને 'તરંગ' સિવાય ત્રીજો એકે હિન્દી શબ્દ જોવા મળતો નથી. જે અંગ્રેજી શબ્દોના અર્થો એમની એ હિન્દુસ્તાનીમાં નથી; ત્યાં તેઓ સીધા અંગ્રેજી શબ્દો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરી છૂટે છે પણ હિન્દી કે બહુધા પ્રચલિત સંસ્કૃત કે પ્રાકૃત શબ્દોની તો પૂરી આભડછેટ પાળે છે.

કદાચ મોટા ભાગના રેડિયો નોકરો મુસલમાનો છે. સંભવ છે કે અલીગઢ કે ઉસ્માનિયા વિદ્યાપીઠોના સ્નાતકો હોય એટલે ઇસ્લામના ઝંડાધારીઓ હશે. એમણે રેડિયોને યેનકેન પ્રકારેણ ઇસ્લામી મજહબની–દીની દુનિયાની બાપૂકી ચીજ સમજી હાંકયે રાખવા માંડયું છે. સત્તાના જાણે એમના ઉપર ચારે હાથ હોય કે તે સાથે સ્નાનસૂતક ન હોય. પણ સત્તાના ઓછાયાથી યે ભડકતા, મોટે ભાગે સત્તાથી વિમુખ અને ઉદાસીન કે દૂર રહેતા સ્થિતપ્રજ્ઞ હિન્દુઓ કે જેનો મોટો ભાગ રેડિયો વસાવનારો છે તેઓ એવી વાતોને સામાન્ય ગણી આંખ આડા કાન કર્યે રાખે છે. બસ, પછી પેલાઓનું ચઢતું વાગે છે.

૭મી સપ્ટેંબર'૪૧ના ગુજરાતી સાપ્તાહિક પત્રના અગ્રલેખમાં 'મૉડર્ન-રીવ્યુ'ના 'રેડિયો–હિન્દુસ્તાની' નામક લેખ સાથે સૂર પુરાવતાં તંત્રીએ લખ્યું છે કે, "હવે પછીની ધારાસભામાં એ બાબે ઊહાપોહ થાય." 'મૉડર્નરીવ્યુ'ના લેખક શ્રી. દ્રૌપદીનંદનજી હૈયાવરાળ કાઢતાં પૂછે છે કે, "અખિલ હિન્દ રેડિયો હવે પાકિસ્તાન વિભાગ બની ગયો છે....છતાં આશ્ચર્ય તો એ છે કે મધ્યવર્તી ધારાસભાના હિન્દુ પ્રતિનિધિઓ આ વિષયમાં ચુપ કેમ છે?"

પચીસમા હિન્દી સાહિત્યસંમેલનને અધ્યક્ષપદેથી શ્રી. રાજેન્દ્રબાબુએ કહ્યું હતું કે, "હિન્દીમાં જેટલા અરબી કે ફારસી ભાષાનાં શબ્દોનો સમાવેશ કરવામાં આવે તેટલી જ એ વ્યાપક અને પ્રૌઢ ભાષા થઈ શકે તેમ છે." સંસ્કૃત કે પ્રાકૃત શબ્દોના સમાવેશથી આજ સુધી ન આવેલો બૂઢાપો એમાં કેમ કરતાં આવે તે તો બાબુજી જાણે!

"જે ભાષાને આજે હિન્દી ભાષા કહેવામાં આવે છે તેની ઉત્પત્તિ આ દેશમાં મુસલમાનોનાં સમયમાં થઈ હતી. મુસ્લિમોએ જ એનું નામ 'હિન્દી' રાખ્યું. એના પ્રથમ કવિઓ અમીર ખુસ્રો, દહેલવી અને મલિક મહમૂદ હતા. મુસ્લિમોની જ હકૂમતમાં અને ખાસ કરીને દક્ષિણમાં બ્રાહ્મણી અને ઉત્તરમાં મુગલ રાજ્યોમાં એની વધુ ખીલવણી થઈ. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ઉર્દૂ શબ્દનો ઉપયોગ હિન્દુ–મુસ્લિમ બન્નેએ ઘણા લાંબા કાળ પછી કર્યો. અગર આપણે રામ અને રહેમાન નામોની પાછળ એક જ કુલજહાનના માલિકને જોઈએ તો કંઈ પણ દોષ નથી. તેમ જ હિન્દી, હિન્દુસ્તાની અને ઉર્દૂ એ ત્રણ જુદાં જુદાં નામોમાં એક જ ભાષા કેમ ન લેવાય? ખરેખર હિન્દી અને ઉર્દૂ એ ભાષાઓ નથી. વધુમાં વધુ બે નામો છે. અમીર ખુસ્રો, દહેલવી, જાનજાનાં, ગાલિબ, ઝૌક, મીર, દર્દ ઇત્યાદિ જેવી રીતે અમારી રાષ્ટ્રીય ભાષાની ઇમારતનાં કારીગરો હતા તેવી જ રીતે તુલસી, જગજીવન ગિરધર, કેશવ ઇત્યાદિ પણ હતા."

દક્ષિણ ભારત હિન્દીભાષાપ્રચારસભાના અધ્યક્ષ સ્થાનેથી પંડિત સુંદરલાલજી જેવા પ્રખર ઇતિહાસકારના એ ઉદ્‌ગારો હતા. અને ઇંદોર સંમેલન વખતે ગાંધીજીએ તો હિન્દી–ઉર્દૂને એક જ ભાષા માની લેવાની જાહેરાત સાથે શરુઆત પણ કરી દીધી હતી: અને એ માન્યતાની પુષ્ટિમાં એક એવા જ 'હિન્દી' કવિ ભૂષણના સુપ્રસિદ્ધ કાવ્યગ્રંથ 'શિવરાજ–બાવની'ને ત્યાં બેઠાં રદ કરવાનું ફરમાન છોડયું હતું.

અંગ્રેજ સત્તાએ આ દેશમાં જેમ અંગ્રેજી ભાષા રાજવહીવટના વાહન તરીકે રાખી છે, છતાં લશ્કરના અભણ હિન્દીઓને હૈયે જલદી ચડી જાય તે માટે રોમનલિપિમાં લખાતી હિન્દી ક્રિયાપદો સાથે અંગ્રેજી કર્તાકર્મવાળા શબ્દો–ખાસ કરીને ટેકનિકલ શબ્દો જોડીને "ફૌજી–રોમન" ઊભી કરી છે–જે લિપિ તુર્કસ્તાનની જેમ અપનાવી લેવા અને નાગરી–ઉર્દૂ લિપિનો ઝઘડો પતાવવા માજી રાષ્ટ્રપતિ સુભાષચન્દ્રજીએ ત્રિપુરા ખાતેથી દેશને આગ્રહ કર્યો હતો, તેમ–થાળે પડેલી મુસ્લિમ બાદશાહીને આ દેશમાંના તેના કાયમ થઈ પડેલા વસવાટને લીધે હિન્દુપ્રજા સાથેના સંપર્ક વગર જીવન લૂખું લાગતું ચાલ્યું. ત્યારે પહેલાં તો કોઈને કોઈ પ્રાંતિક ભાષાના ક્રિયાપદોનાં નિયમો સ્વીકારી એમણે જેમ જેમ તે મૂળ પ્રાંતિક ભાષાના શબ્દોની ગમ પડતી ગઈ તેમ તેમ તે તે શબ્દો અપભ્રંશ ઉચ્ચારણો સાથે વાપરતાં જઈ હિન્દુ–સંસ્કૃતિ સાથે સંબંધ સાધ્યો, એવો જે બદલામાં હિન્દુઓએ તેમને સમજવા સામા પક્ષે તેવો પ્રયત્ન કર્યો તેમાં બન્ને પક્ષે મૂળભાષાનાં અપભ્રંશ શબ્દો અને ઢેઢ–ગુજરાતી વ્યાકરણે જે ભાષા જન્માવી તે ઉર્દૂ. હિન્દી નહિ જ. હિન્દી તો એ પછીનું શુદ્ધ થયેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ-પ્રજા સુધી પહોંચેલું ભાષા સ્વરુપ છે. આમ પ્રજાએ અપનાવી તથા ઉપજાવી લીધેલું 'હિન્દી' કલેવર તો ભાષા તથા સંસ્કૃતિના સમન્વય સરીખું છે.

ઘાટી સાથે વાત કરતી તાજી મુંબઈ ગયેલી ગુજરાતણ જે ભાષા બોલે છે તે મરાઠી યે નહિ, ગુજરાતી યે નહિ પણ ઢેઢ-ગુજરાતી બોલે છે. હિન્દુઓ સાથે મુસલમાનો કે મુસલમાનો સાથે હિન્દુઓ શરુ શરુમાં જે રીતે બોલતા તેનું પણ આમ જ. પાછળથી બન્ને અરસપરસની ભાષા જાણતા થાય ત્યારે વચગાળાના રુપની ભાષાને બેમાંથી એકે વળગી રહેતું નથી. મુખ્યત્વે મૂળનું, શુદ્ધ તથા સાચાં માટેના માનવીઆગ્રહમાંથી જન્મતા આવા ફેરફારો કુદરતી હોય છે, તે પ્રત્યે પણ દુર્લક્ષ કરવા જેવું નથી. મુસલમાનો અરબી-ફારસી તથા હિન્દુઓ સંસ્કૃત-વ્રજ શબ્દોનો 'હિન્દી'માં વાપર કરે એ રીત પણ સ્વાભાવિક લાગશે. અમીર ખુસ્રો અને તુલસીની કવિતા એ જ ધોરણે રચાઈ છે. પોતાની માતૃભાષાનાં સંસ્કાર તથા રઢણનું એ પરિણામ હોય છે. એટલે એ પ્રત્યે સૂગ, પક્ષપાત કે ભયથી જોવાની કશી જરૂર નથી. બન્ને કોમોને સાંધતી જે વસ્તુ છે તે ભાષા નથી પણ 'જીવન' છે; અને જીવન તો ચેષ્ટા વડે પણ પોતાનો હેતુ પતાવી લે છે: આમાં સર્વગમ્ય એવી રાષ્ટ્રભાષાની અગત્ય પ્રત્યે કશી ઉપેક્ષા નથી.

(૬) રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત.

"જ્યાં એક પણ વિરોધી હોય ત્યાં રાષ્ટ્રધ્વજ ન ફરકાવવો તથા 'વંદેમાતરમ્'નું રાષ્ટ્રગીત ન ગાવું." (ગાંધીજી)

પણ કોણે મોટે ઉપાડે ધારાસભાઓ રચાયા પછી કોંગ્રેસ મોવડીઓને એ બન્ને દાખલ કરવા સૂચવ્યું હતું અને કોંગ્રેસનાં હૃદય તથા પ્રાણ જેવાં એ બન્નેનું સન્માન બઢાવવા ફરમાવ્યું હતું? થોડા મુસલમાનો કે જેઓનો કોંગ્રેસના કષ્ટોમાં લગીરે હાથ સાથ ન હતો, તેવાઓનું માથા-ભારેપણું ચલાવી લેવા જેઓ પોતાનું માથું તથા મૂછો જેવાં વંદેમાતરમ અને રાષ્ટ્રધ્વજ નમાવી કે બોડાવી શકે એનાથી રાજ શી રીતે થઈ શકશે? જેમાં અનેક વિઘ્નસંતોષીઓ અને અંતરાયો વટાવવાના રહે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી રાજવ્યવસ્થા કોઈ થોડા વિદ્વેષીઓની ધાંધલ ઉપર છોડી મૂકનારાઓથી રાજ થઈ શક્યાં નથી. સખ્ત હાથે કામ લેવાની ત્રેવડ વગર (અલબત પોતાનાંઓનું તો શિસ્તને નામે અહિંસક ખૂન પણ થઈ શકે. નરીમાન, ખરે, કે સુભાષબાબુ જેવાં એનાં ઉદાહરણો છે. માત્ર વિરોધીઓ–મુસ્લિમો જ હશે–નું અંતર પ્રેમથી પિગળાવવાનું !) એવી આળપંપાળ લાંબી ટકતી નથી.

સાતપૂંછડિયા ઉંદરની સ્થિતિમાં મૂકાયેલી કોંગ્રેસ સરકારોએ ૨૩ મહિનાઓ દરમિયાન કેટલી પૂંછડી કપાવી મારી છે તેનું એના મોવડીઓને ભાન હોત તો અહિંસા ફગાવવા–પૂના ઠરાવને બહાને–જેટલે વાત ન પહોંચી હોત !

આ બધાનો અર્થ તો લોકજાગૃતિ અર્થે વંદેમાતરમ્ કે રાષ્ટ્રધ્વજને મોઢા આગળ કરવા પૂરતો હતો ! એ નેતાઓને પોતાને જ રાષ્ટ્રધ્વજ કે રાષ્ટ્રગીત પ્રત્યે સાચી ઊંડી માન–લાગણી જેવું કશું હતું જ નહિ; તો લોકભગવાનને પણ એ હિંગ–ફટકડી હોય છે તેનું એ દંભી લોકત્રાતાઓને ભાન નથી. અંતર અને બહારના જુદાં જુદાં ઢંગ ધરાવતા એઓ પાછા જે ઢાંકવું ભૂલી જાય છે તે તો રાષ્ટ્રગીતની અવેજીમાં મહમદ ઇકબાલનું "સારે જહાંસે અચ્છા" વાળું ગીત ગવડાવવાનું.

ગયાની એક શાળામાં 'વંદેમાતરમ્' ગાવાની બાબતમાં કજિયો ચાલતો હતો. ફેંસલો એવો આપ્યો કે સ્કૂલ ઊઘડતાં "સારે જહાંસે અચ્છા" ગવાય જેમાં બધાએ ફરજિયાત હાજર રહેવાનું અને અંતમાં 'વન્દેમાતરમ્' ગવાય ત્યારે મુસલમાન વિદ્યાર્થીઓ હાજર ન રહેવા માગે–જે ન જ માગે !–તો તેમને તેવી છૂટ ! "ચાલતી નિશાળે અગર કોઈ વિદ્યાર્થી નિશાળનાં પાટિયા ઉપર 'વંદેમાતરમ્' લખતો પકડાશે તો એને દંડવામાં આવશે." આ હતો કોંગ્રેસ સરકારના ન્યાયનો નમૂનો. ચીંથરાં ફાટ્યાં છે ને ?

જ્યારે કોંગ્રેસ પ્રાંતોમાં આ ગતિ હતી તો 'વંદેમાતરમ્' ગાવા બદલ વિદ્યાર્થીઓને કાઢી મૂકવામાં ઉસ્માનિયા વિદ્યાપીઠવાળાઓનો શો દોષ કાઢવો ? જ્યારે એ વિદ્યાર્થીઓ કાઢી મુકાતાં નાગપુર વિદ્યાપીઠમાં દાખલ થવા આવ્યા હતા ત્યારે એથી ચિડાઈ નિઝામ સરકારના મુખ્યાધિકારી જ.હૈદરીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીને લખ્યું. બસ મહાત્માજીએ પોતાની ભૂમિકા ભૂલી નાગપુર વિદ્યાપીઠના વાઇસ ચેન્સેલર શ્રીયુત કેદારને પત્ર લખી સૂચવ્યું કે પેલા હિજરતી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં ન આવે પણ શ્રી કેદાર મહાત્મા ન હતા. એમણે સ્પષ્ટ શબ્દોમાં ગાંધીજીને લખી વાળ્યું કે, "યુનિવર્સિટીનો વાઇસ ચેન્સેલર હું છું. આપ નહિ. હું મારી જોખમદારી સમજું છું." (I am the Vice-chancellor of the University, not you; I know my responsibility.") અને વિદ્યાર્થીઓને સ્થાન આપ્યું.

આજ પ્રકારે મદ્રાસપ્રાંતની કોંગ્રેસ સરકાર જેના મુખ્યપ્રધાન શ્રી. રાજગોપાલાચાર્ય હતા; જે મહાત્માજીના જમણા હાથ અને વેવાઈ છે: તેમણે મુસલમાનોનાં કાયમી ઘોંચપરોણાથી કાઈ જઈ 'વંદેમાતરમ્' સાથેસાથ અઠવાડિયે એક દિવસ કુરાને શરીફનો પાઠ કરવા દેવાનું સ્વીકાર્યું હતું. એથી પણ મુસલમાનો સંતોષાયા નહિ. (કુરાને શરીફની એવી મશ્કરી થતી માનીને!) ત્યારે રાષ્ટ્રગીત ગાવાનું સમૂળગું બંધ કરી દીધું હતું. આ હતી કોંગ્રેસની પોતાની જ નીતિથી વિમુખ વર્તતી રાષ્ટ્ર-ભક્તિ; જેનો દુનિયા સમક્ષ હંમેશાં તેને દેખાડો કરતાં રહેવાનો છે.

અમે હિન્દી-હિન્દુઓ.

માતૃભૂમિનાં સ્વતંત્રતા, સ્વાવલંબન, સમૃદ્ધિ, ઐશ્વર્ય આદિનો વિચાર કરીએ કે દેશ સમસ્તને લાગુ પડતા સવાલોમાં સંડોવાયલા હોઈએ ત્યારે નહ્ટકાના આપણે હિન્દી હિન્દુઓ, કૃત્રિમ ભેદોથી ઊભી કરાયેલી આપ-માની જુદાઈનું ઘેન અને તોર જ્યારે ઊતરી જાય ત્યારે ઠરેલી બુદ્ધિએ વિચારીએ છીએ; ત્યારે દેશની દુર્દશાના માર્યાં માતૃભૂમિને ભારરૂપ થઈ પડેલા આપણમાં જુદાઈની કેટલીક ચાલો ચલાઈ ચૂકયા છતાં આપણને તેવા ભેદનું ભાન રહેતું નથી. ઊલટું એ ચાલો સાલે છે. સુધારી લઈ શકાય તેવી લાગે છે. ત્યારે દાસબાબુના શબ્દો હૈયે ચડે છે કે, "આ દેશ એક વિશાળ કેદખાનું છે" અને દેશની એવી સ્થિતિ માટે આપણને ખૂબ લાગી આવે છે.

એટલે જ્યાં, જ્યારે અને જેનાથી જાત, ધર્મ કે ભાષાને બદલે એક દેશ તરીકે આપણને 'હિન્દુસ્તાન' દેખાય છે. ત્યાં એવા ભેદોને અવકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતો નથી. તેવી બાબતો માટે સહુ હિન્દીઓનો એકમત પડે છે. જેમકે હિન્દ પરાધીન છે; એટલે કે પોતાના ઘરનો–પોતાના દેશનો વહીવટ આપણા હાથમાં નથી. આપણે નામે થતા તેવા વહીવટ પ્રત્યે મૂગાંમૂગાં તાકી રહેવા સિવાય જાણે છૂટકો નથી. સમગ્ર વહીવટીતંત્રમાં ખૂંચતી તેવી પરાધીનતામાં આપણી નબળાઈ નિવારવા તેવાં ક્ષેત્રોમાં ઊપસી આવતી એવી ત્રુટિઓ આપણે જાણવી રહી. તેવા પ્રશ્નોમાં પહેલું

પાકિસ્તાન

લઈએ. પાકિસ્તાનનો પ્રશ્ન નકરા હિન્દુઓનો જ હોય એવી ભૂલ કોઈ કરતું નથી. પાકિસ્તાન તો રાજકર્તા અંગ્રેજોથી માંડીને તેના યુરોપિયન દુશ્મનો સહિત હિન્દની દરેક કોમનો પ્રશ્ન છે. પડોશી રાજ્યો તરીકે નેપાલ, અફઘાનિસ્તાન કે થોડુંક થયાં જુદાં પાડેલાં બ્રહ્મદેશ અને લંકા જેવાંની વિદેશનીતિનો પ્રશ્ન છે; અને પાન–ઇસ્લામના ખ્યાલે બંધાયેલા છતાં આજે લડાઈમાં કે વચ્ચે આવી ગયેલાં ઇસ્લામી રાજ્યો યુદ્ધાંતે પાકિસ્તાનને રક્ષણની ખાતરી આપે તો તુર્કી, ઈરાન, ઇરાક અને અરબસ્તાનનો પણ પ્રશ્ન છે. હા. નાનાં રાષ્ટ્રોની હસ્તીનો જ પ્રશ્ન જ્યાં ભયમાં છે ત્યાં પાકિસ્તાનનું નવું રાષ્ટ્ર ગર્ભમાં જ ગળી જાય તો એ વિષયક સંસ્કાર-પીંજણ કરવા વૃથા છે માની એને અંગેની હિન્દુ-મુસ્લિમોની વલણના મૂળમાં જે છે તે જ ખતવવાનું યોગ્ય થઈ પડશે.

જનાબ ઝીણા તો પાકિસ્તાનમાં ખરેખર પ્રમાણિક લાગે છે. ખરી રીતે મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોમાં, અમસ્તું યે લોકશાહીને ધોરણે ઇસ્લામી પ્રભુત્વ છે તો પછી નજીક નજીકના ઇસ્લામી પ્રાંતોને (?) સાંકળી લેવા શું ખોટા છે? એ એમની દલીલ છે. અગર મુસ્લિમ સંગઠનના પ્રચાર સાથે પાકિસ્તાનનું ભડકામણું નામ રાખીને ડખો કરી મૂક્યો ન હોત અને કેવળ તેવા મુસ્લિમ–બહુમતી પ્રાંતો સીધા મધ્યસ્થ સત્તાને બદલે ઈન્ડિયા ઑફિસને કે વ્હાઈટહોલને તાબે–ઇંગ્લંડ હકૂમતને વફાદાર રહે તેવા સ્વતંત્ર કારોબારની માગણી મુકાઈ હોત, તો કદાચ અખંડ ભારતપ્રેમીઓને ઓછો આંચકો લાગત. તેમ બાકીના પ્રાંતોમાંનો કારભાર મહાસભાની પાર્લમેન્ટરી કમિટી કે કૉંગ્રેસ કારોબારી હસ્તકનો કૉંગ્રેસ સરકારો દરમિયાન હતો તે મધ્યસ્થ તંત્રમાં પણ રહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આમ કોંગ્રેસ આવી ધોકાબાજી ચલાવે, તે લોકશાહીની વિરુદ્ધનું ગણી તેથી દૂર રહેવા માટે એ એક સુંદર બહાનું હતું. પણ આગળ કહ્યું તેમ જ૦ ઝીણા પ્રમાણિક અને સીધા માણસ છે અને એમની પ્રમાણિકતાને કોંગ્રેસે પોષી છે તેમ જ્યારે બેરિ. સાવરકર આરોપે છે ત્યારે તેઓ પણ સાચા છે; કારણકે મહાસભા સાથે હિન્દુસ્તાનના ભાવિ સ્વરાજમાં ઇસ્લામીઓનું શું સ્થાન હશે તે જાણવા તેમણે તેમની રીતે જે પ્રયાસો કર્યા છે તેમાં મહાસભાએ તેમને ઉડાવ્યા કર્યા છે. (?)

પ્રાંતિક સત્તા પછી ૧૯૩૫ના સુધારાનો ઉત્તરભાગ જેમાં મધ્યસ્થ સત્તાનું સત્ત્વ આપવા જેવું અંગ્રેજ સરકારે ઉદાર ધોરણ રાખ્યાનું જાહેર કર્યા કર્યું છે તે મળે, ત્યારે બહુમતી હિન્દુઓનાં હાથમાં મધ્યસ્થ સત્તા રહે તેમ હોઈ ત્યાં ખાતે મુસલમાનોનું શું? (લઘુમતીઓની ખોળાધરી, યુરોપી વેપારીઓની હિતરક્ષા, ગવર્નરો અને વાઇસરૉયની ખાસ સત્તાઓમાંથી બાકી રહેતું હશે નહિ તો તેને લગતો આ ઝઘડો હોય નહિ!) એક મોટી કોમના કારોબાર નીચેની રાજકીય સ્થિતિ વિષે તેમને પોતાની કોમ માટે ચિંતા થાય એ સ્થાને છે; અને તેમાં ગાંધીજી કોરો ચેક આપવા તૈયાર હતા છતાં જ. ઝીણાને તેવી સંદિગ્ધ સ્થિતિ પસંદ નથી. તેઓ નિર્ણયમાં માનનારા પુરુષ છે એટલે ગોળગોળ વાતોમાં ફસાઈ જાય તેવા નથી: પણ મહાસભાએ તેવી વાટાઘાટોથી પ્રજાને વિશ્વાસમાં લેવાની જરૂર જોઈ નથી. પણ માનવું રહ્યું કે હિન્દુ–હિતો એટલે સુધી મુસ્લિમ–દયા ઉપર મૂકી દેવા જેવી મહાસભાની હિન્દુઓમાં સ્થિતિ ન હોવાનું તેના મોવડીઓને ભાન હશે.

રાઉન્ડ ટેબલ વખતની ચર્ચાઓની પછીત પણ તે જ હતી અને ગાંધીજી પાસે જે નમતાંની ઝીણા જેવા મુસ્લિમ કોમના ધરારત્રાતાઓને આશા છે; તે બીજા કોઈ પણ હિન્દુ નેતા પાસે પાર ન પડે તેનું તેમને સખત ભાન છે: એટલે ગાંધીજીની હાજરી તથા હયાતીમાં જો એમની માંગણીઓ સંતોષાય નહિ તો પછી તેની કાયમી અશક્યતાની પણ તેટલી જ ખાતરી હતી. પણ એમની એ માંગણીઓને તો ગાંધીજીએ પણ કોઠું ન આપ્યું. એટલે ગાંધીજીને હિન્દુઓમાં આંખે કરવા પાકિસ્તાનની ધમકીથી લીગે મહાત્માને મૂંઝવવાનું છેલ્લું અસ્ત્ર છોડ્યું. તે લાગે તો તીર નહિ તો થોથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ નહિ પણ મોતને આવતાં તાવ આલવાની ગણત્રીએ; પણ તેનું પરિણામ તેમની ધારણા બહારનું આવ્યું: કારણકે આપવા–લેવામાં પડી ગયેલાં લીગ–મહાસભાના હાથ તો ખાલી હતા. સત્તા તો અંગ્રેજ સરકાર સાચવી રહી છે. તે બન્ને પક્ષો જાણે જોતા જ ન હતા. એટલે હિન્દુઓનાં પ્રતિનિધિત્વ લેખે સરકારે હિન્દુમહાસભાની વધતી જતી લાગવગ જોઈ–તેનો પણ સ્વીકાર કર્યો. આમ લીગની નીતિ જ. ઝીણાને ક્ષેત્રસન્યાસ કાં મુસોલિનિ–હિટલરને માર્ગે સત્તા મેળવવાની એક જ કેડીએ લઈ જતી લાગી. એટલે ખાકસાર અને નિઝામ, ધમકીઓ અને હુલ્લડો અને એવાં હિંસક તત્ત્વોનું લીગને શરણ શોધવું પડ્યું અને એમાં થઈ ઉઘાડી દુશ્મનાવટ: એથી આવ્યું હિન્દુ–મુસ્લિમ–ઘર્ષણ.

એ સ્થિતિ એવા તબક્કે જઈ પહોંચી કે શ્રી મુનશીજી મહાસભાનો આશરો જતો કરી 'અખંડ હિન્દુસ્તાન' માટે ગાંધીજીનું તેમનું પ્રિય અનુસરણ ગુમાવવા જેટલે પહોંચ્યા છે. પાકિસ્તાનની ખતરનાક પ્રવૃત્તિનું હાર્દ સમજાવતાં કલકત્તા ખાતે રામાનંદ ચેટરજીના પ્રમુખપદ નીચે તા. ૨૧–૮–૪૧ ના ભાષણમાં તેઓ કહે છે તેમ "પાકિસ્તાન એટલે જ્યાં મુસ્લિમોની બહુમતી હોય ત્યાં તેઓ સ્વરાજ ભોગવે એ જ નથી, પરંતુ ભાગલા પાડનારાઓની એ એક એવી ચાલ છે કે જે વડે તેઓ હિન્દુઓને ગુલામની દશામાં મૂકીને દેશભરમાં પોતે રાજ્ય કરી અને બીજાને દબાવનારી જાતિ બની રહે. આ ચળવળ પાછળનો હેતુ પાકિસ્તાનને નામે આખા દેશને પચાવી જવાનો છે. જો કોઈ એમ માનતું હોય કે આ તો માત્ર ચલતાપૂર્જા છે અને વખત જતાં ભુલાઈ જશે તો તે જાતે મોટી ભૂલ કરે છે."

સાચું. ભૂલી જશે તેનું મુનશીજીનું માનવું વાજબી છે. ઘર ન સળગે ત્યાં સુધી આ દેશમાં કોઈને પાણીની યાદ આવે તેમ નથી પણ પાકિસ્તાન સામે મહાસભાની નિષ્ક્રિયતા, મહાત્માજીની તે પ્રત્યેની અંગત નીતિ અને મહાસભાના ઉદ્દામ તત્ત્વોની કોમી કહી ધિક્કારી નાખતી આવા દૃષ્ટિકોણ પ્રત્યેની બેદરકારીથી અકળાયેલા મુનશીજીનો ભય પ્રચારભાગ બાદ રાખીને સાચો છે. કે ગાંધીજીની સાતુસેં વરસ હતી તેમ પાછી જમાવવા તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી ઇસ્લામી હકૂમતની સંભાવનામાં નાહક હિન્દુઓને દુશ્મનાવટ કરતા–મુસ્લિમો સાથે બગાડતા, અટકાવવાની અને એ રીતે સૂતેલા અને વેર-વિખેર હિન્દુઓની રક્ષા સાધવાની નીતિ પણ અલ્પાંશે સાચી છે.

અંગ્રેજોની અવેજીમાં નિઝામ બાદશાહી આવકારતા મહાત્માજી હિન્દુ માનસની નાડ પારખવામાં બ્રિટિશ હિન્દની ઉજળિયાત હિન્દુ પ્રજા પૂરતા કદાચ સાચા પણ હોય પણ તે જ હિન્દુઓ છે એવું કાંઈ નથી. ઊલટું આડકતરાં તેમની આ નીતિ ઇસ્લામીઓની ભાવિ સત્તા સામે હિન્દુઓને ઉશ્કેરવા કારણભૂત બની રહી છે. દેશમાં હિંસા ફાટી નીકળતી અટકાવવાનો તેમનો જો આમાં આશય હોય કે તેમની અહિંસાની ભાવના જીવતી રાખવા ઇસ્લામી બાદશાહીનો આશરો તેમને ખપનો લાગતો હોય તો જુદી વાત; પણ તે બધું આજની લડાઈના અંજામ પર આધાર રાખતું હોઈ, સત્તાથી વિમુખ થયેલી કોંગ્રેસના કાયમી અવસાન વગર તેઓ તેમ ન કરી શકે અને નિઝામને* હિન્દ સોંપી દેવામાં પોતે મહાસભાનો સહકાર પામી શકે તો પણ બીજાં હિન્દુ બળો સાથેનું ઘર્ષણ રોકી ન શકે. પણ એક વિકલ્પ ઉપર અનુમાનિત થતી આ વિચારસરણી મૂળે ખોટી લાગે છે; કેમકે પાકિસ્તાનમાં જેઓ સંમત નથી, તે નિઝામી નોતરી ન શકે! અને નિઝામીને પણ બચાવવાની સ્થિતિમાં તેમની અહિંસક મહાસભા નક્કામી નીવડે. હા! નિઝામને હિન્દની સોંપણી કોઈ ત્રાહિત સત્તા કે ખુદ ઇંગ્લંડ કરે તો....પણ તો તો મહાસભા અને ગાંધીજીનું મોં ખોલાવવા જેટલી પણ મુસલમાનોને ગરજ ન રહે.

એ બધામાં એક વસ્તુ નિર્વિવાદ શક્ય છે અને તે છૂટાંછવાયાં હિન્દુ–મુસ્લિમ ઘર્ષણ. હિન્દનાં રક્ષણ માટે હિન્દની સરહદો ઠેઠ ઈરાન અને સિયામ–સિંગાપુર સુધી પહોળી–લાંબી કરી શકનાર અંગ્રેજ સત્તા, આવાં નમાલાં રમખાણો અટકાવી તેમના રક્ષણની હિન્દુ–મુસલમાનોને આપોઆપ મળતી ખાતરીની અગત્ય શું કામે જતી કરે?

* "અગર કહો કે નાનાંમોટા ખંડિયા બનેલા રાજાઓના કે સરહદની મુસ્લિમ કોમોના ટેકાથી બધાના સરદાર બની બેઠેલા નિઝામની સત્તાને કબૂલ કરીશ. એવી સત્તા પણ મારે હિસાબે તો સોએ સો ટકા દેશી લેખાશે. ગમે તેવું પણ એ ઘરનું રાજ (હોમરુલ) હશે." (ગાંધીજી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે વખતે આત્મરક્ષણ પણ અનિવાર્ય થઈ પડશે; અને એ પરત્વે પણ મુનશીજીનું દૃષ્ટિબિન્દુ સાચું છે:—"મહાત્મા ગાંધી અને મહાસભાના ધ્યેયનો તેઓ જે અર્થ કરે છે તેની સાથે મારે મતભેદ નથી સિવાય કે આત્મરક્ષણ માટે મહાસભાવાદીને બળ વાપરવાનો હક છે.

"મારી માન્યતા એવી છે કે પોતાના હક્કો, ઉન્નતિ, કુટુંબીજનો, મંદિર અને દેશની અખંડતાનું રક્ષણ કરવામાં દરેક માણસને પોતાના હસ્તકનાં દરેક સાધનો વાપરવાનો હક છે. પૂનામાં પણ જ્યારે મહાસભાએ જો મધ્યમાં રાષ્ટ્રીય સરકાર આપવામાં આવે તો પ્રાંતિક પ્રધાનમંડળો પર પાછા જવાની દરખાસ્ત કરી હતી; ત્યારે પણ મહાસભાનું એ જ ધ્યેય હતું.

"આત્મરક્ષણના હક્કની બાબતમાં મારાં દૃષ્ટિબિન્દુ સાથે મોટાભાગના મહાસભાવાદીઓ મળતા છે. આમાં મૂળભૂત મુદ્દા ઉપર મનમાં કંઈ પણ છુપાવ્યા વિના જો હું મહાસભામાં રહી શકું તો તેમ કરવા તૈયાર છું. મારું મુખ્ય અને તાત્કાલિક કાર્ય મારા દેશબંધુઓનું ધ્યાન, દેશના ભાગલા પડતા અટકાવવા માટે પગલાં લેવાની જરુરિયાત ઉપર ખેંચવાનું છે. મારો અભિપ્રાય એવો છે કે હિન્દુ કોમને કાયદેસરની લઘુમતી બનાવી દેવાના જેટલું જ આ કામ ખરાબ છે. આ બાબમાં મહાસભા મારી સાથે છે. મહાસભા અખંડ હિન્દુસ્તાન માટે ખુલ્લા મનથી ખડી છે. ગાંધીજીએ ચોકખા શબ્દોમાં કહ્યું છે કે દેશનાં ભાગલા પડી જતા અટકાવવાને માટે હું દરેકે-દરેક અહિંસક માર્ગનો ઉપયોગ કરીશ. રાજેન્દ્રબાબુએ તાજેતરમાં જ કહ્યું હતું કે, "હિન્દ એક હતું: એક છે અને રહેશે." અત્યારે પણ મહાસભા જે લડત ચલાવી રહી છે તે પણ રાષ્ટ્રીય સંસ્થાને અકબંધ રાખીને તેની દ્વારા દેશને વહેંચાઈ જતો અટકાવવા માટેની જ છે.

"મહાસભાની બહારના હિન્દુઓ, રાષ્ટ્રવાદી મુસ્લિમો, શીખો, ખ્રિસ્તીઓ પણ હિન્દના ભાગલા પાડવાની વિરુદ્ધ છે પણ એ અત્યંત જરુરતું છે કે પાકિસ્તાન નામ હેઠળ શરુ થયેલી ચળવળનો સંગઠિત સામનો થવો જોઈએ."

હવે આત્મરક્ષણમાં ખપની પડતી હિંસા–અહિંસા વિષે પણ મુનશીજીને લઈએ:—"જેઓ યોગી થવા માગે છે તેઓ માટે અહિંસા એક અફર વ્રત છે પણ સામાન્ય માણસો માટે એ સાપેક્ષ વસ્તુ છે. મનુષ્યજાત અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુત્ક્રાંતિની જે કક્ષાએ છે તે જોતાં તે આત્મરક્ષણ માટે હિંસાનો ત્યાગ કદી એ કરી શકે તેમ નથી." એટલે હિંસાથી થતું તેવું "આત્મરક્ષણ" તથા "સંગઠિત સામના"થી શ્રી મુનશી પાકિસ્તાન સામે તેવું સ્વપ્ન, અહિંસક કૉંગ્રેસ છોડી સિદ્ધ કરી શકશે? હિન્દુ મહાસભાથી દૂર ચાલીને સાધી શકશે? મુસ્લિમ લીગને ખોટું લગાડ્યા સિવાય, શીખો, ખ્રિસ્તીઓની લૂખી સહાનુભૂતિથી સાધી શકશે? લાગે છે કે અખંડ હિન્દુસ્તાનની તેમની ધગશ પ્રત્યે કૉંગ્રેસ માંહેના હિન્દુઓ છૂપી, મૂંગી સહાનુભૂતિથી કે સમગ્ર દેશપ્રેમી હિન્દીઓનાં જિગર જીતી લેનારી તેમની કીર્તિવંત લડત પ્રત્યે તેજોદ્વેષથી જોશે. મુસ્લિમો સ્પર્ધા અને દ્વેષથી, ખ્રિસ્તીઓ ખંધાઈથી, શીખો વીરોચિતતાથી અને હિન્દુમહાસભા આત્મીયતાથી જોશે પણ તેથી મુનશીજીને ખટકતી પાકિસ્તાન પ્રત્યેની દેશની નિર્વીર્ય ઉદાસીનતામાં ફેર નહિ પડે. તેમને કૉંગ્રેસમાં જે ખૂંચ્યું, હિન્દુ મહાસભામાં જે ઓછું પડયું તે તેઓ જાતે પોતાનાં મોરચામાં આણવા માટે એકલા પડી ન જાય તો સારું!

કે પછી વ્યક્તિગત સત્યાગ્રહમાં—વાણીસ્વાતંત્ર્યની લડતમાં ગુમાવતાં લાગવાને કારણે, 'હરિજન-પ્રશ્ન' પ્રત્યે જેવું રાષ્ટ્રનું ધ્યાન વાળી બેઠા હતા તેમ તેમનાં અહિંસક ધોરણે, મહાત્માજી 'અખંડ હિન્દુસ્તાન'ની ભાવનાને અપનાવી લે અને અત્યારની શિથિલતાને ઝોક આપવાનું કરે તો વળી મુનશીજીની પાર્શ્વભૂમિકા દ્વારા દાણો ચાંપી જોયો ખપનો થઈ પડે ખરો! બાકી તો પાકિસ્તાનના ભયને ગમે તેટલો તાદૃશ્ય કરતી તેમની ચીસો અને સર્વપક્ષી પરિષદના સર તેજબહાદુરનાં બરાડા, હિન્દુ મહાસભાના મંત્રી શ્રી નાયડુના કહેવા પ્રમાણે 'અરણ્ય રુદન' બની રહેશે: એ સાચું લાગે છે.

પાકિસ્તાન પ્રત્યેની મહાસભાની નીતિ, જેની લગામ અત્યારે મહાત્માજીહસ્તક છે તેમાંથી બહાર નીકળ્યા વગર શ્રી મુનશીજીથી જે પ્રશ્નને ન્યાય આપી શકાયો નહિ તે પ્રશ્ન અને ગાંધીજીની રાજનીતિ વિષે શીખકોમ વતી માસ્તર તારાસિંહે કરાંચી ખાતે તા. ૧૨-૪-૪૧ના રોજ મળેલી અકાલી પરિષદને માચડેથી જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તે આ બારામાં ઉપયોગના છે:—"મહાત્મા ગાંધી અને તેમના સાધુચરિત્ર માટે મને માન છે; પણ હું ઇચ્છું છું કે તેઓ તેમના અવ્યવહારુ સિદ્ધાંતો હવાઈ સૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જ અનામત રાખે; કારણ કે અન્યથા તેઓ રાજકારણમાં વધુ ખરાબ ગૂંચવાડો ઊભો કરે તેવો સંભવ છે."

પાકિસ્તાનની યોજનાને દેશના અમુક ભાગોમાં મુસ્લિમોનું વર્ચસ્વ સ્થાપવાની પ્રાથમિક ભૂમિકા તરીકે ઓળખાવી આગળ કહે છે, "આપણે આપણી જવાબદારી સમજવી જોઈએ. હિન્દી નેતાઓમાં કલ્પનાં, દીર્ઘ-દૃષ્ટિ અને શાણપણના અભાવે રાષ્ટ્રની પાયમાલી થશે." એમ તો એ પાકિસ્તાન હિન્દનાં મોમનોને પણ ખપતું નથી. પટણા પરિષદ વેળા બૅરિસ્ટર મોહીયુદ્દીન, મુસ્લિમ લીગને મોમનજાતિને ભોગે વિકાસ પામેલી સંસ્થા કહી "પાકિસ્તાનની યોજના સમગ્ર રીતે મુસ્લિમકોમને માટે અવ્યવહારુ અને નુકસાનકારક" તરીકે ઓળખાવે છે. પણ હિન્દુ–મુસ્લિમ ઐક્તાની કાયમી અશક્યતા વિષે મદ્રાસની તે બેઠકના લીગના સ્વાગત પ્રમુખ અબદુલ હમીદખાને પાકિસ્તાનની જરુરત વર્ણવતાં જે ઉદ્ગારો કહ્યા હતા તે પચાવવા જેવા થઈ પડશે:–

"એકેશ્વરવાદ અને માનવસમાનતાના ભાવ પર અવલંબતું ઇસ્લામનું સામાજિક પ્રજાતંત્ર, જ્ઞાતિઓનાં ચોકઠાં, કુળ અને સામાજિક મોભા ઉપર ટકી રહેનાર હિન્દુપ્રથા સાથે કેવી રીતે મેળ નભાવી શકે? વળી હિન્દુ પડોશીઓએ (?) નથી વિચાર્યું કે મુસ્લિમજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ધર્મ જ પ્રવર્તી રહ્યો છે?" મહાત્માજીને 'હિન્દુ' થઈને 'હિન્દુ–મુસ્લિમ' સમાધાન માટે પોતાના ઉંબરા છોલવા આવવાની જનાબ ઝીન્નાની તૈયારીને આની સાથે કંઈ જ સંબંધ છે? એટલે આમાં મુસ્લિમોને 'સમાધાન' કરવું હોય તેમ લાગે છે? પાકિસ્તાન લીગનું થોથું ભલે હોય પણ એ વતનની મહોબ્બતમાંથી નહિ પણ વતનીઓ માંહેના મોટા ભાગના હિન્દુઓ પ્રત્યેની ઈર્ષ્યા અને બીકની પેદાશ છે.

એનો ખ્યાલ જે કેમ્બ્રિજના મુસ્લિમ વિદ્યાર્થીને સર્વપ્રથમ આવ્યો હતો તે "સમગ્ર ઇસ્લામીઓનાં એક ઝંડા નીચેના સ્વતંત્ર રાજ્ય"નો હતો. પશ્ચિમની પ્રજાને સ્વતંત્રતા ભોગવતી જોઈને પોતાની કોમ વિષે તેવો મોહ જન્માવનારા અંગ્રેજી શિક્ષણનું એ પરિણામ હતું પણ પાકિસ્તાનથી તો ઇસ્લામ, પશ્ચિમના ગોરાઓની પ્રજાતંત્રવાળી રાજનીતિની ભાવનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માથે ચડાવી રહ્યું છે! હિન્દુ સંસ્કૃતિથી ઇસ્લામ અભડાતું હોય તે ઠીક છે પણ આ ગોરો એંઠવાડ ચાટતાં તો મજહબને નામે ઇસ્લામી શરિયતને ધોરણે રાજ કાયમ કરવાની સાથે પાકિસ્તાનનો ક્યાં ય મેળ બેસતો લાગતો નથી. પાકિસ્તાનનો ઠરાવ જ આમાં પૂરતો પ્રકાશ પાડશે અને તે જ લઈએ :–

"(૧) ભૌગોલિક રીતે પાસે આવેલાં એકમોથી સંપૂર્ણતઃ સ્વતંત્ર રાજ્યોની સ્થાપના કરવી અને તેમની રચના આવશ્યક હોય તેવા પ્રાદેશિક ફેરફારો કરીને કરવામાં આવેલી હશે. હિન્દના વાયવ્ય અને પૂર્વ વિભાગની માફક જે વિસ્તારમાં સંખ્યાની દૃષ્ટિએ મુસલમાનોની બહુમતી હોય તે વિસ્તારોનાં સ્વતંત્ર રાજ્યોનું જૂથ બનાવવું. એ એક જ રાષ્ટ્રીય 'વતન' બની રહે; અને જેનાં ભિન્ન ભિન્ન એકમો સ્વાયત્ત અને સર્વોપરી સત્તા ધરાવતાં હોય.

"(૨) આ એકમોમાંની લઘુમતીઓ સાથે મંત્રણા કરીને તેમનાં ધાર્મિક, સ્વાતંત્રિક, આર્થિક, રાજદ્વારી અને અન્ય અધિકારો અને હિતોનાં રક્ષણ માટે બંધારણમાં યોગ્ય, અસરકારક અને મૅન્ડેટરી સહી–સલામતીઓની ખાસ જોગવાઈ કરવામાં આવશે.

"(૩) મુસ્લિમોની જ્યાં લઘુમતીઓ હોય તેવા હિન્દના બીજા ભાગોમાં તેમની સાથે મંત્રણા કરીને તેમના ઉપર મુજબના અધિકારો અને હિતોની સહી–સલામતીઓ માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવી."

એ ઠરાવના સમર્થનમાં નવાબજાદા લિયાકત અલીખાને "લીગમાં જોડાનાર દરેક મુસ્લિમને પાકિસ્તાન પ્રત્યે વફાદારીના સોગંદ લેવા"ની હિમાયત કરી હતી.

પણ આ તો બધો ઉપલો ગિલેટ છે, ખરો અંદરનો હેતુ તો શ્રી મુનશીજી વર્ણવે તેવો જ છે; નહિતર અત્યારની ચાલતી વ્યવસ્થા અને આ પાકિસ્તાનની રચનામાં તાત્ત્વિક ફેરફાર જેવું કશું છે જ નહિ. એક વિશેષતા છે તે હિન્દુસ્તાનને નહિ પણ તે પ્રાંતોનાં બનેલાં પાકિસ્તાની રાજવહીવટ પ્રત્યેની વફાદારીની; પણ એ તો જુદાં પડી ગયેલાં મનનો રોષ માત્ર છે: નહિતર હિન્દુસ્તાનમાંથી કાપીને નવા બનાવેલા–પાકિસ્તાન નામ પાડેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ પ્રત્યે જે વફાદારી જન્મી શકે છે તે મૂળ હિન્દુસ્તાન માટે પણ જન્મી શકે છે. પણ આખું હિન્દુસ્તાન એકદમ હાથ થઈ શકે તેમ નથી. એટલે જતી અંગ્રેજસત્તા પાસેથી આટલું પડાવી પછી બાકીના માટે તૈયારી કરવાની આ બધી રમત છે.

અને એવી ઘાતક રમત ગમે તે દેશબંધુને હાથે ચલાવી લેવા જેવી નથી. આમ પાકિસ્તાન સામે 'સંગઠિત સામનો' કરવા 'અખંડ હિન્દુસ્તાન'ની લડત જો 'આત્મરક્ષણના હિંસક ઉપાયો' વડે લીધા વગર છૂટકો ન હોય તો હિન્દુઓએ અહિંસક ગાંધીજી અને તેમને અનુસરતી મહાસભાનું પડખું ગુમાવવું રહ્યું. સરકારને બળ વાપરવાનું બહાનું દઈ, મહાસભા અને તેની દેશપ્રવૃત્તિઓ બંધ કરી દેવાનું કારણ પૂરું પાડતાં બચાવતી મહાત્માજીની અહિંસા બીજી તરફ–પાકિસ્તાન સામે કથળી પડે છે. ઝીણા કે વીરાવાળા સામે ફોગટ જતી એ અહિંસામાં કશુંક ખૂટે છે એમ નથી લાગતું? અહિંસા પણ માનસિક (કે આત્મિક) શક્તિ છે. વિરોધીનો તમાચો મારવા ઊપડેલો હાથ પ્રેમથી પકડી રાખવા ગાંધીજીની અહિંસા છૂટ આપે છે ત્યારે હિંસા એ હાથને પકડી વિરોધીનું કામ પોતે બજાવી છૂટે છે; એમાં ખરું તો તમાચો મારવા તત્પર થતી વિરોધી ભાવનાને ટાળવાની વાત છે: અને વગર વાંકે તમાચો મારવાની વૃત્તિ માણસજાતમાં હોય છે. તમાચો એ ગાલ અને હાથની હસ્તીએ સુઝાડેલી ક્રિયા છે. ગાલ અને હાથ ચૂમતી માણસજાત ત્યાં તમાચાની પણ એક બીજી ક્રિયા ઊભી કરી શક્યું છે. તમાચા પછવાડેનો અપ્રેમ ક્યાંથી જન્મ્યો, ઈર્ષ્યા શી રીતે પોષાઈ એ બધું થોડી તાત્ત્વિક આલોચના માગી લે છે. તે પણ કરીએ:—

પહેલાં તો દરિદ્રતા એ સર્વ દોષોની માતા ગણાય છે અને અજ્ઞાનને પિતા તરીકે ઓળખાવાય છે. હિન્દુસ્તાનમાં આજે કરોડો માણસો એમાં સબડે છે. જે દેશમાં રૂપિયાના એક ઘરેણા માટે કાકો ભત્રીજીનું ખૂન કરી શકે છે તેવી દરિદ્રતા આંટા લે છે કે જે દેશમાં દરિયો એટલે શું? એ પણ સમજાવવું તકલીફ પડે છે એવા દેશમાં અજ્ઞાન–દારિદ્રની પેદાશ જેવી હિંસા અને તેના પરિવાર જેવાં ઈર્ષ્યા–અપ્રેમ વિષે આશ્ચર્ય શું! પ્રગતિવાચક અને અહિંસાદ્યોતક એવા આર્યની કુલીનતા, સાધુતા, સજ્જનતા અને સભ્યતાવાળા આ આર્યાવર્તમાં આજે એનું જ સામ્રાજ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ન, વસ્ત્ર અને આવાસ તથા સ્ત્રી–સંતતિ, લોકસેવા, વિદ્યા–કલા, ધન અને યશ વગર ન જોગવાતું માનવજીવન તેવી કુદરતી જરૂરતો વગર તે સમાજમાં અસમાનતા કે ઘર્ષણ ન ફેલાવે તો બીજું શું કરે? જેમની પાસે જીવનનાં તેવાં આલંબનનાં સાધનો છે (કેમ કરતાં ક્યાંથી અને કેવી રીતે, તે બાજુએ રહ્યું) તેમનાં તેવાં સુખસૌભાગ્યની કોઈ ને કોઈ રાજ કે ધર્મસત્તા રક્ષા કરતું હોય–સ્વીકાર કરતું હોય અને પેલાંઓ માટે તેવી કશી જરૂરતોની પરવા કરતું ન હોય ત્યાં ચોરી, લૂંટફાટ કે ખૂનામરકી ન થાય તો બીજું શું થાય? અજ્ઞાનતામાં સબડતાં દુઃખનાં સાચાં કારણો ન ઉકેલી શકનારાં ભૂતપલીતના વહેમો ધરાવતાં થઈ જાય–જેમ ભણેલા અને સુખી નસીબ–ગૃહોનાં નડતરમાં માનતા હોય–તો તેમાં આશ્ચર્ય શું છે? એમાં કોઈ પોતાની જાતને અજ્ઞાન માનવાના સ્વભાવનું હોતું નથી. ત્યાં જૂઠાણું, દંભ, પડારા કે શેખી ન આવે તો શું આવે? એ તો માનવને સામાજિક પ્રાણી તરીકે પ્રાપ્ત થયેલાં દૂષણો થયાં: પણ માણસમાં પોતાનામાં તો એવાં દૂષણોની ખાણ ભરી છે. પંચેન્દ્રિયોનાં સ્વભાવનાં એનાં અનુભવોએ તો ઇતિહાસો ઊભા કર્યા છે. સમાજશાસ્ત્રો ઘડાવ્યાં છે. નિયમો, ધારાઓ, કેદખાનાંઓ અને કોરડાઓ જન્માવ્યા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, અસૂયા અને મત્સરનાં દૂષણો જ્યાંથી પ્રગટે છે તેવી ઇન્દ્રિયોને નિગ્રહ વડે અંકુશમાં લેવા યમ, નિયમ, આસન, પ્રાણાયામ, ધારણાધ્યાન અને સમાધિનાં સંસ્કારો ઊભા કરી આર્યોએ એવાં તામસ તત્ત્વોને સદ્‌રસ્તે વાળી લેવાનો ઉપકાર કર્યો છે. નરકનાં ત્રણ દ્વારો તરીકે વર્ણવેલાં એ કામ, ક્રોધ અને લોભનાં તામસ તત્ત્વોમાંથી ઇન્દ્રિયનિગ્રહે, સંસ્કારે–સદાચારે–સત્સંગતિએ સુધરતો માણસ રાજસભૂમિકા વટાવી સત્ત્વ પ્રકૃતિની સરાણે ચડે છે છતાં એક નાની શી ભૂલે કે ક્ષતિએ તે બધું ગુમાવી બેસતાં વાર ન લાગે તેવો માનવસ્વભાવ છે. અભ્યાસીઓને, ચાકડે ચડેલાં કર્મનાં વિકર્મ, અકર્મ અને સુકર્મનાં ભેદો વડે વિકસતી, ઘડાતી કે વિફરતી–વિહરતી મનુષ્યપ્રકૃતિનાં ક્રમો અને નિર્માણનું રહસ્ય પણ મુશ્કેલીપૂર્વક સમજાય છે.

મનની પવિત્રતા પામવા ઊંચા સંસ્કાર, શિક્ષણ અને સંગતિ તથા સદ્‌કાર્યો વગર ન ઉદ્‌ભવતા ઉદાત્ત માનવગુણોની અપેક્ષા કરતી સત્યાગ્રહની શ્રેષ્ઠ ભાવનાને વ્યવહારુ બનાવવા મથતા અતિઆશાવાદી જેવા ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાનું અખંડ પારાયણ કરતાં છતાં આ વસ્તુ પ્રત્યે કોણ જાણે કઈ દૃષ્ટિએ જુએ છે તે જ સમજાતું નથી.

જગતનાં જીવપ્રાણીઓ માટે જે હૃદય પ્રેમથી છલોછલ ન હોય ત્યાં સત્યાગ્રહીને છાજતાં અહિંસા અને સત્યનાં લક્ષણો શી રીતે સંભવે? ધરાયેલાં ઇંગ્લંડને આ ગરીબ દેશ પણ છોડવો શક્ય નથી ત્યાં ભૂખ્યા હિન્દીઓ પાસેથી તેવા લોભી સત્તાધીશો માટે પ્રેમછલતાં હૃદયની આશા કરતો સત્યાગ્રહી શી રીતે જન્મશે?

અચ્છા! અહિંસા મર્દની છે. એવા એક હજાર અહિંસકોની ગાંધીમંત્રી શ્રી. મહાદેવની માંગ અણપૂરી રહી છે અને સરદાર પૃથ્વીસિંહની ટહેલ અધૂરી છે. તો પછી ગાંધીજી કોના ઉપર મદાર બાંધી રહે છે. 'શ્રેષ્ઠોનાં વર્તનને લોકોએ અનુવર્ત્યું છે' એવા ગીતાબોધ ઉપર એટલો બધો મદાર બાંધવા જેવું નથી! કેમ કે આપણા શ્રેષ્ઠો ગીતાબોધ્યા શ્રેષ્ઠોની પાત્રતા કરતાં જુદી જાતનાં છે.

કે એવા હજાર કે સો જેટલા ગણ્યાગાંઠ્યા માદરેવતનની સ્વતંત્રતા માટે કદાચ મળી રહે તો પણ ચડાઈખોરો—જેઓ ઝીણા વીરાવાળાથી સો ચાસણી ચડિયાતા હોય છે—જેઓને કરોડોની કતલ કરતાં આંચકો આવતો નથી—જેનો હિન્દુસ્તાનને આગલો કપરો અનુભવ છે તે—તેવા થોડા હજારોની આવી ઠંડી તાકાતના સામનાથી અટકી જાય એવા સજ્જનો ધારી લેવા વધારે પડતું છે. એવાઓની જેવી કતલ થઈ કે પછી મહાત્માજી માને છે તેવી નૈતિક બળની જનતા પાસેથી આશા રાખવી ફોગટ થઈ જશે.

માણસ સંસ્કાર વડે જ ઘડાય છે. સોળ આર્યસંસ્કારોનાં રહસ્ય પ્રત્યે ઉદાસીન રહેતા અને પશ્ચિમના વિદ્વાનોની તાલીમની વાતો માથે ચડાવી લેનારા હિન્દીઓને જ્યારે હિટલર જેવા પણ મનુમહારાજને "દુનિયામાં માનવજાતિ માટે આજસુધીમાં થયેલા એકલા અને સર્વશ્રેષ્ઠ કાયદાબાજ" તરીકે સ્વીકારે છે ત્યારે તેમણે બાંધેલાં ધર્મનાં દસ લક્ષણો નજરમાં લેવા જેવાં છે.

"धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधं दशकं धर्मलक्षणम्" ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લક્ષણો વારસામાં ઊતરતી વસ્તુ નથી પણ હાંસલ કરવાની–રેડવાની ચીજ છે; જે મેળવવાનું સહુને ગમ્ય, લભ્ય કે શક્ય નથી તે ઉઘાડું છે. એ લક્ષણો તો માનવની મૂળભૂત–પ્રકૃતિજન્ય પશુતાની કબૂલાત સરખાં છે. એ દસ લક્ષણોથી ઊલટાં તત્ત્વો માનવી ઉપર સવાર થઈ બેસતાં ન હોત તો તે ધારવાનો સવાલ જ ઊભો ન થાત. એવી ઇન્દ્રિયાધીન, સંસ્કારાધીન, ધર્માધીન વ્યક્તિ વ્યક્તિઓથી બનેલા સમાજનું આર્થિક અને સામાજિક ઘર્ષણ ટળે નહિ ત્યાં સુધી ગાંધીજીની અહિંસા કારગત નીવડે નહિ; અને એ માટે પણ રાષ્ટ્ર, સમાજ કે વ્યક્તિનાં આગલાં કર્મોની છાંય–જે નરી આંખે દેખી શકાય તેવી હોતી નથી એટલે સામાન્ય બુદ્ધિએ સમજી જાતી નથી પણ એક યા બીજા રૂપે તે વાતાવરણમાં ટકી રહી હોય છે તેને ભૂંસવાનું તો કુદરત પોતાના હાથમાં રાખીને બેઠી છે. મહામારીઓ, ભૂકંપો, યુદ્ધો આદિ સંહારમાં પરિણમતી એ લીલા એવાં કર્મો ભૂંસવાના કુદરતના ખેલ જેવી છે. નિયમપૂર્વક, સંયમબદ્ધ અને કાર્યકારણના સમન્વિત ક્રમે ચાલ્યે જતી કુદરત તેની એ ગતિ વિરુદ્ધનું કંઈ પણ માનવીપગલું સરખું કરી લેતી રહે છે. કુદરતની એ ત્રિકાલાબાધિત વ્યવસ્થામાં પોતાની બુદ્ધિ વડે જગત–ગતિમાન એવાં બ્રહ્માંડની નિયતિમાં ડખલ કરતા માનવને માટે કુદરતે સજા પણ રાખી છે. વ્યક્તિથી માંડીને રાષ્ટ્ર તેમાંથી મુક્ત નથી. કુદરતને ભૂલીને કરવામાં આવતો કોઈ પણ વ્યાપાર એથી ક્ષણજીવી હોય છે. રાષ્ટ્રની વ્યાપકતા અને માનવીજીવનની કાલગણનાની તોલે ભલે એને યુગ તરીકે ઓળખાવવામાં આવે પણ એવા યુગે યુગે ઈશ્વરે પોતાની વિભૂતિથી અભિષેક કરીને કોઈનો કોઈ રુદ્ર કે હિટલરને વિનાશ માટે મોકલી દે છે અને તેથી પાછું પોતાની પ્રકૃતિ–કુદરત–નું પાસું (Counter balance) સરખું કરી લે છે; તે નિર્વિવાદ છે.

"છ દર્શનોવાળાં આર્ય તત્ત્વજ્ઞાનમાંનું જે થોડું હું સમજ્યો છું તેથી એટલું તો ખાતરીથી કહી શકું છું કે જગતના તત્ત્વચિંતકોમાં મુખ્ય અને ઉચ્ચ સ્થાન ધરાવતા આર્યઋષિઓ આદર્શ વિચારકો હતા."

ગોંડળ મહારાજાશ્રી ભગવતસિંહજીના કિશોરકાળના આ ઉદ્ગારો પછી ભારતીય તત્ત્વજ્ઞાન વિષે અને એમાં હિંસાઅહિંસાની થયેલી તુલના માટે વિશેષ લખવું અકારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજસ્થાનો

આવા દૂરંદેશ રાજામહારાજાઓ જેઓ પોતાની માતૃભૂમિનાં સુખ-સ્વાતંત્ર્યના વિચારો વરેલા છે. જેમને તેમના સિદ્ધાંતોનું ક્ષેત્ર તેમનાં નાનકડાં વર્તુલોમાં પૂરી રાખવું પડે છે. જેમને પાકિસ્તાનો સાથે ઢસડાવું પડે છે. જેમને દેશના એકરાગને નામે પરદેશી ધોરણો માથે ચડાવવાં પડે છે. બીજું નહિ તો તેમની સાર્વભૌમ સત્તા સાથેના કોલકરારોએ ઊભા કરેલા સ્થિતિસંબંધે તેમને બાકીના દેશનો મનગમતો ભોગવટો કરતા અંગ્રેજતંત્ર સામે કશું જ કહી શકવાથી બાતલ કર્યા છે. પ્રજાથી વિમુખ થવાની ફરજ પાડી છે; કે પ્રજા સાથે રાજા તરીકેના સંબંધો જાળવી રાખનારાં તત્ત્વો નાબૂદ કર્યાં છે. વિદેશી સંસ્કૃતિની નાગચૂડે હિન્દની સ્વાતંત્ર્યપ્રેમી પ્રજાને આજે રાજત્વ પ્રત્યે એવો અબખો પેદા કરી આપ્યો છે કે એ સૂગને કારણે રાજસ્થાનો પ્રત્યેની બ્રિટિશનીતિ માટે પણ ઉગ્ર રોષ પેદા થયો છે.

'અખંડ હિન્દુસ્તાન'ની સ્વતંત્રતા સાથે સંકળાયેલાં રજવાડાંઓનું ફેડરેશન અને મધ્યસ્થ સત્તામાંનું પ્રતિનિધિત્વ તો લડાઈને અંગે અત્યારે કોરણે મુકાયું છે. પણ આખા દેશમાં ન્યાય, પોલીસ, ચલણ, શિક્ષણ, વ્યાપારનિયમનો, રેલવે, તાર, ટપાલ જેમ એકરંગી હોય તે દેશની અખંડતાને ઝેબ દેનારું છે તેટલું રાજસ્થાનો સ્વીકારે અને રજવાડાંઓ જાણે પાકિસ્તાન જેમ હિન્દી સ્વાતંત્ર્યની આડે જાણે ઊભાં ન હોય તેવી આજે હિન્દી રાજવાતાવરણે જે છાપ ઊભી કરી છે તે વહેલી તકે ભૂંસવાનું ઈશ્વર રાજાઓને બળ, તક અને વિભૂતિ આપે તેવી આશા વ્યક્ત કરી હાલને તબક્કે બીજું નહિ તો તેવાં હિન્દુરાજસ્થાનો પોતાની પુણ્યભૂમિના ભાગલા પાડવા તત્પર થયેલી મુસ્લિમયોજનાઓ સામે પોતાનો પુણ્યપ્રકોપ પ્રગટ કરવા જેટલું સ્વધર્માભિમાન દાખવે અને તેવી ઘાતક પ્રવૃત્તિ પ્રત્યે આંખમીંચામણાં કરતી હિન્દી સરકારની હિન્દુઓ પ્રત્યેની ઓરમાયાં વલણ માટે પ્રિન્સેસ ઑફ ચેમ્બર કે નેપાલના નેતૃત્વ નીચે ખુલ્લંખુલ્લા પોતાનો નિશ્ચિત નમ્ર વિરોધ વ્યક્ત કરવા પૂરતું નૈતિક બળ દાખવશે તો આ દેશના નધણિયાતી દશા ભોગવતા રાજસ્થાની હિન્દુઓનાં હૃદયને શાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળવા બરાબર અને બ્રિટિશ હિન્દના હિન્દુઓમાં હિન્દુહિતો માટે જે નૈતિક બળ ખૂટે છે તે પૂરવા બરાબર થઈ પડશે.

ઉપરાંત યુદ્ધને અંગે ખીલતા, ખિલવાતા ઉદ્યોગોનો લાભ દેશી રાજ્યો ત્રીજા ભાગની હિન્દી વસ્તીના ધોરણે મેળવી તેવી પ્રવૃત્તિઓ પાછળ તન, મન અને ધનથી લાગશે તો આકાશીવૃત્તિ જેવા વરસાદ ઉપર નભતી ખેતી સિવાયના બીજા ઉદ્યોગહુન્નરોને અભાવે તેમની પ્રજાને ફાયદો પહોંચાડી શકશે; જેનો લાભ તેમને પાકિસ્તાનો સામે મળી જશે. એ રીતે હિન્દુત્વની રક્ષાનું બનશે. પોતાની ફોજો બ્રિટિશ સામ્રાજ્યની રક્ષામાં હોમતાં રજવાડાંઓનો તેવો હક્ક સરકારથી નકારી શકાય તેમ નથી.

ઉદ્યોગીકરણ

એમાં ય બે વર્ષથી લડાઈમાં હડસેલાયેલી હિન્દી સરકાર બ્રિટનની આત્મઘાતી નીતિનું નગ્નદર્શન નીવડી છે. ઈરાન, ઇરાક, મલાયા, બ્રહ્મદેશ અને સિંગાપુર સુધીનાં રણક્ષેત્રે ઝૂઝતાં હિન્દી લશ્કરની કેસરિયા બહાદુરીને બિરદાવતાં બ્રિટનના યુદ્ધ વા હક્કોની ઠેકડી કરતી વડાપ્રધાન મિ. ચર્ચિલની આટલાંટિક ઢંઢેરામાંથી હિન્દને બાતલ કરતી જાહેરાત એનું ઉદાહરણ છે. વિકસતાં જતાં હિન્દી વિમાનીદળને અંજલિ અપાય છે. જામતા જતા હિન્દી શસ્ત્રઉદ્યોગનાં બણગાં ફૂંકાય છે. છતાં જે અવિશ્વાસ અને હવે તો ઉઘાડા તિરસ્કારથી એ બધી હિન્દી યુદ્ધમદદને ખતવાય છે ત્યારે બ્રિટનની હિન્દને સ્વાયત્ત–લોકશાસિત દેશ બનાવવાની અત્યાર સુધી ગવાયેલી નીતિનું દેવાળું નીકળતું લાગે છે. એમાં રાજાઓ, લઘુમતીઓ અને બીજાં લફરાં ઊભાં કર્યે જઈ–પોષ્યે જઈ, હિન્દ સ્વરાજને પાંગળું બનાવવામાં વચ્ચે જતી પોતાની કમબખ્ત પરિસ્થિતિ વચ્ચેની બ્રિટનની નીતિ લાગે છે કે હિન્દને છે તેથી વધુ પાંગળું, આધીન અને રંક તથા સદાનું પરાશ્રયી રાખી હજી યે દુઃખ, દૈન્ય, દારિદ્ર્ય તથા પરચક્રની ગર્તમાં ધકેલનારી બાજી છે.

અફાટ વસ્તીવાળા આ દેશની જનશક્તિ, કાચા પદાર્થોથી ભરેલા આ દેશની સાધનસામગ્રીનો ઉપયોગ કરવો છે પણ આ દેશને અર્થે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પાદન વધારવું છે પણ ખપ પૂરતું: અને તે ય સરકારહસ્તકનું. કેટલા ય ઉદ્યોગો અત્યાર સુધી વગર ઉત્તેજન કે આવડત વગર શક્ય ન હતા પણ હવે એ બન્ને વિષે કશું બહાનું ચાલે તેવું નથી. ત્યારે પરદેશો ઉપર આધાર રાખવો પડે તેવા કેટલા ય ઉદ્યોગી–સાધનોની લડાઈના ગાળામાં જ્યારે આયાત અટકી છે, છતાં દેશને જેના વગર રડે તેમ નથી તેવી ચીજો, વસ્તુઓ અહીં જ ઉપજાવી લેવાદેવા પૂરતી પણ સરકાર તૈયાર નથી.

એ રીત કેટલી અન્યાયી છે તેનું ભાન દેશના મોટા ભાગમાં તેને અંગે પ્રવર્તતી મોંઘવારીનો ભોગ બનતાં ગરીબોની આંતરડી સાક્ષી દઈ રહી છે; તે જે સરકારને જોવું નથી તેવી સરકારના પાશમાં જકડાયેલા દેશની વેડફાતી શક્તિનો બળાપો ઉદ્યોગપતિઓથી પણ કર્યા વગર રહેવાતો નથી. હિન્દી ઉદ્યોગો બહુધા હિન્દુઓની મૂડી ઉપર નભે છે. મોટા ભાગની તેવા ઉદ્યોગોની માલિકી હિન્દુહસ્તકની છે. 'અખંડ હિન્દુસ્તાન' વગર તેવું બધું નષ્ટભ્રષ્ટ થઈ પડશે એટલું સમજી આપણા ઉદ્યોગપતિઓ હિન્દુસંગઠનનું મહત્ત્વ સમજશે અને પોતાની ફરજ અદા કરશે તો જે તેમની ફરિયાદો આજે અરણ્યરુદન થઈ પડી છે તેમાં બળ પુરાશે. સરકારને તેવી વિનતિઓ કરતાં બુદ્ધિપૂર્વક બધું સમજાવી શકાશે પણ તેથી સરકાર નમતું મૂકશે તેવી આશા વૃથા છે.

મોટર, વિમાન અને સ્ટીમરઉદ્યોગના આગેવાન શ્રી. વાલચંદ શેઠ કૅનેડા અને ઑસ્ટ્રેલિયાના ઉદ્યોગોને મળતી પુષ્ટિ વિષે ઉલ્લેખ કરી તા. ૧૩-૯-૪૧ના નિવેદનમાં કહે છે કે, "પણ હિન્દની હાલત જુદી છે. હિન્દુસ્તાનની તો ખુદ સરકાર જ વિઘ્ન નાખે છે. હજી યે તે વાંધા નાખી રહી છે અને કોઈ પણ નિષ્પક્ષ તપાસમાં ન ટકે એવાં બહાનાં આપીને તે હજી ય વિઘ્નો ઊભાં કરી રહી છે. જ્યારે આ દેશમાં કામદારો, કાચો માલ, નાણાં, માણસો અને વ્યવસ્થાપકો પુષ્કળ પ્રમાણમાં મળી શકે તેમ છે ત્યારે આ ઉદ્યોગને યુદ્ધપ્રયાસનો એક ભાગ ગણવાની સરકાર હજી ય ના પાડે છે."

એ નોંધવા જેવું છે કે શ્રી. વાલચંદ યુદ્ધપ્રયાસના એક ભાગ તરીકે એ ઉદ્યોગ ધપાવવા માગે છે અને યુદ્ધપ્રયાસ એ સરકારને જીવન–મરણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નની વાત છે. છતાં બને ત્યાં સુધી હિન્દને તૈયાર થવાની તક મળે તે સરકારને ઇષ્ટ લાગતું નથી. એ માટે ઑસ્ટ્રેલિયા, કૅનેડા કે આફ્રિકામાંથી જે કંઈ મળે તેથી રોકવી લેવું છે કે અમેરિકાને થોડા ટાપુઓ માંડી આપીને કે હિન્દમાં ઉદ્યોગો સ્થાપવાનો હક આપીને પણ નભાવી લેવું છે: પણ હિન્દુસ્તાન ઉદ્યોગના બારામાં સ્વાશ્રયી થઈ જાય તે આ સરકારને પરવડતું નથી.

હિન્દના મશહૂર ઇજનેર સર વિશ્વસરૈયા તા. ૨૨–૮–૪૧ના ઍસોસિયેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝના વાર્ષિક ભોજન–સમારંભ વખતે હિન્દનાં ઉદ્યોગીકરણ પ્રત્યેની 'આવી અવળચંડી હિન્દી સરકારની' બેદરકારીની ઝાટકણી કાઢતાં કહે છે, કેઃ– "ભૂતકાળના વર્ષોમાં નિર્બંધ વ્યાપારની નીતિ અને અમર્યાદ પરદેશી હરીફાઈને લીધે હિન્દી ઉદ્યોગની અવગણના થઈ છે અને તેને લીધે આ દેશના લોકો અતિશય વધારે સંખ્યામાં દેશની ખેતીવાડીના એક માત્ર ધંધાને આશરે આવી પડ્યા છે. એનું પરિણામ એ આવ્યું છે કે દુનિયાના સામાન્ય સમૃદ્ધિ ભોગવતા દેશોમાં માલૂમ પડે છે તેના કરતાં બમણા જેટલા માણસો ખેતી ઉપર નિર્ભર બન્યા છે."

તા. ૫મી માર્ચ ૧૯૪૧ના અમદાવાદ ખાતે ભરાયેલાં હિન્દી ઉદ્યોગનાં છઠ્ઠા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં શેઠ ચૂનીલાલ મહેતાએ પણ એ જ વિનીત ફરિયાદ કરી છે કે, "સરકારની હાલની મહેસૂલી રાજનીતિની ખોડખાપણો ઉપર જુદે જુદે વખતે ખૂબ બોલાઈ ગયું છે. સંરક્ષણ મેળવવા સારુ ઉદ્યોગની આસપાસ એવી શરતો ઊભી કરવામાં આવી છે કે ત્વરિત અને સંગીન પરિણામ લાવવા સારુ જરા ય મદદરુપ થતું નથી. જ્યારે વિગ્રહ સમાપ્ત થશે ત્યારે નવા અને જૂના બન્ને પ્રકારના હિન્દી ઉદ્યોગો માટે વિષમ પરિસ્થિતિ ઊભી થશે."

મિલમાલિકમંડળની વાર્ષિક સભામાં તા. ૧–૪–-૪૧ના રોજ પ્રમુખ શ્રી. નંદદાસે કહ્યુંઃ "સરકારે ઉદ્યોગો ઉપર કરવેરા નાખવામાં તેના ભાવિ વિકાસનો ખ્યાલ કર્યો નથી."

સ્વરાજ માટે તૈયાર કરવા જોઈતા કે થવા માગતા દેશને સ્વાયત્ત કરવા કે થવા માટે તેના ઉદ્યોગોની આ હાલત હોય ત્યાં સ્વરાજ એ ઠેકડી ન હોય તો શું હોઈ શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ મોટા ભાગના ઉદ્યોગો હિન્દુઓને હસ્તક હોઈ તેની ખીલવણી કે રક્ષાનો પ્રશ્ન હવે કોના સહકાર ઉપર અવલંબશે તે સમજવું સહજ છે.

શસ્ત્રીકરણ

ઉદ્યોગોનું જોયું અને હવે હથિયારબંધીનું લઈએ. સરદાર પૃથ્વીસિંહજી કહે છે, "દુનિયામાં કોઈ પણ ચીજ સુંદરમાં સુંદર હોય તો તે મૃત્યુ છે. મૃત્યુ અણમોલ ચીજ છે. હંમેશાં સ્વાતંત્ર્ય મેળવવા માટે મૃત્યુની ભેટ સ્વાતંત્ર્યવેદિ પર ધરવી જોઈએ."

હિન્દની સ્વતંત્રતા મેળવવા અને અખંડતા જાળવવા મૃત્યુ માટે જે પ્રજાને તૈયાર થવાનું છે તે કાગડા કે કૂતરાને મોતે નહિ પણ વીરનું મૃત્યુ હશે. એવા અહિંસકપણે મરવા તૈયાર થનારાઓને ઢૂંઢતા, ખાલી ઝોળીએ શહેરો ખૂંદતા છતાં ખાલી ઝોળી ફેરવતા પૃથ્વીસિંહજી તૈયાર કરશે ત્યારે ખરા! પણ નિશસ્ત્રપણાંમાં છેલ્લાં દોઢસો વર્ષ ગાળનારી હિન્દની પ્રજાને બાયલી બનાવી મૂકવાનો આરોપ તો ગાંધીજીએ મૂક્યા વગર રહી શકતા નથી:—

"હું તદ્દન સંગત તેવો સવાલ પૂછું છું કે બ્રિટિશઅમલના આ લાંબા ગાળાએ પ્રજાને એવી નામરદ કેમ બનાવી દીધી છે કે થોડાક સો ગુંડાઓએ આગ, ખૂન અને લૂંટની બેફામ ગુંડાગીરી ચલાવવા માટે વાતાવરણ અનુકૂળ જોયું એટલા માત્રથી હેબતાઈ જઈને હજારો લોકો પોતાનાં ઘરબાર છોડીને માત્ર ભયથી નાસી જાય તે આપણા કરતાં બ્રિટિશ શાસકો માટે વધુ શરમજનક દૃષ્ય છે.

"સરકારના નામને લાયક એવી કોઈ પણ સરકારનું પ્રથમ કર્તવ્ય જ એ હોય કે તે પોતાની પ્રજાને આત્મરક્ષણની કળા શીખવે પરંતુ પરદેશી બ્રિટિશ સરકારને તો હિન્દના નાગરિકોના મૂળભૂત કલ્યાણ વિષેની કોઈ ચિંતા જ નહોતી અને તેથી તેણે તો ઊલટું શસ્ત્રોનો ઉપયોગ જ પ્રજા પાસેથી ખૂંચવી લીધો."

તા. ૨૬–૪–૪૧ના ગાંધીજીના એ નિવેદન પ્રમાણે હિન્દુપ્રજા બાયલી બની એના માટે બ્રિટિશ સરકારે જો શરમાવું જોઈએ તો મુસલમાન પ્રજા હિન્દુઓને મારતી, લૂંટતી અને એમ ભય પમાડતી બની તે માટે સાથોસાથ શા માટે મગરુબ ન થવું જોઈએ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિત માલવિયાજી તા. ૪–૭–૪૧ના બનારસ ખાતેના એક ભાષણમાં એ વિષયક બોલ્યા છે :–" હથિયારો અંગેનો કાયદો પસાર કરીને હિન્દની પ્રજાને જેટલું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે તેના કરતાં મોટું નુકસાન ભૂતકાળમાં કદી પણ પહોંચાડવામાં આવ્યું ન હતું."

એના સમર્થનમાં એઓ વધુ જણાવે છે કે, " આ અનુભવે બતાવી આપ્યું છે કે જ્યારે સામી છાતીએ સામનો કરનારની સામે હુમલાખોર કદી યે પણ ઊભો રહેતો નથી. અત્યારે તો પરિસ્થિતિ એવી છે કે લૂંટારુઓ અને ધાડપાડુઓને હથિયારો મેળવવામાં મુશ્કેલી પડતી નથી; જ્યારે કાયદાને શિરોધાર્ય કરનારા નાગરિકોને પરવાના વિના હથિયારો રાખવાની છૂટ મળતી નથી: પરિણામ એ આવ્યું છે કે લૂંટારુઓ નિર્દોષ માણસો ઉપર હુમલા કર્યે જાય છે અને નિર્દોષ માણસોને તો પોતાના રક્ષણ માટે હથિયારો વાપરવાની છૂટ હોતી નથી."

મોટા શહેરોમાં છાશવારે ફાટી નીકળતાં રમખાણોમાં વપરાતાં હથિયારોનું પણ આવું જ. શ્રી મુનશીજી તા. ૬–૭–૪૧ ના તેમના નિવેદનમાં કહે છે તેમ જો " અત્યારે કોમી હક્કોના સમાધાનને કોઈ શક્યતા નથી " તો આંતરવિગ્રહનું દહાડોરાત રુપ પકડયે જતાં આ રમખાણોને દબાવવામાં અશક્ત નીવડેલી લાગતી હિન્દની યુદ્ધગ્રસ્ત, શસ્ત્રબદ્ધ સરકારને આધારે શી રીતે જિવાશે ?

એ તો આંતરવિગ્રહની વાત થઈ પણ પૂર્વ અને પશ્ચિમ સીમાડે પહોંચી ચૂકેલા યુદ્ધદવની વચ્ચેનાં અત્યારનાં હિન્દુસ્તાનની જ ખુદ રક્ષાની દૃષ્ટિએ પણ સરકારની તૈયારી દયાજનક કહેવાય. જર્મની રશિયામાં રોકાઈ જશે કે જાપાન જાવા–સુમાત્રા કે સિયામને ત્રિભેટે ભટકાઈ જશે તેવી કોઈ ચમત્કારની રાહે અલબત બ્રિટનની સરકાર બેસી રહી છે એમ નહિ પણ હિન્દની વિપુલ માનવસંખ્યા અને પરંપરાની લડાયક કુશળતા ધરાવતા વર્ગ પ્રત્યેની અવિશ્વાસભરી વલણને લીધે કે હિન્દ સ્વરક્ષણ માટે ક્યાં ક તૈયાર થઈ જાય તો સ્વરાજ માટેની એક મોટી લાયકાત માટે પછી ઢાંકપિછોડો થઈ ન શકે તે ન્યાયે પણ સરકાર એ માટે હિન્દને તૈયાર કરવા કે થવા દેવાની વૃત્તિ ધરાવતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે, બૅરિ૰ સાવરકરનાં તા. ૨૭–૮–૪૧ ના નિવેદન મુજબ "મુસ્લિમ લીગની (બચાવ સમિતિ અને કાઉન્સિલોમાંથી બળાત્કારે રાજીનામાં અપાવવાની) નીતિમાંથી શિખવાયેલા પાઠો બ્રિટિશ સરકાર પણ ન ભૂલે તેવી આશા રાખું છું. કોઈ બહારની ચડાઈ અથવા તો અંદરની અરાજકતા સામે હિન્દનો બચાવ કરવા બાબતને નિસ્બત છે ત્યાં સુધી હિન્દુ સંગઠનવાદીઓ જ શક્તિના સ્થંભ સમા પુરવાર થશે. અત્યંત વિશ્વાસુ અનામત દળ તરીકે અને એકતા, અખંડતા અને હિન્દની એક રાષ્ટ્ર અને રાજ્ય તરીકેની આઝાદી માટે પોતાની નસોમાંના લોહીના એકે-એક બુંદનો ભોગ આપી શકે એવા અનામતદળ તરીકે હિન્દુસંગઠનવાદીઓ જ માત્ર એકલા વિશ્વાસને લાયક છે." પણ સરકારી નીતિમાં એવી આશા ક્યાં રાખવી!

પાકિસ્તાનની પીંજણ પછવાડે પડેલા જ૰ ઝીન્ના અને તેમની મંડળીને અંદરની અરાજકતાની નહિ તો બહારની ચડાઈની સાચી ગણતરી જ લાગતી નથી. અત્યારના લડાઈના સંજોગો સામું જોતાં બહારની કોઈ પણ ચડાઈ પછી તેમના પાકિસ્તાનની હસ્તી સૂઝતી નથી. બહારની કોઈ પણ ત્રાહિત સત્તા કદાચ ખાકસારો કે તેવાં આંદોલનોને સધીયારો આપતી હોય પણ તે તો '**कार्यं साधयामि किंवा देहं पातयामि**' જેવું નીવડે. હિન્દબ્રિટનની સાંકળ તોડી, "સામ્રાજ્ય"ની સત્તા અને ભાવના ઉપર ઘા કરી અંગ્રેજ માનસને* કથળાવી મૂકવા જેવો જર્મનીનો એ પેંતરો પાર પડ્યે હિન્દને ભાગે તો તેનું તે શકોરું જ રહે. તો પછી તેઓ હાલા

* પંચતંત્રમાં એક વાત છે એક સાધુને ત્યાં મહેમાન આવ્યો છે. સાધુને શીકાં નીચે સૂતો અને પડખે લાકડી રાખતો જોઈ મહેમાન તેનું કારણ જાણવા માગે છે. સાધુ જણાવે છે કે ખાવામાંથી કંઈ વધ્યું-સૂટ્યું શીકે રાખે તે રાત્રે એક ઉંદર આવીને ખાઈ જાય છે. ત્રણ ચાર ફૂટ ઊંચે ને શીકે ઉંદર કેમ આવી શકે તે વિષે મહેમાનને શંકા થાય છે પણ તેની શંકાનું બન્ને જણા જાગીને નિવારણ કરે છે. ઉંદરનું એ ગજા બહારનું બળ જોઈ ચતુર મહેમાન તેનું દર ખોદે છે તો ત્યાં ધનના ચરુ દાટેલા મળી આવે છે; જે તેઓ કાઢી લે છે. પછીની રાતે ઉંદરને શીકે પહોંચવા માટે વૃથા ઠેકતો જોઈ સાધુને પેલો મહેમાન બોધે છે કે તેના પેલા ઠેકડાઓમાંનું બળ તો આ ધન-લક્ષ્મીનું પ્રેર્યું હતું. ઈંગ્લંડનું આજનું બળ હિન્દના ચરુને અંગે છે તે તેના દુશ્મનો સૌથી વધુ જાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુ-મુસ્લિમ એકતાને ખોરવવાની આવી આત્મઘાતક નીતિને જોરે પોતાનું નેતાપણું ટકાવી રાખવાની બાલિશતા શું કામ કરતા હશે તે જ સમજાતું નથી! અગર સરકાર તેમની આવી પ્રવૃત્તિઓને પોષી રહી હોય તો પણ સરકારનું એવું વલણ અફર માની લેવા જેટલા એ નેતાઓ ખરેખર ખાતરીવાળા છે? હોય તો એ નવાઈની વાત કહેવાય!

એવી ખાતરીના ચિરાડિયાં ઉડાવતી વાઇસરૉયની વિસ્તૃત કારોબારી અને રાષ્ટ્રીય રક્ષણ સમિતિ વિષે નુકતેચીની કરતાં ખુદ ઝીણા પોતે કબૂલે છે તેમ "મુસ્લિમ લીગના વડા પ્રધાનો અને બીજા સભ્યો જેઓ આ યોજનામાં લીગના નેતા અથવા સંસ્થાની કારોબારીની જાણ સિવાય જોડાયા છે તેમને મેળવીને ના. વાઇસરૉયે લીગની હરોળમાં ભંગાણ પાડયું છે; તે માટે હું તેમને ધન્યવાદ આપું છું: પરંતુ આ વસ્તુ કોઈ રીતે પણ મુસ્લિમ લીગને એની જાહેર કરેલી નીતિમાંથી ડગાવી શકશે નહિ અને આ ચાલબાજીઓ સરકારને મદદરુપ નહિ થાય."

મધ્યવર્તી સત્તા

આટલાંટિક ઢંઢેરાને નામે પ્રે. રુઝવેલ્ટ અને મિ. ચર્ચિલ વચ્ચેની મુલાકાતને અંતે પ્રગટ થયેલાં જાહેરનામાંથી બ્રિટનની સરકારની વિક્ટોરિયાના ઢંઢેરાથી માંડીને હરકોઈ રાખધૂડ જાહેરાતો માટે વિશ્વાસ ધરાવનારા આ દેશના નિરુપદ્રવી વિનીત રાજપુરુષોને કંઈક મધલાળ મળી હતી. યુદ્ધનીતિ વિષેના બ્રિટનના પ્રચારની અસરમાં પણ આવી જતા આવા રાજપુરુષોને મિ. ચર્ચિલની જાહેરાતે એળિયો ગળવા જેવું થઈ પડયું. હિન્દ માટે તો ઑગસ્ટની દરખાસ્ત હજી ઊભી છે તે પણ મહેરબાની છે તે સમજી લીધા પછી વાઇસરૉયની કારોબારીને વિસ્તૃત કરવાની તથા રાષ્ટ્રીય બચાવ સમિતિ વિષેનું બૅરિ. સાવરકરનું દષ્ટિબિન્દુ વધુ સમજાશે. "હિન્દની બંધારણીય પ્રગતિનો માર્ગ મોકળો કરવામાં આ જાહેરાતો કંઈક ઉપયોગી હોય તો તેટલા પૂરતો તેને આવકાર આપવો ઠીક છે બાકી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગ જ્યાં સુધી એકત્ર થઈને માગણી કરે નહિ ત્યાં સુધી કોઈ રાજકીય પ્રવૃત્તિ શક્ય નથી, એવો સરકાર દંભ કરતી હતી; પરંતુ આ જાહેરાત પુરાવો આપે છે કે સરકારે એકાએક શોધી કાઢયું છે કે કૉંગ્રેસ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસ્લિમ લીગ માત્ર પક્ષોના પ્રતિનિધિઓ છે અને હિન્દની સમગ્ર પ્રજાના એકલા પ્રતિનિધિઓ નથી.....જો સરકાર જે બંધારણીય ફેરફારો દૂરગામી હોવાનો દાવો કરે છે તે બધા પક્ષોની સામાન્ય સંમતિ વિના જ તથા કોંગ્રેસ–લીગના અસહકાર છતાં જો અમલમાં મૂકી શકે છે તો પછી હિન્દુ મહાસભા અને બિનપક્ષીય નેતાપરિષદે માગેલા વધુ રાજકીય સુધારા ન કરવા માટે હવે એ બહાનું આગળ ફેંકી શકે તેમ નથી જ."

શ્રી. સાવરકર સાચા હશે બાકી સરકારની નીતિનો પલટો પોતાના યુદ્ધતંત્રને વેગ આપવા કરતાં બીજા કશા અર્થનો નથી. હિન્દને હાથ રાખવાની અને તે દ્વારા ઘર સાચવવાની એ બધી વ્યવસ્થા છે. એવા હિન્દીઓ પોતાના જ દેશના બચાવ ખાતર યુદ્ધતંત્રમાં સાથ આપે ત્યાં સુધી ઠીક છે નહિ તો તેવા નિષ્ણાતોની–હિન્દના લાભ ખાતર–આયાત વધારવી પડશે જેની તેમને ખોટ નથી, એટલું જ. હિન્દને ફાસિસ્ટ હૂણોના પંજામાંથી ઉગારવાની બ્રિટનની લોકશાહીનેમને જો હિન્દીઓ બૂઝવાના નથી તો એ પાંતીનો એને હરખધોખો નથી. અજ્ઞાનીના ઓરતા શા?

નૅપોલીઅનને હિન્દ જોઈતું હતું અને કૈસરને પણ જોઈતું હતું. હિટલરને પણ જોઈએ છે. મુસોલિનિ કે કોનોયને પણ જોઈએ છે એ વાત હિન્દે ભૂલવી ન ઘટે. હા! માત્ર બ્રિટિશરોને જ હિન્દ જોઈતું નથી. નૅપોલિઅનની હિટલર સુધીના પોતાના ગોરાઓની આવી ઈર્ષ્યા તથા દુષ્ટબુદ્ધિને સારું છે કે બ્રિટનની સરકાર પહોંચી શકે તેમ છે નહિતર આપણા હિન્દીઓ તો નાતરિયા વરણ જેમ ઘરઘરણાના સ્વભાવના રહ્યા, તેમનો ભરોસો શું? અને ફ્રાંસરશિયા જેવાં રાષ્ટ્રો જ્યારે શસ્ત્રથી પોતાનો દેશ બચાવી શક્યાં–શકતાં નથી. ત્યારે "હિંસા" એ રાષ્ટ્રના બચાવ તરીકે ખોટો માર્ગ હોવાની કાખલી કૂટતા ગાંધીવાદીઓ પાછું જે યાદ રાખવાનું ભૂલી જાય છે, તે તો તે તે રાષ્ટ્રાની સ્વાધીનતાને ઝએ કરી શકતી હિંસક શક્તિ. જર્મનયુદ્ધતંત્રની શક્તિમતાને અહિંસાનાં ગાણાં ગાતી વખતે સગવડતાપૂર્વક ભૂલી જવાતી લાગે છે. તે ય હજુ ઠીક પણ હિટલરની સામે ઝૂઝતાં બ્રિટનની યુદ્ધ-તૈયારીઓને અવગણતા એવાઓ અહિંસાનું પ્રતિપાદન જે રીતે કરે છે તેમાં તેઓ આટલાંટિક કરારોમાં ભાવિશસ્ત્રવિસર્જનની એક કલમનો પણ ઉલ્લેખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. નથી પૂછતા એટલું જ કે હિટલરનાં શસ્ત્રો છોડવવામાં અહિંસાની કલમ કેમ કામ કરતી નથી? એટલે હિટલરને શું અહિંસાથી શસ્ત્ર છોડવવામાં આવનાર છે?

અહિંસાના ચિર–ધ્યેયને વિશ્વશાંતિનું સાધન કહી બિરદાવતા આ અહિંસાના આચાર્યો મહાત્માજીના સત્યાગ્રહથી નિષ્ક્રિય રહેતી મહાસભાની ચાલુ સંજોગોની સાચી લાગવગ વિષે જ થોડી તપાસ કરે. ખાદી, અસ્પૃશ્યતા–નિવારણ આદિ રચનાત્મક પ્રવૃત્તિઓની શિથિલતા અને સત્યાગ્રહની સફળતા વિષેની શંકા વચ્ચે જ્ઞાનતંતુની નબળાઈ અનુભવતા મહાસભાવાદીઓ વાણીસ્વાતંત્ર્યની લડતમાંથી વિશ્વાસ ગુમાવતા જાય છે; છતાં કારોબારીના મોટાભાગના સભ્યોને જેલમાં વળાવી એકલા પડી ગયેલા ગાંધીજીની દ્રઢતા વધતી ચાલી છે.

સત્યાગ્રહથી સરકારની મૂંઝવણ (સરકારી યુદ્ધતંત્ર નહિ) અલબત વધતી હશે પણ સત્યાગ્રહીઓ અને મહાસભાવાદીઓને માટે સરકારી સામનો તો એ જ્ઞાનતંતુનું યુદ્ધ થઈ પડે છે. અગિયારમાંથી આઠ પ્રાંતોમાં સત્તા ઉપરની મહાસભાએ હોદ્દા ફગાવ્યા પછી હિન્દનું રાજકારણ હવે તો વિનીતો, મવાલો અને સરકારપક્ષી હિન્દીઓને પણ અકળાવી રહ્યું છે. સર તેજની બિનપક્ષી પરિષદ અને શ્રી જયકરની ફરી હોદ્દા સ્વીકારી લેવાની વિનંતીઓ એનાં ઉદાહરણ છે.

બંધારણીય સરકારો વગરના પ્રાંતોના ગવર્નરહસ્તકના કારભારોને વધારા મળ્યે જાય છે. વાઇસરોયની મુદ્દત વધતી રહે છે. વડી ધારાસભાને જિવાડ્યે જવાય છે અને એમ હિન્દનું રગશિયું ગાડું ચાલ્યું જાય છે. લશ્કર, નાણાં, સરહદી સંબંધો, જકાતી ધોરણો આદિ સત્તાઓનાં હવાલા વગરના સમૂહ બંધારણથી અસંતોષાયેલી મહાસભા અત્યારે વાણીસ્વાતંત્ર્યમાં સફળતા જોતી થઈ ગઈ છે. મુસ્લિમ લીગ પોતાનાં પ્રત્યાઘાતી ધોરણે સરકારની નીતિ નક્કી કરવામાં, પાકિસ્તાનને ઊભું કરવાની અનુકૂળ ભૂમિકાનો લાભ લેતી ગઈ છે. પ્રજા ઉપર જેમનું કંઈકે વલણ છે તેવા હિન્દુઓ જેલ પાછળ જઈ બેઠા છે અને હિન્દુમહાસભા સરકારી નીતિથી ઘર્ષણ થતું અટકાવવા પછી બચતી જગ્યામાં હિન્દુ હિતોની ઇમારતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાયા ખોદતી રહી છે. હિંદનું રાજકારણ આમ વેરણછેરણ શક્તિમાં વહેંચાઈ ગયા જેવું દેશની દુર્દશાના સાચાં નિદાનથી દૂરનુ દૂર રહ્યું છે.

ઉપસંહાર

("ઈ. સ. ૪૫૦ની પૂર્વે અને પછી ભરતખંડે પરચક્રો કંઈ કંઈ આવ્યાં અને ઊતર્યાં પણ ભરતખંડ ભરતખંડ જ રહ્યો છે. હિન્દુસ્તાનનું મુગલીસ્તાન નથી થયું, કે ઇંગ્લિશસ્તાને નથી થયું

"હિમાલયસમો ને ગંગાજમનાસમો ભરતખંડ સનાતન દેશ છે. કાળની છોળો, ઇતિહાસના ભરતી ઓટ, યુગપલટાની વાદળછાંયડીઓ આવી આવીને ઊતરી જશે પણ સાગર સીમા ઉલ્લંઘશે, સૂરજને ચંદ્ર ઓલવાશે ત્યારે ભરતખંડ પણ જીવનસીમા ઓળંગી જશે અને એની આત્મજ્યોત હોલવાશે.

"અખંડ દીવડાની આત્મજ્યોત છે માટે સનાતન છે અને રતનદીવડો છે કાલની ફૂંક એને હોલવી શકે જ નહિ.

"હિન્દુસ્તાન તે હિન્દુસ્તાન હતું. હિન્દુસ્તાન રહ્યું છે અને હિન્દુસ્તાન જ સદા રહેશે.")

તા. ૧૩–૫–'૩૬ —ન્હાનાલાલ કવિ.

અત્યારે હિન્દુસ્તાનમાં જે જે મુસ્લિમ જમાતો હયાત છે તે તેમનાં એકલાનાં સંગઠનની તોલે વેરવિખેર હિન્દુઓ માટે ઘાતક છે; એમાં લગીરે શંકા લઈ જવા જેવું નથી. એમને અંદર અંદર બહુ તો નેતાગિરી કે જુદા ચોકા પૂરતો વિરોધ હશે. બાકી તેમનું બધાનું ધ્યેય તો એક જ "બધા રસ્તા રોમ તરફ" જેવું જ છે.

મુસ્લિમ લીગે તો હવે છડેચોક હિન્દના ભાગલા જેવાં પાકિસ્તાનની પ્રગતિ શરુ કરી દીધી છે અને ખાકસારોની મુરાદ પણ હવે સહુ જાણતું થયું છે. ખાકસારોની સંખ્યા પાંચેક લાખની કહેવાય છે; જેની હિન્દ-ભરમાં એક હજાર જેટલી શાખાઓ છે. એનું જોર બ્રિટિશ હિન્દ કરતાં દેશી રાજ્યોમાં વધારે છે અને ત્યાં તેમની પાલકપોષક વ્યક્તિઓ ઘણી જોખમદાર મનાય છે. મુસલમાની રાજ્યોમાં હિન્દુઓ ઉપર આ પાર્ટીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો બધો જુલમાટ છે કે એનું અનુમાન હૈદરાબાદ આર્યસત્યાગ્રહથી સહેલાઈથી આંકી શકાય છે.

ખાકસાર પાર્ટીની માગણીઓ પંજાબ તથા સિંધની સરકારોએ જે રીતે સ્વીકારેલી મનાય છે તેથી સિદ્ધ થાય છે કે રાજકર્તા મુસલમાનોની ખાકસાર પ્રવૃત્તિ પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ છે.

પંજાબ સરકારના વડા પ્રધાન સર સિકંદરે ખાકસારોને જર્મનીની પાંચમી કતાર તરીકે જાહેર કર્યા પછી પણ તેને સર્વથા દાબી દેવાને બદલે તેમની સ્વતંત્રતા સ્વીકારનારી વાટાઘાટો ચલાવે કે હૈદરાબાદવાળા નવાબ યારજંગ ખાકસાર સરમુખત્યાર અલ્લામા મશરકીની જગ્યાએ નીમાય છતાં એના ઉપર કોઈ પણ જાતનો અંકુશ ન મુકાય એ સિદ્ધ કરી આપે છે કે આખી મુસલમાન કોમનો—મુસ્લિમ રાજ્યો—પ્રાંતીય મુસ્લિમ સરકારો સહિત—તે પાર્ટીને ટેકો છે. જર્મનીની પાંચમી કતાર તરીકે ઓળખતાં છતાં કોણ જાણે શી બીકે હિન્દી સરકાર પણ તે ચળવળને દાબતાં અચકાય છે !

આ ખાકસારો છડેચોક કહે છે કે, " હિન્દુઓનો નાશ કરી ઇસ્લામી શરિયત અનુસાર રાજ્ય સ્થાપવું એ તેમનું ધ્યેય છે. જે કાયદાઓ પ્રમાણે પરધર્મીઓ મુસલમાન થઈ શકે પણ જન્મથી કે સ્વેચ્છાથી થયેલા મુસલમાનથી ઇસ્લામ ન છોડી શકાય. છોડે કે તેવા કોઈને તેનો ધર્મ છોડાવે (શુદ્ધિ કરે) તેવાઓને પછી તે રાજ્યમાં જીવવાની આશા છોડવી રહે. તેવા મુસ્લિમ રાજમાં વસતા પરધર્મીઓએ જજિયાવેરો તથા ગુલામીનાં કાયદાઓ કબૂલ કરવા જોઈએ અને મુસલમાનો જે હક દાવાઓ ભોગવવા હોય તેનું સ્વપ્ન પણ પરધર્મીઓને જોવાનું ન હોય. એવા પ્રકારનું રાજ—એવી રાજ્યયોજનાને—પાકિસ્તાનને અમલમાં લાવવા માટે ખાકસારોનો ભાવિ મુસ્લિમ સરકારના લશ્કર તરીકે ઉપયોગ કરી મુસ્લિમલીગ સહેલાઈથી સ્થાપી શકે એવી ગણતરીએ મુસ્લિમો એ પાર્ટીને પોષે છે.

સાચા સ્વરાજભાવી હિન્દુઓને એ જાતની દેશઘાતક કુપ્રવૃત્તિઓનો આગળ જતાં ભોગ થવું ન હોય તો પાણી પહેલાં પાળ બાંધવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાનો હવે આ દેશમાં દર પાંચ માણસે એકની સંખ્યામાં છે. એમને હાંકી કાઢવા કે શુદ્ધ કરી લેવાનું હાલ તરત તો સંભવે તેમ લાગતું નથી. ન મુસલમાન બની જવું પરવડે તેમ છે કે ન ભાગલા પાડેલી પોતાની પુણ્યભૂમિમાં વસવું પોસાય તેમ છે: કે ન ઘડીયે ને પહોરે ફાટી નીકળતાં રમખાણો વચ્ચે જીવી શકાય તેમ છે. એટલે તેમને હિન્દુપ્રેમી બનાવી સંપીજંપીને રહેવાનો જે એક માત્ર વ્યવહારુ માર્ગ છે તે કેમ જોગવવો તેટલું વિચારવાનું રહ્યું. મુસલમાનોને હવે ભાઈ ગણવાનું કોઈ નવીન નથી. જે નવીન છે તે તો એવા મુસલમાનોએ ભાઈચારો ભૂંસવા માંડ્યો એ છે. તેમને તેમની એ ઘેલછાનું ભાન કરાવવા અને તેમનો ધર્મ અદા કરવાની ફરજ પાડ્યા સિવાય હિન્દુઓએ વધારે કશું જ કરવાનું નથી. પોતાની જાતિરક્ષાનો વિચાર, પોતાની ત્રુટિઓનો સુધાર એના ઉપર જ આધાર રાખે છે. દુશ્મનાવટ ઊભી કરવા કે વધારવાની એ વાત નથી.

હિન્દુદ્રોહી મુસલમાનોથી જે ખમ્યું જાતું નથી, તે તો છે હિન્દુ-જનતાની જાગૃતિ. એ જાગૃતિ ખરી રીતે તો રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં મૂળે સંખ્યામાં—જ્ઞાન અને દેશભક્તિમાં વધારે રહ્યા એટલે વિશેષ જોડાયેલા' લાગતા હિન્દુઓ પ્રત્યેની એવા મુસલમાનોમાં કોઈ ત્રીજાએ આંગળી ચીંધી ઊભી કરેલી કુશંકા જ છે; અને જે થોડી છે તે જુદા રૂપે છે.

હરિજનો પ્રત્યેની મહાસભાની નીતિ એ હિન્દુજાતિનું કલ્યાણ સાધનારી ઉઘાડી પ્રવૃત્તિ છે. પોતાના દેશની એક ભાઈબંધ કોમની એવી ત્રુટિ મિટાવનારી એવી પ્રવૃત્તિથી મુસલમાનોએ અભિમાન લેવું જોઈએ. પોતાના દેશમાં કોઈ પણ અનાચાર, અન્યાય કે અડચણ માટે હરેક દેશજનને શરમાવા જેવું છે. જો કે ગાંધીજીએ તો ખિલાફત ચળવળને પણ મહાસભાના કાર્યક્રમમાં સ્થાન આપી હિન્દી પ્રશ્ન કરી મૂક્યો હતો અને હરિજનપ્રવૃત્તિ કરતાં પણ વધારે વેગ અને ઉત્સાહથી એમાં ભાગ લીધો હતો; છતાં નકરી હિન્દુઓની જ ઉન્નતિ જેને ખટકે છે તેવા થોડા મુસલમાનોને આ હરિજન-પ્રવૃત્તિથી પોતાના વટાળવેડાને આંચ આવે તે કેમ પોસાય?

હિન્દુ–વણઝાર

ખરી રીતે તો દોઢ હજાર વર્ષથી રાજની ગેરવ્યવસ્થામાં ઠરીને ઠામ થવાનો હિન્દુઓને અવકાશ જ મળ્યો નથી, કે એ પોતાની ધાર્મિક, સામાજિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુરુઢિઓ, બદીઓ નિવારવાનો યત્ન કરી શકે. છતાં જેમ મુગલરાજની એકચક્રિતાથી ઊપજેલી દેશમાંની વ્યવસ્થિત એકરાજકતા તથા શાંતિમાં બુદ્ધકાળ પછી વણસતી રહેલી અને મુસ્લિમ ઘર્ષણે વેરવિખેર કરી મૂકેલી હિન્દુજાતિએ વલ્લભ, રામાનુજ, ચૈતન્ય, નાનક, ગોવિન્દસિંહ કે રામદાસ-તુલસીદાસ જન્માવ્યા. એ ગ્લાનિ પામેલા ધર્મનો અભ્યુદય હતો, નૂતન દિશાની પ્રેરણા જ હતી, યુગધર્મ જ હતો.

તેમ પ્રતાપ, શિવાજી કે ગુરુ ગોવિન્દસિંહ ધરાર મુસ્લિમ ભારણમાંથી હિન્દુજાતિ-સંસ્કૃતિને રક્ષવા અને પ્રસ્થાપવા હિન્દુરાજ્ય માટે મથ્યા રહ્યા. આમ થોડો સુયોગ સાંપડતાં હિન્દુ સંસ્કૃતિ પોતાનું મૂળ સ્વરુપ પકડતી લાગી અને રાજ માણતાં ઇસ્લામને ચિંતા થઈ પડી.

બરાબર તેવું જ અંગ્રેજ શાસનકાળ દરમિયાન બન્યું છે. જળવાયેલી દેશ સમસ્તની એકરાજકતાને અંગે અનેક મુસ્કેલીઓ વચ્ચે હિન્દુધર્મે પાછો મારગ કરવા માંડ્યો અને આર્યસમાજ, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, સ્વામીનારાયણ કે સુધારાને નામે જ્ઞાતિમંડળો, સભાઓ, સંસ્થાઓ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, મહર્ષિ દયાનંદ જેવા ધર્મવીરો અને તિલક મહારાજ, લજપતરાય અને ગાંધીજી જેવા રાજપુરુષોના હિન્દુધર્મધારી આર્ય પ્રતિનિધિઓ પેદા થયા.

તો સ્વરાજ્ય સ્થાપવાની ભાવનાથી પ્રેરાયેલાં કોંગ્રેસ અને હિન્દુમહાસભા ઊભાં થયાં. એથી એટલું તો લાગે છે કે પ્રથમ આવડા મોટા દેશને માટે સુંદર રાજ્યવ્યવસ્થા પહેલી જરુરની છે. ત્યારે જ સર્વતોભદ્રી શુદ્ધિ સાધવાની હિન્દુઓને અનુકૂળતા પ્રાપ્ત થઈ શકે; તો જ લલિત કલાતત્ત્વો મુગલ અને અંગ્રેજ રાજઅમલ દરમ્યાન ખીલ્યાં લાગે છે તેથી વધુ શુદ્ધ રુપે ખીલી ઊઠે: તો જ સર્વધર્મસમન્વયની ભાવનાને ભૂમિકા મળે.

એટલે હિન્દુત્વને હિંસાથી ખદબદતી અરાજકતા સામે પહેલું કામ લેવું પડે છે કે જે 'શાંતિ' ઝંખતાં 'જીવન'ને ખોટકાવી મૂકે છે; જે વખતે 'ન્યાય'ની જાળવણી નકામી નીવડે છે અને સમગ્ર દેશની સર્વાંગી રાજકતાને અભાવે જીવનની પ્રાથમિક જરુરતો વચ્ચે માણસ ખૂંપી કે ખૂંચી જાય છે. તે વખતે એની પાસેથી ઉદાત્ત, અભિજાત ગુણો માગતી ધર્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રદ્ધા કે ક્ષમતા અને સમભાવ જેવી સામાજિક ફરજોની આશા કરવી એ વધારે પડતું છે. એટલે જ વંશપરંપરાગતની અંધશ્રદ્ધાપોષ્યા સંસ્કારોમાં રહ્યાં એવી જીવનની પ્રાથમિક–વિષમતાઓ વચ્ચે હિન્દુજાતિએ અંત્યજોને–વણકરોને અસ્પૃશ્ય રાખ્યા કર્યાં પણ પરધર્મી અને પરદેશી (હજુ પણ) રહેલા શાસકોની પ્રતિબંધક, પીડક, જુલમખોરી, લૂંટફાટ સહ્યા કરવા સાથોસાથ પેટપૂરતાં ઉદરપોષણ અને પ્રતિક્રમણની કાયમી ઉપાધિઓ વચ્ચે અટવાયેલા હિન્દુ જગતને પોતાનો એ રુઢ અને અદષ્ટ અન્યાય દેખાયો જ નહિ. જેને દેખાયો, ખૂંચ્યો અને નડતો લાગ્યો એવાઓને તે વખતે એમાંથી કોઈ રાજમાર્ગ સૂઝ્યો નહિ. એવા ફેરફાર કરવાની તાકાત જેવા તેવામાં હોતી નથી. એને માટે તો ઈશ્વરને હુતાત્માઓ મોકલવા પડે છે.

ગુજરાતમાં નરસી મહેતા તથા અખાએ હૈયાવરાળ કાઢેલી પણ સર્વપ્રથમ હરિજનોને અપનાવવાની તથા ‘ સ્વદેશી ’ ધારવાની આજ્ઞા પાડવનાર મહર્ષિ દયાનંદ કે શુદ્ધિ દ્વારા અહિન્દુ બની બેઠેલા હિન્દુઓને ખોળામાં લેનાર અમર શ્રદ્ધાનંદ તથા આફ્રિકા અને સીલોન જેવા દૂરસ્થ પ્રદેશોમાં વસેલા અહિન્દુ થઈ પડેલા બૃહદ્ હિન્દુઓને હજારોની સંખ્યામાં શુદ્ધ કરનાર સ્વામી શંકરાનંદજી, ભાઈ પરમાનંદ જેવા સ્વામી દયાનંદના ખરા શિષ્યો હિન્દુજાતિના સાચા સપૂતો છે.

હૂણો, શકો જેવા હિન્દે એક વખત તિરસ્કારેલા, દેશપાર કરેલા, પરદેશમાં અમલ અને વાણિજ્ય અર્થે મોકલાવેલા પણ સાચો સંબંધ ભૂલી કે ગુમાવી બેઠેલા આર્યો બળવાન થઈ ચડી આવતા થયા તેમ અંદર-અંદર પણ રાગદ્વેષના માર્યાં લડતા રહ્યા છતાં હિન્દુઓ બળવાન જ રહ્યા. મુસલમાનો કે અંગ્રેજોએ આ દેશ કેવી રીતે અને શેનાથી હાથ કર્યો છે તે સહુ જાણે છે. આપસઆપસની ઘરફૂટનો લાભ લેતાં જઈને જ. આજે રશિયાના બચાવ ઉપર દુનિયા ફૂલ વેરે છે. કદાચ હિન્દુઓનાં કેસરિયા અને જૌહરના અહેવાલો રૂટર, ટાસ, હવાઈ કે ડોમે એજન્સીઓના અભાવે વિશ્વમાં પ્રસરી શક્યા નથી. નહિતર એવા સમાચાર દુનિયાને અણનમ એવા આત્માના અસ્તિત્વનું ભાન કરાવત. જિંદગીને ન્યોછાવર કરનારું જે અજેય તત્ત્વ માનવમાં છે તે આજે પણ હિન્દનો આત્મા જોનારને લાધશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અન્યાય સામે ઝૂઝવું, મરી પીટવું, પણ તાબે થવું નહિ' એ ભાવનાનું સત્ત્વ સત્યાગ્રહે થોડું પચાવ્યું અને એનું પરિણામ જગતને ગાંધીવાદને નામે જોવા મળ્યું પણ તેલ, અનાજ, ઉદ્યોગો અને કાચો માલ ધરાવનારાં રાષ્ટ્રો આજે જેમ ગમે તેટલાં નિર્દોષ કે તટસ્થ રહેવા કરે પણ તેની સ્વતંત્રતા જોખમથી મુક્ત નથી, તેવું હિન્દને માટે પણ હતું. હિન્દનું ઐશ્વર્ય એનો મોટો દુશ્મન હતું: વૈભવપૂજા બીજો અને જડ ધર્મઘેલછા ત્રીજો તથા સામાજિક અસમાનતા ચોથો. તો એને અંગે ઊપજી ચૂકેલાં કુસંપ–દ્વેષભારે દેશ આપોઆપ પોતાનું વર્ચસ્વ ગુમાવી બેસે છે. હિન્દ ઉપર ચડી આવવાની હિંમત દેનારાં એ તત્ત્વોનાં અસ્તિત્વ પછી નકરા પેલા આત્મતત્ત્વના બળની શી કિંમત? એટલે એવા ભેદો ભૂંસતી જાગ્રત એકચક્રી રાજસત્તા દેશનાં સ્વાતંત્ર્ય, સમૃદ્ધિ આદિને રક્ષવા પ્રથમ જરુરની છે. એ હશે તો વગર આત્મતત્ત્વવાળા હિન્દ સામું પણ કોઈ જોઈ શકશે કે આંગળી ચીંધી શકશે નહિ.

એવી રાજ્યવ્યવસ્થામાં હિન્દુઓએ ધર્મ અને સમાજનો કાયાપલટો કરવા મન દોરવ્યા કર્યું છે. સિવાય કે લડાયક હુમલાઓ, ધાંધલ, પીંઢારાખોરી વગેરેની અરાજકતામાં હિન્દુઓને ધર્મસમાજનાં સડાઓ દૂર કરવાને અવકાશ મળ્યો નથી. અત્યારે હિન્દુજાતિ એમાંનું થોડુંકે કરવા પ્રત્યે ઢળી છે કે બસ મુસ્લિમ–અંગ્રેજોનો ખોફ વહોરી બેઠી છે.

મુસલમાનોને કેમ સમજાવવું કે સમજ, શક્તિ અને સારી સ્થિતિના હિન્દુઓ એકલાં પોતાનું સુધારી બેસી કોઈનું અહિત કરવાના સ્વભાવના નથી. નહિતર મુસ્લિમશાસન ૭૦૦ વર્ષ ન ટકત. નહિતર પ્રતાપ જેવાને પડખું મળ્યા કરત. નહિતર જયસિંહો કે માનસિંહો દીકરીઓ આપતા ન થાત. મુસ્લિમ સત્તાની ખાતર માથાં વઢાવવાની મૂર્ખતા ન કરત. એમને તો હિન્દુઓ સાચા મિત્રોની ખોટ પૂરી પાડશે. શકો અને હૂણોને આજે હિન્દુજાતિમાંથી શોધી કાઢવાનું સરળ નથી. પોતાના કરી લેવા કે બીજાના થઈ રહેવાની માનવવૃત્તિ ઉપર મુસ્લિમોને જરાકે વિશ્વાસ બેસતો હોય તો તેઓ હિન્દુઓનો દ્રોહ ન કરતાં ઈશ્વરની લીલામાં હિન્દુઓ માફક "જીવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જીવવા દો "* ને વળગ્યે જાય. ઇસ્લામ પહેલાં જગત બિનઇસ્લામી જ હતું. આજે ઇસ્લામની હયાતીમાં પણ મોટા ભાગનું જગત બિનઇસ્લામી છે અને રહેશે પણ.

જો આખા હિન્દુસ્તાન અને જગતના બીજા ખંડો પરના બિનઇસ્લામી જીવોને વટલાવી મારવાનું શક્ય નથી; તો પાકિસ્તાનની પીંજણ ઊભી કરીને પોતાના જ ધર્મભાઈઓને સદાના વરજોળાની ભેટ આપવા સિવાય તેમની એવી સંકુચિત, દ્વેષી અને દ્રોહી પ્રવૃત્તિ બીજી ગરજ સારવાની નથી. એટલે એક માર્ગ—સાચો શુદ્ધ ધાર્મિક માર્ગ હિન્દુઓને સાચા મિત્ર તરીકે માનવાનો છે. એ જ ઇસ્લામની સાચી સેવા અને ધર્મભાવના તથા સાચો પ્રચાર હોઈ શકે; બાકી તો તેમની કુપ્રવૃત્તિઓ હિન્દુજાતિને કોઈ ને કોઈ પ્રતાપ કે શિવાજી પેદા કરી આપવાનું કરતી રહેશે; કે કાળે કરીને પોતાના દેશ, ધર્મ તથા જાતિ માટે છેવટ હિન્દુઓને મરણિયા કરી મૂકશે. અઠ્ઠાવીશ કરોડ હિન્દુઓને એક કરી મૂકતી એ ભાવના વિશ્વની કોઈ પણ સત્તાથી ન મરે, ન જિતાય તેવી વજ્ર હશે. સમગ્ર માનવજાતિનાં દીર્ઘાયુષ્ય, પુણ્યમયતા અને સુખશાંતિ માટે જન્મેલો આર્યધર્મ અમર્ત્ય છે. કોઈ ને કોઈ નામે માનવજાત જે ધર્મ પાળીને શાંતિસંતોષભર્યું જીવતી હશે તો એ જીવન હિન્દુ ભાવનાથી જ છલબલતું હશે, એ નિર્વિવાદ છે; અને એ ધર્મ—હિન્દુધર્મ વિલુપ્ત થશે ત્યારે પ્રલયની ઘડી આવી પૂગી હશે; એવો જ કાળભગવાનનો કોલ છે અને ઇતિહાસનોંધ્યું સત્ય છે.

જગતંગુરુભારત

તેમ જે મુસલમાનો આ જ દેશના મૂળ હિન્દુઓમાંથી બનાવી દેવાયા છે (એવા ૯૫ ટકા છે) તેઓ કે સાચા સેશુદ્ધ મુસલમાનો સીધા અદ્ધરથી ટપકયા નથી. ચન્દ્રવંશી ક્ષત્રિઓ માંહેના ગણાતા પયગંબર મહમદસાહેબ તો હજુ ગઈકાલે જ થયા તે પહેલાં માનવદુનિયા ધર્મ વગરની ન હતી.

---

* મુસલમાની ધર્મ પ્રમાણે બે જાતનાં જ દેશ હોઈ શકે. (૧) દારૂલ ઇસ્લામ જ્યાં મુસ્લિમ વસ્તી અને સત્તા હોય. (૨) દારૂલ હરબ જે મુસલમાનેતર વસ્તી અને રાજ હોય કે જ્યાં મુસલમાનોને તલવાર ચલાવીને પોતાનું વર્ચસ્વ અને ધર્મ સ્થાપવાનો હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીસર, અરબ, ઈરાન, અફઘાનિસ્તાન આદિ આજનાં સ્વતંત્ર મુસ્લિમ રાષ્ટ્રો હજુ થોડા હજાર વર્ષ પહેલાંના હિન્દના પ્રાન્તો હતા, બૃહદ્ હિન્દુસ્તાન હતું. ત્યાંની પ્રજા એ હિન્દુઓની જ ઓલાદ છે. સમગ્ર માનવ-જાતિના પૂર્વજોનું આદિસ્થાન, આર્યજાતિ તથા આર્યાવર્ત જ છે. યુરોપ પણ સાહસી આર્યોએ વસાવેલું છે; એ વાત આજે યુરોપ–અમેરિકાના વિદ્વાનો પણ સ્વીકારતા થયા છે: ત્યારે આજે એ જ હિન્દુસ્તાનમાં આદિવાસીઓનાં તૂત ફેલાવી આર્યોને મધ્ય એશિયામાંથી આવેલા ઓળખાવવામાં અમારા હિન્દુઓમાંથી પણ કેટલાક વિદ્વેષી વિદેશીઓની સાથે મળીને ભાગ ભજવી રહ્યા છે.

માત્ર મોંહે–જો–ડેરો કે હડપ્પાના ખોદકામમાંથી મળી આવેલી સાત–આઠ હજાર વર્ષ જૂની હિન્દી સંસ્કૃતિના નગરવિધાનો પરથી જ જો પહેલાં સહુથી પુરાણી મનાયેલી ચીની સંસ્કૃતિ કરતાં હિન્દી સંસ્કૃતિ હવે પ્રાચીન ઠરવા માંડી છે. હિમકાળથી ઉપાડી પાષાણ, લોહ, કાંસ્ય અને અર્વાચીન યુગોના ભાગલા પાડી પૃથ્વીનું આયુષ્ય નક્કી કરતા આજના વિજ્ઞાન ચશ્મેધોની થોડાં હજાર વર્ષો આઘે જોતાં દૃષ્ટિ જ ટૂંકાઈ જતી લાગે છે. તેવા સંશોધકોને માનવસંસ્કૃતિના પિતામહ વૈવસ્વત મનુથી આજસુધીનાં ૧૨૦૫૩૩૦૪૨ ચોમાસાં વિતાવી બેઠેલી ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા શી રીતે ગળે ઊતરશે?

"ભારતીય સભ્યતા જે ભારતમાંથી આર્યો સાથે બહાર ગઈ છે તે એ દેશોમાં કોઈને કોઈ ઘટનાના આરંભદિનથી પોતાનો સંવત્સર ચલાવી રહી છે. એ સહુ સંવતોના નિરૂપણથી જાણવા મળે છે કે મનુષ્યો કરોડો વર્ષોથી પોતાની ઐતિહાસિક વર્ષસંખ્યા જાળવી રહ્યા છે; તે ઐતિહાસિક ઘટનાઓ છે જે જૂઠી નથી થઈ શકતી...માનવોત્પત્તિને બાર કરોડ વર્ષ થયાં. ઉત્પત્તિ પછી ત્રણ કરોડ વર્ષ બાદ સહુથી પહેલાં ચીનવાળા જુદા થયા. ચીનના પ્રથમ રાજાથી ચાલતા સંવતને ૯૬૦૦૨૪૨૯ વર્ષ થયા છે. એના પછી ખતાઈ લોકો ગયા જેનો સંવત ૮૮૪૦૩૦૧, પછી ચાલ્ડિયાવાળા, તેને ૨૧૫૦૦૦૦૦, પ્રથમ ઈરાની રાજાથી ચાલતા ઈરાનિયન સંવતને ૧૮૯૯૦૮, ફિનિશિયન સંવત ૩૦૦૦૦, ઈજિપ્શિયન સંવત ૨૮૫૮૨ ઈબ્રાનિયન સંવત ૫૯૮૨,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રખ્યાત હિન્દી જ્યોતિષ ગ્રંથ સૂર્યસિદ્ધાંત લખાયે ૧૬૫૦૦૦ વર્ષ થયાં છે. ભગવાન રામચંદ્રને જ ૧૨૫૯૦૦૦ વર્ષો થયાં છે. બ્રાહ્મણગ્રંથોને ૨૨૦૦૦ હજાર વર્ષો થયાં જેનો ઉપનિષદો કેવળ ભાગ જ છે. અરે! પ્રખ્યાત ચીની મુસાફર મેગાસ્થનિસે આપેલી વંશાવળી જ નવ હજાર વર્ષની થવા જાય છે. સૃષ્ટિઉત્પત્તિને અત્યારે ૧૯૭૨૩૪૯૦૪૨ વર્ષો થયાં છે."

(વૈદિક સંપત્તિ ઉપરથી-)

છતાં એ બધું બાજુએ રાખીએ તો પણ બ્રહ્માજીનો માનવપરિવાર આવી આપસઆપસની નમાલી વાતો માટે નથી. માનવજાતિનાં પોતાનાં દીર્ઘાયુષ્ય, સુખસંપત્તિ અને મુક્તિ–તુષ્ટિ માટે રચાતી રહેતી, પલટાતી, ભૂંસાતી અને વળી જન્મતી રહેતી સંસ્કૃતિ ધર્મ અને ભાષાત્રયીની હુંસાતુંસીમાં એક-બીજાનાં ગળાં રહેંસી–બેસવાની ડાળ કાપવા માટે નથી જ. એણે માનવ-હિત આડે આવનારાઓની કજિયાદલાલી ટાળતાં રહેવાની છે, તે સાચું. થોડા ધરાર ઉધમાતિયાઓના કરતૂકોને ચલાવી લેવાની વેવલાઈ કે ઓળખી ન શકવાની હૈયાફૂટાઈનાં જ માઠાં ફળ માનવજાતને ચાખવાં પડે છે. એથી ઊલટું થોડા વિશ્વપ્રેમી મહાનુભાવ, સદ્‌કર્મી, દીર્ઘદૃષ્ટા ઋષિમુનિઓ જેઓ સનાતન, શાશ્વત તથા ત્રિકાલાબાધિત સત્યને સારવી અને આચરી શક્યા છે તથા મનુવંશને સત્યમ્–શિવમ્ અને સુંદરમ્ એવાં 'વસુધૈવકુટુંબકમ્'નું વેદઘોષ્યું પરમ મંગળ કલ્યાણકર પાવનકારી સત્યતત્ત્વ ઉદ્‌બોધી ચૂક્યા છે.

હિન્દુધર્મે એ જેટલું પારખ્યું, પચાવ્યું અને પ્રગટાવ્યું છે અને એની કસોટી કરનારાં હળાહળને ગળે ધાર્યું છે, તેનું એને મોટું આશ્વાસન છે. એ ઇતિહાસજોગવ્યું સમાધાન છે અને એ અનિવાર્ય સત્યની સંસ્થાપના અર્થે પ્રભુ પરમેશ્વરે યુગે યુગે પોતાની વિભૂતિ વડે અભિપ્રેષિત કરી કોઈ માનવત્રાતા દ્વારા સંભવતાં રહેવાની અવધ સાચવ્યા કરી છે. એટલે જ વિશાળ આર્યજાતિ સદાસર્વદા બુદ્ધિ, બળ, ધન, વૈભવ અને શાસન બધામાં બીજી ગણાતી જાતિઓનો સામનો કે સ્પર્ધા છતાં સમર્થ રહી શકી છે.

એનું પતન થોડા બેલગામ રાજાઓ અને કર્ણધારોની સમય સમયની મૂર્ખાઈ, આફરડાઈ અને એકલપેટાઈને જ કારણે બન્યા કર્યું છે. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી એક વ્યક્તિને પેધી જવા દેનારી વ્યક્તિપૂજાનું એ પરિણામ હોય છે. કોઈ એકનામાં એટલો વિશ્વાસ મૂકી દેવો કે એવા કોઈના અન્યાય સામે બીકથી સત્યાચરણ કરતાં અચકાવવાનું જ એ પરિણામ છે. લોકશાહીની એ જ સાચી ભાવના છે.

એક અંગ્રેજ ઇતિહાસકારે લખ્યું છે કે:—" The Hindoos have learnt nothing and have forgotten nothing since the days of Mohmed Bin Kasim " અર્થાત્ મહમદ બિન કાસિમ જેવા અઢાર વર્ષના એક ઊધરતા પરદેશી મુસ્લિમ ચડાઈખોર જુવાનની સિંધસવારીથી આજ દિવસ સુધી હિન્દુજાતિએ કંઈ જ બોધપાઠ લીધો નથી; તેમ નથી એણે પોતાની નબળી કડીઓ ફરી રેવી લીધી: એ એક રીતે સાચું છે. એવી ગફલત ફરી આજે બની બેસવાની સ્થિતિ પ્રવર્તી રહી છે. એટલે એ નબળી કડીઓ જાણવી રહી:—

પતનની ખાંભીઓ

(૧) પ્રથમ તો અંદરોઅંદર ભાઈ ભાઈ વચ્ચેનું મહાભારત યુદ્ધ. પ્રજાનાં સુખવૈભવ માટે નહિ પણ વંશના હક્કદાવા ઉપર રાજસંસ્થાની હસ્તી ટકાવી રાખવાની એવી ભાવનાના પરિણામે આર્ય–સામ્રાજ્ય, ધન, વિદ્યા, કળા, બળ, વૈભવ બધું ખેદાનમેદાન થઈ ગયું. આજના યુરોપના દાખલા ઉપરથી એ બધું ખાસ સમજાશે. મહાભારતની કથા કેવળ પાત્રોનાં માનસ સમજાવનારી વાર્તા તરીકે વાંચવા રચાઈ નથી અને ગીતાનું ઉદ્‌બોધન કેવળ મરતા જીવની સદ્‌ગતિ માટે પાઠ કરવા પૂરતું સોગિયું નથી; એમાં તો ધર્મ ધારવાની હાકલ છે તથા આખરી ફેંસલો તોળી લેવાનું કહેનારી એ તો વીરવાણી છે. મૃત્યુ પછીની ગતિ–સ્થિતિના જીવનાં ધર્મો અને આધ્યાત્મિક ઉન્નતિ–અવનતિની એકલી લૂખી તાત્ત્વિક આલોચના જ નથી પણ યુગકર્મ માટે પોતાનો ધર્મ ધારી લેવાનો એ નિત્ય સંદેશ છે. અન્યાય, અનૃત અને વિડંબના ફેંકી કર્તવ્યને બજાવી છૂટવાનું બોધતી એ તો શૂરી આર્યવાણી છે. સંકટ સમયે તો આપસઆપસમાં સંપ, એકતા સ્વીકારવાની એમાં સમજાવટ છે. નહિ તો 'ઘર ફૂટયે ઘર નાશ' નો સળંગ ઇતિહાસ સંઘરનારી ઘોર સત્યાનાશને નોતરું દેવાની એમાંથી ફૂટ પડશે એની પ્રગટ સાક્ષી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ઈ. સ. ૭૧૨ માં સિંધના હિન્દુ રાજા દાહરે પોતાની આંધળી ઉદારતાની ધૂનમાં અલ્લાફીને શરણ દીધું અને પોતાના રાજમાં રાખ્યો; પરંતુ જ્યારે મહમદ બિન કાસિમે સિંધ ઉપર ચડાઈ કરી ત્યારે રાજા દાહરને એણે જ દગો દીધો: મીર કાસિમને જઈ મળ્યો અને દાહરને મરાવી નાખ્યો. શરણે આવેલા શત્રુ પ્રત્યેની ઉદાર થનારી રાજનીતિની ક્ષમા અને ઔદાર્યની એ સમભાવી રાજવટ ન હતી પણ શત્રુના કપટથી બેવાકેફ રહેનારી, વિજયના ક્ષુદ્ર તોરમાં રાચતી અને પોતાના બળમાં આંધળી ચકચૂર શ્રદ્ધા ધરાવતી મૂર્ખાઈ હતી.

(૩) નારાયણ કોટના સરદાર સમની, સિંધદુર્ગના સેનાપતિ મોકા તથા જે બ્રાહ્મણે મહમદ બિન કાસિમને સિંધના જંગી ખજાનાની બાતમી આપી અને લાલચવશ બની હિન્દુજાતિનો ઘોર વિશ્વાસઘાત કર્યો તે ત્રીજી ગણાવવા જેવી બિના છે. થોડા પોતીકા લાભ કે નાચીજ ઉગારાના બદલામાં એમણે જે કામ કર્યું હતું તે જોવા જો એમના આત્માઓને બોલાવી શકતા હોત તો પાકિસ્તાનનો એસ (S) અક્ષર બની ગયેલા સિંધ અને ત્યાંના હિન્દુઓની દુર્દશાના માર્યાં આજની વ્યાપક હિન્દુવિરોધી પ્રવૃત્તિઓમાં પોતાનાં કરતૂકોનાં બી કોળીને ઝાડવાં થઈ પડ્યાં છે તે દેખાડી શકાત: રાજાઓને આ બનાવ ભેટ ધરવા જેવો છે. અસંતુષ્ટ પ્રજા શું શું કરી બેસે છે તેનું એમને માટે ઇતિહાસે નોંધેલું ઉદાહરણ છે.

(૪) શેખ સાદીએ પોતાનાં ‘ બોસ્તાં ’ નામક પુસ્તકમાં લખ્યું છે કે, ‘ હું સોમનાથ મુકામે થોડા દિવસો હિન્દુવેશમાં રહ્યો હતો.’ એ જ ઢંગે ઘણા મુસલમાન ફકીરો મંદિરોના પૂજારી બનીને રહેતા અને અંધ હિન્દુ-મૂર્તિપૂજાને ઓથે રહી હિન્દુઓનો બધો ભેદ કાબૂલ તથા બગદાદ પહોંચાડતા. આ મૂર્ખાઈ હજુ ઓસરી નથી. હજુ હમણાં જ વૈષ્ણવાચાર્યનો સ્વાંગ સજીને ગુજરાતમાં પોતાને સિંધ–જેકોબાબાદની ગાદીના દેવકીનંદનજી હોવાનો ઢોંગ કરી સુણાવ મુકામે દીનકિંકર ઉર્ફે મોતીભાઈ અવિચળદાસજીની દીકરી વિલાસને ગુરુમંત્ર આપનાર જેકોબાબાદના રહેમતખાન પઠાણ તથા તેના સાગરીતોને ઈ. પી. કોડની ૪૧૯મી કલમ મુજબ બોરસદ તથા દાહોદની કોર્ટીએ જેલની સજા કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૉંગ્રેસી છાપાંઓ આ અહેવાલમાં ગુજરાતની વૈષ્ણવજનતામાં 'સનસનાટી' ફેલાવનાર કરતાં બીજું મહત્ત્વ જોતાં નથી. કરાંચીની ઓમમંડળી, ભાદરણના કૃષ્ણ, ગુજરાતના કોઈ નટવર અને અમદાવાદના બાબુ મહાત્માના પ્રકરણો તો આધ્યાત્મિક શક્તિ રેડવાને કાજે યુવતીઓ સાથે ચુંબન–આલિંગનનો વિધિ ચલાવી રહ્યાં હતાં. વેવલી હિન્દુ ધર્મઘેલાઈનો આનાથી બીજો વળી કેવોક દાખલો પૂરો પાડવો! જેને કારણે સ્કૉટ જેવા પાદરીઓ પોતાનું નામ પંડિત 'સત્યપ્રકાશ–વિશારદ' રાખી આસપાસના સેંકડો ગામોનાં હિન્દુઓ સાથે ખાઈ, પી પછી પોતાનું પોત પ્રકાશી તેટલા હિન્દુઓને વટલાઈ ગયા કહી આપોઆપ ઇસાઈ બનવાની ફરજ પાડી શકે છે. એવી ફરેબોથી અકસ્માત બચી ગયેલા હિન્દુઓ તેવા ફાંસલામાં આવી ગયેલાઓને–એવા અચતુર હિન્દુભાઈઓને વટલાઈ ગયા કહી ધક્કો મારી દે છે એનો શું ધોખો કરવો?

આજે એ રીતે નહિ તો એનાથી ઊલટી રીતે હિન્દુઓના ખેરખાં થઈ પડીને પણ એ જ કામ લેવાઈ રહ્યું છે; જે વાતનું જાણે હિન્દુઓને વિસ્મરણ જ થઈ ગયું છે.

(૫) પંજાબના રાજા જયપાલે શેખ હમીદને પેશાવરનો નવાબ બનાવ્યો અને તેના પર પાર વગરનો વિશ્વાસ રાખ્યો. જ્યારે સુબુક્તગીને રાજા જયપાલ પર ચડાઈ કરી ત્યારે શેખ હમીદ પોતાના માલિકની વિરુદ્ધ મુસલમાન હોવાથી સુબુક્તગીનને જઈ મળ્યો. આજે પંજાબ જ એક એવો પ્રાંત છે કે જ્યાંથી હિન્દુ–મુસ્લિમ ઝઘડાનું મંગળાચરણ થાય. જ્યાંથી નિશસ્ત્ર હિન્દુઓના જાનમાલની ખૂનામરકીના ગણેશ મંડાય.

(૬) મહમદ ઘોરીને પૃથ્વીરાજ ચૌહાણે કેટલીક વખત યુદ્ધમાં મારી હઠાવ્યો હતો પરંતુ માત્ર શસ્ત્ર અને સેનાબળની તાકાત સામે નમી પડેલા દુશ્મનને જીતના આવેશમાં જતો કરી મોટાઈ ખાટવાનું કર્યા કર્યું; તો હારની નામોશી ધોવા અને હિન્દુસલ્તનતને જમીનદોસ્ત કરવા, પડી–આખડીને લડવા આવતા રહેનારની હઠીલાઈ પ્રત્યે પોતાના બળની મુસ્તાકીમાં બેપરવા રહેનાર પૃથ્વીરાજ જ્યારે છેલ્લી વખત પોતે પકડાઈ ગયો ત્યારે એણે ઘોરીને યાદ આપ્યું કે, "મેં તને અનેક વખત જીવતો જતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો છે તો શું તું મને એક વખત પણ છોડીને તને ફરી પાણી દેખાડવાની તક નહિ આપે?" જવાબ ઉઘાડો હતો કે, "હું હિન્દુઓના જેવો બેવકૂફ નથી કે દુશ્મનને જતો કરું!" એટલે જીતીને જીવતો છોડી મૂકી દુશ્મનની માનહાનિ ઊભી રાખવા કરતાં એને ટૂંકો કરી નાખનારી હત્યા એ વધુ સલામત છે; અગર દુશ્મનના વાંધાવિરોધ ટાળી કે ખાળી શકાય તેવા ન હોય, અગર પોતાના ઉપર ચડી આવવાની દુશ્મનની બાજી ફક્ત પોતાનું અપમાન કે અહિત જ નહિ પણ પોતાની માતૃભૂમિના સ્વાતંત્ર્યને ફના કરવા માટે જ હોય તો એનું દિલેરીથી કે માનભર્યું પરિણામ લાવવાની આશા કરવી ફોગટ છે: એને હરાવ્યા છતાં જો એ ખેધો મૂકતો ન હોય તો કાં તો એનો વાંધો ટાળી પોતાનો કરી લેવો કે એને સદાને માટે ખતમ કરવો.

અલબત દુશ્મનને બળને બદલે, ચાલે ત્યાં સુધી પ્રેમથી પોતાનો કરી ઝઘડાનું મૂળ ટાળવું એ જ સાચી રીત છે પણ જો વાત બળ ઉપર જ આવી અટકે ત્યાં પ્રેમનાં બાચકાં નકામાં છે. એવા હાડવિરોધીને પોતાનો કરવા જતાં પગ ઉપર કુહાડો મારવાનું જ બનશે. રાજકોટમાં ગાંધીજીનો હૃદયપલટાનો પ્રયોગ લગભગ આ જ ધોરણે માથે પડ્યો હતો. પોતાનાને ત્રિપુરામાં પડતો મૂકી પોતાની વજ્ર વગરનાને મોંમોઢું દઈ એવાને ઊલટો બીજા દુશ્મનોનું હથિયાર બનાવી મૂકનારી એવી નબળાઈમાં ગુમાવવાનું જ રહે છે. પાટાપિંડીથી જો સારો ભાગ કોહતો હોય તો સડેલો એટલો ભાગ કાપી નાખવાનું તો દાક્તરો પણ જાણે છે; પણ એટલા ભાગને ખાતર કોઈ આખા શરીરને પીડનારો સડો વધવા દેતું નથી: દુશ્મનાવટ એના જેવી વસ્તુ છે. પ્રેમના પાટાપિંડીથી પતે તો સારું નહિ તો પછી પરાણે પતાવી લેવું જોઈએ.

હિન્દુઓ શાંતિ-પ્રેમી પ્રજા છે અને યુદ્ધમાં છેતરપિંડી કે ખળતા કરવામાં એને નાનમ લાગે છે, એ બરાબર; પણ નકરાં શસ્ત્રબળથી દુશ્મનને હરાવ્યે દુશ્મનાવટ અટકી જતી નથી અને એમ તો યુદ્ધ જ એક મોટી નાનમ છે. યુધ્ધ કરવું પડે તો પછી સામ, દામ, ભેદ અને દંડની ચતુર્વિધ આર્યરાજનીતિ વગર ઉગારો નથી. એ નીતિ તો શત્રુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાની સમીક્ષા પછી યોજેલી શાસ્ત્રીય બચાવપદ્ધતિ છે. શત્રુનું માનસ પણ નજરમાં લેવું જોઈએ અને એને મૂળથી ડામવાના 'સત્ત્વ, શુદ્ધ ઉપાયો પાછા પડતા હોય તો છેલ્લે દંડનો ઉપાય અજમાવવો જ રહ્યો. એમાં જ ઉભયની સેવા તથા શાંતિરક્ષા સમાઈ છે. વર્સેલ્સની સંધિ કરી કે લખ-લૂટ ખર્ચે મેજિનો કિલ્લેબંધી રચી, જર્મનમાનસ બદલી શકાયું નહિ. એ તો ઘોરીની જેમ પ્રત્યાઘાત પામ્યું. એમ જર્મનોની એક કરોડ વસ્તીને અલગ પાડી એને છિન્નવિછિન્ન કરવા પોલાંડ ઝેકોસ્લોવેકિયા જેવાં નાનાં રાષ્ટ્રોની વાડ રાખી, વર્સેલ્સની જાળ અને લીગ ઑફ નેશન્સનાં ખૂંટા ધરબ્યા પણ એ બધું માથે પડયું. પૃથ્વીરાજ* ચૌહાણની નીતિથી એ વધુ ક્રૂર તથા વધુ વંચક હતું, છતાં એનું પરિણામ બે વરસમાં આખું યુરોપ ગુમાવવામાં આવ્યા જેવું આજે તો લાગે છે.

(૭) કનોજના રાજા જયચંદે પોતાની સેનામાં ચાલીસ હજાર મુસલમાન ઘોડેસ્વારો ભર્યા હતા. (અત્યારે પણ કેટલાક હિન્દુ રાજાઓ મુસ્લિમ પ્રધાન રાખી રહ્યા છે તેમ) અને પોતે અમર જાતિદ્રોહ આચરીને મહમદ ઘોરીને હિન્દુસ્તાન ઉપર ચડી આવવા નોતરી લાવ્યો. મહમદ ઘોરીએ પૃથ્વીરાજને હરાવીને પછીને વર્ષે જ જયચંદ ઉપર ચડાઈ કરી. ત્યારે પેલા એના અશ્વારોહીઓ ઘોરીને જઈ મળ્યા. જયચંદ મરાયો અને ઉત્તર હિન્દુસ્તાનની ભૂમિ મુસલમાનોના પંજામાં જઈ પડી.

(૮) કહેવાય છે કે એકવાર અકબરે બિરબલ પાસે પોતાની મંછા જાહેર કરેલી કે એને 'હિન્દુ' થવું છે. પરંતુ બિરબલે રાજાની એ ઇચ્છામાં છળ કે વિનોદ સમજી કે પોતાની સંકીર્ણ માન્યતામાં કહેલું કે, "હિન્દુ થવું હિન્દવાણીને પેટે જન્મવા સિવાય ન બને. ગધેડાને સ્નાન કરાવ્યે એ વાછરડો ન થઈ થકે!"

મોગલ રાજ જ્યારે ઠરી ઠામ થઈ પડયું હતું ત્યારે તેમને હાંકી કાઢવાને બદલે એના પાયા ઊંડા ખોદવામાં હિન્દુ રાજાઓ સહાયભૂત થઈ રહ્યા હતા. તરતના ભવિષ્યમાં એ રાજને ઉથલાવી પાડવાનું શક્ય ન હતું.

* હવે તો એ હકીકત ઇતિહાસમાન્ય થઈ છે કે પૃથ્વીરાજ ચૌહાણનું લડાઈમાં જ વીરમૃત્યુ થયેલું તથા સંયુક્તા સતી થયેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરીઓ આપી શકાતી હતી. પોષાક, ખાણું, ભાષા વગેરેની આજની માફક નકલ થઈ શકતી હતી. એ રાજની તાબેદારી થઈ શકતી હતી છતાં હિન્દુધર્મ પાળી શકાતો હતો. હિન્દુનીતિની જબરી છાયામાં એ શહેનશાહો આવી રહ્યા હતા. તેમને આ દેશ પ્રત્યે મમતા જાગી હતી. આ દેશમાંના ભેદો ટાળી એકરાગ સ્થાપવાની તેમને હોંસ અને ગરજ હતી; ત્યારની આ વાત છે. તે વખતે અકબરની શુદ્ધિ કરી એને હિન્દુ બનવા દીધો હોત તો ભારતમાં મોગલ સામ્રાજ્યનો આપોઆપ અંત આવી જાત. અકબર તથા દારાશિકોહ નવા પંથો સ્થાપતા અટકત અને હિન્દુઓના વાંઝિયા ધર્મધમંડથી પ્રેરાઈ ઔરંગઝેબ જેવાએ પાછળથી જે અત્યારની ઝડીઓ વરસાવી એ ઇતિહાસ આજે હિન્દુબાળકોને "ઇસ્લામના ઋણ"ને નામે ગોખવો મટત.

પણ એનો અફસોસ ક્યાં કરવો! જે હિન્દુઓને મારીને મુસલમાન બનાવી દેવાતા હતા, પરાણે બળાત્કારથી મોઢામાં થૂંકીને પણ તેઓ મુસલમાન બની ગયા કહી દેવાતા હતા, યેન કેન પ્રકારેણ આચાર (?) ની-છૂછૂની આભડછેટના હરકોઈ બાલિશ કે ક્રૂર પ્રયોગો અજમાવી હિન્દુ વેવલાઈની સાન ઠેકાણે લાવનારી રીતોથી મુસલમાન માની લેવામાં આવતા હતા, તેવા પોતાના ધર્મભાઈઓની તેમને શુદ્ધ કરી લેવાની કાકલૂદીઓ, યાચનાઓને હિન્દુઓએ જે જવાબો વાળ્યા છે એવી ધર્મઘેલાઈનો તો જોટો મળવો મુશ્કેલ છે.

મુસ્લિમ થૂંક કરતાં ગંગાનાં પાણી કે તુલસીનાં પાનની આડે દિવસે વિશેષ પવિત્રતા આંકતા કે જ્ઞાતિગંગાના સમૂહસૂત્રની ડંફાસો હાંકતા—એ હિન્દુઓએ અંતરની સાચી પશ્ચાત્તાપિક વૃત્તિઓની નિર્મળતા વિસારી, એવા વખાના માર્યા નિરુપાય—નિર્દોષ ધર્મભાઈઓને ગરદન માર્યા છે, નકાર્યા છે, ધક્કા માર્યા છે, હાંકી કાઢ્યા છે તથા ધુતકાર્યા છે. તેનો બદલો એને પ્રભુએ પેટ ભરીને આપ્યો છે. હવે એનું પુનરાવર્તન કરવાની હિન્દુઓમાં હામ રહી નથી. એ ભૂલને નખશિખ સુધારી છૂટવાની હિન્દુઓને સમજાયેલી સાચી ધર્મભાવનાને હજી તાવતા પ્રભુના હવે તો આશીર્વાદ વરસો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાઓને ધુતકારનારી એ વેવલાઈના વમળમાંથી છૂટા થઈ રહેલા હિન્દુઓને વિશાળ દષ્ટિનું દાન થાઓ અને એવાં અવગણના—પાપોનો સાક્ષાત્કાર કરી ચૂકેલી હિન્દુજાતિના પુનરુત્થાનનું કારણ જ એ ધર્મજાગ્રતિ બનો! એ કુકર્મોના વિપાકના કુંભીપાક ભોગવી રહેલી હિન્દુજાતિને સન્મતિ સૂઝો!

અને કદાચ આવનારી ભયંકર વિપત્તિઓના સંક્રાંતિકાળ—ધૈર્યા નાશથી ચેતેલી હિન્દુજાતિને સન્માર્ગ દર્શાવવા હિન્દુધર્મ, જાતિ, સંસ્કૃતિ-ભાષાદિથી માંડીને અણિશુદ્ધ હિન્દુત્વના પરિપાલન અર્થે કટિબદ્ધ થવા કર્તવ્ય દિશા દેખાવ! રાષ્ટ્રીયતાને નામે હાથે કરીને એકલાં હિન્દુત્વની જ ખાનાખરાબી કરનારા અને હિન્દુત્વને ભોગે "હિન્દુ—મુસ્લિમ—ઐક્ય" સાધનારાઓને તેમનો એ અન્યાય સૂઝો!

ભાવિ ઉત્થાન—માર્ગ

પણ એ બધું થવા પહેલાં હિન્દુઓએ એક ઝંડા નીચે આવવું પડશે: સંગઠિત અને બળવાન થવું પડશે તથા છાતી ઉપર ગોળીઓ ઝીલી બલિદાનો દેવાં પડશે. કોઈનાં હકહિતો ઝૂંટવી લેવા નહિ પરંતુ પોતાનાં તેવાંઓની હસ્તી માટે હસતે મોઢે છૂરીઓ ખાઈ, લોહી વહેવડાવી, બત્રીશા ચડાવવા પડશે. સાચાં રચનાત્મક કામો ઉપાડી લેવાં પડશે. ક્ષુદ્ર લાભાલાભો, વૈભવની ક્ષણિક—ભૌતિક ભોગ—લીલાઓ ફગાવી દઈ સાચા 'હિન્દુ'નું બિરદ ધારવું પડશે. મન, વચન અને કાયાથી સાંગોપાંગ—કુટુંબ, હેતુ, મિત્ર, આપ્ત સહિત એણે પહેલાં યુગદીક્ષા દઈ પોતાની તમામ શક્તિને કેન્દ્રિત કરી એમાં સાચાં હિન્દુત્વનું અનુષ્ઠાન કરી પ્રાણપ્રતિષ્ઠા કરવાં પડશે. પોતાના જીવનનું સાચું સુખ અભંગ દેશની સ્વતંત્રતામાં અને એમ હિન્દુત્વની ગૌરવરક્ષામાં માનવું પડશે. પોતે જો હિન્દુ જ હોય તો બૃહદ્ હિન્દુજીવનની કાયાનું એકાદ અંગ કે છેવટ અણુ પણ હોય એની તુલના કરી જીવન ઘડવું, ભોગવવું અને જીરવવું પડશે.

એ માટે સ્થળે સ્થળે હિન્દુ રાજનૈતિક અધિકારોની રખેવાળી કરતી હિન્દુ મહાસભાના સભ્યફીના થોડા આનાઓ ફેંકી દેવાથી જ નહિ વળે. તેમ જ હિન્દુઓની સામાજિક તથા ધાર્મિક દોરવણી આપતા આર્યસમાજની રવિવારિયા હવનહાજરી માત્રથી નહિ બને. શક્તિદળ કે રામસેનાનાં હિન્દુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણદળોમાં થોડા જુવાનિયાઓની ભરતીની નામાવલિઓમાં માત્ર નામ નોંધાવવાથી જ ગરજ નહિ સરે. છૂટાછવાયા વિદ્વાનોનાં પાશ્ચાત્ય આક્ષેપોના સચોટ આધારગ્રંથો પૂરતા નહિ નીવડે. રડ્યાખડ્યા અખાડાઓના તેલ-માલિશથી બહેનોદીકરીઓની શીલરક્ષા નહિ કરી શકાય; કે કોંગ્રેસ પ્રત્યે ઉદાસીન રહ્યે કે કોંગ્રેસને અવગણ્યે કે કોંગ્રેસમાંના હિન્દી હિન્દુઓનાં સ્વદેશાભિમાન તુચ્છકાર્યેથી પણ નહિ વળે.

હિન્દુ રાજકીય હિતોની રક્ષા માટે તનમનધનનો ભોગ દેતાં હિન્દુ-મહાસભાના સાચા સભ્યો થવું પડશે. તેમ સાચા આર્યધર્મનું પરિશીલન અને અનુશીલન કરનાર સત્યપરાયણ, વેદધર્માનુસાર જીવન ગાળનાર થવાથી જ આર્યસભ્યો હિન્દુજાતિની ધાર્મિક અને સામાજિક સેવા બજાવી શકશે. તેવી જ રીતે કોંગ્રેસવાદીઓની દેશભક્તિ સ્વીકારતાં તેમને સર્વપક્ષોને સરખો ન્યાય આપતા કરવા પડશે. મુસલમાનોને રાજી રાખવાની તેમની વલણ મુકાવવી પડશે. જો તેઓ તેમ કરતા નહિ થાય તો તેમને ચૂંટણી-ઓમાં મત ન આપતાં એવા લોકોને મત આપવા પડશે કે જે સાચા નિષ્પક્ષ પ્રજાસત્તાક ધોરણ પ્રમાણે બધા પક્ષોનાં હિતોને સાચવતા ન્યાય-પુરઃસર દેશસેવા માટે પ્રતિજ્ઞાબદ્ધ હશે.

છૂટા છૂટા પારે માળા નહિ બને. બધાં હિન્દુબળોને એકસૂત્રે સાંધવાં પડશે; અને એવી એકતામાં પોતીકા મતમતાંતર હોમવા પડશેઃ સાચી કાર્યદિશા દોરવી પડશે અને હિન્દુઓને એ પેગામ પહોંચાડવા પ્રચારકો, ઉપદેશકો અને સેવકોથી ખપ્પર ભરવું પડશે. શક્તિ અને સાધનોનો સમન્વય, દિશા અને દોરનારાઓનું સાયુજ્ય, યજ્ઞ અને હોતાના સુમેળ જેમ, દેહ અને પ્રાણના સંલગ્ન સમી એકરાગમયતા વગર એ બધું વેડફાઈ જશે.

અધિકાર અને કર્તવ્ય—બન્નેથી જાગ્રત તથા ઉદ્યુક્ત બનેલા હિન્દુઓને તો સદ્‌બુદ્ધિ અને સન્માર્ગ નિશ્ચિંત છેઃ ઉજ્જવળ છે.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत् ओ३म् । शांति (३)

સંપૂર્ણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम्
आ राष्ट्रे राजन्यः शूरइषव्योऽति व्याधी महारथो जायताम्
दोग्ध्री धेनुर्वोढा नड्वानाशुः सप्तिःपुरन्धिर्योषा जिष्णू रथेष्ठाः
सभेयो युवास्य यजमानस्य वीरो जायताम्
निकामे निकामे नः पर्जन्यो वर्षतु फलवत्यौ न औषधयः
पच्यन्ताम् योगक्षेमो नः कल्पताम् ॥ यजुर्वेद २२/२२.

સત્ય ન્યાયપાલક વિપ્રો હો બ્રહ્મવર્ચસી ધીર,
રક્ષાશૂરા કાછદઢા હો ટેકી ક્ષત્રિય વીર;
સ્વાવલંબી ગૃહ હો સુશીલા કુશલા ગૃહિણીવ્યવહાર,
ગાય દૂઝણી, ધોરીધીંગા, પવનપંથી તોખાર:
મોં માગ્યા વરસાદ, અન્ન, ઔષધ, ફળફૂલ રુચિર,
ખેલે નિર્ભય સંતાનો તેજસ્વી સૌમ્ય શરીર.
ઐશ્વર્યે આરુઢ કલા કૃષિ વ્યાપારે સમૃદ્ધ,
યોગક્ષેમ સ્વાતંત્ર્ય સંપ વર્તો વિભુ ભારતવર્ષ.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે રાષ્ટ્ર, પ્રજા ને વ્યક્તિનું
ચૈતન્ય, આર્ષ–ચિર–જ્ઞાન,
ને ધર્મ્ય કામ્ય માનવતાનું
મંગળ પ્રેરક પ્રસ્થાન.

* * *

સૌ ધરીએ, એનું ચાલો !
કરવા જીવન કલ્યાણ.
આનંદ મધુરાં ચિંતન શું
વિશુદ્ધ આતમ – સ્નાન.

* * *

જે અજવાળે ને દોરે છે,
સદ્ બુદ્ધિનું સુકાન;
એ દિવ્ય જીવન – દાતાનું
મંગળ પરમ અલૌકિક ધ્યાન.

* * *

જે વિશ્વ અને માનવતા વચ્ચે
સુખદ નિત્ય સંધાન,
સૌ સ્મરીએ ચિંતવીએ ચાલો!
ધરીએ સૌ એનું ધ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્ર-પતાકા



ધર્મ, કોમ, વાડા, પક્ષોનાં સંકુચિત ને મલિન તૂત;
જેની છાયામાં છેદાતાં ભારણુ તડફિરકાનાં ભૂતઃ
નમીએ બની એક અવિભાજ્ય,
સહુ સમ-સૈનિક હિંદ-સ્વરાજ્ય.

ભેદ અને ભરમો સહુ ભાંગ્યા, ઉચ્ચ-નીચ ને રાજા-રંક,
પદ, સ્થિતિ ને વર્ણોનાં પાપો નીવાર્યાં નિર્મૂળ નિઃશંક;
નમીએ સદા સુખદ સંદેશ,
ઉજ્જવળ અજર અમર આદેશ.

ગિરિ-શિખરો, ટેકરીઓ તરુઓ; ગઢ કિલ્લા મંદિર મકાન;
દેહ, ગેહ સર્વત્ર ફરૂકે, ત્રિરંગી આમ રાષ્ટ્ર-નિશાનઃ
નમીએ નિતપ્રતિ નવલે નેહ,
નમીએ નિર્ભય નિઃસંદેહ.

સંસ્કૃત, સમૃદ્ધ, શૂર, સમભાવી અમર્ત્ય સંસ્કારે મુસ્તાક,
મરુત તાલમાં ઝુચ્ચા મુક્તિની પાઠવતી આમ પુનિત પતાક;
નમીએ સહુ સંગાથ સહર્ષ,
નમીએ અભેદ-ભારતવર્ષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar